بسم الله الرحمن الرحيم

# ઇસ્માઇલી અને વહોરાના ઇમામોનું પરિક્ષણ

અલી અઝહર અરસ્તુ

નામ : **ઈસ્માઈલી અને વહોરાના ઈમામોનું પરિક્ષણ**
લેખક : અલી અઝહર અરસ્તુ
પ્રકાશક :
મળવાનુ ઠેકાણું :

# સમર્પણ

فَلَمَّا دَخَلُوۡا عَلَيۡهِ قَالُوۡا يٰۤاَيُّهَا الۡعَزِيۡزُ مَسَّنَا وَاَهۡلَنَا الضُّرُّ
وَجِئۡنَا بِبِضَاعَةٍ مُّزۡجٰىةٍ فَاَوۡفِ لَـنَا الۡكَيۡلَ وَتَصَدَّقۡ
عَلَيۡنَا ؕ اِنَّ اللّٰهَ يَجۡزِى الۡمُتَصَدِّقِيۡنَ ۝۸۸

**''પછી જ્યારે તેઓ સર્વે તે (યૂસુફ)ની પાસે આવ્યા ત્યારે કહેવા લાગ્યા કે હે અઝીઝ! અમને તથા અમારા કુટુંબને (દુકાળના કારણે) સખત આઘાત પહોંચ્યો છે, અને જે પૂંજી અમે લાવ્યા છીએ તે નજીવી છે, તો પણ દાન સમજીને અમને પૂરેપુરૂ માપ આપ; નિસંશય અલ્લાહ દાન કરનારાઓને નેક બદલો આપે છે.''[1]**

હું આ મારી શોધખોળ મારા વ્હાલા ઇમામ મહેદી, તમામ ઇન્સાનોના ઉધ્ધારક અને તારકનારને હદિયો કરૂ છું (અલ્લાહ એમના ઝહુરને જલ્દી કરે), તે ઉપરાંત મારા વાલીદ રીયાઝ હુસેન અરસ્તુ, મારી વાલીદા તાહેરાબેગમ અરસ્તુ, મારા ભાઇ શૌકતહુસેન અરસ્તુ, મારી સાસુમાં રબાબ સુલતાના રઝવી, અને મારા સસરા અકબર પટેલ.

હું ખાસ શુક્રિયા અદા કરૂ છું એ મોહતરમ બીબી સાહેબા ફાતેમા માસુમએ કુમ (ઇમામ સાદીક (અ.સ.) ના પૌત્રી) જેમણી મહેરબાનીઓના કારણે મને મોકો મલ્યો કે મેં એમના શહેરમાં ઇલ્મ હાસીલ કર્યુ અને એમની શફક્કત અને બરકતથી આ કિતાબ પુરી કરી છે.

---

[1] સૂરેહ યૂસુફ (૧૨): આયત નં. ૮૮

# અનુક્રમણીક

**સારાંશ ........................................................ ૧૦**

**પ્રસ્તાવના........................................................ ૧૨**

**''શિયા - પણ ક્યા ઇમામના શિયા'' (રહેબર) ? .................. ૧૪**

શીયાઓમાં પણ ફિર્કાઓ........................................ ૧૬

ઇસ્ના અશરી શીયાઓ (બારને માનવવાળા)........................ ૧૬

ઝૈદીઓ........................................................ ૧૬

અલવીઓ ...................................................... ૧૭

ઇસ્માઇલી...................................................... ૧૭

ડ્રુઝ ........................................................... ૧૮

નીઝારીઓ ...................................................... ૧૯

મુસ્તાલીઓ ..................................................... ૧૯

**ઇસ્માઇલી ઇમામો ................................................ ૨૧**

ઇસ્માઇલ ઇબ્ને જાફર............................................ ૨૩

મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ.......................................... ૨૭

ઓબૈદુલ્લાહ અલ-મેહદી બિલ્લાહ.................................. ૩૪

ઓબૈદુલ્લાહની મૌત પછીના બીજા ફાતેમી ખલીફાઓ ............ ૩૮

અબુ મનસુર નિઝાર અઝીઝબિલ્લાહ................................ ૩૮

અબુ અલી મન્સુર હકીમ બે અમ્રિલ્લાહ.............................. ૪૧

અલ-હકીમનુ મરણ અને અબુલ હસન અલી અલ-ઝહીર લે ઇઝ્ઝિદ્દીન........................................................ ૫૧

અબુ તમીમ માઅદ્દ અલ-મુસ્તનસીર બિલ્લાહ........................ ૫૪

**ઇમામે હક્કની પૈયરવી............................................ ૫૯**

સહી સિલસિલાને માનવાની અને ઇતાઅત જરૂરી છે................ ૫૯

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.) પછી (હિદાયતનું) શું ?......... ૬૦

જરૂરત છે કે સહી અને હકીકી ઇમામોની પયરવી કરવી જોઇએ . ૬૩

હકીકી અને સાચા ઇમામો કોણ છે ?.................................... ૬૫

બાર ખલીફાઓ કોણ છે ?................................................ ૬૭

શીયા ઇસ્નાઅશરીઓના ૧૨માં ઇમામ, ઇમામ અલ-મેહદી (અ.ત.ફ.શ.)........................................................... ૭૦

**એક ઇમામની રહેણીકરણી અને અખ્લાક ત્થા આચાર-વિચાર કેવા હોવા જોઇએ ?.................................................... ૭૫**

ઇમામ મૂસા અલ-કાઝીમ ઇબ્ને જાફર (અ.સ.)....................... ૭૫

આપ (અ.સ.)ની જીંદગી ટૂંકમાં............................................ ૭૬

ઇમામ મૂસા અલ-કાઝીમ (અ.સ.)નુ બાળપણ........................ ૭૭

ઉચ્ચ હોદ્દો (નસ્સ) - મુન્તખબ ............................................ ૭૮

ઇમામ મુસા અલ-કાઝિમ (અ.સ.) માટે શું ફરમાવવામાં આવ્યુ છે ? ........................................................................ ૮૫

ઇમામ મુસા અલ-કાઝિમ (અ.સ.)ની ઇબાદત........................ ૮૬

રોજની રોઝી માટે મશક્કત................................................. ૮૯

ઇમામ મુસા ઇબ્ને જાફર (અ.સ.)ની જીંદગીના થોડા વાકેઆતો ૯૦

ઇમામ મુસા અલ-કાઝિમ (અ.સ.)ના બયાનો (હદીસો)........... ૯૪

ઇમામ અલી ઇબ્ને મુસા અલ-રેઝા (અ.સ.)........................... ૯૬

આપ (અ.સ.)ની કુનિય્યત.................................................. ૯૭

ઇમામ અલ-રેઝા (અ.સ.)ના માટે શું બયાન થયુ છે............... ૯૮

આપ (અ.સ.)ની નિમણુક ........ ૧૦૬

આપ (અ.સ.) નો મુનાઝેરો ........ ૧૦૯

**શરીઅતના અને ફિક્હના મસ્લા-મસાએલ ........ ૧૨૧**

બોહરા ઇસ્લામીક કેલેન્ડર ........ ૧૨૮

બોહરાઓને આ કેલેન્ડર ક્યાંથી પ્રાપ્ત થયુ હતુ ? ........ ૧૩૧

રૂયતે હિલાલ (ચાંદ જોવાના) માટે કેટલીક વખત વારંવાર સવાલો કરવામા આવે છે ........ ૧૪૧

**નિર્ણાયક મુદ્દાઓ ........ ૧૪૩**

**આખરી મુદ્દાઓ વિચારવાં લાયક છે ........ ૧૫૪**

**ગ્રંથસૂચી ........ ૧૫૬**

# સારાંશ

આ પુસ્તકને પાંચ ભાગમાં હિસ્સા કરવામાં આવ્યા છે તે ઉપરાંત આગળ થોડાક વધુ ભાગ પાડવામાં આવ્યા છે.

પહેલા ભાગમાં શિયા શબ્દનો અર્થ ત્થા શિયા ફિર્કાઓમાં પડેલા ભાગલાઓ બાબત ચર્ચા અને ઇસ્માઇલી અને ઇસ્માઇલીઓ વચ્ચે પડેલા ફિર્કાઓ બાબત ચર્ચા છે, તે ઉપરાંત ઇસ્માઇલી / ફાતેમી ઇમામો (ઇમામ અલ-સાદીક (અ.સ.)[2] પછી થયેલા ઇસ્માઇલી ઇમામો) અને તેઓ બધા શું હકીકતમાં હક્ક ઇમામો હતા તે માટે પ્રશ્નો ઉભા થાય છે.

બીજા ભાગમાં પુસ્તકમાં ચર્ચા કરવામાં આવી છે કે હકીકી સિલસિલામાં અનુસરણ કરવામાં શું એહમિયત છે અને હઝરત પયગમ્બરે ઇસ્લામે (સ.અ.વ.વ.)[3] પછી સાચા ઇમામની ઇતાઅત, તે ઉપરાંત આપ (સ.અ.વ.વ.) ની આપના વસીઓ (અ.સ.) માટે હદીસો, ત્થા ૧૨માં ઇમામ હઝરત મહેદી (અ.ત.ફ.શ.) માટે હદીસો. ઇમામ મહેદી (અ.ત.ફ.શ.)ના ઝુહુર પહેલા એમની ગયબત બાબતમાં શંકાઓ માટે ચોખવટ કરવામાં આવી છે.

ત્રીજા ભાગમાં એક આદર્શ ઇમામ કેવો હોવો જોઇએ, એમણી ગુણવત્તા, યોગ્યતા, સારા અને ઉચ્ચતમ લક્ષણો, રહેણી કરણી બાબત ચર્ચા કરવામાં આવી છે. શીયા ઇસ્ના અશરીઓના બે ઇમામો, ઇમામ સાદિક (અ.સ.) પછી થયા તેમણા બયાનો, મરતબા માટે જે કહેવામાં આવ્યું છે તે ફક્ત શીયા નહિ પણ એહલેસુન્નત મુસ્લીમો તરફથી છે.

ચોથા ભાગમાં, બાતિલ સિલસિલામાં અનુસરવાથી થયેલા તેના અસરાત અને તેનો અંજામ, તે ઉપરાંત બોહરા મઝહબના શરીઅત પ્રમાણે ઘણી બધી બાબતો છે (જેમકે બોહરા મિસરી કેલેન્ડર અને રૂયતે

---

૨ (અ.સ.) એટલે અલય્હિસ્સલામ

૩ (સ.અ.વ.વ.) એટલે સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

હિલાલ: પહેલી માહનો ચાંદ જોવુ) તેની છણાવત કરવામાં આવી છે.

છેલ્લા પાંચમાં ભાગમાં ચર્ચા કરવામાં આવી છે કે તમામ અંબિયાઓ, તમામ આસ્માની કિતાબો અને ઇમામો પર ઇમાન લાવવું વાજીબ અને જરૂરી છે, જેમકે કુરઆને મજીદમાં ફરમાવવામાં આવ્યુ છે કે તમામ આમાલ ગારત થઇ જશે જો અંબિયાઓ, અવસિયાઓ, ઇલાહી કિતાબો અને હક્ક ઇમામો પર યકીન નહિં હોય તો.

# પ્રસ્તાવના

તમામ તારીફો ફકત અલ્લાહ (સ.વ.ત.)[4] માટે. કાએનાતનો ખાલીક, અને સલવાત અને સલામ હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.વ.) અને આપની પાક આલ માટે બરહક્ક છે.

કિતાબમાં ચર્ચા છે ઇસ્માઇલીઓના અકીદા અને મઝહબના બારામા. ઇસ્માઇલીઓમાં બે મોટા ફિર્કાઓ આગા ખાનીઓ, કે જેઓ ૪૯ ઇમામોમાં યકીન રાખે છે, અને બીજો ફિર્કો જેઓ ૨૧ ઇમામોમાં યકીન રાખે છે. તેમ છતાં બન્ને આગાખાની અને બોહરાઓ ઇસ્માઇલને ઇમામ માને છે, જેઓ ઇમામ સાદીક (અ.સ.) ના ફરઝન્દ હતા. તેથી તેઓ (બન્ને ફિર્કાઓ) ઇમામ મૂસા અલ-કાઝિમ ઇબ્ને ઇમામ અલ-સાદિક (અ.સ.) ની ઇમામતનો સાફ ઇન્કાર કરે છે. આ કિતાબ એ શોધખોળ કરે છે કે શું હકીકતમાં ઇસ્માઇલી / ફાતેમી ઇમામો સાચા અને અલ્લાહ તરફથી નિયક્ત થયા હતા ?

જે ખાસ કિતાબોના હવાલા લેવામાં આવ્યા છે તેઃ ધ ઇસ્માઇલીસ ઇતિહાસ અને તેમના મઝહબની ઉસુલો, લેખકઃ ડો. ફરહાદ દફતરી. ડો. ફરહાદ દફતરી હાલમાં લંડનમાં નાયબ ડાયરેક્ટર તૃથા ડિપાર્ટમેન્ટ ઓફ એકેડેમિક રિસર્ચ અને પબ્લીકેશન ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇસ્માઇલી સ્ટડીસ્ઝ ના વિભાગના મુખ્ય સ્થાન ધરાવે છે, ડો. દફતરી સાહેબે ૧૫૦થી વધારે લેખો લખ્યા છે, તે ઉપરાંત દાએમુલ ઇસ્લામ, હમારી ઇસ્માઇલી મઝહબકી હકીકત ઔર ઉસકા નિઝામ, ઇસ્માઇલીયે અઝ ગુઝશ્તે તા હાલ વગેરે કિતાબોથી હવાલા લીધા છે.

મોટા ભાગનો આયાતોનો તરજુમો આ પુસ્તકમાં લેવામાં આવ્યો છે તે સય્યદ અલી કુલી કરાઇ સાહેબે જે કુરઆનનો તરજુમામાંથી છે.

---

[4] (સ.વ.ત.) એટલે સુબ્હાનહુ વ તઆલા

હું અલ્લાહ (સ.વ.ત.) નો એહસાન માનુ છુ અને શુક્ર કરૂ છુ કે મને એટલી સલાહિય્યત અતા કરી કે આ કિતાબ મેં પુરી કરી, હું કબુલ કરૂં છું કે મારી એટલી સલાહિય્યત નહોતી કે એકલો આ અઘરૂ કામ પુરૂ કરી શકુ અને બીજા લોકોની મદદ થકી અને અમુલ્ય સાથ મેળવાથી કામ્યાબ થયો છુ. હું અંતકરણથી એહસાન માનુ છુ મારા ઉસ્તાદનો શુક્ર અદા કરૂ છુ, જનાબ શેખ કુમૈલ રાજાણી કે એમના માર્ગદર્શન અને મદદ માટે મારા પિત્રાઇ ભાઇ હનીફ અરસ્તુ જેઓએ સંપાદન અન ઊંડી નજરથી સંચાલન કર્યુ; જનાબ શેખ સલીમ યુસુફઅલી, જ. શેખ મોહમ્મદ હસનૈન, અને ભાઇ શેરઅલી વાલજીની મદદ માટે શુક્રીયા અદા કરૂ છુ, કે તેમના કિંમતી સૂચનો જ્યારે પણ જરૂરત પડી અને મારી પત્ની અને દિકરીઓની મદદ, સૂચનો ત્થા સાથ આપ્યો છે.

## ''શિયા - પણ ક્યા ઇમામના શિયા'' (રહેબર) ?

શિયાનો અર્થ થાય છે એક જમાત કે ગરોહ કે જે પયરવી કરે છે અથવા અનુયાયીઓ, કુરઆને કરીમમાં સૂરેહ મરયમ આયત નં. ૬૯

ثُمَّ لَنَنْزِعَنَّ مِنْ كُلِّ شِيْعَةٍ اَيُّهُمْ اَشَدُّ عَلَى الرَّحْمٰنِ عِتِيًّا ﴿٦٩﴾

**પછી અમે દરેક ટોળામાંતી તે લોકો કે જેઓ દયાળુ અલ્લાહની વિરૂદ્ધ ઘણા અકડીને ચાલતા હતા તેમને અવશ્ય વેગળા કરી દઇશું.**[૫]

هٰذَا مِنْ شِيْعَتِهٖ

**એક તો તેના અનુયાયીઓમાંથી હતા.**[૬]

ઉપરની બન્ને આયતોથી સમજ પડે છે કે એક શીયા અનુયાયી હોય શકે છે અથવા એક ગરોહ કે જમાત સભ્ય હોય શકે છે.

કુરઆને મજીદમાં સૂરહ ઇસ્રા આયત નં. ૭૧ ફરમાવે છે

يَوْمَ نَدْعُوْا كُلَّ اُنَاسٍۭ بِاِمَامِهِمْ

**જે દિવસે અમે દરેક ટોળાને તેના ઇમામ (આગેવાન) સાથે બોલાવીશું.**[૭]

આ આયત પ્રમાણે ઉમ્મતીઓનો અંજામ એમના ઇમામો પર નિરભર છે, શીયા મતલબ ક્યા ઇમામના શીયાઓ છે.

---

૫ સૂરએ મરયમ (૧૯), આયત નં. ૬૯

૬ સૂરએ કસસ (૨૮), આયત નં. ૧૫

૭ સૂરએ ઇસરા (૧૭), આયત નં. ૭૧

અગર એક શીયા બાતીલ રેહબર (ઇમામ)નો માનવાવાલો હશે,તે પછી તે રહબર પોતાના શીઆઓને આગ તરફ દાવત આપશે.

કુરઆને મજીદમાં સૂરહે કસસ આયત નં.૪૧ માં ફરમાવે છે:

وَجَعَلْنٰهُمْ اَئِمَّةً يَّدْعُوْنَ اِلَى النَّارِ ۚ وَيَوْمَ الْقِيٰمَةِ لَا يُنْصَرُوْنَ ۝٤١

**અને અમોએ તેમને (ગુમરાહોના) એવા સરદાર બનાવ્યા કે જેઓ (લોકોને) જહન્નમ તરફ બોલાવે છે, અને કયમાતના દિવસે તેમની મદદ કરવામાં આવશે નહિ.**[૮]

આવા ઇમામોના અનુયાયીઓ (માનવાવાલા)નો અંજામ સારો નહિ હોય. પણ જો એક શીયા (અનુયાયી) સાચા અને હક્કના ઇમામનો માનવાવાળો હશે તો પછી આ હક્ક ઇમામ તેને સચ્ચાઈ તરફ દોરવણી આપશે.

કુરઆને મજીદ, સૂરેહ સજદા આયત નં. ૨૪ માં. ફરમાવે છે:

وَجَعَلْنَا مِنْهُمْ اَئِمَّةً يَّهْدُوْنَ بِاَمْرِنَا لَمَّا صَبَرُوْا ۗ وَكَانُوْا بِاٰيٰتِنَا يُوْقِنُوْنَ ۝٢٤

**અને જ્યારે તેમણે ધીરજ ધરી ત્થા અમારી આયતો પર સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો ત્યારે અમોએ તેઓમાંથી એવા ઇમામ (આગેવાન) બનાવ્યા કે જે અમારી આજ્ઞા પ્રમાણે હિદાયત કરતા હતા.''**[૯]

બેશક, આ હક્ક ઇમામોના સાચા અનુયાયીઓ (શીયાઓ) રોઝે કયામત કામ્યાબ થશે. તો શીયાનો મતલબ બીજુ કાંઇ નહિ પણ આપણે જાણવુ જોઇએ કે અમે કોના શીયા છીએ.

---

૮ સૂરએ કસસ (૨૮), આયત નં. ૪૧

૯ સૂરએ સજદા (૩૨), આયત નં. ૨૪

## શીયાઓમાં પણ ફિર્કાઓ

ઉમ્મતે ઇસ્લામમાં બે મોટા ફિર્કાઓ છે જેમકે શીયા અને સુન્ની વિચારધારા ચાલી રહી છે. જેવી રીતે સુન્ની મુસલમાનોમાં ફિર્કાઓ છે. તેવી જ રીતે શીયા કોમમાં પણ નાના-નાના ફિર્કાઓ છે.

આ કિતાબમાં અમે ફક્ત શિયા ફિર્કાઓની વાત કરીશુ.

## ઇસ્ના અશરી શીયાઓ (બારને માનવવાળા)

શીયા કોમમાં સૌથી મોટો ફિર્કો બારને માનવાવાળાઓનો છે. તેઓ બાર ઇમામોના નામ કબુલ કરે છે, જે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.)ના અલ્લાહ તરફથી નુમાઇન્દા થયા છે. તેઓનો અકીદો છે કે ઇમામ અલી (અ.સ.) પહેલા ઇલાહી તરફથી નિમવામાં આવ્યા હતા (કે) જે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.)ના સહી અને હક્ક જાનશીન અને વસી હતા. ઇમામ મેહદી (અ.ત.ફ.શ.)[૧૦] સિવાય તમામ માસુમ ઇમામોને શહીદ કરવામાં આવ્યા હતા, શીયાઓનો અકીદો છે કે ઇમામ મેહદી (અ.ત.ફ.શ.) ગયબતમાં છે. તમામ માસુમ ઇમામો હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.)ની નસલમાંથી છે, તેઓ જનાબે ફાતેમા (સ.અ.)[૧૧] અને ઇમામ અલી (અ.સ.)ના ફરઝન્દો છે, અને તેમાં કોઇ શક કે શુબ્હાની જરૂરત નથી.

શીયા ઇસ્નાઅશરીઓનો અકીદો અને માન્યતા બાબત બીજી ઘણી કિતાબોમાં ચર્ચા થઇ છે. અને આ કિતાબમાં ફકત બે ઇમામની જીંદગી કે જેને બીજા ફિર્કા નથી માનતા, વિષે ચર્ચા કરીશું.

## ઝૈદીઓ

ઝૈદીઓ પાંચમાં ઇમામ, ઇમામ મોહમ્મદ બાકર (અ.સ.)ને નથી માનતા, કેમકે તેઓનો અકીદો છે કે તેઓએ ઝાલીમ હુકુમત વિરૂદ્ધ

---

૧૦ અજ્જલલ્લાહો તઅલા ફરજહુશ શરીફ

૧૧ સલામુલ્લાહે અલય્હા

લડત નહિ આપી. ઝૈદીઓ ઝયદ ઇબ્ને અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ને માને છે અને અકીદો રાખે છે કે તેઓ ઇમામ હતા, કેમકે તેઓએ બની ઉમય્યાના બાતીલ અને ઝાલીમ હાકીમો સામે બંડ પોકાર્યુ હતુ. ઝૈદીઓ નસ્લના સિલસિલામાં નથી માનતા, પણ જે કોઇ ઇમામ હસન (અ.સ.) અને ઇમામ હુસૈન (અ.સ.)ની નસ્લમાં થી હશે અને તે ઝાલીમ હાકેમો વિરૂદ્ધ જેહાદ કરશે યા બાતીલ હુકુમતના વિરૂદ્ધ બંડ પોકારશે તે ઇમામ કહેવાશે અને તેને ઇમામ તરીકે તસ્લીમ કરવામાં આવશે. ઝૈદીઓ એમ પણ નથી માનતા કે ઇમામો અલ્લાહ તરફથી ચુંટવામાં આવ્યા હોય છે યા કે ઇમામોને અલ્લાહ તરફથી કોઇ પણ જાતનુ ઇલાહી માર્ગદર્શન આપવામાં આવે છે, અને તેઓ ઇમામને માસુમ પણ નથી માનતા. ઝૈદીઓ ખાસ કરીને યમનમાં મોટી સંખ્યામાં વસે છે.

## અલવીઓ

અલવીઓ એહલેબૈત (અ.સ.)ને[૧૨] ચાહવાવાળાઓ છે એ હદ સુધી કે જ્યારે તેઓએ એહલેબૈત (અ.સ.) ના કિરદાર અને તકવા જોયુ ત્યારે અતિશ્યોક્તિ ગુલુ કરવા લાગ્યા અને ઇમામોના બારામાં હદથી વધારે ગુલુ કરવા લાગ્યા, તેઓ નુસઇરીયો, નુસેરી, નમીરીયા અથવા અન્સારીય્યા કહેવાવા લાગ્યા. તેઓ ગાલી તરીકે પણ કહેવાવા લાગ્યા। અલવીઓ દરમિયાન પણ બીજા ફિર્કાઓ છે. લગભગ દસ લાખથી વધુ અલવીઓ શામ અને લબનાનમાં વસે છે. ઇસ્નાઅશરી ઇમામોએ આ લોકોને વખોડી કાઢયા છે અને ગુલુ કરનારાઓ તરીકે નફરત જાહેર કરે છે.

## ઇસ્માઇલી

ઇસ્માઇલીઓ પણ ઇસ્લામની એક શાખા છે અને શીયાઓમાં ઇસ્નાઅશરીઓ પછી બીજા નંબરે મોટી સંખ્યામાં ફેલાએલા છે. તેઓ

---

૧૨ પયગમ્બરના ઘરવાલા, ઇમામ અલી, જનાબે ફાતેમા, ઇમામ હસન, ઇમામ હુસૈન (અ.સ.) અને ઇમામ હુસય્ન (અ.સ.) પછીના નવ (૯) ઇમામો

પોતાને ઇસ્માઇલી એ માટે કહેરાવે છે કે તેઓ ઇસ્માઇલ ઇબ્ને જાફર (અ.સ.) ને ઇલાહી નુમાઇન્દા અને સિલસિલામાં ઇમામ જાફર સાદિક (અ.સ.) પછી સાચા જાનશીન અને રેહબર માને છે.

ઇસ્માઇલીઓ ૭મા ઇમામની નિયુક્તી (નસ્સ) બાબતમાં વિરોધ કરે છે, તેઓની દલીલ એવી છે કે ખરેખર તો ઇસ્માઇલ ઇબ્ને જાફર (અ.સ.) સાચા વારીસ અને જાનશીન હતા, જ્યારે ઇસ્નાઅશરીઓ માને છે કે ઇમામ મૂસા કાઝિમ (અ.સ.) ઇમામ જાફર સાદિક (અ.સ.) ના વારસદાર અને જાનશીન થયા હતા. ઇસ્માઇલ પોતાના વાલીદની હયાતીમાં ગુજરી ગયા હતા, તે છતાં ઘણા ઇસ્માઇલીઓ કહેતા કે ઇસ્માઇલ નહોતા ગુજરી ગયા, પણ ખરેખર તો ગયબતમાં ચાલી ગયા. ઘણા ઇસ્માઇલીઓએ કબુલ કર્યું કે ઇસ્માઇલ ગુજરી ગયા હતા અને દાવો કર્યો કે એમણા મોટા દિકરા મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ ઇમામ થયા.

ઇસ્માઇલીઓમાં તે પછી ઘણી શાખાઓ અને ઉપ-શાખાઓ બહાર આવી જેમાં સૌથી જાણીતી આગાખાનીઓ, દાઉદી બોહરાઓ અને દ્રુઝ.

## દ્રુઝ

ફાતેમીઓની હુકુમત (રાજ્ય સત્તા) ઇ.સ. ૯૦૯માં ઓબૈદુલ્લાહ મેહદીબિલ્લાહે કાએમ કરી તે પછી તેણે ઇસ્માઇલી ઇમામતનો દાવો કર્યો હતો. ફાતેમી સલતનતનો ૬થો ખલીફા અલ-હાકીમ બે-અમ્રીલ્લાહ જ્યારે ૧૧ વર્ષનો હતો ત્યારે સિંહાસન (રાજ્યપદ) પર બેસ્યો પણ તેને ખૌફ હતો કેમકે તેમાં કોઇ સલાહિયત કે માલુમાતનો અનુભવ ન હતો. તે ઉપરાંત તેની દિમાગી કમજોરી હતી (ગાંડપણું).

ફાતેમી સલતનતમઝહબી સહિષ્ણતા (સહનશીલતા) માટે પ્રખ્યાત હતી, પણ અલ-હાકીમના દૌરમાં, બેહિસાબ જુલ્મ-જોર જોવામાં આવ્યુ છે. ઇ.સ. ૧૦૨૧માં (હિજરી ૪૪૧) અલ-હાકીમ પોતાના ખચ્ચર પર બેસીને બહાર ગયો પણ તે પછી ક્યારે પાછો ફર્યો નહીં પણ તેનો ખચ્ચર પાછો આવ્યો પણ તે લહુ-લોહણ હતો આ વાકયા પછી એક નવો ફિર્કો પેદા થઇ ગયો જે દ્રુઝ કહેવાયા, અને તેઓ એ અલ-

હકીમના વારસદારને માનવાથી ઇન્કાર કરી દીધો અને તેઓનો અકીદો હતો કે અલ-હકીમે ખુદાનો અવતાર લીધો છે અને તે મહેદી બનીને વળી પાછો એક દિવસ પાછો આવશે અને આખી દુનિયામાં ઇન્સાફ કાયમ કરશે.

## નીઝારીઓ

ઇસ્માઇલીઓમાં બીજો એક સૌથી મોટો વિવાદ ઉભો થયો જ્યારે ફાતેમી ખલીફા અલ-મુસ્તનસીર બિલ્લાહ હિ.સ. ૪૮૭ (૧૦૯૪ ઇ.સ.) માં ગુજરી ગયા પછી, મોટો દિકરો નિઝાર અને નાનો દિકરો મુસ્તાલી વચ્ચે સલતનત માટે ઝગડો થયો, અને જંગમાં નિઝાર હારી ગયો અને કેદખાનામાં નાખવામાં આવ્યો હતો તેનો દિકરો બચીને ભાગી નિકલ્યો. દિકરાએ એક જમાત બનાવી લીધી અને તે લોકોએ તેને ઇમામ તરીકે કબુલ કર્યો, અને નિઝારીઓની ઇમામત આજ દિવસ બાકી છે અને તેમના ઇમામ આજના આગાખાન ચોથા. ઇસ્માઇલી મતલબ નિઝારી કૌમ કે જમાત, કે જેઓ આગાખાનીઓ તરીકે ઓળખાય છે અને ઇસ્માઇલીઓમાં સૌથી મોટી સંખ્યામાં છે.

આગાખાની કે નિઝારીઓ ઇમામ અલી (અ.સ.)ને પહેલા ઇમામ માને છે અને ઇમામ હુસયન (અ.સ.) ને બીજા ઇમામ માને છે અને ઇમામ હસન (અ.સ.) ને ઇમામ તરીકે તસ્લીમ નથી કરતા.[૧૩]

## મુસ્તાલીઓ

અલ-મુસ્તાલી મુસ્તનસીરબિલ્લાહનો સૌથી નાનો દિકરો હતો અને મોટાભાઇ નિઝારીને હરાવીને સલતનતનો વારસદાર બની ગયો, મુસ્તાલીઓ તૈયબીઓ તરીકે પણ ઓળખાય છે જેમકે તેઓના ૨૧માં ઇમામ અલ-તૈયબ તેઓના અકીદા પ્રમાણે ગયબતમાં ચાલી ગયા હતા. તૈયબીઓ પાછા આગળ ચાલીને અનેક ફિર્કાઓમાં વહેંચાઇ ગયા જેમકે દાઉદી બોહરા, સુલયમાની બોહરા, અલવી બોહરા અને હેબતીયા

[૧૩] દફ્તરી, ફરહાદ, ઇસ્માઇલીઓ તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૫૫૧

બોહરા વગેરે વગેરે.

બોહરાઓ ઇમામ અલી (અ.સ.)ને હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.)ના વસી માને છે પણ ઇમામ નથી માનતા અને ઇમામ હસન (અ.સ.)ને પહેલા ઇમામ માને છે.[૧૪]

[૧૪] એજ ચોપડી, પા. ૫૫૧

# ઇસ્માઇલી ઇમામો

એક મુખ્તસર નજર ઇસ્માઇલી ઇમામો પર

આ વિભાગમાં ઇસ્માઇલી ઇમામોની શરૂઆત ઇસ્માઇલથી ચર્ચા કરીશું. હું ટુંકમાં તેઓની જીંદગી અને પરિણામો ની કસોટી કરશું, ખાસ કરીને તેઓમાં એવી કઇ સલાહિયતો અને ખુબીઓ હતી કે તેઓ ઇલાહી મઝહબના રહેબરો અને આગેવાનો બની ગયા.

૧. ઇસ્માઇલ ઇબ્ને જાફર (વફાત ૧૩૬ હી. / ૭૫૪ ઇ.સ.) (૬થા ઇસ્માઇલી ઇમામ.

૨. મોહમ્મદ અલ-મકતુમ ઇબ્ને ઇસ્માઇલ (કોઇ વધારે જાણકારી નથી) ૭મા ઇસ્માઇલી ઇમામ)

૩. અબ્દુલ્લાહ ઇબ્ને મોહમ્મદ (કોઇ તારીખ મળતી નથી) (૮મા ઇસ્માઇલી ઇમામ)

૪. અહમદ ઇબ્ને અબ્દલ્લાહ (કોઇ તારીખ મળતી નથી) (૯મા ઇસ્માઇલી ઇમામ)

૫. અલ-હુસૈન ઇબ્ને અહમદ (વફાત ૨૬૮ હિ. / ૮૮૧ ઇ.સ.) ૧૦મા ઇસ્માઇલી ઇમામ)

૬. અબુ મોહમ્મદ ઓબૈદુલ્લાહ (અબ્દુલ્લાહ) અલ-મેહદીબીલ્લાહ (વફાત ૩૨૨ હિ. / ૯૩૪ ઇ.સ.) (૧લો ફાતેમી ખલીફા) (૧૧મો ઇસ્માઇલી ઇમામ)

૭. અબુલ કાસીમ મોહમ્મદ અલ-કાએમ બેઅમ્રિલ્લાહ (વફાત ૩૩૪ હિ. / ૯૪૬ ઇ.સ.) (૨જો ફાતેમી ખલીફા) ૧૨મો ઇસ્માઇલી ઇમામ)

૮. અબુ તાહીર ઇસ્માઇલ અલ-મનસુર બિલ્લાહ (વફાત ૩૪૧ હી. / ૯૫૩ ઇ.સ.) (૩જો ફાતેમી ખલીફા) (૧૪મો ઇસ્માઇલી ઇમામ)

૯. અબુ તમીમ માઅદ અલ-મોઇઝ લેદીનિલ્લાહ (વફાત ૩૬૫ હિ. / ૯૭૫ ઇ.સ.) (૪થો ફાતેમી ખલીફા) (૧૪મા ઇસ્માઇલી ઇમામ)

૧૦. અબુ મનસુર નિઝાર અલ-અઝીઝબિલ્લાહ (વફાત ૯૮૫ હિ. / ૯૯૬ ઇ.સ.) (૫મા ફાતેમી ખલીફા) (૧૫મા ઇસ્માઇલી ઇમામ)

૧૧. અબુ અલી અલ-મનસુર અલ-હકીમ બે અમ્રિલ્લાહ (વફાત ૪૧૧ હિ. / ૧૦૨૧ ઇ.સ.) (૬થો ફાતેમી ખલીફા) (૧૬મો ઇસ્માઇલી ઇમામ)

૧૨. અબુલ હસન અલી અલ-ઝહીર લે ઇઝ્ઝે દીનલ્લાહ (વફાત ૪૨૭ હિ. / ૧૦૩૬ ઇ.સ.) (૭મો ફાતેમી ખલીફા) ૧૭મો ઇસ્માઇલી ઇમામ)

૧૩. અબુ તમીમ માઅદ અલ-મુસ્તનસીર બિલ્લાહ (વફાત ૪૮૭ હિ. / ૧૦૯૪ ઇ.સ.) ૮મો ફાતેમી ખલીફા)[૧૫] (૧૮મો ઇસ્માઇલી ઇમામ)

૧૪. અલ-મુસ્તાલી બિલ્લાહ (વફાત ૪૯૫ હિ. / ૧૧૦૧ ઇ.સ.) (૯મો ફાતેમી ખલીફા) (૧૯મો તૈયબી / મુસ્તાલી ઇમામ)

૧૫. અલ-આમીર બે એહકામિલ્લાહ (વફાત ૫૨૪ હિ. / ૧૧૩૦ ઇ.સ.) (૧૦મો ફાતેમી ખલીફા)[૧૬] (૨૦મો તૈયબી / મુસ્તાલી

---

[૧૫] અલ-મુસ્તનસીરની વફાત પછી ઇસ્માઇલીઓમાં ફાટા પડી ગયા, કેટલાક લોકોનો અકીદો હતો કે અલ-મુસ્‌તાલી સાચા જાનશીન હતા, અને કેટલાક લોકોનો અકીદો હતો કે નિઝાર સાચા જાનશીન હતા. જે લોકો નિઝારને માનતા હતા તે આજે આગાખાની તરીકે ઓળખાય છે. (ધી ઇસ્માઇલીસ, તેઓનો ઇતિહાસ અને અકીદો, પા. ૫૫૨)

[૧૬] બીજો એક ફાટો પડયો જ્યારે અલ-અમ્ર બેએહકામિલ્લાહ ની વફાત થઇ, કેટલાક લોકો અલ-તય્યબને ઇમામ માનતા હતા અને કેટલાક લોકોનુ માનવુ હતુ કે અબ્દુલ મજીદ અલ-હફીઝ ઇબ્ને અબુલ કાસીમ મોહમ્મદ ઇબ્ને અલ-મુસ્તનસીર બિલ્લાહ તેઓના ઇમામ છે. જેઓ અલ-તય્યબને ઇમામ માનતા હતા તેઓ તય્યબી કહેવાતા હતા અને આજે તે બોહરાઓ છે.

ઇમામ)

૧૬. અલ-તૈયબ ગયબતમાં ગયા (૨૧માં તૈયબી / મુસ્તાલી ઇમામ)

## ઇસ્માઇલ ઇબ્ને જાફર (૬થા ઇસ્માઇલી ઇમામ) ફિત્નાની શરૂઆત કે ફાટફૂટની ઉત્પત્તિ

ઇસ્માઇલ ઇમામ જાફર સાદિક (અ.સ.)ના સૌથી મોટા દિકરા હતા. કેટલાક શીયાઓ સમજતા હતા કે ઇસ્માઇલ ઇમામ જાફર સાદિક (અ.સ.) પછી તરતજ ઇમામ બનશે, કારણ કે તે મોટા હતા અને ઇમામ સાદિક (અ.સ.) તેમને બહુ જ ચાહતા હતા તેમ છતાં પણ, ઇમામ જાફર સાદિક (અ.સ.)ની જીદગીમાં જ ઇસ્માઇલ ગુજરી ગયા હતા.

રીવાયતોમાં છે કે જ્યારે ઇસ્માઇલનો જનાઝો (મય્યત) મદીનામાં બકીના કબ્રસ્તાનમાં લઇ જવાતો હતો ત્યારે ઇમામ જાફર સાદિક (અ.સ.) કેટલીક વખત મૈયતનો ચેહરો કફનમાંથી લોકોને બતાવતા હતા કે ઇસ્માઇલ ગુજરી ગયા છે. આ રીતે આપ (અ.સ.) સાબીત કરવા માંગતા હતા કે હકીકતમાં ઇસ્માઇલનું મરણ થઇ ગયુ છે અને જે લોકો સમજતા હતા કે ઇમામ જાફર સાદિક (અ.સ.) પછી તે ઇમામ થવાના હતા, તેમણે ખાત્રી થઇ જાય, અને કોઇ જાતનો શક બાકી ન રહે.[૧૭] રીવાયતોમાં ઇસ્માઇલી અને જે લોકો ઇસ્માઇલી નહી હતા તેમનાથી ખબર મળે છે કે જ્યારે મૈયત લઇ જવાતુ હતુ ત્યારે પણ ઇમામ સાદિક (અ..) ખાસ કરીને લોકોને ગવાહ (શાક્ષી) બનાવતા હતા કે જુઓ આ મારો ફરઝન્દ ગુજરી ગયો છે.[૧૮]

છતાં પણ ઇસ્માઇલીઓનો અકીદો હતો કે ઇસ્માઇલ ૬થા ઇમામ હતા અને બહુ મરતબાવાળા હતા. ઇસ્માઇલીઓની કિતાબમાં ''ઓયુનુલ અખ્બાર''માં બહુ જ થોડી ઇતિહાસીક માલુમાત છે જે નહિના બરાબર

---

[૧૭] અલ-મુફિદ, શયખ, કિતાબ અલ-ઇરશાદ, તરજુમાકાર આઇ. કે. એ. હાવર્ડ, પા. ૪૩૧

[૧૮] દફતરી, ફરહાદ, ધી ઇસ્માઇલીસ તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૯૭

છે.[૧૯]

થોડા ઇસ્માઇલી લેખકોના કહેવા પ્રમાણે ઇસ્માઇલ ઇમામ સાદિક (અ.સ.) પછી જાનશીન થયા હતા, તો પણ મોટી સંખ્યામાં રીવાયતો મળે છે કે તેઓ પોતાના વાલીદની જીંદગીમાં જ વફાત પામ્યા હતા અને મદિનામાં બકીના કબ્રસ્તાનમાં દફન થયા હતા. એક હિન્દુસ્તાની ઇતિહાસકાર - લેખક જણાવે છે જેનુ નામ હસન બિન નુહ અલ-ભરૂચી હતુ તે રિવાયત કરે છે કે તેઓએ ઇસ્માઇલની કબ્રની મુલાકાત મદિનામાં હિ. ૯૭૪/૧૪૯૮ ઇ.સ. લીધી હતી.[૨૦]

રિવાયતો મુજબ ઇસ્માઇલ ઉધમવાદી શીયાઓ દરમ્યાન બહુ જ મકબુલ અને ચહીતા હતા અને તેઓ પણ એ લોકોની સાથે બહુ દોસ્તી રાખતા હતા.[૨૧]

ઇમામ સાદિક (અ.સ.)ને આ બધી દોસ્તી અને મેળજોલ હતુ તે નાપસંદ કરતા હતા કેમકે તે બધા ઉધમવાદી શીયાઓ હતા. તેઓ રખેને એમના દિકરાને ગુમરાહ કરી દે. (ઉધમવાદી એટલે મઝહબી ઉસુલોથી હટીને કોઇ નવો વિચાર કે નવીન તરીકો ઇખ્તેયાર કરવાનો.)

બીજી એક રિવાયત પ્રમાણે, ઇસ્માઇલ ખુલ્લી રીતે બગાવતી ગતિવિધીઓમાં હિસ્સો લેતા હતા અને મૌજુદા હુકુમતના વિરૂદ્ધમાં બગાવત કરવાની પયરવીઓમાં શામીલ હતા. ખાસ કરીને બસ્સામ બિન અબ્દુલ્લાહ અલ-સયરાફી અને બીજા ઝનુની શિયાઓની સાથે દોસ્તી રાખતા હતા, અને ઇમામ જાફર સાદિક (અ.સ.) ઇસ્માઇલની આ બધી હરકતોથી બહુ જ નારાઝ હતા અને બેઝારી જાહેર કરી હતી.[૨૨]

ઇસ્માઇલીઓની માન્યતા અને અકીદો હતો કે ઇસ્માઇલ (ઇમામ સાદિક

---

૧૯ એજ ચોપડી

૨૦ એજ ચોપડી

૨૧ ધી ઇસ્માઇલીસ તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૯૮; નોંધઃ પુરૂ લખાણ નથી લેવામાં આવ્યુ પણ ફકત જરૂરી બાબત લીધી છે.

૨૨ એજ ચોપડી; થોડુ લખાણ છે, બાકીનુ છોડી દીધુ છે

(અ.સ.) ના મોટા દિકરા) ઇમામ હતા અને ઇમામ જાફરે સાદિક (અ.સ.)ના સાચા વારસદાર થયા. તે છતાં એ જાણીતી હકીકત છે કે ઇતિહાસમાં મળે છે કે ઇસ્માઇલ ૧૩૬ હિ. / ૭૫૪ ઇ.સ. માં ગુજરી ગયા હતા,[૨૩] જ્યારે ઇમામ સાદિક (અ.સ.) ૧૪૮ હિ. / ૭૬૫ ઇ.સ. માં શહીદ થયા હતા,[૨૪] તે ઉપરાંત એક ખબર પ્રમાણે હકીકતમાં તો ઇસ્માઇલ ૧૩૩ હિ. / ૭૫૧ ઇ.સ.[૨૫] માં ગુજરી ગયા હતા. એક ઇમામ કેવી રીતે ઇમામતનો વારીસ બની શકે છે જ્યારે તે પોતે મરી ગયો છે ? આ કોઇ અકલમંદી ની વાત નથી.

કેટલાક ઇસ્માઇલીઓનો દાવો છે કે ઇસ્માઇલ નહોતા મર્યા, પણ ગયબતમાં ચાલી ગયા, આ અકીદો બિલકુલ ગલત છે અને સાચો નથી કેમકે ઇતિહાસ શાક્ષી છે કે ઇમામ સાદિક (અ.સ.)એ પોતે ઇસ્માઇલના જનાઝાની નમાઝે જનાઝા પઢાવી હતી. તે છતાં ઘણા ઇસ્માઇલીઓએ કબુલ કર્યુ છે કે ઇસ્માઇલ ગુજરી ગયા હતા અને એમણા મોટા દિકરા મોહમ્મદ બિન ઇસ્માઇલ ઇમામ થયા ઇસ્માઇલ પછી. આ વાત પણ અકલી દલીલથી સાબીત નથી થી કેમકે જ્યારે ઇસ્માઇલ પોતાના વાલીદ ઇમામ સાદિક (અ.સ.)ની જીંદગીમાં ગુજરી ગયા હતા તો એના દિકરા મોહમ્મદ બિન ઇસ્માઇલ કેવી રીતે ઇમામ થઇ ગયા ?

## થોડા સવાલો ઉભા થાય છે અને તે વિચારવા જેવા છે

- ઇમામ જાફર સાદિક (અ.સ.) ક્યારે પણ ઇસ્માઇલ ને પોતાનો વારસદાર (ઇમામ) તરીકે નથી નિમ્યો. તે ઉપરાંત કોઇ પણ ઇસ્માઇલી કિતાબમાં ઇસ્માઇલને ઇમામ સાદિક (અ.સ.)એ જાનશીન બનાવ્યો હોય તેવો ઝિક્ર નથી. ઇસ્માઇલી કિતાબો દાખલા તરીકે ''ઇમામ-એ-ઇસ્માઇલ'' લેખકઃ મુલ્લા હુસૈનઅલી સાહેબ સારંગપુરી - ઉર્દુમાં[૨૬] દાવો કરે છે કે ઇસ્માઇલને ઇમામ

---

[૨૩] એજ ચોપડી, પા. ૫૫૧

[૨૪] એજ ચોપડી

[૨૫] ડો. ઝાહીદ અલી, તારીખે ફાતેમિય્યીને મિસ્ર, જી. ૧, પા. ૪૧, ૪૩ અને ૬૩ (૨જી એડિશનઃ કરાચી ૧૯૬૩)

[૨૬] ખાન સાઅદતહુસૈન, બોહરા મઝહબ દર હકીકત કે આઇને મેં, પા. ૩૩

સાદિક (અ.સ.)એ નામઝદ કર્યો હતો અને વારસદાર બનાવ્યો હતો, પણ દુઃખની વાત એ છે કે તેમણે પોતાની વાત સાબીત કરવા માટે કોઇ પણ હવાલો નથી આપ્યો .

- જો આપણે એમ માની લઇએ ઇસ્માઇલ ઇમામ સાદિક (અ.સ.)ના જાનશીન કે વારસદાર તરીકે હતા, તેમ છતાં ઇસ્માઇલ બિન જાફર ગુજરી ગયા જ્યારે કે ઇમામ સાદિક (અ.સ.) હજી હયાત હતા અને તેઓ ઇમામે વક્ત (એટલે ઇમામે ઝમાના) હતા. આનો મતલબ તો એજ થયો કે ઇસ્માઇલ ઇમામ ન હતા જ્યારે તે ગુજરી ગયા હતા. તો પછી શા માટે ઇસ્માઇલીઓ તેમણે ઇમામ તરીકે ગણે છે? શા માટે ઇસ્માઇલીઓ પોતાના ખ્યાલથી એને ઇમામ માને છે? અને મોહમ્મદ બિન ઇસ્માઇલને પણ પોતાની રીતે ઇમામ માને છે અને ઇમામ સાદિક (અ.સ.)ના વારસદાર અને જાનશીન ગણે છે?

- ઇસ્માઇલ અગર ઇમામ હતા, તો પછી ઇસ્માઇલીઓ પાસે એમણા માટે (ઇસ્માઇલ) કોઇ પણ પ્રકારની વિગતો કે જાણકારી નથી. ખાસ કરીને ઇસ્માઇલી કિતાબ ''ઓયુનુલ અખબાર''માં બહુ જ થોડી જેવી માહિતી છે.

- ઇસ્માઇલ ઉદ્રામવાદી શીયાઓમાં બહુજ મકબુલ હતા અને તેઓ સાથે એમણી સારી દોસ્તી અને ખાસ સંબંધો હતા. ઇમામ સાદિક (અ.સ.)ને આ ઉદ્રામવાદી શીયાઓ બિલકુલ પસંદ નહિ હતા અને આપને આ લોકો એમના દિકરાને ગેરમાર્ગે લઇ જતા હતા તેથી દુઃખી હતા. એક શખ્સ જે ઇમામ કહેરાવતો હોય તેનો કિરદાર ઉચ્ચ અને તમામ નેકીઓનો માલીક હોવો જોઇએ, ઇસ્માઇલ તો ઉદ્રામવાદી શીયાઓ સાથે બહૂજ સંગતમાં રહેતા હતા, ઇમામ સાદિક (અ.સ.)ને બધી વાતોથી બેઝારી જાહેર કરી ચુક્યા હતા. શા માટે?

- ઇસ્માઇલ સ્પષ્ટ (સાફ-સાફ) રીતે લડાયકવૃત્તિ (લડાકુ) અને હુકુમતના વિરૂદ્ધ પ્રપંચ કરનારાઓ સાથે સંબંધ રાખતા હતા, તે

ઉપરાંત બીજા અનેક લોકો જેમકે બસ્સામ બિન અબ્દુલ્લાહ અલ-સયરાફી સાથે પણ દોસ્તી હતી. ઇમામ સાદિક (અ.સ.) સખત રીતે પોતાની બેઝારી જાહેર કરી ચુકયા હતા અને ઇસ્માઇલની આ બધી પ્રવૃત્તિ હોવા છતાં ઇમામ સાદિક (અ.સ.) કેવી રીતે પોતાના દિકરાને પોતાના વારસદાર કે જાનશીન બનાવે ?

- વારસદાર એ છે કે જે વારિસ બને છે, પણ ઇસ્માઇલ તો પોતાના વાલિદ ઇમામ સાદિક (અ.સ.) ની હયાતીમાં જ ગુજરી ગયા તો પછી તે વારસદાર કેવી રીતે બની શકે છે ?
- તે ઉપરાંત ઇતિહાસના પાનાઓમાં ઇસ્માઇલ બિન જાફરના કોઇ પણ પ્રકારના વિચારશીલ હદીસો કે વ્યાખ્યાન કે બોધવચનો નથી મળતા, તેનું શું કારણ ?

## મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ, અબ્દુલ્લાહ ઇબ્ને મોહમ્મદ અને એહમદ ઇબ્ને અબ્દુલ્લાહ (૭માં, ૮માં અને ૯માં ઇસ્માઇલી ઇમામોની વિગતો)

મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ, ઇસ્માઇલ ઇબ્ને જાફરનો મોટો દિકરો હતો, ઇસ્માઇલીઓની રિવાયત પ્રમાણે તે ૨૬ વર્ષનો હતો ત્યારે ઇમામ સાદિક (અ.સ.) શહીદ થયા અને તે પોતાના કાકા ઇમામ મૂસા ઇબ્ને જાફર (અ.સ.) થી ઉમ્રમાં ૮ વરસ મોટો હતો. આ વિગતો પ્રમાણે મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ લગભગ ૧૨૦ હિ. / ૭૩૮ ઇ.સ. માં પેદા થયા હતા, તે ઉપરાંત દસ્તુરૂલ મુનજ્જીમની રિવાયત પ્રમાણે ૧૨૧ હિ. / નવેમ્બર ૭૩૯ ઇ.સ.[૨૭] માં પેદા થયા. મોહમ્મદ ૧૪ વર્ષના હતા ત્યારે એના વાલીદ ઇસ્માઇલ ગુજરી ગયા હતા, અને ઇસ્માઇલ એમના વાલીદ ઇમામ સાદિક (અ.સ.)ની શહાદત પહેલા ૧૨ વરસ આગળ ગુજરી ગયા, લગભગ ૧૩૬ હિ. માં તો મોહમ્મદ ૨૬ વર્ષના હતા

---

૨૭ મોહમ્મદ સઇદ બાહમનપૂર, ઇસ્માઇલીયે અઝ ગુઝિશ્તે તા હાલ, પા. ૨૧, ધી ઇસ્માઇલી તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૧૦૨

ત્યારે ઇમામ સાદિક (અ.સ.)ની શહાદત થઇ હતી.[૨૮]

ઇદ્રીસ એમાદુદ્દીન (તૈય્યબી) ૧૯માં દાઇ (વફાત ૮૭૨ હિજરી) પોતાની કિતાબ ''ઝહર અલ-મઆની'' માં કહે છે કે ઇમામ સાદિક (અ.સ.) એ મૂસા કાઝીમ (અ.સ.)ને પોતાના વારસદાર અને જાનશીન તરીકે નિમ્યા હતા પણ તેઓનો (ઇમામ સાદિક (અ.સ.)) મકસદ મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલની ઇમામત બચાવવાનો હતો.[૨૯]

ડો. ઝાહીદઅલી ઇદ્રીસ એમાદુદ્દીન તૈયબીઓના ૧૯માં દાઇનો હવાલો આપે છે કે ''ઇમામ મૂસા કાઝીમ (અ.સ.)ના વાલેદા એક કનીઝ હતા, અને એક ઇમામ કનીઝ માંથી પેદા નથી થઇ શકતો, (મતલબ કે કોઇ ઇમામની મા કનીઝ ન હોય) જ્યારે કે મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલના વાલેદા કનીઝ નહોતા.[૩૦]

આ પણ એક વિચિત્ર અને તાજ્જુબ થવા જેવી વાત છે કે ઇસ્માઇલીઓની કોઇ પણ કિતાબોમાં કે તારીખોમાં મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ માટે કોઇ માલૂમાત કે જાણકારી નથી મળતી, છતાં કે તે ઇસ્માઇલીઓના ખાસ અને મહત્વના ઇમામ હતા. છેલ્લે તો તેઓ કહે છે કે ઇમામ સાદિક (અ.સ.) પછી અકસર શીયાઓ મૂસા ઇબ્ને જાફરને ઇમામ સાદિક (અ.સ.)ના વારસદાર અને જાનશીન તરીકે ઇમામ માનતા હતા, મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ મદીના છોડીને પૂર્વ દિશામાં ચાલી ગયા અને છુપી રીતે જીંદગી ગુજારવા લાગ્યા હતા, અને આ એજ કારણ હતુ કે તેઓ પોતાને અલ-મકતૂમ લકબ એટલે કે છુપા કહેવરાવતા હતા.[૩૧] આમ છતાં એમ પણ કહેવાય છે કે તેઓ પહેલા

---

૨૮ ધી ઇસ્માઇલી તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૬૦૧, હવાલો આપ્યો છે અસરાર અલ-નુતકા, લેખક ઇદ્રીસ એમાદુદ્દીન, ફકત નિચોડ બયાન થયુ છે.

૨૯ ડો. ઝાહીદઅલી, હમારે ઇસ્માઇલી મઝહબકી હકીકત ઔર ઉસ્કા નિઝામ, પા. ૧૫૬-૧૫૭, ઇસ્માઇલીયે અઝ ગુઝીસ્તે તા હાલ, પા. ૨૨

૩૦ બોહરા મઝહબ હકીકતકે આયનેમેં, પા. ૧૦

૩૧ ઇસ્માઇલીયે અઝ ગુઝશતે તા હાલ, પા. ૨૧, ધી ઇસ્માઇલી ધેયર હિસ્ટરી એન્ડ ડોકટરીન્સ, પા. ૧૦૨, નોંધઃ જે લખાણ છે તે ફકત અહિં તેનુ

દક્ષિણ-ઇરાક ગયા અને ત્યાંથી ઇરાન અને પોતાની છેલ્લી જીંદગીના દિવસો ખુઝિસ્તાન - દક્ષિણ - પશ્ચિમ - દિશા ઇરાનમાં રહ્યા.[૩૨]

એવી પણ રિવાયત કરે છે કે ઇમામ સાદિક (અ.સ.)ની શહાદત પછી મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ પોતાના કાકા ઇમામ મૂસા કાઝીમ (અ.સ.)નો કોઇ વિરોધ નહોતો કર્યો કે જ્યાર સુધી એ મદિનામાં રહેતા હતા, અને તેમણી બહુજ ઇજ્જત કરતા હતા. અને ઘણી વખત પોતાના જરૂરી મસલા કે ખાસ બાબતોમાં ઇમામ મૂસા ઇબ્ને જાફર (અ.સ.) પાસેથી સલાહ-મશ્વેરા કરતા હતા. અલી ઇબ્ને જાફરથી રિવાયત મળે છે કે ઇરાક જવા પહેલા મોહમ્મદ ઇબ્ને જાફરે પોતાના કાકા, ઇમામ મૂસા કાઝિમ (અ.સ.) થી ઇજાજત (પરવાનગી) માંગી હતી, તેથી ઇમામ મૂસા કાઝિમ (અ.સ.)એ મોહમ્મદને ઇજાજત માટે મના કરી દીધા અને ખાસ તાકીદ કરી હતી. ઇમામ મૂસા કાઝિમ (અ.સ.) એ મોહમ્મદને ફરમાવ્યું કે તેઓ એમના ખુનથી દુર રહે. જવાબમાં મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલે કહ્યું કે ''એના પર અઝાબ આવે જે આપના ખુનમાં પોતાના હાથ ખરડે'' (એટલે આપના ખુન કરવામાં જે જવાબદાર થાય તેના ઉપર અઝાબ આવે) ઇમામ મુસા ઇબ્ને જાફર (અ.સ.)એ મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલને સફરમાં ખર્ચ કરવા માટે એક મોટી રકમ ઇનાયત કરી, પણ અફસોસ કે મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ જ્યારે ઇરાક પહોંચ્યા તો સીધા ખલીફા હારૂન રશીદ અબ્બાસી પાસે જઇને એવી ભડકાવવા વાલી વાત હારૂન રશીદને ઇમામ મૂસા ઇબ્ને જાફર (અ.સ.) ના ખિલાફ કરી કે તે ઇમામ મૂસા ઇબ્ને જાફર (અ.સ.) માટે શહાદતનુ કારણ બન્યુ અને હારૂને મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલને એક લાખ (૧૦૦૦૦૦) દિરહમ ઇનામ તરીકે બક્ષીસ આપ્યા, પણ જ્યારે મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ ઘરે પહોંચ્યો તો એના ગલામાં સખત દુઃખાવો ઉપડયો અને એજ રાતે ગુજરી ગયો અને જે દૌલત મળી હતી તેનો કોઇ ઉપયોગ નહિ કરી શક્યો કારણ કે તેણે પોતાના કાકા ઇમામ મૂસા ઇબ્ને જાફર સાદિક

નિચોડ અથવા મકસદ આપ્યો છે.

૩૨ ધી ઇસ્માઇલીયો, તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૧૦૨-૧૦૩, નોંધઃ ફકત મતલબનુ બયાન છે.

(અ.સ.)ના વિરૂદ્ધ ખોટી ગવાહી આપી હતી.[૩૩]

મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલની મરણની કોઇ ખાસ તારીખ મળતી નથી, પણ એ ખાસ વાત છે કે તે અબ્બાસી ખલીફા હારૂન રશીદના સમય કાળમાં ગુજરી ગયો હતો. તે લગભગ ૧૭૯ હિજરી / ૭૯૫-૭૯૬ ઇ. માં જ્યારે કે હારૂન રશીદ અલવી વિરોધી પુરોગામીની કાર્યનીતિ પર અમલ કરતો અને ઇમામ મૂસા ઇબ્ને જાફર (અ.સ.)ને કેદ કરીને મદીનાથી ઇરાક બોલાવી લીધો હતો.[૩૪]

**ઇતિહાસમાં મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલના મરણ પછી લગભગ સો (૧૦૦) વરસ સુધી મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલના માનવાવાળા ઇસ્માઇલીઓ કે મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલના બારામાં કોઇ પણ જાતની વિગતો કે ઝિક્ર મળતી નથી, અને ઇસ્માઇલીઓની ઇતિહાસીક કિતાબો પણ કોઇ જણાવતી નથી.**[૩૫]

## થોડા સવાલો ઉભા થાય છે અને વિચારવા જેવા છે

- ઇદ્રીસ એમાદુદ્દીન ૧૯માં તૈયબીઓના દાઇ (વફાત ૮૭૨ હિ.) પોતાની કિતાબ ''ઝહર અલ-માની'' માં લખે છે કે ઇમામ સાદિક (અ.સ.) મુસા કાઝિમ (અ.સ.)ને પોતાના જાનશીન તરીકે જાહેર કર્યા હતા, પણ એમનો મકસદ તો મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલની ઇમામત બચાવવાનો હતો. મારો સવાલ એ છે કે શું એવી કઇ હદીસ કે બયાન ઇમામ સાદિક (અ.સ.)થી છે કે તેઓએ મૂસા કાઝિમ (અ.સ.)ને પોતાના જાનશીન વારસદાર એ માટે જાહેર કર્યા કે મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ બચી જાય ? બીજો સવાલ એ છે કે શું તેઓ ઇમામ સાદિક (અ.સ.)ને જવાબદાર ગણાવે છે તેઓ સાચુ નહિ બોલ્યા ? ઇતિહાસ તો બતાવે છે કે ઇમામ મૂસા કાઝિમ (અ.સ.) વારસદાર થયા હતા અને કોઇ પણ ઇતિહાસમાં

---

૩૩ ઇસ્માઇલીયે અઝ ગુઝશતે તા હાલ, પા. ૨૩-૨૪

૩૪ ધી ઇસ્માઇલી તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૧૦૩

૩૫ ઇસ્માઇલીયે અઝ ગુઝશતે તા હાલ, પા. ૨૬ અવતરણ મેદલોન્ગસ દાએરતુલ મઆરિફ અદયાન, પાનુ ૨૪૮

એવુ નથી આવ્યુ કે મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ વારસદાર કે ઇમામ તરીકે જાનશીન થયા હતા. વિશ્વાસલાયક અને ખાતરીપુર્વક રિવાયતો પ્રમાણે હદીસો મળે છે કે ઇમામ સાદિક (અ.સ.)એ મૂસા કાઝિમ (અ.સ.)ને પોતાના જાનશીન તરીકે નિમણુક કર્યા હતા, તે ફકત ઇસ્નાઅશરીઓની કિતાબો નહિ પણ ઇસ્માઇલીઓની કિતાબોમાં પણ રિવાયતો મળે છે જેમકે દાઇ ઇદ્રીસ એમાદુદ્દીનની કિતાબ ''ઝહર અલ-માની''માં ઝિક્ર કરે છે.

- ડો. ઝાહીદ અલી ઇદ્રીસ એમાદુદ્દીન ૧૯માં તૈયબી દાઇનો હવાલો આપે છે કે ઇમામ મુસા કાઝિમ (અ.સ.)ના મા કનીઝ હતા અને કનીઝનો દિકરો ઇમામ નથી થઇ શકતો. જ્યારે કે મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલના મા કનીઝ નહોતા દાઇ ઇદ્રીસ એમાદુદ્દીન કારણ આપે છે કે મૂસા કાઝિમ (અ.સ.)ના મા કનીઝ હતા તેથી ઇસ્માઇલીઓ એ મૂસા કાઝિમ (અ.સ.) ને ઇમામ તરીકે કબુલ નહિ કર્યા, મતલબ કે જો ઇમામ મૂસા કાઝિમ (અ.સ.) ના મા કનીઝ ન હોતે અને ઇમામ સાદિક (અ.સ.)ના પત્ની હોતે તો પછી ઇસ્માઇલીઓ મૂસા કાઝિમ (અ.સ.) ને ઇમામ તરીકે જરૂર કબુલ કરી લેતે. તો પછી સવાલ એ પેદા થાય છે કે પછી મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલનુ શું ? તો પછી તેઓનો દાવો છે કે ઇમામ સાદિક (અ.સ.)એ મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલની ઇમામત બચાવવા માટે મૂસા કાઝિમ (અ.સ.)ને પોતાના વારસદાર - જાનશીન જાહેર કર્યા હતા. તે ઉપરાંત એમાં ખોટુ શું છે કે ઇમામ મુસા કાઝિમ (અ.સ.) કનીઝના ફરઝંદ હતા? ઇસ્માઇલીઓ ઇમામ તરીકે કબુલ નથી કરતાં કે મુસા કાઝિમ (અ.સ.) કનીઝના દિકરા હતા. ઇબ્રાહીમ નબી (અ.સ.)ના ફરઝંદ ઇસ્માઇલ નબી (અ.સ.)ના વાલેદા હાજરા (સ.અ.) હતા, કે જેઓ પણ ઇબ્રાહીમ નબી (અ.સ.)ના કનીઝ હતા. આપણા નબીએ કરીમ હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.વ.) પણ નબી ઇસ્માઇલ (અ.સ.)ના નસ્લથી હતા, મતલબ કે તેઓ (જનાબે હાજરા) હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.)ના દાદી-પરદાદી હતા. આપણા નબીએ કરીમ હઝરત મોહમ્મદ (સ.અ.વ.વ.)ને યહુદીઓ અને ઇસાઇઓ એ

માટે પયગમ્બર તસ્લીમ નથી કરતા તેનુ મુખ્ય કારણ એ બતાવે છે કે તેઓ ઇસ્માઇલ નબી (અ.સ.)ની નસ્લથી હતા અને જનાબે ઇસ્માઇલ નબીના માં કનીઝ હતા. યહુદીઓ અને ઇસાઇઓએ પયગમબર (સ.અ.વ.વ.) માં નબુવ્વતની બધી જ નિશાનીઓ જોઇ હતી તે છતાં પણ પયગમ્બર તરીકે માનવાથી ઇન્કાર કરી દીધો, અને એક જ કારણ બતાવ્યુ કે જનાબે ઇસ્માઇલ (અ.સ.) કનીઝના દિકરા હતા તો શું એનો મતલબ એ થાય છે કે ઇસ્માઇલીઓ ઇમામ મૂસા કાઝીમ (અ.સ.)માં ઇમામની બધી નિશાનીઓ જોઇ છતાં ઇન્કાર કરી દીધો કે એક કનીઝ માથી પેદા થયા હતા જે ઇમામ સાદિક (અ.સ.)ના કનીઝ હતા? આ એક બહુ જ ગંભીર સવાલ છે જે વિચારવા લાયક છે.

- શું જનાબે હાજરા (સ.અ.) ઇબ્રાહીમ નબી (અ.સ.)ના જવઝા (પત્ની) નહિ હતા? જે એક કનીઝ હતા અને શું તેઓ જનાબે ઇસ્માઇલ નબી (અ.સ.)ને જન્મ નહોતો આપ્યો કે જેમણી નસલમાથી સીધા હઝરત મોહમ્મદ (સ.અ.વ.વ.) પયગમ્બર હતા? અગર જો આ કબુલીયત માટે સહી છે કે પયગમ્બર (સ.અ.વ.વ.) ખાતેમુન નીબય્યીન (નુબુવ્વતના સિલસિલાના આખરી નબી) હતા અને ઇસ્માઇલ નબી (અ.સ.)ના વંશજમાંથી હતા કે જે એક કનીઝ-માથી જન્મયા હતા, તો પછી ઇમામ મૂસા કાઝિમ (અ.સ.) માટે શરમજનક શું હતું?

- શા માટે ઇતિહાસના પુસ્તકો કે પાનાઓમાં મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલથી કોઇ હદીસો કે બોધલાયક કે હિદાયત માટે જોઇતી જરૂરી અહેવાલો કે બયાન નથી મળતા?

- મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ અગર જો છુપા હતા (સતરમાં હતા) જેમકે એમનો લકબ છે કે 'અલ મકતુમ' (છુપેલા હતા), તો પછી કેમ કોઇ હદીસો હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.) થી કે ઇમામો (ઇમામ અલી થી ઇમામ અલ-સાદિક (અ.સ.) સુધી) એમના બારામાં મળતી નથી? આપણા હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.) અને ઇમામોએ (ઇમામ અલી (અ.સ.) થી ઇમામ સાદિક

(અ.સ.)) ઇમામ મહેદી, ઇસ્નાઅશરી શિયાઓના ૧૨માં માટે હદીસો મળે છે, એહલે સુન્નત અને શિયા ઇસ્નાઅશરીઓ કિતાબોમાં હદીસો મળે છે. આપણા હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.)એ પોતાના જાનશીન અને વસીઓ માટે જે હદીસો બયાન કરી છે તે બહુજ મુકમ્મલ તરીકે છે, તે એહલેસુન્નત[૩૬] અને ઇસ્નાઅશરી કિતાબોમાં દર્જ થઇ છે તો પછી શા માટે કાંઇ પણ બયાન નથી થયુ મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ માટે કે તેઓ ગયબતમાં જશે?

- આ પણ એક આશ્ચર્યજનક વાત છે કે મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ માટે ઇસ્માઇલીઓનીજ કિતાબોમાં કાંઇ મળતુ નથી જ્યારે તેઓ ઇસ્માઇલીઓના ઇમામોમાં ખાસ ઇમામ હતા?
- છે કે કોઇ હદીસો ઇમામ અલ-સાદિક (અ.સ.)થી કે તેઓ એ મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલને પોતાનો જાનશીન કે વારસદાર તરીકે મુકર્રર કર્યો હોય? શું ઇસ્માઇલી મઝહબની કિતાબોમાં આવી કોઇ હદીસો મળે છે?
- ઘણી બધી હદીસો મળે છે કે ઇમામ મૂસા અલ-કાઝિમ (અ.સ.) ને ઇમામ અલ-સાદિક (અ.સ.)[૩૭] પોતના જાનશીન અને વસી તરીકે મુકર્રર કર્યા હતા. શા માટે મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ માટે નહિ?
- ઇસ્માઇલીઓના ત્રણ ઇમામો માટે કોઇ પણ જાતની માહિતીઓ મળતી નથી જેમકે મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ, અબ્દુલ્લાહ ઇબ્ને મોહમ્મદ અને અહમદ ઇબ્ને અબ્દુલ્લાહ, કે જેઓ ઇસ્માઇલ ઇબ્ને જાફર પછી થયા હતા. ઇતિહાસ તો એ પણ નથી બતાવતુ કે આ ત્રણ જણ ક્યારે ગુજરી ગયા હતા. હવે સમજો કે બચાવમાં દલીલ એ કરવામાં આવે કે તે બધા સતરના ઇમામો હતા એટલે છુપા ઇમામો હતા તેથી તે લોકોના બારામાં કોઇ જાણકારી નથી તો પછી કેમ કોઇ હદીસો હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.) તરફથી

---

૩૬ ઇમામ અલ-મહેદી માટે જે તે આ પુસ્તકમાં આગળ ચર્ચા થશે.

૩૭ ઇમામ મૂસા અલ-કાઝીમ (અ.સ.) માટે હદીસો છે તે આગળ ચર્ચા કરીશું

આ ત્રણ માટે નથી મળતી? અથવા તો ઇમામો તરફથી નથી? કોઇ એક પણ હદીસો આ ત્રણ છુપા ઇમામો માટે નથી?

## ઓબૈદુલ્લાહ અલ-મેહદી બિલ્લાહ (પહેલા ફાતેમી ખલીફા) (૧૧માં ઇસ્માઇલી ઇમામ)

હુસૈન ઇબ્ને અહમદ (૧૦માં ઇસ્માઇલી ઇમામ) અહમદ ઇબ્ને અબ્દુલ્લાહ ના જાનશીન અને વારસદાર થયા અને એમણી વફાત ૨૬૮ હિ. ૮૮૧ ઇ.સ. થઇ હતી.[૩૮] હુસૈન ઇબ્ને અહમદ માટે કોઇ પણ જાણકારી કે વિગત મળતી નથી. તે પછી ૨૮ વરસ બાદ, અબુ મોહમ્મદ ઓબૈદુલ્લાહ (અબ્દુલ્લાહ અલ-મેહદી બિલ્લાહ જાહેર થયા અને ફાતેમી હુકુમત ૨૯૭ હિ. / ૯૦૯ ઇ.સ. કાયમ કરી.

અહિં એક મુદ્દો બહુજ જરૂરી અને ખાસ ચર્ચા માટે લાયક છે કે ફાતેમી ખલીફાઓની કુટુંબની વંશાવળી (ખાનદાની નસ્લ) માટે અનેક વિવાદાસ્પદ સવાલો ઉભા થાય છે. ફાતેમી ખલીફાઓ ના વડવાઓ (બાપ-દાદ), એ લોકોના દાવાઓ પ્રમાણે બધા ઇસ્માઇલી ઇમામો હતા, કે જેઓ મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલથી થયા હતા. છતાં પણ ઇસ્માઇલીઓ આ બાબતમાં સખત અણગમો કે બેદરકારી બતાવે છે કે તેઓના નામ બતાવે કે જેઓ તેઓના કહેવા પ્રમાણે ‘‘છુપા ઇમામો’’ હતા. કે જેઓની કડી ઓબૈદુલ્લાહ અને મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ ઇબ્ને જાફરથી મળતી હતી.

હકીકતમાં તો એ લોકોના નામો તો ઇસ્માઇલીઓના જુની કિતાબોમાં પણ મળતા નથી અને ન તો કોઇ પણ જાતના હવાલાઓ આપવામાં આવ્યા છે, જે જાહેરમાં આવે[૩૯] ફાતેમી ખલીફાઓએ પોતાના વંશાવળી જાહેર કરવા માટે સાફ મનાઇ ફરમાવી દીધી હતી. ઓબૈદુલ્લાહ ફકત તેઓમાનો એક જ હતો જેણે જાહેર કરવાની કોશીશ તો કરી પણ તેઓ તો વધુ ગુંચવાળો ઉભો કર્યો હતો. ઓબૈદુલ્લાહે દાવો કર્યો કે તે ફરઝંદ

---

[૩૮] ધી ઇસ્માઇલી તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૫૫૧

[૩૯] એજ ચોપડી, પા. ૧૦૮. નોટઃ ફકત ટુંક એહવાલ છે

હતો હુસૈન ઇબ્ને અહમદ ઇબ્ને અબ્દુલ્લાહ ઇબ્ને અબ્દુલ્લાહ ઇબ્ને જાફર. આ એકદમ વિચિત્ર અને અસામાન્ય બાબત છે કે ઇસ્માઇલ ઇબ્ને જાફર અને એના દિકરા મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલથી બતાવવાના બદલે એમના બીજા દિકરા અબ્દુલ્લાહ ઇબ્ને જાફરને પોતના પૂર્વજ કે વડવા બતાવે છે.[૪૦] તે ઉપરાંત બીજી પણ એક બહેસ ચાલે છે કે એના વારસદાર ઓબૈદુલ્લાહ એના દિકરા હતા કે નહિ?

ઓબૈદુલ્લાહ અને એના વડવાઓ (બાપ-દાદા) બધા ''દાઇઓ'' હતા અને તેઓ બધા છુપા (સતરના) ઇસ્માઇલી ઇમામોના પ્રતિનિધીઓ હતા અને તેઓ કોઇ પણ ઇમામ અલી ઇબ્ને અબી તાલીબ (અ.સ.)ના નસ્લમાંથી નહોતા. એ લોકોનો દાવો કે તેઓ બધા હઝરત ઇમામ અલી (અ.સ.) અને હઝરત ફાતેમા (અ.સ.)ના નસ્લમાંથી હતા તે સાવ જુઠો અને ગલત છે.[૪૧]

ઓબૈદુલ્લાહ ફાતેમી હુકુમતની સ્થાપના પહેલા એક દાઇ તરીકે હતા અને તેઓ છુપા ઇમામના દાઇ તરીકે રહેતા હતા અને પ્રતિનિધી તરીકે કામકાજ કરતા હતા તેથી જ અબુ અબ્દુલ્લાહ શીઇ એ તેમણે હુકુમતતની સ્થાપના કરવામાં મદદ કરી હતી. ફાતેમી હુકુમતની સ્થાપના પછી જ્યારે બુન્યાદ મજબુત થઇ ગઇ તો ઓબૈદુલ્લાહએ પોતાને દાઇ માંથી ઇમામ તરીકે જાહીર કરી દીધો હતો.[૪૨]

હોય શકે છે કે ઓબૈદુલ્લાહે અબુ અબ્દુલ્લાહ શીઇને મારી નાખ્યો કારણ કે અબુ અબ્દુલ્લાહ શીઇ એમજ સમજતો હતો કે ઓબૈદુલ્લાહ છુપા ઇમામ નો દાઇ છે અને જ્યારે એ હુકુમતની ગાદી પર બેસી ગયો તો પોતાને ઇમામ તરીકે જાહેર કરી દીધો, અને હોય શકે છે કે અબુ

---

૪૦ એજ ચોપડી, પા. ૧૦૮. નોંધઃ જે ખાસ મુદ્દાઓ છે તે લખાણમાંથી લેવામાં આવ્યા છે.

૪૧ ઇસ્માઇલીયે ગુઝશતે તા હાલ, પા. ૨૮, હવાલોઃ તારીખ જહાનગુશા, લેખકઃ જુવઇની, પા. ૪૩૧ અને અલ-કામીલ લેખકઃ ઇબ્ને અસીર, જીલ્દ ૯, પા. ૨૩૬

૪૨ ઇસ્માઇલીયે અઝ ગુઝશતે તા હાલ, પા. ૨૭

અબ્દુલ્લાહ શીઇએ તેના માટે પોતાનો વિરોધ કર્યો હોય અને તેથી જ તે કત્લ થઇ ગયો. એમ પણ રીવાયતો મળે છે કે અબુ અબ્દુલ્લાહ શીઇ એક તાકતવર અને અનેક લોકો તેને ચાહવાવાળા અને સાથીઓ હતા અને આના જ કારણે ઓબૈદુલ્લાહને કામયાબી મળી હતી અને હુકુમતની સ્થાપના થઇ.

કાઝી અબ્દુલ જબ્બાર પોતાની કિતાબ ''તસબીત દલાએલુલ નુબુવ્વત'' માં જણાવે છે કે ''અબુ અબ્દુલ્લાહ શીઇ એ કહ્યું કે ઓબૈદુલ્લાહ ન તો ઇમામ છે અને તે અલ-મેહદી છે બલ્કે તે એક ફિતરતથી બિમાર અને સ્વાર્થવૃત્તિવાલો ઇન્સાન છે, અને આ બયાન તેણે બધા લોકોની સામે અને ઓબૈદુલ્લાહની સામે કર્યુ હતુ.[૪૩]

ઓબૈદુલ્લાહ સમજી ગયો કે આ બધુ એના માટે બહુ જ ખતરો હતો અને એણે પોતાના હુકુમ થી અબુ અબ્દુલ્લાહ થીઇ અને એના સગાભાઇ અબુલ અબ્બાસને કત્લ કરાવી નાખ્યો હતો, અને આ બન્ને જમાદીઉસ્સાની હિજરી ૨૯૮માં મરી ગયા હતા.

ઓબૈદુલ્લાહ તે છતાં નિરાંત નહિ થઇ પણ આગળ જતાં તેણે અબુ અબ્દુલ્લાહ શીઇના સમર્થકો અને સાથીઓને પણ કત્લ કરાવી નાખ્યા. ઓબૈદુલ્લાહે આવી રીતે પોતાની તાકત અને હુકુમત સ્થાપી લીધી અને જેણે એને સાથ અને મદદ કરી હતી તેનુ લોહી રેડયુ હતુ.[૪૪]

## થોડા સવાલો ઉભા થાય છે જે વિચારવા લાયક છે

- આપણી ઉપરની સવિસ્તાર ચર્ચાવિચારણા પછી એ વાત સાફ જાહેર થઇ જાય છે અને અનેક શંકાઓ પેદા થઇ જાય છે કે ફાતેમી ખલીફાઓ શું હકીકતમાં હઝરત ફાતેમા (સ.અ.) અને હઝરત ઇમામ અલી (અ.સ.)ના નસ્લ અને ખાનદાનથી હતા. શું આપણે એ લોકોને ઇમામ તરીકે માની લઇએ કે જ્યારે તે લોકો એહલે બૈત (અ.સ.)ના સિલસિલાથી નહોતા ?

---

૪૩ ફરમાનિયાન, મેહદી, ઇસ્માઇલીયે દર તારીખ વ અકાએદ, પા. ૭૨. હવાલોઃ તસબીત દલાએલુન નોબુવ્વહ, જી. ૧, પા. ૩૮૯-૩૯૦

૪૪ ઇસ્માઇલીયે દર તારીખ વ અકાએદ, પા. ૭૧. હવાલોઃ ઇફતેતાહુલ દાવત.

- શા માટે ફાતેમીઓ, ખાનદાની શજરો જાહેર કરવાથી ઇન્કાર કરતા હતા? આ વાત વિચારવા જેવી છે.

- ઓબૈદુલ્લાહ જે ખાનદાની શજરો છે તેના મસલાને વધારે ગુંચવણમાં મુકી દીધો હતો, તે પોતાને અબ્દુલ્લાહ ઇબ્ને જાફરથી રીશ્તો બતાવે છે જ્યારે કે તેણે મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલથી બતાવવો જોઇએ. એવુ શા માટે? શું એ બાબત નહિ જાણતો હતો?

- ઓબૈદુલ્લાહ પોતાના માટે અલ-મેહદીનો લકબ શા માટે પસંદ કર્યો? એનુ કારણ એ હોય શકે છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.)થી અને અઇમ્મએ તાહેરીન (અ.સ.)થી બેશુમાર હદીસો છે કે ઇમામ મેહદી જાહેર થશે અને આખી દુનિયામાં અમનો અમાન, અદ્‌લ (શાંતિ ઇન્સાફ) સ્થાપી દેશે, કેમકે જ્યારે ઇસ્નાઅશરીઓના ૧૧માં ઇમામ (અ.સ.) હિજરી ૨૬૦માં શહીદ થઇ ગયા અને ૧૨માં ઇમામને નાની ગયબતમાં જવુ પડયુ, ત્યારે ઓબૈદુલ્લાહ આ વાતનો ફાયદો ઉપાડયો અને સમય જોઇને પોતાને મેહદી તરીકે જાહેર કર્યો હોય? ઓબૈદુલ્લાહ લોકોને કહેતો હતો કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.)એ જે મેહદી માટે ફરમાવ્યું હતું તે પોતે જ છે. ઓબૈદુલ્લાહે દુનિયામાં અમનો અમાન અદ્‌લ તો કાયમ ન કરી શકયો પણ પોતે ઓબૈદુલ્લાહ મેહદી હિજરી સન ૩૨૨/૯૩૪ ઇ.સ.માં ગુજરી ગયો.

- એક શખ્સ જે શૈખુલ-મશાએખ તરીકે લોકોમાં જાણીતો હતો તેણે ઓબૈદુલ્લાહ મેહદીને સવાલ કર્યો કે તમે જો ખરેખર મેહદી છો તો અમને કોઇ નિશાની બતવીને સાબીત કરો. તો ઓબૈદુલ્લાહ એને તરત જ કત્લ કરી નાખ્યો.[૪૫] શા માટે એણે આવુ કર્યુ? અગર ખરેખર તે મેહદી હતો તો એણે સાબીત કરવુ જોઇતુ હતુ?

- ઓબૈદુલ્લાહ પછી તેનો જે વારસદાર બન્યો તે ઇસ્માઇલ ઇમામ

---

૪૫ ઇસ્માઇલીયે દર તારીખ વ અકાએદ, પા. ૭૨. હવાલોઃ અલ-કામીલ લેખકઃ ઇબ્ને અસીર, પા. ૫૧-૫૨

અબુલ કાસીમ મોહમ્મદ કાએમ બે અમ્રિલ્લાહ (૧૨માં ઇસ્માઇલી ઇમામ) હતો. શા માટે કાએમ લકબ પસંદ કર્યો? કાએમ લકબ ઇમામ મેહદી (અ.ત.ફ.શ.)નો એક લકબ પણ છે, જે દુનિયાના તમામ ઇન્સાનોને નજાત અપાવશે.

ઘણી બધી હદીસો હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.) અને અઇમ્મએ તાહેરીન (અ.સ.)થી છે કે કાએમ / મેહદી અમારા એહલેબૈત (અ.સ.)થી છે જે દુનિયામાં હક્ક - ઇન્સાફ, અમ્નો-અમાન, અને ખુશહાલી કાયમ કરશે. ઓબૈદુલ્લાહ આ લકબનો ફાયદો ઉપાડીને પોતાની હુકુમતને કાયમ કરી હતી? અને તેના પછીના વારસદારોએ પણ આજ લકબનો સહારો લઇને હુકુમતમાં કાયમ રહ્યા હતા? આ પણ વિચારવા જેવી વાત છે!

- અગર જો ઓબૈદુલ્લાહ કે તેના વારસદારો કે જાનશીનો દુનિયામાં શાંતિ કે ન્યાય કરી શક્યા હોત તો હું પણ તેણે કબુલ કરી લેતે અને તેના પર ઇમાન લાવતે, પણ તેઓએ આવુ કાંઇ જ કર્યુ ન હતુ. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.)ની હદીસ પ્રમાણે તો મેહદી આવશે તો આખી દુનિયામાં હક્ક અને અમન કાયમ કરશે, પણ એવુ તો કાંઇ થયુ નહિ. પણ આપણે તો આજે પણ મુસીબતો અને બલાઓમાં ઘેરાયેલા છીએ.

## ઓબૈદુલ્લાહની મૌત પછીના બીજા ફાતેમી ખલીફાઓ

અમે ટુકમાં બયાન કરવા માટે ઇસ્માઇલી ઇમામો જેમ કે ત્રીજા અને ચોથા ફાતેમી ખલીફાઓ માટે વધુ વિસ્તારથી લખવા નથી માંગતા.

## અબુ મનસુર નિઝાર અઝીઝબિલ્લાહ (વફાત ૩૮૬ હિ./૯૯૬ ઇ.સ.) (૫મો ફાતેમી ખલીફા) (૧૫મો ઇસ્માઇલી ઇમામ)

ફાતેમી ખલીફાઓની અસાધારણ (અજીબો-ગરીબ) રાજનૈતિક નીતિ હતી કે બેશુમાર ઇસાઇઓ અને યહુદીઓને રાજ્યના કારભારમાં મોટા

મોટા હોદ્દા પર નીમી દેવાનું જ્યારે કે એ રાજ્યસત્તા શીયા મુસ્લીમોની હતી, કે જે મઝહબી સહનશીલતામાં ફાતેમીઓ માનતા હતા. પણ અઝીઝ તો પોતાના પૂર્વજ અને બાપ-દાદાઓ કરતા આગળ વધી ગયો અને અપુર્વ દાખલો બેસાડી ગયો, હોય શકે છે કે તેનુ કારણ તેની પત્ની જે ઇસાઇ હતી અને ઇસાઇ (ખ્રિસ્તી ધર્મ) મઝહબ પાળતી હતી અને તેના સલાહ પ્રમાણે બધુ થતુ હોય. આ ઇસાઇ પત્નીથી તેનો ફકત એક જ દિકરો હતો જે આગળ જતા તેનો વારસદાર અને જાનશીન બન્યો. હકીકતમાં તો અઝીઝના બે સાળાઓ ઓરેસ્ટસ અને આરસેનિઅસ (પત્નીના બે ભાઇઓ) જેરૂસલેમના મેલકાઇટ મુખી કે અઝીઝ બની ગયો અને બીજો ભાઇ પાટનગર કૈસો (કાહેરા) નો હાકીમ બની ગયો. ૩૭૫ હિ. / ૯૮૬ ઇ.સ. તે ઉપરાંત મુસ્લીમોના વિરોધ છતા પણ ખલીફા અસાધારણ રીતે ઇસાઇઓની તરફદારીમાં કોપ્ટીક મુખી ઇફરેઇમના કહેવા પ્રમાણે એણે સેંટ મર્કયુરીયસ ચર્ચ (ગિરજાઘર) કાહેરા શહેરના નજદીક ફુસ્ટાટમાં તામીર કરવાની પરવાનગી આપી દીધી હતી. અઝીઝની હુકુમતના સમયમાં ઇસાઇઓને ખાસ મઝહબી છુટ આપવામાં આવી હતી કે તેઓ બધા આઝાદીથી રહે અને અમલ કરે.[૪૬]

## થોડા સવાલો ઉભા થાય છે જે વિચારવા જેવા છે

- આ ફકત અઝીઝીની વાત નથી પણ ફાતેમી ખલીફાઓની નિતી હતી કે તેઓ ઇસાઇઓ અને યહુદીઓને બહુ જ ઉંચા હોદ્દાઓ પર બેસાડી દેતા હતા, શા માટે? શું એ હુકુમતની ગરજના કારણે? શું તે રાજનિતી અને સિયાસતી ચાલ માટે હતી? સાચા અને હકીકી ઇમામો રાજનિતી કે સિયાસતમાં નથી માનતા, પણ તેઓ નેક, માયાળુ અને રહેમદિલ હોય છે પણ જ્યારે ફરજ નિભાવવાની વાત આવે છે તો અમલ કરવામાં સિયાસત કે રાજનિતી નથી અપનાવતા. સૌથી મોટો દાખલો છે કે જ્યારે ઇમામ અલી ઇબ્ને અબી તાલિબ (અ.સ.) ખલીફા હતા ત્યારે તેઓ

---

[૪૬] ઇસ્માઇલીઓ તેનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૧૮૫. નોંધઃ લખાણમાંથી ફક્ત મુદ્દો લીધો છે.

રાજનિતીક નહિ હતા, જેમકે તે વખતે મોઆવિયા દમીશ્ક (શામ)નો ગવર્નર હતો અને અલી (અ.સ.) એને કાગળ લખીને ગવર્નરીના હોદ્દાથી હટાવવા માટે હુકુમનામુ મોકલવા માંગતા હતા કેમકે મોઆવિયા એક અપ્રમાણિક અને ભ્રષ્ટ હતો. ઇબ્ને અબ્બાસે અલી (અ.સ.)ને સલાહ આપી કે તેઓ એવુ ન કરે કારણ કે સમય સારો ન હતો આવુ પગલુ ભરવા માટે અને થોડુ રાજનિતીથી કામ લે. તે છતાં પણ અલી (અ.સ.)એ સલાહ ન માની અને મોઆવિયાહને પદભ્રષ્ટ કરવાનો કાગળ મોકલી આપ્યો હતો. અલી (અ.સ.) એટલા પણ વિનમ્ર નહી હતા કે આ બધુ ચલાવી લે. તેથી જ દુનિયાપરસ્ત લોકો આપ (અ.સ.)ને પસંદ નહોતા કરતા હતા, કેમકે આપ (અ.સ.) બધુ જ અલ્લાહની રાહમાં (અલ્લાહની રઝા માટે) કરતા હતા અને લોકની પસંદને દરકાર નહોતા કરતા અને આપ (અ.સ.)ને ખિલાફતની જરા પણ પડી નહોતી.

- **અઝીઝની પત્ની વિષયમાં:** ઇતિહાસમાં નથી મળતુ કે અઝીઝની પત્નીએ ઇસ્લામ મઝહબ કબુલ કર્યો હતો. તેણી ઇસાઇ જ રહી અને ક્યારે પણ મુસ્લીમ નહિ બની.[૪૭] અગર એવુ જ હતુ તો શું આપણે ઉમ્મીદ રાખી શકીએ છે કે ઇલાહી તરફથી નુમાઇન્દા ઇમામ (મન્સુસ મેનલ્લાહ) આવુ કરી શકે છે? હું માની લેતે કે અગર તેણી ઇસાઇયતથી ઇસ્લામ તરફ આવી ગઇ હોતે, પણ ઇતિહાસમાં સાફ રીતે જણાઇ આવે છે કે તેણી આવુ ન કરી, તેથી જ સવાલ પેદા થાય છે કે શું આ ખરેખર ઇલાહી તરફથી ઇમામ હતા?

---

૪૭ ઇસ્માઇલીયે અઝ ગુઝશતે તા હાલ, પા. ૮૬ હવાલોઃ અલ-કામીલ લેખકઃ ઇબ્ને અસીર, જીલ્દ ૯, પા. ૧૧૬

## અબુ અલી મન્સુર હકીમ બે અમ્રિલ્લાહ (વફાત ૪૧૧ હિ. / ૧૦૨૧ ઇ.સ.) (૬થા ફાતેમી ખલીફા) (૧૫મા ઇસ્માઇલી ઇમામ)

અઝીઝ બિલ્લાહની વફાત ઓક્ટોબર ૯૯૬ ઇ.સ. માં થઇ અને અબુ અલી મન્સુર હકીમ બેઅમ્રિલ્લાહ જાનશીન અને વારસદાર થયો, તે વખતે તે અગ્યાર (૧૧) વરસનો હતો. બરજવાન એનો ઉસ્તાદ (શિક્ષક) અને વાલી (સંભાળ કરનાર) હતો. હકીમને પહેલાથી જ આ બરજવાનથી નફરત અને ગુસ્સો હતો, કારણ કે બરજવાન હકીમને બહુ જ સખતીથી નિગરાની કરતો રહેતો અને બધી જ બાબતમાં રોકટોક કરતા રહેતો તે ઉપરાંત તેને પોતાનો આજ્ઞાકીત કરવા માગતો, મહેલમાં પણ તેના ઉપર નજર રાખતો હતો.[૪૮]

હિજરી ૩૯૦ / ઇ.સ. ૧૦૦૦ માં હકીમે બરજવાનને કત્લ કરાવી દીધો. હકીમે પોતાના એક રયદામ નામના હીજડા ગુલામના ભડકાવવાથી અને એની સંગતમાં રહીને બરજવાનને મારી નાખ્યો. તે પછી હકીમ ફાતેમી હુકુમત નો હકીકી હાકીમ અને માલીક બની ગયો.

### સવાલો ઉભા થાય છે અને વિચારવા જેવા છે

- બરજવાન હકીમનો ઉસ્તાદ (શિક્ષક) અને વાલી (રખેવાલ) હતો. હું સમજી શકુ છું કે હોય શકે છે બરજવાન વધુ પડતો સખત અને હદ્દથી વધીને જો હુકુમી કરતો હશે, તેથી હકીમે તેને કતલ કર્યો હોય? હું સમજી શકુ છુ કે તેનો પોતાનો એકલાનો ફેસલો હશે કે બરજવાનને મારી નાખવાનો, પણ હકીકતમાં તેનો પોતાનો એકલાનો ફેસલો નહોતો! પણ એક નપુંસક ગુલામની ઉશ્કેરણી અને કાવતરૂ કરીને પોતાના વાલી અને ઉસ્તાદ બરજવાનને કત્લ કરી નાખ્યો હતો! શું એક ઇમામ પોતાના જ એક ગુલામના કહેવાથી આમ કરી શકે છે? શું હકીમ બરજવાનથી ડરતો હતો કે

---

[૪૮] ઇસ્માઇલીઓ તેનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૧૮૬, ૧૮૭ અને ૧૮૮. નોંધઃ લખાણમાંથી ફક્ત મુદ્દો લીધો છે.

તેની ગાદી છીનવી લેશે અને હાકીમ બની જશે? શું તેથી જ એનાથી છુટકારો મેળવીને ગાદી પર બેસી ગયો? ખરેખર તો આપણને આ લોકોની જીંદગી પર વિચાર કરવો જોઇએ, કે આવા લોકો ઇલાહી તરફથી મન્સુસ થયેલા ઇમામો હતા?

હકીમ બેશુમાર ફતવાઓ અને ફેસલાઓ જારી કર્યા હતા જે અજીબો-ગરીબ અને કેટલીક વખત તે પાછા રદ્દ કરવામાં આવ્યા હતા, તે ઉપરાંત તેના બદમિજાઝ અને બદલતા રહેતા તરંગી વિચારોથી તેના કિરદારના બાબતમાં સવાલો પેદા થવા લાગ્યા કે એક અસ્થિર મગજવાલો માણસ છે.[૪૯]

## થોડુક વિચાર કરવા જેવી બાબત

- ઇલાહી તરફથી જે ઇમામો મન્સુસ થયેલા હોય છે તે લોકોમાં કોઇ પણ જાતની ખરાબી હોતી નથી અને તે લોકો તમામ ગુનાહોથી પાક હોય છે. હકીમ પોતાના બદમિજાઝ અને સમય સમય પર બદલાતા રહેતા વિચારો માટે જાણીતો હતો તે ઉપરાંત વિચલીત કિરદારવાળો હતો, શું આવો માણસ ઇમામ હોય શકે છે?

- એક સાચા ઇમામના ફેસલાઓ ન તો બદલી શકાય છે યા ખતમ કરી શકાય છે.

ડો. ઝાહીદઅલી લખે છે કે જ્યારે સૈયદના હમીદુદ્દીન મિસર પહચ્યા અને એમણે ત્યાં હકીમની હુકુમતની સિયાસત (રાજકિય કારભાર) જોયુ તો કહ્યું કે મૌલાના હકીમના કારનામાઓ અંધકારમય અને મગજને અસ્થિર કરી નાખે તેવા છે. અને જે લોકો તબ્લીગ કરે છે (ઇસ્માઇલી મઝહબ) તે લોકો માટે મોટી મુસીબતો છે, અને તેના અમલ એક બહુ મોટી પરિક્ષા છે, તેથી આપણે એના આમાલ અને કારનામાઓને ગણકારવાનુ નહિ. હકીકતમાં તો આપણે એમાં કોઇ જાતની સમજદારી કે હિકમત દેખાતી નથી. ડો. ઝાહીદઅલી આગળ લખે છે કે, ''સૈયદના હમીદુદ્દીને હકીમના સમયનો જે ચિતાર (વર્ણન)

---

[૪૯] એજ ચોપડી, પા. ૧૮૮

આપ્યો છે તે ખુબ જ ખતરનાક છે.[૫૦]

## થોડુ વિચારવા જેવુ છે

- મને આશ્ચર્ય થાય છે કે સૈયદના હમીદુદ્દીન શું જોયુ.
- જેમકે જે આમાલ શર્મજનક અને અંધકારમય હતા, તે સૈયદના હમીદુદ્દીને જોયુ અને લાચારીથી કહેવુ પડયુ હતુ કે તબ્લીગ માટે આવા આમાલ મુસીબતજનક છે.
- એક સાચા અને હકીકી ઇમામના આમાલ હરગીઝ એવા નથી હોતા કે જે શર્મજનક અને અંધકારમય હોય. શું હકીમ ઇલાહી ઇમામ તરીકે માની લેવામાં આવે ?
- હકીમના કેટલાક આમાલ (કારનામાઓ) એટલા ખરાબ શર્મજનક અને અંધકારમય હતા કે સૈયદના હમીદુદ્દીનને ફેસલો કરવો પડયો કે તેને ગણકારવા નહિ જોઇએ અને એને ખરાબ અમલ તરીકે માનવા ન જોઇએ. હકીમ માટે શું કહેવુ જોઇએ અને સૈયદના હમીદુદ્દીન માટે પણ (આપણે) શું વિચારવુ જોઇએ.
- આ બધી હકીકત એક જાણીતા બોહરા વિદ્વાન ડો. ઝાહીદઅલીની કિતાબથી નક્લ કરવામાં આવે છે.
- હકીકી અલ્લાહ તરફથી મન્સુસ થયેલા ઇમામોનુ કિરદાર એકદમ પાક-સાફ. અને ઉચ્ચતમ અખ્લાક વાળુ હોય છે, તો શું હકીમમાં આવા બધા ગુણો હતા ?

ડો. ઝાહીદઅલી જણાવે છે કે એ હકીકત છે કે હકીમ પોતાનો દરબાર રાતના ભરતો હતો અને ત્રણ વરસ સુધી આવુ ચાલતુ રહ્યું પણ ''ઓયુનુલ અખ્બાર''માં ક્યાંય પણ આનો ઝિક્ર નથી અને તમામ સાચી હકીકતો છે જે હકીમના ખરાબ કિરદારને ઉજાગર કરે છે તે ''ઓયુનુલ અખબાર''માંથી મિટાવવામાં આવ્યા છે. તે પછી ડો. ઝાહીદઅલી સવાલો કરે છે કે શા માટે ''ઓયુનુલ અખ્બાર''ના

---

૫૦ હમારે ઇસ્માઇલી મઝહબ કી હકીકત ઔર ઉસ્કા નિઝામ, પા. ૨૩૨

મોઅલ્લીફ (લેખક)એ આ બધી સાચી હકીકતોને મિટાવી દીધી હતી. ડો. ઝાહીદઅલી આગળ લખે છે કે સવાલ એ પેદા થાય છે કે જ્યારે ''ઓયુનુલ અખબાર'' એ કિતાબ મઝહબી તબ્લીગ અને પ્રચાર માટે હતી તો એમાં બેશુમાર શેરો શાયરી લખવામાં આવી છે જેને ઇતિહાસ થી કાંઇ લેવા દેવા નથી અને તે ઉપરાંત આવી બધી શાયરીઓની કોઇ હકીકત પણ નથી.[૫૧]

## કેટલીક બાબતો વિચારવા જેવી છે

- હકીમ રાત્રીના દરબાર ભરતો હતો અને તે પણ ત્રણ વરસ સુધી! એનો અર્થ એ થયો કે તે કુદરતના નિઝામથી વિરૂદ્ધ ચાલતો હતો, કેમકે રાત તો આરામ કરવા માટે છે જ્યારે કે દિવસનો સમય મેહનત કરવા માટે છે. તો શું એક સાચો અને હકીકી ઇમામ પોતાની રઇય્યત કે અનુયાયીઓને આવો હુકુમ કરી શકે છે? કે રાતના કામ કરો?
- હકીમની બાબતમાં ''ઓયુનુલ અખબાર''માં બીજી એવી કેટલી હકીકતો હતી જે તર્ક કરવામાં આવી?
- જે ઇતિહાસીક હકીકતો હતી તે ''ઓયુનુલ અખ્બાર''માં શા માટે તર્ક કરવામાં આવી?

હકીમનો સૌથી જરૂરી અને ખાસ અમલ એ હતો કે તેણે દારૂલ હિકમહ (હિકમતનુ ઘર)ની સ્થાપના કરી હતી જે કાહેરા શહેરમાં ફાતેમી મહેલના એક હિસ્સામાં તામીર કરી હતી. હકીમ ઘણી વખત દારૂલ હિકમહમાં જઇને ખુત્બા (પ્રવચનો) સાંભળતો હતો. થોડાક આલીમોને પણ પરવાનગી આપવામાં આવી હતી કે તે લોકો ત્યાં શરીઅતના ખુત્બા બયાન કરી શકે, અને તાલીમ પણ આપી શકે. ૪૦૦ હિજરી માં હકીમે જાહેરી રીતે અલગથી એક સુન્ની મદ્રેસો કાયમ કર્યો હતો તે ફુસ્ટાટ પાસે હતો અને માલેકી મઝહબના આલીમો દર્સ આપતા

---

[૫૧] હમારે ઇસ્માઇલી મઝહબ કી હકીકત ઔર ઉસકા નિઝામ, પા. ૨૩૪

હતા.[૫૨]

## થોડુ વિચારવા લાયક બાબત

- અગર હકીમ એક ઇમામ હતા અને સત્તામાં હતા, તો પછી એમણે શું જરૂરત હતી કે સુન્ની કાઝીઓ અને આલીમોને ફાતેમી મહેલ દારૂલ હિકમહમાં ખુત્બા આપવાની પરવાનગી આપી હતી? હૂં સમજી શકુ છું કે તેઓને પોતાની સુન્ની મસ્જીદોમાં ખુત્બા આપવા માટે પરવાનગી હતી. શું એવુ હોય શકે છે કે પોતાને સત્તા અને હુકુમતમાં રહેવા માટે સુન્નીઓને રાજી રાખવા માટે હતું ? શું એવુ હોય શકે છે કે ઇસ્માઇલીઓ એહલે સુન્નતની શરીઅત (મઝહબી એહકામ) ની માલુમાત હાસીલ કરી શકે? અગર એ હકીકી ઇમામ હતા તો પોતે શરીઅતના તમામ એહકામ જાણતા હોતે. શા માટે તેઓએ સુન્ની મઝહબનો એક અલગથી હૌઝે ઇલ્મીયા (સુન્ની મદ્રેસો) કામય કરી આપ્યો અને તે લોકોને એ માટે પ્રોત્સાહન કર્યા ? શું એ લોકોને રાજી અને ખુશ કરવા માટે હતું ? ઇમામ સાદિક (અ.સ.)ના ૪૦૦૦ શાગિર્દો હતા પણ ક્યારે કોઇ બીજા મસલક (ફિર્કા) વાલાને દર્સ આપવાની રજા ન આપી જોકે તેઓ પોતે સત્તામાં ન હતા.

એક બહુ લાંબી ફેહરીશ્ત છે જેમાં સેનાપતિઓ ઉચ્ચકક્ષાના હોદ્દેદારોએ અલ-હકીમના હુકુમથી જાન ગમાવી હતી, શરૂઆત બરજવાન અને ફાહદ ઇબ્ને ઇબ્રાહીમ, તે ઉપરાંત ઘણી બધી રખાતો અને બેહિસાબ કૈદીઓ માર્યા ગયા હતા. જે પાંચ વ્યક્તિઓ હતી તેમાં બધા ઉચ્ચ હોદ્દાના દાઇઓ હતા જેમકે અલ-હુસયન બિન અલી, અલ-નોમાન, એનો પિત્રાઇ ભાઇ અબ્દુલ અઝીઝ બિન મોહમ્મદ બિન અલ-નોમાન અને માલિક બિન સઇલ, બધા ત્રણે જણ મખસુસ વ્યક્તિઓ જે એક પછી એક મુખ્ય કાઝીઓના હોદ્દા પર નામઝદ થયા હતા તે બધાને

---

[૫૨] ધી ઇસ્માઇલીઓ તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૧૮૯, ખુલાસો, ફકત મુદ્દાઓની વાત કહેવામાં આવી છે

અલ-હકીમના હુકુમથી કત્લ કરવામાં આવ્યા હતા.[૫૩] હુસયન બિન અલી નોમાન અને અબ્દુલ અઝીઝ બિન મોહમ્મદ બિન અલ-નોમાન તો કાઝી અલ-નોમાન કે જેઓ સૌથી ઉચ્ચ હોદ્દો ધરાવતા હતા અને ઇસ્માઇલીઓ માં તેમણી બહુજ ઇજ્જત અને રૂત્બો હતો તેના ખાનદાનમાંથી હતા. અલ-હકીમે બધા ને મારી નખાયા.[૫૪]

## થોડુ વિચારવા લાયક

- શા માટે મુખ્ય કાઝી કત્લ થતા અને શા માટે રખાતો કત્લ થઇ? જે ઇમામો મન્સુસ મેનલ્લાહ હોય છે તેઓ તો સંપૂર્ણ ઇન્સાફ કરવા વાલા હોય છે, તો શું આ બધા ઇન્સાન શા માટે કત્લ કરવામાં આવ્યા હતા?

અલ-હકીમની ખિલાફતના જમાનામાં અનેક વખત અશાંતિના દેખાવો થયા અને ખુલી રીતે બગાવત અને બળવા થયા, અને સૌથી ગંભીર જે બળવાઓ થયા તે બે વરસ સુધી ચાલ્યા અને તેનો આગેવાન હતો અબુ રકવા વલીદ બિન હિશામ જે સ્પેનના બની ઉમય્યાના ખાનદાનથી સંબંધ રાખવાનો દાવો કરતો હતો, પણ અબુ રકવા કાહેરામાં ૩૯૭ હિ. / ૧૦૦૭ ઇ.સ. માં માર્યો ગયો. આ બગાવતના સમયમાં અલ-હકીમે પોતાની રાજનિતી પર ફરીથી વિચાર કર્યો અને ઉદારમતવાદી નિતી અપવાની ઉપરાંત ફરીથી સુન્ની વિરોધી પગલા લેવાનુ શરૂ કરી દીધુ.[૫૫]

૩૯૫ હિજરીમાં અલ-હકીમે હુકમ જારી કર્યો કે ખોલફા રાશેદીનના[૫૬] પહેલા ત્રણ ખલીફાઓ પર લાનત કરવામાં આવે અને તે પણ મસ્જીદોમાં અને બાઝારોમાં. પછી અબુ રકવાના બગાવત હિ. ૩૯૭ પછી અલ-હકીમે વળી પાછુ હુકુમ જારી કર્યો કે ત્રણ ખલીફાઓ પર લાનત બંદ કરવુ. હિજરી ૩૯૯માં અલ-હકીમે સુન્ની મુસ્લમાનોને માહે

૫૩ ધી ઇસ્માઇલીઓ તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૧૯૦

૫૪ ઇસ્માઇલીયે અઝ ગુઝશતે તા હાલ, પા. ૮૫

૫૫ ધી ઇસ્માઇલીઓ તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૧૯૦

૫૬ પેહલા ચાર ખલીફાઓ જે પયગમ્બર (સ.અ.વ.વ.) પછી થયા હતા.

રમઝાનમાં ''તરાવીહ''ની નમાઝ પઢવાથી રોકી દીધા અને તે ઉપરાંત એક સુન્ની મૌલવી જે તરાવીહ ની નમાઝ પઢાવતો હતો તેને કત્લ કરાવી દીધો. પછી ૪૦૮ હિજરીમાં પાછો સુન્ની મુસ્લમાનોને માહે રમઝાનમાં તરાવીહની નમાઝ પઢવા માટે પરવાનગી આપી દીધી.[૫૭]

## થોડુ વિચારવા લાયક

- અલ-હકીમ શા માટે શરૂઅતામાં સુન્ની સાથે સખત નિતી અપનાવી? એને તો એ લોકોના મઝહબ પ્રમાણે અમલ કરવાની છુટ આપવી જોઇતી હતી. જ્યારે સુન્નીઓએ બગાવત કરી ત્યારે પાછો ઉદારવાદી નિતી અપનાવી અને છુટ આપી તે પછી પાછો સુન્ની વિરોધી નિતી અપનાવી. પહેલા સખત થઇ ગયો અને પછી નરમ પડી ગયો. શું અલ-હકીમને પોતાની રાજગાદી ગુમાવવાની બીક લાગી હતી? શું એક સાચો હકીકી ઇમામ આવુ બધુ કરી શકે છે? આપણે આ બધુ ગંભીર રીતે વિચારવાની જરૂરત છે.

અલ-હકીમે ઇસાઇઓને ધમકી આપી કે ઇસ્લામ મઝહબ કબુલ કરે અને બધા મુસલમાન થઇ જાય, નહિતો બધાને કત્લ કરવામાં આવશે. તેણે હુકમ આપીને ઘણા બધા જાણીતા દેવળો (ખ્રિસ્તી ચર્ચ) ને તબાહ કર્યા હતા.[૫૮]

## થોડુ વિચારવા લાયક

- ઇસ્લામ ધર્મનો ઉસુલ અને ઉપદેશ છે કે મઝહબમાં કોઇ પણ પ્રકારનો જબ્ર કે જોર નથી, જેમકે કુરઆનમાં આયાત છે ''લા ઇકરાહ ફિદ્દીન''.

ઇસ્લામ એની પણ ઇજાઝત નથી આપતો કે દેવળોને બિસ્માર અને તબાહ કરવામાં આવે. તો શા માટે અલ-હકીમે આવો હુકુમ જારી કર્યો હતો. શું હકીકી ઇમામો આવી રીતે અમલ કરી શકે છે?

---

[૫૭] ઇસ્માઇલીયે અઝ ગુઝશતે તા હાલ, પા. ૮૫. હવાલોઃ અલ-કામિલ, ઇબ્ને અલ-અસીર, જી. ૯, પા. ૩૧૬

[૫૮] ઇસ્માઇલીયે અઝ ગુઝશતે તા હાલ, પા. ૮૫. ફાતેમીદ ડાયનેસ્ટી, લેઃ અબ્બાસ હમદાની, પા. ૧૯૦

અલ-હકીમ હિજરી ૩૯૮ માં હુકુમ જારી કર્યો કે તેની સલતનતમાં દેવળો છે તેને બરબાદ કરી નાખવામાં આવે અને તે ઉપરાંત ઇસાઇઓ અને યહૂદીઓને ઇસ્લામ મઝહબ કબુલ કરવા માટે મજબુર કર્યો, અગર જે લોકો કબુલ ન કરે તો તે લોકોએ તેના દેશમાંથી હિજરત કરીને રોમ ચાલ્યા જાય. ઘણા લોકો હિજરત કરી ગયા અને ઘણા ઇસ્લામ મઝહબ કબુલ તો કર્યો પણ દિલ અને દિમાગથી નહિ પણ મુસીબતથી બચવા માટે. અલ-હકીમ વળી પાછો પોતાનો વિચાર બદલ્યો હિજરી ૪૦૪માં કે ઇસાઇઓ પોતાનો ઇસાઇ મઝહબ પાળી શકે છે, તેથી જે લોકો જબરન મુસલમાન થઇ ગયા હતા તે બધા પાછા ઇસાઇ ધર્મ પર આવી ગયા.[૫૯]

## થોડુક વિચારવા લાયક

- શું એક હકીકી ઇમામ આવા બધા જાલીમ અમલ કરી શકે છે ? ઇસ્લામી ઉસુલ પ્રમાણે મઝહબમાં જબ્ર નથી, તો એક હકીકી ઇમામ ગૈર-મુસ્લીમોને જબ્ર કરી શકે છે ?

અલ-હકીમના દૌરે હુકુમતમાં જે સૌથી નુમાયા નિતી હતી તે મઝહબી જુલ્મ જે ઇસાઇઓ અને યહુદીઓ પ્રત્યે હતો તે જબ્રન ધર્મ પલ્ટો કરવાને મજબુર કર્યા. હિજરી ૩૯૫ / ૧૦૦૪ ઇ.સ.માં અલ-હકીમ ની ઝિમ્મી[૬૦] વિરોધી નિતીઓ જાહેરી રીતે રૂપ ધારણ કર્યુ. એમાં શક નથી કે ખલીફાએ મિસરના મુસલમાનોમાં પોતાની શાન-શોહરત વધી જાય તે માટે, કારણ કે અલ-અઝીઝના જમાનામાં ઝિમ્મીઓ (ઇસાઇઓ અને યહુદીઓ) પ્રત્યે જે સહાનુભુતી હતી તે માટે મિસરના લોકો બહુ જ નારાઝ હતા. તે ઉપરાંત, ઇસાઇ વિરોધી સખત પગલા લીધા ખાસ કરીને ‘‘મેલ્કાઇટીસ’’ ઇસાઇઓ વિરૂદ્ધ, જે તેની ઇચ્છા હોય શકે છે કે એમ કરવાથી ‘‘કોપ્ટીક’’ ઇસાઇઓ રાજી થઇ જાય કારણ કે મિસરમાં ‘‘કોપ્ટીક’’ ઇસાઇઓ બહુમતીમાં હતા. કોઇ પણ પ્રસંગે અલહકીમ

---

૫૯ સૂરહ બકરહ, આયત નં. ૨૫૬

૬૦ જે ગૈર-મુસ્લીમો ઇસ્લામી હુકુમતમાં રહે તેઓ માટે ઝકાત (જઝીયા) આપે, તે પછી તેઓ માટે જંગ, જેહાદમાં શિરકત કરવાની જરૂરત નથી તે ઉપરાંત તેઓ માટે જાન-માલ માટે આસરક્ષણ જરૂરી છે.

ઇસાઇઓ અને યહુદીઓ પર અનેક પ્રકારના બંદીશ લાગુ કરી દેતો અને તેને મજબુરન ઇસ્લામી કાનુન પાળવા પડતા હતા. ઘણા બધા દેવળો અને મોનેસ્ટ્રી (પાદરીઓની રહેવાની જગ્યા) બરબાદ કર્યા અને કેટલાકે દેવળોને મસ્જીદોમાં ફેરવી નાખ્યા, તે ઉપરાંત તેમના દેવળોની મિલ્કતો અને મહેસુલ વગેરેને જપ્ત કરી લીધા. ફકત માઉન્ટ સિનાઇ પર જે મોનેસ્ટ્રી હતી તેને બાકાત રાખવામાં આવી. ઇ.સ. ૧૦૦૯/હિજરી ૪૦૦ માં અલ-હકીમે હોલી સેપુલ્કર ચર્ચ જે જેરૂસલેમમાં હતો તેને બરબાદ કરવાનો હુકમ કર્યો, એના આવા અમલથી આખી દુનિયાના ઇસાઇઓમાં ભારે ક્ષોભ અને ગુસ્સો વ્યાપી ગયો અને તે પછી ફાતેમી - બાયઝનટાઇન (શાંતિ) કરાર હતો તે ખતમ કરવામાં આવ્યો. હિજરી ૪૦૪/ઇ.સ. ૧૦૧૩ અલ-હકીમે ઇસાઇઓ અને યહુદીઓને રજા આપી કે તેઓ પાછા પોતાના ધર્મ મઝહબ તરફ જઇ શકે છે કે જેઓને મજબુર થઇને મુસલમાન બનવુ પડયુ હતુ. તે જેઓને દેશ છોડીને બાયઝનટાઇન જવુ પડયું હતુ. તે પછી અલ-હકીમે કેટલાક દેવળો પાછા ઉભા કર્યા હતા અને તે પછી ઘણો નરમ પડી ગયો અને ઇસાઇઓની બધી ધાર્મિક વિધીઓને દરગુજર કરવા લાગ્યો હતો. તે છતાં પણ એ દરમ્યાનમાં અલ-હકીમે સુન્ની વિરોધી પોતાની સખત નિતી ચાલુ રાખી હતી, કેટલીક વખત સખતી વધારી દેતો તો ક્યારેક એકદમ ઓછી કરી નાખતો તો ક્યારેક થોડા સમય માટે રોકી દેતો હતો. જેમકે એનો હુકમ હતો કે અબુ બકરને હલકો પાડવામાં આવે, તે ઉપરાંત તેના બન્ને જાનશીનો અને કેટલાક સહાબીઓ પ્રત્યે નફરત જાહેર કરવામાં આવે તે હિજરી ૩૯૫ માં, તે ઉપરાંત બધી મસ્જીદોની દિવાલો પર પણ લઅન-તઅન કરવા માટે લખાણો કરાવ્યા હતા, અને બે વરસ પછી દિવાલો પર લખાણો હટાવી દેવામાં આવ્યા અને વળી પાછા હિજરી ૪૦૩ / ૧૦૧૩ ઇ.સ. શરૂ કરી દેવામાં આવ્યુ હતુ.[૬૧]

## થોડુ વિચારવા લાયક

- શરીઅતે ઇસ્લામનો હુકુમ છે કે કોઇ પણ જાતનો મઝહબમાં જબ્ર

[૬૧] ધી ઇસ્માઇલીઓ તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૧૮૯. ફકત ફકરામાંથી મફહુમ (સમજણ) આપ્યું છે, આખો ફકરો નથી.

અને તશદ્દુદ નથી. અલ-હકીમે શા માટે ઇસાઇઓ અને યહુદીઓને જબ્રન ધર્મ પલટો કરાવ્યો અને મુસ્લમાન બનાવ્યા? કોઇ એક વ્યક્તિ જે ઇમામ હોય તે આવી રીતે અમલ કરી શકે છે? હકીકી - ઇલીહીયા ઇમામો કિરદાર અને ગુફતારમાં એકદમ નેક અને આદીલ હોવા જોઇએ. એક ઇમામ શાંત અખ્લાક વાળા હોવા જોઇએ અને નહિં કે એમાં ગાંડપણ હોવુ જોઇએ. ઉપરની બધી બાબતો અને વાતોથી તો સાફ જાહેર થાય છે કે અલ-હકીમ એક ન-સમજાય તેવી વ્યક્તિ હતો જેના મગજનો કોઇ ઠિકાણુ નહિ કે ક્યારે તે શું કરી બેસે તેની કોઇ સીમા નહિ.

અલ-હકીમે સાદગીભરી જીંદગી જીવવા માટે એકદમથી વિચાર કરી નાખ્યો અને સાદગી અને ફકીરી ના લિબાસમાં જીવન વિતાવવા લાગ્યો હતો. હિજરી ૪૦૩/૧૦૧૨-૧૦૧૩ ઇ.સ. અલ-હકીમે પોતાની રૈયતને હુકમ કર્યો કે તેને સજદો ન કરે; અને પોતે સાદા લિબાસમાં ખચ્ચર (ગધેડા) પર બેસીને ફરવા લાગ્યો.[૬૨]

## થોડુ વિચારવા લાયક

- આ હુકુમનો મતલબ તો ફકત એજ થાય છે કે ૧૫ વરસથી એ લોકોને પોતાનો સજદો કરાવતો રહ્યો કેમકે તે ૯૯૬ ઇ.સ. થી ખલીફા હતા, શું આનો મતલબ એ થયો કે ફાતેમી ઇમામો (હાકીમો) જે અલ-હકીમ પહેલા થઇ ગયા હતા તે પોતાની રૈયતને પોતાનો સજદો કરાવતા હતા? ઇસ્માઇલી ઇતિહાસ તો બતાવે છે કે ઇ.સ. ૧૦૧૨-૧૦૧૩ માં અલ-હકીમે પોતાની રૈયતને પોતાનો સજદો કરવાથી રોકી દીધા હતા. શું આપણે વિચારી પણ શકીએ છે કે હકીકી ઇમામો જે અલ્લાહ તરફથી નુમાએન્દા હોય તે પોતાના અનુયાયીઓને પોતાનો સજદો કરાવે? આ બાબતમાં આપણને બહુ જ ગંભીર થઇને વિચારવું જોઇએ કે શું ખરેખર આપણે હક્ક અને સાચા ઇમામોને અનુસરી રહ્યા છે?

---

૬૨ એજ ચોપડી, પા. ૧૯૫

- તે ઉપરાંત, ઇતિહાસ બતાવે છે કે અલ-હકીમ એકદમથી ગંભીર રીતે સાદગી જીવણ વિતાવવા લાગ્યો હતો! આનો મતલબ તો એજ થયો કે તે પહેલા ખુબ જ એશો-આરામ અને ઇસ્રાફમાં ખર્ચ કરતો હતો અને ખુબ મોજ-મજાહમાં જીંદગી વિતાવતો હતો, અને તે પછી ૧૫ વરસ હુકુમત કર્યા પછી સુફી-સન્યાસી જીંદગીમાં પડી ગયો. અગર અલ-હકીમ એક સામાન્ય હાકીમ કે બાદશાહ હતો તો હું સમજી શકતો, પણ એ તો એક ઇસ્માઇલી ઇમામ હતો.
- અલ-હકીમ જ્યારે ૧૧ વરસનો હતો ત્યારે ઇસ્માઇલીઓ એ તેને ઇમામ તરીકે કબુલ કર્યો હતો, જ્યારે કે તે ખરેખર તો બાલીગ પણ નહોતો થયો અને ઇસ્માઇલીઓએ તેને ઇમામે હક્ક તરીકે તસ્લીમ કર્યો, અને પાછા તેઓ ઇસ્નાઅશરીઓના ૯ મા ઇમામ મોહમ્મદ જવાદ (અ.સ.) પર એઅતેરાઝ કરે છે કે તેઓ કેવી રીતે ઇમામ થઇ ગયા જ્યારે કે તેઓ ૯ વરસના હતા.

## અલ-હકીમનુ મરણ અને અબુલ હસન અલી અલ-ઝહીર લે ઇઝ્ઝિદીન અલ્લાહ ની ચડતી (રાજગાદીએ બેસવુ) (વફાત ૪૨૭ હિજરી / ૧૦૩૬ ઇ.સ.) (૭માં ફાતેમી ખલીફા) (૧૭માં ઇસ્માઇલી ઇમામ)

હિજરી ૪૦૪ / ૧૦૧૩ ઇ.સ. માં અલ-હકીમે એક સંપૂર્ણ કે અપવાદરૂપ ફેસલો કર્યો કે અબ્દુલ રહમાન બિન ઇલ્યાસ બિન અહમદ કે જે ઓબૈદુલ્લાહ અલ-મેહદી નો પરપોતો હતો તેને વલીઅહદ[૬૩] જાહેર કર્યો અને પોતાના જ દિકરા અલી ને બાકાત કરી નાખ્યો, અને તે પછી રાજ્યના બધા કામકાજને પોતાના પ્રતિનિધી તરીકે ફેસલાઓ લેવરાવતો હતો જે આગળ જતા દમાસ્કસ (શામ)નો ગવર્નર બન્યો[૬૪] અલ-હકીમના મરણ પછી એક સાચી રિવાયત પ્રમાણે તો તેની પ્રપંચી

---

૬૩ વારસદાર, વલી અહદ

૬૪ ધી ઇસ્માઇલીઓ તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૧૯૫.

(કાવતરાખોર) બહેન સિત્તા અલ-મુલ્કના કાવતરાથી તેનુ કરપીણ રીતે કત્લ કરવામાં આવ્યુ હતુ કારણ કે તેણીની જાનને અલ-હકીમથી ખતરો હતો. આ ચાલાક સિત્તા અલ-મુલ્ક પોતે[૬૫] રાજ્યમાં રાજયરક્ષક બની. આ પછી તો કહેવુ પડશે કે ફાતેમી હુકુમત હમેશા બચ્ચાઓ કે જુવાનીઆઓ હાથમાં ગઇ, જ્યારે ખરી હુકુમત તો રાજ્યરક્ષકો, વઝીરો, અને લશ્કરના સરદારો કરતા રહ્યા જે લાંબા સમય સુધી ચાલ્યુ હતુ.[૬૬]

## ઘણા બધા સવાલો ઉભા થાય છે જે વિચારવા જેવા છે

- સિત્તા અલ-મુલ્કને કોણે અધિકાર આપ્યો કે તે અલ-ઝહીરને ઇમામ તરીકે જાહેર કરે? અલ-હકીમે તો પોતાના વારસદાર અને જાનશીન તરીકે અબ્દુર રહમાનને જાહેર કર્યો હતો જે ઇતિહાસમાં મૌજુદ છે, છતાં કે અબ્દુર રહમાન તેનો દિકરો કે ફરઝન્દ નહોતો! પણ તેના મરણ પછી અલ-ઝહીરને રાજગાદી પર બેસાડવામાં આવ્યો! અગર અલ-હકીમ જે ફાતેમી ઇમામ હતો, તે ચાહતો હતો કે અબ્દુર રહમાન તેના મરણ પછી ગાદીવારસ બને, તો શા માટે અલ-ઝહીરને ગાદી પર બેસાડવામાં આવ્યો અને ઇમામ તરીકે કબુલ કરવામાં આવ્યો હતો? ઇસ્માઇલીઓ અલ-ઝહીરને ઇમામ તરીકે માને છે, છતાં કે તેમનો ઇમામ અલ-હકીમે અબ્દુર રહમાનને જાનશીન અને વારસદાર નિમ્યો હતો! તો શા માટે? ખરેખર તો ઇસ્માઇલીઓ એ પોતાના ઇમામની વાત માનવી જોઇએ. (એટલે કે અલ-હકીમની વસિયત પર અમલ કરવુ જોઇએ.)
- ઇતિહાસ તો એમ બતાવે છે કે અલ-હકીમે તમામ અધિકાર અને કારભાર રાજ્યના અબ્દુર રહમાનને સોંપ્યા હતા, ભલે થોડા સમય માટે, પણ અબ્દુર રહમાન હુકુમતની કાર્યવાહી બેઠકોમાં

---

૬૫ ધી ઇસ્માઇલીઓ તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૨૦૦, ઝાહીદ અલી તારીખ, જી. ૧, પા. ૨૬૨-૨૭૨. આખા બયાનનુ ફકત મહકુમ છે.

૬૬ ધી ઇસ્માઇલીઓ તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૨૦૦

હાજરી આપતો હતા. આનો મતલબ તો એજ થયો કે આ વાત ખાનગી નહોતી પણ જાહેર હતી. તો પછી સવાલ એ થાય છે કે શા માટે અલ-ઝહીરને ઇમામ માની લીધો? આ તો બધુ ખોટુ અને ગલત છે.

- તમામ ફાતેમી ઇમામ ખલીફાઓ, અલ-ઝહીર થી શરૂઆત થઇ તે નાના બચ્ચાઓ હતા અથવા જુવાનિયાઓ હતા. જો કે તમામતર હુકુમત, તાકત અને કારભાર તો રાજ્યરક્ષકો, વઝીરો અને લશ્કરના સરદારો પાસે હતા. શા માટે? એક ઇલાહી નુમાએન્દા ઇમામને તમામ કારોબાર અને રાજ્યના તમામ મસલાઓ હલ્લ કરવાની આવડત હોવી જોઇએ, અગર જો એ હકીકતમાં અલ્લાહ તરફથી ઇમામ હોય, પછી ભલે તે નાની ઉમરના હોય! આપણને એ બાબતમાં બહુ જ ગંભીર રીતે ગૌરો-ફિકર કરવુ જોઇએ. શું હકીકતમાં ઇસ્માઇલીઓ હક્ક ઇમામોને માનતા હતા? શું હકીકી ઇમામની પયરવી કરતા હતા?
- તે ઉપરાંત અલ-હકીમે શા માટે અબ્દુર રહમાનને પોતાના જાનશીન તરીકે ચુંટી લીધો? જ્યારે કે તે એનો દિકરો નહોતો, ખરેખર તો એણે પોતાના જ દિકારને ગાદી-વારસ બનાવવો જોઇતો હતો?

સિત્તા અલ-મુલ્ક, જેના ઘણા બધા નામો રિવાયત પ્રમાણે ઇતિહાસમાં અને અનેક કિતાબોમાં મળે છે તે ત્રણ વરસ બહુ જ સારી રીતે રાજ કરી હતી કે છેલ્લે ૪૧૫ હિ. / ૧૦૨૪ ઇ.સ. માં ગુજરી ગઇ ત્યાર સુધી સત્તામાં હતી.[૬૭]

## થોડુ વિચારવા લાયક

- શા માટે સિત્તા અલ-મુલ્કે રાજ્યસત્તા સંભાળી હતી? શું અલ-ઝહીર જે ઇમામ હતો તે હાકીમ તરીકે લાયક નહોતો? એજ ઇમામ હુકુમત માટે લાયક હોવો જોઇએ, જ્યારે કે તે ૧૬ વરસનો હતો.

---

૬૭ એજ ચોપડી, પા. ૨૦૧

સિત્તા અલ-મુલ્કની રાજ્યરક્ષિકા તરીકે હુકુમત હાથમાં લીધી ત્યારે અબ્દુર રહમાન, જે અલ-હકીમનો વારસદાર તરીકે હતો તેણે શામ (દમાસ્કસ) માં બળવો કર્યો, તેણે પકડીને મિસર લાવવામાં આવ્યો અને કૈદખાનામાં નાખી દીધો તે પછી તેને કત્લ કરવામાં આવ્યો, આ બધુ સિત્તા અલ-મુલ્કની હયાતીમાં વાક્યો થયો અને તે પછી સિત્તા અલ-મુલ્ક પણ મરી ગઇ.[૬૮]

### થોડુ વિચારવા લાયક

- અબ્દુર રહમાન, જે અલ-હકીમનો જાનશીન અને વારસદાર હતો તેને કત્લ કરવામાં આવ્યો, જે ખરી રીતે અલ-હકીમ પછી ઇમામ હતો કે જેને ફાતેમી ઇમામ અલ-હકીમે તેને પોતાનો વારસદાર તરીકે ઇમામ બનાવ્યો હતો ! તો પછી શુ થયુ કે ઇસ્માઇલીઓએ અબ્દુર રહમાનને ઇમામ તરીકે ન માન્યો ? અને શા માટે એ લોકોએ હાકીમ અને ઇમામ તરીકે અલ-ઝહીરને માની લીધો ?

## અબુ તમીમ માઅદ અલ-મુસ્તનસીર બિલ્લાહ (વફાત: ૪૮૭ હિજરી / ૧૦૯૪ ઇ.સ.)[૬૯] (૮મો ફાતેમી ખરીફા) (૧૮મો ઇસ્માઇલી ઇમામ)

અલ-ઝાહીર જ્યારે ત્રીસ વરસનો થયો ત્યારે પ્લેગ મહામારીની બિમારીથી મરી ગયો, શાબન મહિનો ૪૨૭ હિજરી / જુન ૧૦૩૬ ઇ.સ., તે ફકત પંદર વરસ હુકુમત કરી શકયો. અલ-ઝહીર પછી તેનો દિકરો વારસદાર બન્યો જે ફક્ત સાત વરસનો હતો, તેનુ નામ અબુ તમીમ માઅદ, જે આગળ જતા મુસ્તનસીર બિલ્લાહ નો ખિતાબ ધારણ

---

૬૮ ધી ઇસ્માઇલીઓ તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૨૦૧

૬૯ અલ-મુસ્તનસીરની મૌત પછી ઇસ્માઇલીઓમાં આપસમાં ફાટફુટ પડી ગઇ, ઘણા માનતા કે અલ-મુસ્તાલી સાચા હકદાર જાનશીન હતા, જ્યારે કે બીજા લોકો માનતા કે નિઝાર હીકકી જાનશીન હતા. જે લોકો નિઝારને માનવા લાગ્યા તેઓ આજના આગાખાનીઓ છે. (ધી ઇસ્માઇલીઓ તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૫૫૨)

કર્યો. એ જ્યારે ફક્ત આઠ (૮) મહિનાનો હતો ત્યારે તેને ગાદી-વારસ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો, ઇ.સ. ૧૦૩૦ / હિજરી ૪૨૧ મા.[૭૦]

અલ-મુસ્તનસીરની ખિલાફત લગભગ ૬૦ વરસ એટલે હિજરી તારીખ પ્રમાણે ૪૨૭ થી ૪૮૭ / ઇ.સ. ૧૦૩૬થી ૧૦૯૪) એટલે એના વંશાવળીમાં સૌથી લાંબી હુકુમત રહી. હુકુમતની શરૂઆતમાં પહેલા નવ (૯) વરસ બધી સત્તા અલ-જરજરાઇના હાથોમાં હતી, પુરી વઝારત તેના કબ્જામાં હતી, જ્યારે કે તે દરમિયાન મુસ્તનસીરની મા જે એક સુદાની અરબ હતી તે પર્દા પાછળ રહીને છૂપુ કાવતરૂ કરીને પોતાની સત્તા ચલાવતી હતી. હિજરી ૪૩૬ / ૧૦૪૪ ઇ.સ. માં અલ-જરજરાઇના મરણ પછી, તમામ સત્તાઓ રાણીમાતા (અલ-મુસ્તનસીર ની માઁ)ના હાથમાં આવી ગઇ હતી જે લાંબા સમય હુકુમત કરી અને બહુ જ નજદીકનો રિશ્તો અબુ સાઅદ અલ-તુસ્તરી સાથે રાખ્યો કે જે એક યહુદી વેપારી હતો કે જે તેણીને મિસર લાવ્યો હતો, અને તેના કહેવાથી જ અને તેના અસરમાં રહીને એક ધર્મપલ્ટો કરેલો યહુદી જેનુ નામ સદકા બિન યુસુફને પુરી વિઝારત (વઝીર) સોંપી દીધી હતી.[૭૧]

## થોડુ વિચારવા જેવુ

- એક હકીકી ઇમામને જરૂરત નથી રહેતી કે તે કોઇ રાજ્યરક્ષકને રાખે. સવાલ એ છે કે અલ-મુસ્તનસીરના પહેલા નવ વરસમાં હુકુમતમાં એની કોઇ દખલ કે જવાબદારી નહોતી? શું આપણે વિચારી શકીએ છે કે જે હકીકી ઇમામ હોય તે આવુ પણ કરી શકે છે?

---

૭૦ ધી ઇસ્માઇલીઓ તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૨૦૨, મુસ્તનસીરના શાસનકાળ દરમ્યાન, જુઓ અલ-કામીલ લેખકઃ ઇબ્ને અલ-અસીર, જી. ૯, પા. ૧૫૪-૧૫૫ અને તારીખ, લેખકઃ ડો. ઝાહીદ અલી, જી. ૧, પા. ૨૭૩ થી ૩૨૩ સુધી

૭૧ ધી ઇસ્માઇલીઓ તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૨૦૨. નોંધઃ ફક્ત ટુંક એહવાલ આપ્યો છે.

અલ-હકીમના જમાનાથી શરૂ કરતા આપણે જોઇએ છે કે તેઓ બધા નાબાલીગ છોકરાઓ હતા જ્યારે તેઓ રાજગાદીના વારસદાર થયા પણ હકીકતમાં હુકુમતની તમામ સત્તાઓ અને કારભાર રાજ્યરક્ષકો કે વઝીરોના હાથમાં હતી. જ્યારે હિજરી ૪૬૬ / ઇ.સ. ૧૦૭૪માં બદ્ર અલ-જમાલી (બદ્રુલ જમાલી) મિસરમાં આવ્યો અને એ એક તાકતવર વઝીર બની ગયો અને ખલીફા ઇમામની તમામ સત્તાઓ પોતાના હાથમાં લઇને તેઓને સખત રીતે નમાવી દીધા, ફાતેમી ખલીફા ફકત નામ ખાતર રહી ગયા અને તેમણે કઠપૂતળી બનાવી દીધા અને બધી હુકુમત વઝીરોના હાથમાં ગઇ અને તેઓ બધા ફાતેમી સલતનતના આકાઓ બની ગયા.[૭૨]

## થોડુ વિચારવા લાયક

- એક હકીકી ઇમામ કેવી રીતે વઝીરના કઠપુતળી બની જાય? એક ઇમામ તો અલ્લાહનો બંદો હોય છે જે અલ્લાહના હુકમના તાબે હોય છે તે સિવાય તે કોઇની પણ આજ્ઞામાં રહેતો નથી.

બદ્ર અલ-જમાલી પછી આગળ જતા ફાતેમી વઝીર તમામતર બધી જ સત્તાઓ સર્વાધિકાર (સર્વોચ્ચ રાજવી) પાસેથી લઇ લીધી પોતાને વઝીર અલ-તવફીદ અથવા પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરેલા હાકીમ જાહેર કરતા. આ પ્રકારના વઝીર આઝાદીથી હુકુમત કરતા હતા, જે ખાસ કરીને લશ્કરી દરજ્જો રાખતા હતા અને તેઓ ''કલમ અને તલવારના વઝીર'' કહેવાતા અથવા તલવારના વઝીર (વઝીર અલ-સયફ). એ ફકત લશ્કરનો અમીર (અમીર અલ-જોયુશ) નહિ બલ્કે સામાજિક અને નાગરીક કારભારમાં પણ હાકીમ તે ઉપરાંત મઝહબી કાયદાકાનુનમાં પણ સર્વોપરી રીતે વર્તતા હતા. ફાતેમી વિઝારતની એક વિલક્ષણ અને અજીબ વાત એ હતી કે તેના હોદ્દેદારો થોડા થોડા સમયમાં બદલાતા રહેતા, કેમકે ઘણા બધા મંત્રીઓ ખ્રિસ્તીઓ હતા, જે સ્વતંત્ર અને સર્વોચ્ચ અધિકાર રાખતા હતા અને પોતાને આખી દુનિયામાં મુસ્લીમોના સાચા નેતા અને માર્ગદર્શક કહેરાવતા હતા. આ પછી

---

[૭૨] ધી ઇસ્માઇલીઓ તેઓનો ઇતિહાસ અને ઉસુલો, પા. ૨૨૨ અને ૨૨૩

આગળ જતા ફાતેમી હુકુમતમાં ઉચ્ચ હોદ્દેદારો ખ્રિસ્તીઓના એક ફિર્કા આરમોનિઅન ઇસાઇઓના હાથમાં આવી ગયો જેનો અમીર અને સરદાર જનરલ બેહરામ (વ. ૫૩૫ હિ. / ૧૧૪૦ ઇ.સ.) હતો, જે ''તલવારનો વઝીર'' હતો (હિ. ૫૨૯-૫૩૧ / ઇ.સ. ૧૧૩૫-૧૧૩૭) અને તેને લકબ મળ્યો સૈફુલ ઇસ્લામ (સૈફુલ્લાહ).[૭૩]

## થોડુ વિચારવા લાયક

- એક ગૈર મુસ્લીમ કેવી રીતે મઝહબી હાકીમ બની શકે ? (એટલે કે ઇસ્લામી મુફ્તી)
- ઇમાનદારીથી કહીએ તો આ બધા ઇમામો હકીકી ઇમામ હતા કે ફકત હુકુમત હાસીલ કરવા માટે ઇમામ હતા ?
- કેવી રીતે એ ખ્રિસ્તી આરમેનિઅન સરદારને સૈફુલ ઇસ્લામ નો ટાઇટલ કે રૂત્બો આપવામાં આવે ?

અલ-મુસ્તનસીરના વફાત પછી ફાતેમી હુકુમતનો એક ઉત્કૃષ્ટ (સર્વોચ્ચ) સમયનો અંત આવી ગયો અને અલ-મુસ્તનસીરના મરણ પછી જબરદસ્ત તકરાર ઉભી થઇ ગઇ જે એના વારસદારની બાબતમાં હતો. વારસગાદી માટે અલ-મુસ્તનસીરના દિકરાઓ નિઝાર અને અલ-મુસ્તાલી વચ્ચે તકરાર ઉભી થઇ ગઇ જેના કારણે ફાતેમી-ઇસ્માઇલીઓમાં બે ફિર્કા પડી ગયા જે આપસમાં એક બીજાના કટ્ટર વિરોધી બની ગયા જેમકે મુસ્તાલીયા અને નિઝારીયા, જે આગળ જતા ભવિષ્યના માટે એક બીજાથી અલગ પડી ગયા અને ઇસ્માઇલી તબ્લીગ માટે મુશ્કેલીઓ ઉભી કરી દીધી.[૭૪]

ફાતેમી ખલીફા અલ-મુસ્તનસીર બિલ્લાહની વફાત (હિજરી ૪૮૭ / ૧૦૯૪ ઇ.સ.) પછી મોટો દિકરો નિઝાર અને નાનો દિકરો મુસ્તાલી વચ્ચે લડાઇ થઇ જેમાં નિઝાર હારી ગયો અને કૈદ થયો, પણ તેનો

---

૭૩ એજ ચોપડી, પા. ૨૨૨ અને ૨૨૩. હવાલો લેખકઃ કનારડ, ''નોટસ સર લેસ આરમેનિઅન્સ એન ઇજીપ્ત એલ ઇપોક ફાતેમાઇટ, એ.આઇ.ઇ.ઓ., ૧૩ (૧૯૫૫) પા. ૧૪૩ થી ૧૫૭, થોડુક ટુકો એહવાલ આપ્યો છે.

૭૪ એજ ચોપડી, પા. ૨૨૨

દિકરો છટકી ગયા અને જાન બચાવીને ભાગી ગયો. એક ગરોહ એક જમાત એને ઇમામ માનવા લાગ્યા અને ઇમામત નિઝારીયોની આજ સુધી કાયમ છે જે એમના હાજર ઇમામ આગાખાન ચોથા છે.

જે શબ્દ ઇસ્માઇલી છે તે નિઝારી જમાત માટે છે કે જેઓ આગાખાનના માનવાવાળા અને અનુયાયીઓ છે અને ઇસ્માઇલીઓમાં સૌથી મોટો વર્ગ છે.

આ આગાખાનીઓ કે નિઝારીયો ઇમામ અલી (અ.સ.) ને પહેલા ઇમામ અને ઇમામ હુસૈન (અ.સ.) ને બીજા ઇમામ માને છે અને તેઓ ઇમામ હસન (અ.સ.) ને ઇમામ તરીકે માનતા નથી.

અલ-મુસ્તાલી, અલ–મુસ્તનસીરનો નાનો દિકરો હતો, તે નિઝારને લડાઇમાં હરાવીને વારસદાર બની ગયો. આ મુસ્તાલીના માનવાવાળાઓ તૈયબી નામથી પણ જાણવામાં આવે છે જે એમણા ૨૧માં ઇમામનુ નામ ઇમામ અલ-તૈય્યબ, કે જે ગયબતમાં ગયા. આ તૈય્યબીઓ આગળ જતા અનેક ટુકડીઓમાં વ્હેંચાય ગયા જેમકે દાઉદી બોહરા, સૂલેમાની બોહરા, અલવી બોહરા અને હેબ્તીયા બોહરા વગેરે વગેરે.

આ તમામ બોહરાઓ ઇમામ અલી (અ.સ.) ને હઝરત પય્ગામબર (સ.અ.વ.વ.) ના વસી માને છે અને ઇમામ નથી માનતા અને પહેલા ઇમામ ઇમામ હસન (અ.સ.) ને માને છે.

ઇસ્માઇલી તૈય્યબી ફિર્કા (બોહરા મઝહબ)ની માન્યતા છે અને અકીદો છે કે અલ-તૈય્યબ ગયબતમાં ચાલી ગયા. જો કે તે છતાં એક પણ હદીસ હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.) થી કે કોઇ પણ હકીકી ઇમામ (અ..)થી અલ-તૈય્યબ માટે મળતી નથી. જ્યારે કે બે-હિસાબ હદીસો અલ-મહેદી (અ.સ.) જે ૧૨માં ઇમામ છે તેમણાં માટે મળે છે કે તેઓ ગયબતમાં છે, શીયાઓની કિતાબો તે ઉપરાંત એહલે-સુન્નતની કિતાબોમાં મૌજુદ છે.

# ઇમામે હક્કની પૈયરવી

## સહી સિલસિલાને માનવાની અને ઇતાઅત જરૂરી છે.

સૌથી પહેલા, અમે બધા અલ્લાહ (સ.વ.ત.) ના બંદાઓ છી. અમે મુસ્લીમ તરીકે અલ્લાહની ઇતાઅત અને તસ્લીમ કરીએ છે, કેમકે અલ્લાહ અમારો માલીક અને મૌલા છે. મુસ્લીમ તરીકે અમારો અકીદો અને ઇમાન છે, અલ્લાહ તરફથી તમામ અંબિયાઓ અને નાઝીલ કરેલી કિતાબો પર મુસ્લીમ તરીકે અમારૂ ઇમાન છે. અગર કોઇ અમુક અંબિયાઓ પર અકીદો રાખે તો પછી તે મુસ્લીમ નથી. દાખલા તરીકે કોઇ યુસુફ (અ.સ.) અને નુહ (અ.સ.) પર ઇમાન ન રાખે અને ઇન્કાર કરે તો પછી તે મુસ્લીમ નથી. બીજા શબ્દોમાં કહીએ તો આપણને તમામ અબિયાઓ પર ઇમાન રાખવુ જોઇએ તો જ આપણે મુસ્લીમ છીએ, પછી ભલે આપણે તમામ અબંયિાઓના નામ ન જાણતા હોઇએ. કુરઆને મજીદમાં ફકત થોડા જ અંબિયાઓના નામ છે.

કુરઆને મજીદમાં ફક્ત થોડા જ પયગમ્બરો માટે ઝિક્ર મળે છે.

કુરઆને મજીદમાં સુરહ ગાફીર (નં. ૪૦): આયત નં. ૭૮માં સાફ બયાન થયુ છે:

وَلَقَدْ اَرْسَلْنَا رُسُلًا مِّنْ قَبْلِكَ مِنْهُمْ مَّنْ قَصَصْنَا
عَلَيْكَ وَمِنْهُمْ مَّنْ لَّمْ نَقْصُصْ عَلَيْكَ

**અને ખરેજ અમોએ તારી પૂર્વે ઘણાય રસૂલો મોકલ્યા હતા, તેઓ માંહેના કેટલાકોના કિસ્સા અમોએ તને વર્ણવી દીધા છે, અને તેઓ માંહેના કેટલાકોના કિસ્સા અમોએ (હજી)**

**તને વર્ણાવ્યા નથી.**[૭૫]

એક મુસ્લીમ તરીકે તમામ અંબિયાઓ પર સિલસિલાવાર જે કડી અંબિયાઓની છે તેની પર યકીન રાખવુ જોઇએ, અને કોઇ એવુ નથી કરી શકતો કે પોતાના મનપસંદથી અમુક (અંબિયાઓ)ને પસંદ કરે અને બાકીના છોડી દે.

આપણે તમામ મુસ્લીમોનો અકીદો અને ઇમાન છે કે હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.) અલ્લાહ તરફથી આખરી નબી છે. તે પછી કોઇ નબી નથી. તો શું એનો મતલબ એ થયો કે હવે પછી ઇલાહી હિદાયત માટે પયમ્બર (સ.અ.વ.વ.) પછી કોઇ નહિ ?

## હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.) પછી (હિદાયતનું) શું ?

મુસ્લીમ તરીકે આપણુ ઇમાન છે કે અલ્લાહ (સ.વ.ત.)એ તમામ માનવજાતી માટે હિદાયત માટે પોતાના તરફથી જમીનને હાદી વગર ખાલી રાખી નથી. કુરઆને મજીદ ફરમાવે છેઃ સુરેહ રાઅદ, આ. ન. ૭

وَّلِكُلِّ قَوْمٍ هَادٍ ۝٧

**અને દરેક કૌમ માટે એક હિદાય કરનારો હોય છે.**[૭૬]

હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.)ની રેહલત પછી અલ્લાહ (સ.વ.ત.) તરફથી હિદાયત માટે હાદી કોણ ?

શિયાઓનુ ઇમાન અને અકીદો છે કે હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.) પછી હિદાયત માટે ઇમામ છે. ઇસ્નાઅશરી શિયાઓનુ ઇમાન છે અને અકીદો છે કે હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.)ના જાનશીન અને વારસદાર ઇલાહી અને માસુમો છે જે દરેક પ્રકારના ગુનાહો થી પાક-સાફ છે. શિયા ઇસ્નાઅશરીઓનો અકીદો છે કે ઇમામત ઉસુલે દીનનો

---

૭૫ સૂરહ ગાફીર (૪૦): આયત ૭૮

૭૬ સૂરહ રાઅદ (૧૩): આયત ૭

એક હિસ્સો છે.[૭૭]

ઇસ્નાઅશરીઓના અકીદા પ્રમાણે ઇમામતમાં તમામ ખુબીઓ અને મુકદ્દસ કિરદાર નુબુવ્વતના હોય છે, સિવાય કે ઇમામો દીને ઇસ્લામમાં કોઇ પણ જાતના ફેરફાર નથી કરતા. તેઓ એજ દીન અને શરીઅત પર કાએમ રહે છે જે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.) લાવ્યા હતા.

કુરઆને મજીદની સુરહ નિસા, આયત નં. ૫૯ ફરમાવે છેઃ

يَاأَيُّهَا الَّذِينَ آمَنُوا أَطِيعُوا اللَّهَ وَأَطِيعُوا الرَّسُولَ وَأُولِي الْأَمْرِ مِنْكُمْ

**હે ઇમાન લાવનારાઓ ! અલ્લાહની આજ્ઞા માનો તથા તેના રસૂલની આજ્ઞા માનો અને તમારામાંના સત્તાધારીઓની પણ.**[૭૮]

આ આયતથી મુસ્લીમો માટે ત્રણ બાબત વાજીબ થઇ જાય છે કે તે પ્રમાણે અમલ કરે, પહેલા તો અલ્લાહ તઆલા ની ઇતાઅત કરે, બીજી પયમ્બર (સ.અ.વ.વ.)ની આજ્ઞાઓનુ પાલન કરે (અમલ કરે) અને ત્રીજુ એ લોકોની ઇતાઅતમાં રહે જે લોકોને અલ્લાહ તઆલા 'ઉલિલ અમ્ર' કરાર આપ્યા છે. ઉલિલ અમ્રની ઇતાઅત એટલી બધી જરૂરી અને વાજીબ છે કે જેટલી હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.)ની ઇતાઅત વાજીબ થાય છે, કારણ કે કુરઆને મજીદમાં જે શબ્દ ઇતાઅત (અતી) વાપર્યો છે તે ઉલિલઅમ્ર માટે પણ વપરાયો છે. આ આયાતથી સાફ જાહેર થાય છે કે ઉલિલઅમ્રને એજ મહત્વ છે જે હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.વ.)નો રૂત્બો અને સ્થાન છે, નહિ તો અલ્લાહ તઆલાએ બન્ને માટે એક જ શબ્દ (અતી) નો ઉપયોગ ન કર્યો હોત. (એક જ ક્રિયાપદ માટે બન્નેનો ઉપયોગ કર્યો છે.)

આ પણ એક ધ્યાન આપવા જેવુ છે કે અલ્લાહ તઆલાએ પોતાના માટે

---

૭૭ મઝહબની જડો અથવા મૂળ) આ દીનનો એક બહુ જ જરૂરી હિસ્સો છે.

૭૮ સૂરહ નિસા (૪)ઃ આયત નં. ૫૯

અલગથી ક્રિયાપદ શબ્દ (અતી) ઉપયોગ કર્યો છે જે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.) અને ઉલિલઅમ્ર માટે પછીથી ઉપયોગ કર્યો છે, જે સાફ બતાવે છે કે અલ્લાહ તઆલાનો અધિકાર તેના રસુલ (સ.અ.વ.વ.) અને ઉલિલઅમ્રથી ઉંચો છે, અને ઉલિલઅમ્રનો મુરાદ પણ નબીઓ નથી થતો. એટલે ઉલિલઅમ્ર અને નબીઓ એક જ નથી. નહિ તો અલ્લાહ તઆલાએ ફરમાવ્યુ હોતેઃ 'અલ્લાહની ઇતાઅત કરો અને રસુલની તિાઅત કરો.' પણ અલ્લાહ તઆલાએ એમાં વધારો કર્યો કે ઉલિલઅમ્ર (કે જે લોકોને અલ્લાહ તઆલાએ અધિકારો આપ્યા છે). આનાથી ખબર પડી છે કે ઇમામત અને ઇતાઅત કેટલી જરૂરી અને અહેમ છે.[૭૯]

એહલે સુન્નત (સુન્ની મુસલમાનો) આ શબ્દ 'ઉલિલઅમ્ર'નો તરજુમો (શબ્દાર્થ) એવી રીતે કરે છે કે જે લોકો હાકીમ કે હુકુમત કરે છે તે ઉલિલઅમ્ર કહેવાય કેમકે રૈયત (પ્રજા) ઉપર એ લોકોનો હુકુમ માનવુ વાજીબ થઇ જાય છે. પણ આ તરજુમાનો અર્થ તો એજ થયો કે તે હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.)ના બરાબર દરજ્જા પર લાવી દે છે. કેમકે અરબી વ્યાકરણ (ગ્રામર) પ્રમાણે તો શબ્દનો ગુણ છે તે પયગમ્બર અને ઉલિલઅમ્ર માટે જ એક વખતમાં વપરાય છે. આ વાત બિલકુલ અસંભવ અને નામુમ્કિન છે કેમકે દુન્યવી હાકીમ ગુનાહ પણ કરી શકે છે, ઝુલ્મ પણ કરી શકે છે. હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.)એ ક્યારે ય પણ ગુનાહ નથી કર્યા અને તેવી જ રીતે ઉલિલઅમ્રે (જેને અલ્લાહ તરફથી ખાસ અધિકારો આપવામાં આવ્યા છે) ગુનાહ નથી કર્યા. આ એક સીધી સાદી વાત છે કે જ્યારે અલ્લાહ તઆલા કોઇને ઇતાઅત કે આજ્ઞા આપે કે તમે એની પયરવી કરો તો કોઇ એવો ઇન્સાન ન હોય જે ગુનેહગાર હોય. શીયા ઇસ્નાઅશરીઓના અકીદા

---

૭૯ હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.)નો મકામ, રૂત્બો આપણા તમામ અઇમ્મે માસુમીન (હકના ઇમામો) કરતાં ઘણો જ બલંદ હતો.
મહેરબાની કરીને મારા વિચારો કે મફહુમને ગલત ન સમજજો. જ્યાર સુધી ઇતાઅતનો સવાલ આવે છે, આપણને જૂરૂરી છે કે બધાને સવાલ આવે છે, આપણને જરૂરી છે કે બધાને એક જ રીતે એહમિયત આપવી જોઇએ, જેમકે આયત પ્રમાણે આપણને ભેદભાવ ન કરી શકીએ.)

પ્રમાણે ઉલિલઅમ્ર શબ્દ જે આયતમાં છે તે બેશક માસુમ ઇમામો માટે છે જે બધાજ ગુનાહોથી પાક-સાફ છે.

સુરેહ નિસાની આયત ૫૯ પ્રમાણએ તો અલ્લાહ તઆલાનો વાજીબ હુક્મ છે કે આપણે અલ્લાહ તઆલાની ઇતાઅત કરીએ અને તે ઉપરાંત હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.) અને ઉલિલઅમ્ર (જે લોકોને અલ્લાહ તરફથી અધઝિકાર આપવામાં આવ્યા છે)ની ઇતાઅત કરીએ. શીયાઓના કહેવા પ્રમાણે ઉલિલઅમ્રથી મુરાદ માસુમ ઇમામો છે.

## જરૂરત છે કે સહી અને હકીકી ઇમામોની પયરવી કરવી જોઇએ

હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.)ની મશહુર અને મારૂફ હદીસ છે કે

> *“અગર કોઇ પોતાના ઝમાનાના ઇમામની મારેફત (જાણકારી) વગર મરી જાય છે તે જેહાલતની મોત છે.”*[૮૦]

ઇમામ અલ-બાકીર (અ.સ.)થી પણ આવી જ એક હદીસ છે કે જેનો મુદ્દો આ પ્રમાણે છે:

> *“જે કોઇ મરી જાય છે જેનો કોઇ ઇમામ ન હોય તો તેની મૌત એક જહાલતની મૌત છે (કાફરની મૌત) અને એ એક મુનાફિક છે.”*[૮૧]

હવે જ્યારે આપણે ઇમામતની માન્યતામાં માનીએ છે, તો આપણા માટે જરૂરી છે અને વાજીબ છે કે આપણે ઇમામોની સહી સિલસિલામાં અકીદો રાખીએ કે અલ્લાહ તઆલા તરફથી મોકલેલા અધિકારયુક્ત હોય. નહિ તો પછી આપણે કોઇ પણ ઇમામ કે રેહબરને તેહકીક વગર માનવા લાગી જઇએ, તો ગુમરાહ થઇ જશું.

કોઇ એમ કહી શકે છે કે “હું ઇમામતમાં માનુ છુ. અને મારા માટે

---

૮૦ અલ-હિલાલી, સુલૈમ ઇબ્ને કયસ કિતાબ સુલૈમ ઇબ્ને કયસ અલ-હિલાલી, જીલ્દ નં. ૨, પાનુ ૯૩૨, હદીસ નં. ૭૧

૮૧ અલ-કાફી, જી. ૧, પાનુ ૧૮૩, હદીસ ૮

ઇમામો ૧૨ હોય કે ૨૧ હોય કે ૪૯ હોય, પણ જ્યાર સુધી હું એક નેક ઇન્સાન છુ અને પાંચ વખતની નમાઝ પડુ છું, વગેરે વગેરે'' આ બિલકુલ ગલત અકીદો છે! શા માટે? કારણ કે આપણા માટે જરૂરી અને લાઝીમ છે કે સહી સિલસિલાના તમામ નબીઓ અને ઇમામોને માનીએ. આ એક બહુ જ ગંભીર બાબત છે! હવે સમજો કે એક માણસ કહે છે હું નબીઓમાં યકીન રાખુ છું, પણ પછી કહે હઝરત મૂસા (અ.સ.)ના પછી જે નબીઓ થયા હોય તેઓને નથી માનતો, આ કાંઇ જરૂરી નથી, તો પછી આ માણસ માનવાવાળો કે મોમીન પણ નથી, કારણે હઝરત મૂસા (અ.સ.) પછી જે નબીઓ થયા છે તેમણો ઇન્કાર કરી રહ્યો છે.

હવે સમજો કે કોઇ મુસ્લીમ એમ કહે કે, ''હું તો તમામ નબીઓમાં યકીન અને ઇમાન રાખુ છું, હું અલ્લાહ (સ.વ.ત.)માં યકીન રાખુ છુ કે તે એક અને વાહેદ છે, અને હું આખરી નબીમાં પણ ઇમાન રાખુ છું જે હઝરત મોહમ્મદ (સ.અ.વ.વ.), તે ઉપરાંત કુરઆન મજીદમાં પણ ઇમાન રાખુ છું અને હું જે તકરારી બાબત છે તેમાં જરા પણ ઇકરાર નથી કરતો.'' શું રોઝે કયામત આ વાતને કોઇ પણ જાતની સચ્ચાઇ કે એહમિયત હાસીલ થશે? (કબુલ કરવામાં આવશે?)

શયતાને હઝારો વરસ સુધી અલ્લાહ તઆલા ની ઇબાદત કરી અને ફકત એક વખત નાફરમાની કરી અને કહેવા લાગ્યો કે હું આદમ (અ.સ.)ને સજદો નહિ કરીશ. ફકત એક વખતની નાફરમાની માટે તેને રેહમતથી દૂર કરી દેવામાં આવ્યો હતો. અગર કોઇ એમ કહે કે ઇબાદત અને નમાઝ કાફી છે તો પછી એને જાણવુ જોઇએ કે શયતાને તો એટલી બધી ઇબાદત કરી કે અલ્લાહ તઆલાએ તેને જમીનથી આસ્માન તરફ બોલાવી લીધો અને ફરિશ્તાઓમાં પણ ઉંચો મકામ આપવામાં આવ્યો હતો. આટલી બધી ઇબાદતો પછી પણ ફકત એક જ અમલ કે જે એણે નાફરમાની કરી હતી તેના માટે તેને રહેમતની કાએનાતમાંથી દૂર ફેંકી દેવામાં આવ્યો. આપણને એ ન ભુલવુ જોઇએ કે આપણે બધા અલ્લાહ તઆલાના બંદાઓ છીએ. **''આપણા માટે જરૂરી છે કે અલ્લાહની આજ્ઞા માનીએ અને એની ઇબાદત કરીએ કે જે એ જે રીતે**

**ચાહે છે, અને નહિ કે આપણને જેવી રીતે ગમે છે.''** એક બંદાને જોઇએ કે તે બધી રીતે તમામ આજ્ઞાઓનુ પાલણ કરે, અલ્લાહ (સ.વ.ત.) સૂરેહ નિસાની આયત નં. ૫૯માં સાફ રીતે આજ્ઞા કરે છે ઇતાઅત કરો અલ્લાહ અને તેના નબી (સ.અ.વ.વ.) અને જે લોકોને તમામ અધિકાર આપવામાં આવ્યો છે, તેઓની ઇતાઅત કરો.

વળી પાછા આપણે આપણી ચર્ચામાં જોઇએ કે, એક ખરા અર્થમાં મોમીન (સાચા વફાદાર અને ઇમાન રાખવાવાલા) એ છે જે એક તમામ સાચા સિલસિલા માં ઇમામોને માને અને યકીન રાખે. જેવી રીતે કે અંબિયાઓમાં, તેવી રીતે આપણાને તમામ હકીકી ઇમામોના પયરવકાર અને આજ્ઞાકિત રહેવુ જોઇએ. હવે પાછો સવાલ એ પેદા થાય છે કે કેટલા ઇમામો ? કોણ સાચા અને હકીકી ઇમામો છે ? એ ક્યા ઇમામો છે જેમણે ઉત્તરાધિકાર આપવામાં આવ્યો છે ?

## હકીકી અને સાચા ઇમામો કોણ છે ?

ઇમામો બાબતમાં જોઇએઃ આપણે જોઇશું કે ઇમામો માટે હદીસોમાં કેટલી સંખ્યા (નંબર) બતાવવામાં આવી છે જેઓ નબીઓ પછી થવાના છે.

શીયાઓની ઘણી બધી કિતાબોમાં ઇમામો માટે હદીસો મળે છે, અને આશ્ચર્યજનક વાત એ છે કે ઘણી બધી સુન્ની મુસલમાનોની કિતાબોમાં પણ અનેક હદીસો ઇમામો માટે મળે છે, તે એ કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.) થી હદીસો મળે છે કે મારા પછી બાર ખલીફાઓ થશે જે મારા જાનશીન અને વારસદાર હશે. આ હદીસ બિલકુલ ઇસ્નાઅશરીઓના અકીદા પ્રમાણે જ છે, પણ સુન્નીના અકીદા પ્રમાણે બિલકુલ નથી. તે છતાં પણ સુન્નીની કિતાબોમાં હદીસો મળે છે.

એક પણ એવી હદીસ નથી મળતી કે જ્યાં હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.) ફરમાવ્યું હોય કે મારા પછી ૨૧ ઇમામો થશે, અથવા ૪૯ ઇમામો થશે ! આ પણ એક આહવાન કે પડકાર છે (ચેલેન્જ) કે કોઇ એક એવી સાચી હદીસ બતાવી દે કે ૨૧ ઇમામો (બોહરા અકીદા પ્રમાણે) અથવા ૪૯ ઇમામો (આગાખાની અકીદા પ્રમાણે) માટે

બતાવી દે.

જેમકે શીયા કિતાબો પ્રમાણે ૧૨ ઇમામો માટે હદીસો છે, તેવી જ રીતે હું થોડી સુન્નીની કિતાબોમાંથી પણ હવાલાઓ આપીશ.

જાબીર ઇબ્ને સમુરાએ ફરમાવ્યુ: મેં સાંભળ્યુ કે પયગમ્બરે ફરમાવ્યુ: *''હવે પછી બાર અમીર થશે.''* તે પછી આપ (સ.અ.વ.વ.) ફરમાવ્યું, જે એ વાક્ય મેં બરોબર સાંભળી શક્યો નહિ, ત્યારે મારા વાલીદે મને કહ્યું કે આપે કહ્યું કે, *''તે બધા કુરેશમાંથી હશે.''*[૮૨]

હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.)એ ફરમાવ્યું કે,

> *''આ ઉમ્મતમાં બાર ખોલફાઓ (ખલીફાઓ) થશે જે બધા જ કુરેશમાંથી હશે.''*[૮૩]

જાબીર ઇબ્ને સમુરાનુ બયાન છે: હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.)નુ બયાન છે,

> *''આ દુનિયા ખતમ નહિ થાય, જ્યાર સુધી ૧૨ ખલીફાઓ નહિ થાય'', તે પછી આપ (સ.અ.વ.વ.)એ ફરમાવ્યુ, જે મેં મારા વાલીદને પુછયુ કે પયગમ્બરે આગળ શું ફરમાવ્યુ ? ત્યારે મારા વાલીદે કહ્યું કે, ''તે તમામ (ખોલફા) કુરેશમાંથી હશે.''*[૮૪]

મેં આ જે હદીસ ઉપર મુજબ છે તે સુન્ની મુસ્લીમની બહુ જ મોઅતબર અને ભરોસાપાત્ર કિતાબો ખાસ કરીને ''સહીહ મુસ્લીમ અને સહીહ બુખારી'' થી લીધી છે જે સુન્ની મુસ્લીમોમાં કુરઆને મજીદ પછી

---

૮૨ સહીહ અલ-બુખારી, હદીસ ૯.૩૨૯ (ઇંગલીશ-અરેબીક બયાન)

૮૩ મુસ્નદ અહમદ ઇબ્ને હમ્બલ, જી. ૫, પૃ. ૧૦૬

૮૪ સહીહ મુસ્લીમ, અરબી બયાન, કિતાબ અલ-ઇમારા, એડિશન ૧૯૮૦, પબ્લીકેશન સઉદી એરેબિયા, જી. ૩, પાનુ ૧૪૬૨, હદીસ નં. ૫; સહીહ મુસ્લીમ, ઇંગલીશ બયાન, પ્રકરણ ૭૫૪ (શીર્ષક: ધ પીપલ આર સબસરવિઅન્ટ ટુ ધ કુરૈશ એન્ડ કેલીફેટ ઇસ ધ રાઇટ ઓફ કુરૈશ) જી. ૩, પાનુ ૧૦૦૯, હદીસ નં. ૪૪૭૭

ભરોસાપાત્ર માનવામાં આવે છે.

અમારી પાસે હદીસો છે જેમાં હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.) ફરમાવે છે કે જે એમણા ૧૨ જાનશીનો હશે, જે એક પછી એક થશે, જે ઇસ્નાઅશરીઓના અકીદા પ્રમાણે છે. હું સમજુ છું કે આ ત્રણે હદીસો કાફી છે મારી દલીલને સાચી રીતે સમજાવવા માટે.

## બાર ખલીફાઓ કોણ છે ?

હવે એક સવાલ ઉભો થાય છે કે ૧૨ ખલીફાઓ / રહેબરો / ઇમામો કોણ છે ?

આતો એક ખુલ્લી અને સાફ વાત છે કે ઉપરની હદીસ તો પહેલા જે ચાર ખલીફાઓ થયા હતા તેને બંધ-બેસતી નથી (જેમકે સુન્નીનો અકીદો છે). કારણ કે તે ૧૨ કરતા ઓછા છે, અને સુન્નીના અકીદા પ્રમાણે આ વાત હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.)ની હદીસો પ્રમાણે જરા પણ મળતી નથી.

અને બની ઉમય્યાના ખલીફાઓની સંખ્યા તો બાર કરતા વધારે હતી અને તેઓ બધાજ ઝાલીમો હતા તેથી આ હદીસ પણ તેઓને લાગુ પડતી નથી. હવે આ બની અબ્બાસના ખલીફાઓની સંખ્યા પણ બાર કરતા વધારે તે ઉપરાંત તે બધાજ સખત ઝાલીમો જાબીર હતા અને તે લોકોએ તો આલે રસુલ (સ.અ.વ.વ.) અને શીયાઓને બહુ જ બેદર્દીથી કત્લ કર્યા હતા. છેલ્લે અમારો કહેવાનો મતલબ એ કે આ બધા જાબીરો-ઝાલીમ ખલીફાઓ કોઇ પણ રીતે કુરઆનની આયત પ્રમાણે બંધબેસ્તા નથી કે જે કુરઆનની આયત છે કે,

> **‘‘(હે રસૂલ) કહો કે હું તો (રિસાલતના પ્રચાર) માટે તમારી પાસે કોઇ પણ મેહનતાણુ માંગતો નથી, કિંતુ મારા નિકટના સગાવહાલાઓનો પ્રેમ.’’**[૮૫]

આપણે આગળ જે બાર વારસદારોની ચર્ચા કરી છે તે હદીસો સુન્નીની

[૮૫] સૂરેહ શૂરા (૪૨): આયત ૨૩

બહુ જ મોઅતબર કિતાબોમાં મળે છે જેના માટે સુન્નીઓનો દાવો છે કે આ બધી કિતાબો કુરઆને મજીદ પછી મોઅતબર અને યકીન રાખવા જેવી છે. હદિસો સાફ સાફ ફરમાવે છે કે પાક પયગમ્બર (સ.અ.વ.વ.)ના ૧૨ વારસદાર (જાનશીન) છે અને એહલે સુન્નતના આલીમો આ હદીસોને એકદમ સહી અને સાચી માને છે, તેથી જ આ લોકો (સુન્ની આલીમો)એ ભરપુર કોશીશ કરી કે કોઇ પણ રીતે આ બારની સંખ્યાના વારસદારને હદીસ સાથે સરખાવી શકાય અને સંતોષ થાય કે તેઓનો અકીદો સહીછે, પણ એ લોકોની કમનસીબી કે તેઓ બધા આપસમાંજ એક વાત પર મુત્તફિક ન રહી શક્યા.

જેમકે એહલે સુન્નતના બહુ જ મશહુર આલીમ જલાલુદ્દિન અલ-સુયુતી જણાવે છે કે,

"**કયામતના દિવસ સુધી ફકત બાર ખલીફાઓ થશે**, અને તેઓ બધા જ હક્ક પરસ્ત હશે, જો કે તે છતાં તેઓ ભલે અવિરતપણે કે અટક્યા વગરના ન હોય. (પછી આગળ લખે છે) આપણે જોઇએ છે કે બારમાંથી પહેલા ચાર ખલીફાઓ સહી અને સાચા હતા, તે પથી હસન, પછી મોઆવિયાહ, પછી ઇબ્ને ઝુબેર, અને છેલ્લે ઉમર બિન અબ્દુલ અઝીઝ. આ બધા આઠ (ખલીફાઓ) થયા, બાકીના ચાર, **હોઇ શકે છે કે મેહદી**, અબ્બાસીઓ આમાં આવી શકે છે કેમકે અબ્બાસી જેવી રીતે ઉપર બિન અબ્દુલ અઝીઝ બની ઉમૈયામાંથી હતો અને તાહીર અબ્બાસી પણ શામીલ થઇ શકે છે કારણ કે એ હક્ક પરસ્ત હાકીમ હતો. **હવે પછી બીજા બેની જરૂરત પડે છે, તો આ બેમાં એક તો મેહદી, કારણ કે તે એહલેબૈત (અ.સ.)ના ખાનદાનથી છે.**[૮૬]

બીજા એક સુન્ની આલીમ ઇબ્ને અલ-જવઝીઃ

બની ઉમય્યાનો પહેલો ખલીફા યઝીદ ઇબ્ને મોઆવિયા હતો અને છેલ્લો ખલીફા મરવાન અલ-હેમાર હતો. આ બધા મળીને ૧૩ ખલીફા થયા. ઉસ્માન, મોઆવિયાહ અને ઇબ્ને ઝુબૈર, આ ત્રણ જણાની ગણત્રી નહિ થાય કારણ કે આ બધા તો અસ્હાબે રસુલમાંથી હતા.

---

૮૬ અલ-સુયુતી, તારીખ અલ-ખોલફા, પાનુ ૧૨.

જો અગર આપણે મરવાન બિન અલ-હેમારને બાકાત રાખીએ કારણ કે તે સહાબી હતો કે નહિં તે બાબતમાં બહેસ છે, અને તે હુકુમતમાં હતો, તે ઉપરાંત અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈરને લોકોને સાથ હતો **તો પછી આપણાને ૧૨ની સંખ્યા મળી શકે છે.**[૮૭]

બીજા એક સુન્ની આલીમ - અબ-બયહકીના વિચાર મુતાબિકઃ

**આ સંખ્યા (બાર) વલીદ ઇબ્ને અબ્દુલ મલીકના ઝમાના સુધી મળે છે. આના પછી તો બહુ જ અંધા ધૂંધી અને પરેશાનીઓનો દૌર શરૂ થઇ ગયો હતો.** તે પછી બની અબ્બાસીઓનો દૌર શરૂ થઇ ગયો, અને ઇતિહાસ પ્રમાણે ઇમામોની સંખ્યા વધી ગઇ. અગર અમે આ લોકોના કિરદાર અને અખ્લાકને જતા કરીએ તો પણ તેઓની સંખ્યા ખૂબ વધી જાય છે.[૮૮]

બીજા એક સુન્ની આલીમ ઇબ્ને કસીરના વિચાર મુતાબિકઃ

જે કોઇ પણ બયહકીની વાત પર દોરાઇ જાય કે તેના વિચારો સાથે સહમત થાય તો જમાઆહ મતલબ કે ખલીફાઓ વચ્ચે વચ્ચે સમયે આવ્યા જ્યાં સુધી **વલીદ ઇબ્ને યઝીદ ઇબ્ને અબ્દુલ મલીક કે જે કાયદા-કાનૂનને ભંગ કરતો હતો** તે હદીસ પ્રમાણે તો કોઇ પણ રીતે સહી નહોતો અને લાયક નહોતો.

અને અગર અમે અબ્દુલ મલિક પહેલા થઇ ગયેલો ઇબ્ને ઝુબૈરની ખિલાફતને માની લઇએ **તો પુરી સંખ્યા ૧૬ની થાય છે**, જ્યારે કે ઉમર ઇબ્ને અબ્દુલ અઝીઝ પહેલા સંખ્યા બારની થવી જોઇએ જે નથી થતી. **આ પદ્ધતિ પ્રમાણે તો યઝીદ ઇબ્ને મોઆવિયા ને પણ ગણત્રીમાં લેવો પડશે અને ઉમર ઇબ્ને અબ્દુલ અઝીઝને છોડવો પડશે.** જો કે એ સ્થાપિત હકીકત છે કે બહુમતિમાં (સુન્ની) આલીમોએ ઉમર ઇબ્ને

---

૮૭ ઇબ્ન અલ-જવઝી, કશ્ફ અલ-મુશ્કિલ, જેમકે હવાલો આપ્યો છે ઇબ્ને હજર અલ-અસ્કલાની, ફત્હ અલ-બારી ૧૬:૩૪૦ હવાલો સિબ્ત અલ-જવઝી માંથી

૮૮ ઇબ્ને કસીર, તારીખ, ૬:૨૪૯; અલ-સુયુતી, તારીખુલ ખોલફા, પાનુ ૧૧

અબ્દુલ અઝીઝને સાચો અને ઇન્સાફ પસંદ ખલીફા ગણાયો છે.[૮૯]

એટલુ જરૂર છે કે સુન્ની આલીમોએ બહુ જ ગંભીર રીતે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.)ની હદીસને તસ્લીમ કરી છે કે હદીસ બિલકુલ સહી અને સાચી છે, કે આપ (સ.અ.વ.વ.)ના વારસદારો બાર થશે. બાર વારસદારો (જાનશીન)ની હદીસો તો શીયા ઇસ્નાઅશરીઓની કિતાબોમાં પણ મળે છે, જે બાર ઇમામો માટે બરાબર મળી આવે છે. **અગર કોઇ શખ્સ આ બાર ઇમામોની જીંદગી અને કિરદાર પર ગૌર-ફિકર કરે તો પછી તેણે જણાઇ આવશે કે તે લોકોએ કેવી પાકો-પાકીઝા કિરદાર સાથે જીંદગી વિતાવી હતી** અને તે લોકોની હદીસો કેવી અર્થસભર અને ઇલ્મથી ભરપુર હતી. તેઓ બધા શહીદ કરવામાં આવ્યા સિવાય એક જે છેલ્લા ઇમામ, ઇમામ મેહદી (અ.ત.ફ.શ.)કે જેણે ગયબતમાં જવુ પડયુ.

## શીયા ઇસ્નાઅશરીઓના ૧૨માં ઇમામ, ઇમામ અલ-મેહદી (અ.ત.ફ.શ.)

શીયાઓના ૧૨માં ઇમામ અલ-મેહદી (અ.સ.) માટે શીયાઓની કિતાબોમાં બેશુમાર હદીસો મળે છે અને એહલે સુન્નત મુસ્લીમોની કિતાબો માં પણ મળે છે. જેમાંથી થોડી નીચે મુજબ છે.

હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.)એ ફરમાવ્યું:

> *“મેહદી અમારામાંથી છે, તે એહલેબૈત (અ.સ.)માંથી છે.”*[૯૦]

આ ઉપરની હદીસથી સાફ જાહેર થાય છે કે ઇમામ મેહદી (અ.ત.ફ.શ.) એહલેબૈતે રસુલ (સ.અ.વ.વ.)થી છે, અને તેઓ હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.)ની દિકરીની નસલમાંથી છે. હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.)એ ફરમાવ્યુ:

---

૮૯ તારીખ, ઇબ્ને કસીર, જી. ૬, પા. ૨૪૧-૨૫૦

૯૦ સોનન ઇબ્ને માજા, જી. ૨, હદીસ નં. ૪૦૮૫

*"મેહદી મારા ખાનદાનથી હશે, અને મારી દિકરી ફાતેમાની નસલથી છે.'*[૯૧]

બીજી એક હદીસઃ હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.)એ ફરમાવ્યું:

*"અગર આખી દુનિયાની જીંદગીમાં ખતમ થવાને એક દિવસ પણ બાકી હશે તો અલ્લાહ તઆલા એ દિવસને એટલો લાંબો કરી દેશે કે અમારા એહલે બૈત (અ.સ.)માંથી એક શખ્સ આવશે કે જેની હુકુમત આખી દુનિયામાં સ્થપાઇ જશે, કે જેનુ નામ મારા નામથી હશે, તે આખી જમીનને અદલો-ઇન્સાફ અને અમનો અમાનથી ભરી દેશે,*[૯૨] *જેમકે તેમના આવવાના પહેલા જુલ્મો-સિતમ, ના-ઇન્સાફીથી ભરી હશે.'*[૯૩]

---

૯૧ સોનન અબુ દાઉદ, ઇંગલીશ બયાન, પારા નં. ૩૬, હદીસ નં. ૪૨૭૧ (ઉમ્મે સલમા, પયગમ્બર સાહેબની જવઝા નુ બયાન છેઃ સોનન ઇબ્ને માજા, જી. ૨, હદીસ નં. ૪૦૮૬, અલ-નિસાઇ અન અલ-બયહકી; અલ-સવાએકે મોહરેકા, લેખકઃ ઇબ્ને હજર અલ-હયસમી, પારા નં. ૧૧, ભાગ ૧, પાનુ ૨૪૯

૯૨ બારામાં ઇમામનુ નામ મોહમ્મદ છે અને લકબ અલ-મેહદી, અલ-કાએમ છે

૯૩ સહીહ અલ-તિરમીઝી, જી. ૨, પાનુ ૮૬, જી. ૯, પાનુ ૭૪-૭૫, સોનન અબુ દાઊદ, જી. ૨, પા. ૭; મસ્નદ અહમદ ઇબ્ને હમ્બર, જી. ૧, પા. ૮૪, ૩૭૬, જી. ૩, પા. ૬૩; અલ-મુસ્તદરક અલા અલ-સહીહયન, લેખકઃ અલ-હકીમ, જી. ૪, પા. ૫૫૭; જામે અલ-સગીર, લેખકઃ સુયુતી, પાનુ ૨, ૧૬૦; અલ-અરફુલ વરદી, લેખકઃ અલ-સુયુતી, પાનુ ૨; અલ-મજમા, લેખકઃ તબરાની, પાનુ ૨૧૭; તેહઝીબ અલ-તેહઝીબ, લેખકઃ ઇબ્ને હજર અલ-અસ્કલાની, જી. ૯, પા. ૧૪૪; ફત્હ અલ-બારી ફી શર્હ સહીહ અલ-બુખારી, લેખકઃ ઇબ્ને હજર અસ્કલાની, જી. ૭, પા. ૩૦૫; અલ-સવાએક, ભાગ ૧, પા. ૨૪૯; અલ-તઝકેરહ, લેખકઃ કુરતુબ્બી, પા. ૬૧૭; અલ-હાલી લે સુયુતી, જી. ૨, પા. ૧૬૫, ૧૬૬; શર્હ અલ-મવાહીબ અલ-લદુન્નયહ, લેખકઃ ઝરકાની, જી. ૫, પાનુ ૩૪૮; ફત્હ અલ-મોગીસ, લેખકઃ અલ-સખવી, જી. ૩, પાનુ ૪૧; કન્ઝુલ

હજી એક હદીસ:

અલ્લાહ તઆલાના પયગમ્બર (સ.અ.વ.વ.)એ ઇમામ અલી (અ.સ.)ને ફરમાવ્યુ:

> *તમારા ત્યાં એક ફરઝન્દ થશે જેણે મેં મારૂ નામ અને કુનિય્યત અતા કર્યું છે.*[૯૪]

હવે આ બધા હવાલાઓ અને રિવાયતો હદીસો માટે જુઓ (કિતાબોમાં). હું સમજુ છું કે મારો મુદ્દો સમજાવવા માટે આટલી હદીસો કાફી છે. કેમકે હજી ઘણી બધી હદીસો છે.

સૌથી મોટી ધ્યાન આપવાવાળી બાબત એ છે કે આ તમામ હદીસો સુન્નીની મશહુર કિતાબોમાં મળે છે. જો કે તેઓ ઇમામતમાં નથી માનતા પણ તે છતાં તેઓ ઇમામ મેહદી (અ.ત.ફ.શ.)ની આવવાની વાટ જુએ છે. મને સુન્નીને એક સવાલ કરવાનો છે કે, ‘‘જ્યારે તમે બધા કુરઆન અને હદીસને કાફી સમજો છો, અને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.) પછી તમને ઇમામની જરૂરત નથી, તો પછી શા માટે

---

ઉમ્માલ, જી. ૭, પાનુ ૧૮૬; ઇક્દ અલ-દોરર ફિ અખ્બાર અલ-મહદી અલ-મુન્તઝર, જી. ૧૨, પારા ૧; અલ-બયાન ફિ અખ્બાર સાહેબ અલ-ઝમાન, લેખક: ગન્જી શાફી, પારા નં. ૧૨; અલ-ફુસુલ અલ-મોહિમ્મ, લેખક: ઇબ્ને સબ્બાગ અલ-માલેકી, પારા નં. ૧૨; અરજઉલ મતાલિબ, લેખક: ઓબૈદુલ્લાહ હિન્દી અલ-હનફી, પાનુ ૩૮૦; મોકદ્દેમહ, લેખક ઇબ્ને ખલ્દુન, પાનુ ૨૬૬ અને તે ઉપરાંત ઇબ્ને હબ્બાન, અબુ નોઅય્મ, ઇબ્ને અસાકીર વગેરે બયાન લખ્યુ છે.

૯૪ સહીહ અલ-તિરમીઝી, જી. ૫, પાનુ ૧૩૭; સોનન અબુ દાઊદ, જી. ૪, પાનુ ૨૯૨; અલ-મુસ્તદરક, લેખક: અલ-હકીમ, જી. ૪, પાનુ ૨૭૮, જેણે લખ્યુ છે કે આ બન્ને શેખોએ (એટલે અલ-બુખારી અને અલ-મુસ્લીમ) જે લખ્યુ છે તે બિલકુલ સહીહ અને યકીનન કાબીલ છે); મારેફત ઓલૂમ અલ-હદીસ, લેખક: અલ-હકીમ, પા. ૧૮૯; મસનદ અહમદ ઇબ્ને હમ્બર, જી. ૧, પાનુ ૯૫; ફઝાએલે સહાબા, લેખક: અહમદ ઇબ્ને હમ્બલ, જી. ૨, પા. ૬૭૬, હદીસ નં. ૧૧૫૫; અલ-તબકાત, લેખક: ઇબ્ને સઅદ, જી. ૫, પા. ૯૧

ઇમામ મેહદી (અ.ત.ફ.શ.)નો ઇન્તેઝાર કરો છો? તેથી હવે હું જણાવવા માંગુ છું કે તમારી કિતાબોમાં ઇમામ મેહદી (અ.ત.ફ.શ.) માટે ઘણી બધી હદીસો મૌજુદ છે તો તમે આ હકીકતથી ઇન્કાર નથી કરી શકતા.'

કેટલાક લોકોને એ સમજવુ મુશ્કેલ થઇ જાય છે કે કેવી રીતે યકીન કરીએ કે ઇમામ મેહદી (અ.ત.ફ.શ.) આટલા વરસો સુધી જીવી શકે છે? તેઓને આ વિચાર અસભંવ લાગે છે. અગર જો અલ્લાહ ચાહે તો સંભવ છે. કુરઆને મજીદમાં એવી ઘણી બધી મહત્વની કહાની અને કિસ્સાઓ મૌજુદ છે, જે હકીકતમાં સાચા છે અને આપણા ઉપર વાજીબ છે કે તે બધુ કબુલ કરીએ. દાખલા તરીકે કુરઆને મજીદમાં છે કે હઝરત નૂહ (અ.સ.) નબીએ ૯૫૦ (સાડા નવસો) વરસ સુધી તબ્લીગ કરી હતી (જરા વિચાર કરી જુઓ કે કેટલા વરસ સુધી તેઓ જીવ્યા, અને અહાદિસ પ્રમાણે ૨૫૦૦ વરસ જીવ્યા હતા).[૯૫] કુરઆને મજીદ અસ્હાબે કહફ (ગુફા) માટે ફરમાવે છે, ''તેઓ ગુફામાં ૩૦૯ વરસ સુધી સૂતા રહ્યા.''[૯૬] હઝરત ઇસા નબી (અ.સ.) જ્યારે નાના બાળક હતા ત્યારે બોલવા લાગ્યા,[૯૭] આ પણ કુરઆનમાં છે. તે ઉપરાંત હઝરત ઓઝૈર નબી (અ.સ.)[૯૮] ની કહાની છે કે તેઓ ૧૦૦ વરસ સુધી મરી ગયા હતા અને પાછા જીવતા થયા, તો તેઓએ જોયુ કે તેમનો ગધેડો પણ પાછો જીવતો થઇ ગયો હતો. આ બધુ અલ્લાહ (સ.વ.ત.)ની રઝાથી થાય છે.[૯૯] ઇસા નબી (અ.સ.) હજી સુધી જીવતા છે[૧૦૦] અને ૨૦૦૦ વરસથી વધારે થઇ ગયા છે અને તેઓ પાછા આવશે. કુરઆને મજીદમાં આવી ઘણી બધી હકીકતો અને વાકેઆત છે

---

૯૫ કુરઆને મજીદ, સૂરેહ અન્કબુત, આયત ૧૪માં વિગત છે.

૯૬ કુરઆને મજીદ, સૂરેહ કહફ, આયત ૨૫માં વિગત છે.

૯૭ કુરઆને મજીદ, સૂરેહ મરયમ, આયત ૩૦ થી ૩૫માં વિગત છે.

૯૮ બાઇબલમાં એઝરા નામ છે.

૯૯ કુરઆને મજીદ, સૂરેહ બકરહ (૨), આયત ૨૫૯

૧૦૦ સૂરેહ નિસા (૪), આયત ૧૫૭ અને ૧૫૮ માં વિગત છે. તેમાં બયાન છે કે તે લોકોએ કહ્યું કે અમે લોકોએ હઝરત ઇસા ઇબ્ને મરયમ (અ.સ.)ને મારી નાખ્યા, પણ એવુ થયુ નથી.

જે માનીએ છે અને યકીન રાખીએ છે. જો અલ્લાહ (સ.વ.ત.) જે ચાહે છે તે કરે છે, તેથી કોઇએ પણ એની કુદરત પર શક કે શુબ્હ કરવાની જરૂરત નથી તેથીજ ઇમામ મેહદી (અ.ત.ફ.શ.)ની લાંબી જીંદગીના બારામાં પણ શંકા કરવાની જરૂરત નથી.

હદીસો પ્રમાણે સાબીત થાય છે કે ઇસ્નાઅશરી ઇમામોનો સિલસિલો સહી છે. એહલે સુન્નત અને શીયાઓની કિતાબોમાં જણાવે છે કે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.વ.)ના બાર વારસદારો થશે. જેમકે આગળ આપણે ચર્ચા કરી ગયા છે કે આગાખાની ઇસ્માઇલી ઇમામો ૪૯ અને બોહરા ઇસ્માઇલીઓના ઇમામો ૨૧ છે તે સંખ્યા કોઇ પણ રીતે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.વ.)ના બારની સંખ્યાથી મળતી નથી.

## એક ઇમામની રહેણીકરણી અને અખ્લાક ત્થા આચાર-વિચાર કેવા હોવા જોઇએ ?

સમજો કે અગર કોઇ એમ કહે કે હું શીયાઓ કે સુન્નીઓની કિતાબોમાં જે હદીસો છે તેમાં માનતો નથી અને યકીન રાખતો નથી. તો પછી આવી હાલતમાં તો આપણે શું સમજવુ જોઇએ કે એક રેહબરનો કિરદાર કે અખ્લાક કેવી રીતે પારખી શકીએ એક રેહબરનો નમુનએ અમલ કેવો હોવો જોઇએ? આપણે એક ઇમામના પયરવકાર હોવા જોઇએ કે જે આપણે સહી રાસ્તા પર લઇ જાય, કે જે રાહ પર લઇ જાય તે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.વ.)નો હોય. આગળ આપણે ચર્ચા કરી ગયા છીએ કે ઇસ્માઇલી / ફાતેમી ઇમામોની જીંદગીની રહેણી કરણી કેવી હતી.

હવે હું ચાહુ છું કે થોડી રોશની નાખીએ એ બે ઇસ્નાઅશરીઓના ઇમામોની જીંદગી પર કે જેઓ ઇમામ જાફર અલ-સાદિક (અ.સ.) પછી થયા કે જ્યાંથી શીયા ફિર્કામાં બે ફાંટા પડી ગયા હતા. હવે વાંચકો આ બધુ વાંચીને વિચાર કરે કે કેટલો જબરદસ્ત ફરક પડે છે વ્યક્તિત્વમાં કે દરેક ફિર્કો પોતાના રેહબર ને પસંદ કરે છે.

## ઇમામ મૂસા અલ-કાઝીમ ઇબ્ને જાફર (અ.સ.) હિજરી ૧૮૩ / ઇ.સ. ૭૯૯માં શહીદ થયા

ઇમામ મૂસા અલ-કાઝીમ ઇમામ જાફર અલ-સાદિક (અ.સ.)ના ફરઝન્દ હતા જે ૭મી સફર હિજરી ૨૨૮ / ઇ.સ. ૭૪૫માં અબવામાં પયદા થયા હતા. ઇમામ જાફર અલ-સાદીક (અ.સ.) જ્યારે પોતની જવઝા (પત્ની) સાથે હજ્જ કરીને પાછા ફરી રહ્યા હતા ત્યારે અબવા એક શહેર છે જે મક્કા અને મદીનાના દરમ્યાન છે ત્યાં મૂસા અલ-કાઝીમ (અ.સ.) પેદા થયા, એમણુ નામ મૂસા પાડવામાં આવ્યુ અને લકબ કાઝીમ આપ્યુ કે જેનો મતલબ થાય છે ગુસ્સાને પી જવાવાળા, એમણા બીજા લકબ છે

અબ્દે સાલેહ, અમીન, અને બાબુલ હવાએજ. બાબુલ હવાએજનો લકબ આપ (અ.સ.)ને એ માટે આપવામાં આવ્યો કે ઘણા બધા મોઅજીઝા અને ઘણા બધા આશ્ચર્યજનક વાકેઆતો બન્યા છે જે આપનો રોઝો મુબારક બગદાદમાં છે. સેંકડો વર્ષોથી લોકોએ મોજીઝાઓ જોયા છે, અને તે ઉપરાંત ઘણી બધી કિતાબો આ વિષય પર લખવામાં આવી છે. સુન્નીઓના એક મશહુર આલીમ ઇમામ અલ-શાફી ફરમાવે છે કે, ‘‘ઇમામ મૂસા અલ-કાઝીમ (અ.સ)ની કબ્રમુબારક લોકોની મન્નત-મુરાદો પુરી થવાની ઝરીયો છે.[૧૦૧]

## આપ (અ.સ.)ની જીંદગી ટૂંકમાં

ઇમામ મૂસા અલ-કાઝીમ (અ.સ.) ૧૨૮ હી. સ. માં પેદા થયા જ્યારે મરવાન અલ-હેમારની હુકુમત હતી. ત્રણ વરસ પછી આ ખાનદાની હુકુમત ખતમ થઇ ગઇ અને બની અબ્બાસીઓની હુકુમતનો દૌર શરૂ થઇ ગયો હતો. બની અબ્બાસીઓનો પહેલો હાકીમ હતો તેનો દૌર ફકત ૧૩૨ હિ. થી ૧૩૬ હિ. સ. નો હતો અને તે પછી તેનો વારસદાર મન્સુર અલ-દવાનકી થયો કે જેણે ઇમામ જાફર અલ-સાદિક (અ.સ.)ને ઝેર આપી શહીદ કર્યો હતો જે શહાદત ૧૪૮ હિ.સ. માં થઇ અને તે પછી ઇમામ મૂસા અલ-કાઝીમ (અ.સ.)ની ઇમામતનો દૌર શરૂ થઇ ગયો હતો.તે વખત આપની ઉમ્ર મુબારક ફક્ત ૨૦ વરસની હતી. હિ. સ. ૧૫૮માં મન્સુર અલ-દવાનકીનો વારસદાર મેહદી અબ્બાસી થયો જે ફકત ૧૦ વરસ સુધી હુકુમત કરી શક્યો અને હિ.સ. ૧૬૯ માં એનો વારસદાર અલ-હાદી થયો પણ તે ફકત એક વરસથી વધારે હુકુમત કરી શક્યો હતો. હિજરી સન ૧૭૦માં હારૂન અલ-રશીદ ખિલાફતની ગાદી પર આવ્યો અને તેણે ઇમામ મૂસા અલ-કાઝીમ (અ.સ.)ને ઝેરથી શહીદ કરી નાખ્યો, તે ઇમામની ઉમ્ર ફક્ત ૫૫ વરસની હતી, જેમાં પહેલા ૨૦ વરસ આપની જીંદની આપના વાલીદની છત્રસાયામાં રહી અને

---

[૧૦૧] અલ્લામા ઝિશાન હયદર જવાદી, નુકુશે ઇસ્મત, પાનુ ૫૯૯, હવાલો આપે છે મતાલેબુસ સોઉલ, પાનુ ૨૭૮; સવાએકે મોહરેકા, પાનુ ૧૩૧; અલ-મનાકિબ, જી. ૩, પાનુ ૧૨૫

બાકીના ૩૫ વરસ આપ (અ.સ.)ની ઇમામત રહી.

## ઇમામ મૂસા અલ-કાઝીમ (અ.સ.)નુ બાળપણ

ઇમામ મુસા અલ-કાઝીમ (અ.સ.)માં નાનપણથી જ બધી ખુબીઓ, અખ્લાક, કિરદાર અને હિકમત-મારેફત ઇમામ હોવાની સાબેતી આપતા હતા. દાખલા તરીકે થોડા નિચે મુજબ છેઃ

જ્યારે ઇમામ મુસા અલ-કાઝીમ (અ.સ.) ફકત ૫ વર્ષના હતા ત્યારે અબુ હનીફા ઇમામ અલ-સાદિક (અ.સ.)ને મળવા આવ્યા ત્યારે તેઓ ઇમામ મુસા અલ-કાઝીમ (અ.સ.)ને જોયા, જે નિચે મુજબ બયાન છેઃ

હું, અબુ હનીફા, જ્યારે આપને (ઇમામ અલ-કાઝીમ (અ.સ.)) સવાલો કર્યા કે ગુનાહ કોનાથી છે ?

આપ (અ.સ.)એ જવાબ આપ્યો કે ગુનાહ યા તો અલ્લાહ તરફથી હોઇ શકે યા તો ઇન્સાન તરફથી યા તો બન્ને તરફથી. જો ગુનાહ ખુદા તરફથી હોય તો પછી એ ઠીક નથી કારણ કે ખુદા ઇન્સાફી અને આદિલ છે. તે કદી પણ પોતાના બંદાને ગેર ઇન્સાફ કરી સઝા આપે નહી. જે ચીઝ માટે બંદો જવાબદાર ન હોય તે માટે તેને સજા કેમ આપી શકાય ? પછી જો ગુનાહ બન્ને તરફથી હોય તો ખુદા ગુનાહગારનો ભાગીદાર ગણાય, અને તે મજબુત ભાગીદાર હોય તો ભાગીદારને નાહકમાં નુકશાનીમાં નાખે. આ પણ ઇન્સાનથી કાનુનની ખિલાફ છે. તેથી સાબીત થાય છે કે ગુનાહ ખુદ ઇન્સાફથી છે અને તેથીજ તે પોતાના અમલ માટે જવાબદાર છે તેથીજ ગુન્હા ન કરવાની હિદાયત તેનેજ આપવામાં આવે છે અને સવાબ અને અઝાબ જન્નત અને દોઝખ બધુ તેની તરફ છે. મેં જ્યારે આ બધા સાંભળયુ ત્યારે ત્યાંથી રવાના થઇ ગયો કારણ કે આ બધુ બયાન મારા માટે કાફી હતુ.[૧૦૨]

આ એક ખાસ નોંધ કરવા જેવી હકીકત છે કે પહેલાના બધા ઝાલીમોએ

---

૧૦૨ નુકુશે ઇસ્મત, પાનુ ૬૦૦, હવાલો બેહારૂલ અન્વાર, જી. ૧૧, પાનુ ૧૮૫; અમાલી, સય્યદ મુર્તઝા, જી. ૧, પાનુ ૧૫૧; એહતેજાજ તબરસી, પાનુ ૧૯૮; મનાકિબ, જી. ૩, પાનુ ૪૨૯

એક માન્યતા ફેલાવી હતી કે ઇન્સાનના બધા આમાલ માટે અલ્લાહ જ જવાબદાર છે. આવી રીતે તેઓ પોતાના બધા આમાલ (જુલ્મ-જૌર)ને સહી સાબીત કરી શકે અને તેમને જે હુકુમત મળી હતી તે તેમના નસીબમાં હતી તેથી લોકો તેમની હુકુમત પ્રત્યે કોઇ સવાલ ઊભો ન કરે.

બીજો એક વાકેઓ, એક વખત અબુ હનીફા ઇમામ અલ-સાદિક (અ.સ.)ને મળવા આવ્યા ત્યારે એક બાળકને જોયા ત્યારે તે બાળક (ઇમામ અલ-કાઝીમ (અ.સ.)) ને એક સવાલ કર્યો. સવાલ કર્યો કે અગર એક માણસ તમારા શહેરમાં આવે અને તેણે કુદરતી હાજત લાગે ત્યારે તે ક્યાં જાય? ત્યારે ઇમામ કાઝીમ (અ.સ.)એ તેને જવાબમાં કહ્યું કે: ''તેને કોઇ દિવાલના પાછળા હિસ્સામાં જવુ જોઇએ કે જ્યાં પાડોશીઓની નજર ન પડે, નહી કે નહેરના કિનારાથી દૂર હોવુ જોઇએ, જે ઝાડો ફળ આપતા હોય ત્યાં છાયડામાં પણ બેસવુ ના જોઇએ, તે ઉપરાંત રસ્તા પર કે ગલીમાં કે પ્રાંગણ કે ચોકમાં પણ બેસવુ નહિ જોઇએ, મસ્જીદોમાં અથવા કિબલા તરફ મોઢુ કે પીઠ પણ ન કરવુ જોઇએ. જ્યાં તેને બેસવુ હોય તો પોતાના કપડાની સંભાળ લેવી જોઇએ. અબુ હનીફાએ બાળકને તેનુ નામ પુછયુ કે તમારૂ નામ શું છે?

બાળકે જવાબ આપ્યો કે, ''હું મુસા ઇબ્ને જાફર ઇબ્ને મોહમ્મદ છું.'' અબુ હનીફા આ બાળકનો જવાબ સાંભળીને એકદમ સ્તબ્ધ થઇ ગયા, ત્યારે તેમના સાથે આવેલા સાથી અબ્દુલ્લાહ ઇબ્ને મુસ્લીમે કહ્યું કે, ''શું હું તમને નહોતો કહેતો કે પયગમ્બરના કુટુંબના બાળકો પણ સાધારણ બાળકો કરતાં જુદા હોય છે?''[૧૦૩]

## ઉચ્ચ હોદ્દો (નસ્સ) - મુન્તખબ

(ઇમામ અલ્લાહ અને રસુલ તરફથી મુકર્રર કરેલો હોવો જોઇએ)

ઇસ્નાઅશરી શીયાઓની ઘણી હદીસોની કિતાબોમાં ઇમામ જાફર અલ-

---

૧૦૩ તોહફુલ ઓકુલ, પાનુ ૪૧૧; નુકુશે ઇસ્મત, પાનુ ૬૦૨

સાદિક (અ.સ.)થી રિવાયત મળે છે કે મારા પછી ઇમામત મુસા અલ-કાઝીમ (અ.સ.)ની છે જે આપે ઘણા બધા આપના સહાબીઓની મૌજુદગીમાં ફરમાવ્યું હતુ. હું તેમાંથી થોડા નિચે મુજબ જણાવ છું.

- મુફઝ્ઝલ ઇબ્ને ઉમર જોઅફી (બહુજ ભરોસાપાત્ર વ્યક્તિ હતા)નું બયાન છે કે મેં ઇમામ અલ-સાદિક (અ.સ.)ને આપના પછી ઇમામ કોણ છે સવાલ કર્યો. ઇમામ (અ.સ.)એ જવાબમાં કહ્યું કે મારો ફરઝન્દ મૂસા છે.[૧૦૪]

- યઝીદ ઇબ્ને સુલૈત (બહુજ મુત્તકી અને પરેહઝગાર) ફરમાવે છેઃ હું ઇમામ જાફર અલ-સાદિક (અ.સ.) ને મક્કા તરફ જતી વખતે રસ્તામાં મુલાકાત કરી ત્યારે મેં કહ્યું કેઃ મારા મા-બાપ આપ પર ફિદા થઇ જાય, આપ ઇમામ છો, પણ કોઇ મૌતથી બચી નથી શકતુ, ખુદા-ન-ખાસ્તા આપને કાંઇ થઇ જાય તો પછી કોણ ઇમામ છે? ઇમામ (અ.સ.)એ પોતાના ફરઝન્દ મુસા તરફ નજર કરી અને ફરમાવ્યુઃ એમણી પાસે તમામ ઇલ્મની ખુબીઓ છે, તોફિક, સમજદારી, સખાવત, શરીઅતના તમામ ઇલ્મથી વાકેફ, ઉચ્ચ અખ્લાક, રહેમદિલ, અને રિશ્તેદારોથી ભલાઇ. એ રહેમો-કરમનો દરવાજો છે તે ઉપરાંત બીજી એક ખુબી બહુ જ ઉચ્ચ છે. રાવીએ સવાલ કર્યો કે તે શું છે? આપ (અ.સ.)એ જવાબ આપ્યો કે અલ્લાહ તેની નસ્સમાંથી એવાને પેદા કરશે જે આ ઉમ્મતનો મદદગાર અને પનાહ આપવા વાળો હશે, જે રાહે રાસ્તનો અલમદાર હશે, અને સમૃદ્ધ લાક્ષણિકતાવાલો વ્યક્તિ હશે. અલ્લાહ તઆલા એના ઝરીયે જીંદગીઓ બચાવશે, ફિત્ના ફસાદ અને લડાઇ-ઝગડાનો અંત લાવશે, તે ના-વસ્ત્રોને લુગડા (કપડા) પહેરાવશે, અને ભુખ્યાઓને ખાવાનુ આપશે. ખૌફો-ઝડા લોકોને સુકુન અને શાંતિ આપશે, રહેમતની વર્ષા થશે. તમામ ફરઝન્દોમાં તે સૌથી ઉત્તમ અને બુઝુર્ગ હશે, એમણા

[૧૦૪] નુકુશે ઇસ્મત, પાનુ ૬૧૧, હવાલોઃ બેહારૂલ અન્વાર, જી. ૧૧, પાનુ ૨૩૪; કમાલુદ્દીન વ તમામુન નેઅમહ, પાનુ ૨૦૩; કિતાબુલ ઇર્શાદ, પાનુ ૩૦૮

કલામ અને બયાન ફૈસલાકુન હશે અને એમણી ચુપકિદી હિકમતસભર હશે.[૧૦૫]

- દાઊદ ઇબ્ને કસીર રિવાયત કરે છેઃ એ કહે છે કે મેં ઇમામ અલ-સાદિક (અ.સ.)ને ક્હયું, યબ્ન રસુલુલ્લાહ, આપના પહેલાના બધા ગુજરી ગયા, અને અગર આપને કાંઇ થઇ જાય તો પછી અમે કોની ઇતાઅત કરીએ? (અથવા કોને રૂજુ કરીએ?) આપ (અ.સ.)એ ફરમાવ્યું કે મારા ફરઝન્દ મુસાને.[૧૦૬]
- ફૈઝ ઇબ્ને મુખ્તાર રિવાયત કરે છેઃ તે ઇમામ જાફર અલ-સાદિક (અ.સ.) પાસે મળવા આવ્યા અને ઇમામ મુસા અલ-કાઝીમ (અ.સ.)ના બારામાં ગુફતગુ કરવા લાગ્યા એટલામાં તેઓ ઘરમાં આવ્યા તો ઇમામ જાફર અલ-સાદિક (અ.સ.)એ ફરમાવ્યુઃ ઓ ફૈઝ, આ છે જેણા માટે તમે પુછતા હતા હવે તમે ઉભા થાવ અને એમના હક્ક ઇમામ હોવાના માટે ઇમામત કબુલ કરો. ફૈઝ ઉભા થયા અને એમણા હાથ અને પેશાનીને ચુમવા લાગ્યા અને પુછ્યુ કેઃ મૌલા હું શું આ બધી હકીકતને બીજા લોકો સુધી પહોંચાડુ? આપ (અ.સ.)એ જવાબમાં કહ્યું કે બેશક, તમે તમારા ઘરવાલાઓને અને દોસ્ત-બિરાદરોને ખબર કરી શકોછો, પણ યાદ રહે કે આ વાત લોકોમાં નહિ પહોંચવી જોઇએ કારણ કે સમય બહુ જ ખતરનાક છે અને હાલની હુકુમતો આ ઇલાહી હુજ્જતની તલાશમાં છે.[૧૦૭]
- ઇસા અલવી રિવાયત કરે છેઃ તે ઇમામ જાફર અલ-સાદિક (અ.સ.)ની મુલાકાત કરવા ગયા અને કહ્યું કે, ‘‘અગર ખુદા ન

---

૧૦૫ નુકુશે ઇસ્મત, પાનુ ૬૧૧, ૬૧૨ હવાલો બેહારૂલ અન્વાર, જી. ૧૧, પાનુ ૨૩૪; ઓયુન અલ-અખ્બાર અલ-રેઝા, જી. ૧, પાનુ ૨૩

૧૦૬ નુકુશે ઇસ્મત, પાનુ ૬૧૨, હવાલોઃ બેહારૂલ અન્વાર, જી. ૧૧, પાનુ ૨૩૩; ઓયુન-અલ-અખ્બાર અલ-રેઝા, જી. ૧, પાનુ ૧૫૬

૧૦૭ નુકુશે ઇસ્મત, પાનુ ૬૧૨, હવાલો બેહારૂલ અન્વાર, જી. ૧૧, પાનુ ૨૩૪; ઉસુલે કાફી, બસાએરૂદ દરજાત, જી. ૭, પારા નં. ૧૧, પાનુ ૯૬; કેતાબુલ ઇર્શાદ, પાનુ ૩૦૭

કરે કે આપને કાંઇ થાયતો આપ પછી ઇમામ કોણ હશે?'' ઇમામ (અ.સ.)એ ફરમાવ્યુ કેઃ ''મારો ફરઝન્દ મૂસા છે.''[૧૦૮]

- માઆદ ઇબ્ને કસીર રિવાયત કરે છેઃ તે ઇમામ જાફર અલ-સાદિક (અ.સ.) પાસે આવ્યા અને કહ્યું કેઃ હું અલ્લાહ તઆલા થી દુઆ કરૂ છું કે જેવી રીતે આપને આપના વાલિદે બુઝુર્ગવાર પછી જે મરતબો અને અઝમતના હકદાર બનાવ્યા છે તેવી જ રીતે આપની નસ્લમાં પણ કરાર આપે. ઇમામ (અ.સ.)એ ફરમાવ્યુંઃ ''અલ્લાહ તઆલાએ એને ક્યારનો પેદા કરી દીધો છે.'' અને એક નજર પોતાના દિકરા મુસા પર કરી, જે તે વખ્તે સુઇ રહ્યા હતા.[૧૦૯]
- મન્સુર ઇબ્ને હઝીમ રિવાયત કરે છેઃ તે ઇમામ (અ.સ.) પાસે આવ્યા અને કહ્યું કે કોઇ પણ કહી નથી શકતુ કે તે હમેશા જીવવાના છે, જો આપને કાંઇ થઇ જાય તો પછી ઇમામ કોણ હશે? ઇમામ (અ.સ.)એ ફરમાવ્યુંઃ આ મારા ફરઝન્દ મુસા (તે વખતે તેઓ ફકત પાંચ વર્ષના હતા.)[૧૧૦]
- સુલેમાન ઇબ્ને ખાલીદ રિવાયત કરે છેઃ તે ઇમામ જાફર અલ-સાદિક (અ.સ.) પાસે બીજા લોકોની સાથે બેસેલા હતા, એટલામાં મુસા અલ-કાઝીમ (અ.સ.) પધાર્યા ત્યારે ઇમામ જાફર અલ-સાદિક (અ.સ.)એ ફરમાવ્યુઃ જુઓ મારી પછી આ તમારા ઇમામ અને વલી છે.[૧૧૧]
- ઇસ્હાક ઇબ્ને જાફર રિવાયત કરે છેઃ તે કહે છે, હું મારા વાલીદ સાથે હતો ત્યારે ઇમરાન ઇબ્ને અલીએ ઇમામ અલ-સાદિક

---

૧૦૮ નુકુશે ઇસ્મત, પાનુ ૬૧૩, હવાલો ઊસુલે કાફી, જી. ૧, પાનુ ૩૦૯, બેહારૂલ અન્વાર, જી. ૧૧, પાનુ ૨૩૫; એઅલામુલ વરા, પાનુ ૨૮૮

૧૦૯ નુકુશે ઇસ્મત, પાનુ ૬૧૪, હવાલો ઊસુલે કાફી, જી. ૧, પાનુ ૩૦૮, અલ-ઇર્શાદ, બેહારૂલ અન્વાર

૧૧૦ નુકુશે ઇસ્મત, પાનુ ૬૧૪, હવાલો ઊસુલે કાફી, જી. ૧, પાનુ ૩૦૯, અલ-ઇર્શાદ, પાનુ ૩૦૮, બેહારૂલ અન્વાર, જી. ૧૧, પાનુ ૨૩૬

૧૧૧ ઇબિદ

(અ.સ.)ને પુછયુ કે આપના પછી ઇમામ કોણ છે? આપ (અ.સ.)એ ફરમાવ્યુ: સૌથી પહેલા આ કમરામાં જે દાખલ થશે, એટલામાંજ ઇમામ મુસા (અ.સ.) દાખલ થયા અને ત્યાં મજમામાં આવ્યા ત્યારે તે વખતે તેઓ બહુ જ નાની ઉમરના હતા.[૧૧૨]

- અલી ઇબ્ને જાફર રિવાયત કરે છેઃ તે ફરમાવે છેઃ મારા વાલીદ (ઇમામ અલ-સાદિક (અ.સ.) એ પોતાના સહાબીઓના સમુહમાં ફરમાવ્યું કેઃ મારા ફરઝન્દ મુસા સાથે બહુ સારી રીતે વર્તજો કારણ કે તે દુનિયામાં સર્વશ્રેષ્ઠ છે અને મારી પછી તે મારો જાનશીન અને વારસદાર છે.[૧૧૩]

- ઝોરારા ઇબ્ને આઅયોન રિવાયત કરે છેઃ તે ફરમાવે છેઃ હું ઇમામ જાફર અલ-સાદિક (અ.સ.) અને ઇમામ મુસા ઇબ્ને જાફર (અ.સ.) સાથે મૌજુદ હતો. ઇમામ જાફર અલ-સાદિક (અ.સ.)એ ફરમાવ્યુ: મારા સહાબીઓમાંથીહમરાન, અબુ બસીર અને દાઉદે રક્કીને બોલાવો. મેં બધાને બોલાવી લાવ્યો અને અચાનક મુફઝ્ઝલ ઇબ્ને ઉમર અને બીજા બધા સાહબીઓ પણ જમા થઇ ગયા. ઇમામ જાફર સાદિક (અ.સ.)એ ઇસ્માઇલના ચેહરા પરથી ચાદર હટાવીને પુછ્યુઃ ઓ દાઉદ, આ જીવતો છે કે મરી ગયો છે? તે બોલ્યા કે આ તો ગુજરી ગયા છે. તે પછી ઇમામ (અ.સ.)એ બધાને સાક્ષી (શાહેદ) બનાવ્યા અને તે પછી ગુસ્લ કફન ના એહકામ શરૂ કરાવ્યા. તે પછી ઇમામ (અ.સ.) એ પાછા બધાને સાક્ષી (શાહેદ) બનાવ્યા અને બધાને (ઇસ્માઇલનો ચહેરો બતાવ્યો કે જેઓ બધા ત્યાં મૌજુદ હતા, ક્હયું કે આ ઇસ્માઇલ છે જે ગુજરી ગયા છે. તે પછી તેઓ એને દફન કરવા માટે જણાવ્યુ, જ્યારે મય્યતને કબ્રમાં ઉતારવામાં આવ્યુ ત્યારે ઇમામ (અ.સ.)એ વળી પાછુ લોકોને ચેહરો બતાવ્યો અને પુછયુઃ આ કોણ છે જેને

---

૧૧૨ નુકુશે ઇસ્મત, પાનુ ૬૧૪, હવાલો કિતાબે ઇર્શાદ, પાનુ ૨૬૫, કશ્ફુલ ગુમ્મહ, પાનુ ૨૪૪

૧૧૩ નુકુશે ઇસ્મત, પાનુ ૨૧૫, હવાલો કિતાબે ઇર્શાદ, પાનુ ૩૧૦; બેહારૂલ અન્વાર, જી. ૧૧, પાનુ ૨૩૬

કબ્રમાં દફનાવવામાં આવે છે? બધા સાથમાં કહ્યું: આ ઇસ્માઇલ છે. ઇમામ (અ.સ.)એ પોતાના ફરઝન્દ મુસા નો હાથ પકડીને કહયું: આજ મારો ફરઝન્દ હકીકી ઇમામ છે અને હક્ક એની સાથે છે અને એની નસ્લમાં બાકી રહેશે.[૧૧૪]

- (મુસા અલ-સયકલ, રિવાયત કરે છે અલ-મુફઝ્ઝલ બિન ઉમર અલ-જોઅફીથી, રહેમ કરે અલ્લાહ તઆલા એના ઉપર) હું (અલ-મુફઝ્ઝલ બિન ઉમર અલ-જોઅફી) અબુ અબ્દિલ્લાહ (ઇમામ સાદિક (અ.સ.)) સાથે હતો. અબુ ઇબ્રાહીમ (ઇમામ અલ-કાઝિમ (અ.સ.)) ઘરમાં દાખલ થયા, જ્યારે તેઓ નાની વયના હતા. અબુ અબ્દિલ્લાહ (અ.સ.) એ ઇમામ મુસા (અ.સ.)ને ફરમાવ્યુ કે જેઓ પર તમે ભરોસો કરો છો તે તમારા સહાબિઓને બતાવી દો કે તમારા પાસે ક્યો અધિકાર છે.[૧૧૫]
- (અબુ અલી અલ-અરરજાની, અબ્દુર રહમાન બિન અલ-હજ્જાજથી રિવાયત કરે છે, તે ફરમાવે છે:) હું (એટલે અબ્દુર રહમાન બિન અલ-હજ્જાજ) જાફર બિન મોહમ્મદ (અ.સ.)ના ઘરે મુલાકાત માટે ગયો તેઓ પોતાના ઘરના ખાસ કમરામાં હતા જ્યાં તેઓ નમાઝ અને ઇબાદતમાં મશગુલ રહેતા. તેઓ ત્યાં નમાઝ પડતા હતા અને આપની જમણી તરફ પાછળ મુસા બિન જાફર (અ.સ.) પણ નમાઝમાં મશગુલ હતા. મેં કહ્યું, ''પરવરદિગાર મને આપનો ફિદયો કરાર આપે,'' પછી મેં કહ્યું કે ''આપ જાણો છો કે હું આપનો કેવો ચાહવાવાળો છું અને મારી જીંદગી આપના માટે નિછાવર કરી છે. આપના પછી (અમારો) કોણ આકા-મૌલા છે? (ઉલિલ અમ્ર)? આપે જવાબમાં ફરમાવ્યું: *''ઓ અબ્દુર રહમાન! મુસાએ (મારી) ઝીરાહ પેહરેલી અને તે બરાબર એને બંધબેસ્તી છે. તે પછી મને કોઇ વાતની જરૂરત*

---

[૧૧૪] નુકુશે ઇસ્મત, પાનુ ૨૧૫; બેહારૂલ અન્વાહ, જી. ૧૧, પાનુ ૨૩૮

[૧૧૫] કિતાબુલ ઇર્શાદ, પાનુ ૪૩૭ હવાલો: અલ-કાફી, જી. ૧, પાનુ ૩૦૮

*નથી.'*[૧૧૬]

- ઇબ્ને મિસ્કાન રિવાયત કરે છે જે સુલૈમાન બિન ખાલીદનુ બયાન ફરમાવે છેઃ તે કહે છેઃ અમે એક દિવસ અબુ અબ્દિલ્લાહ જાફર (અ.સ.) પાસે બેઠા હતા કે તેઓએ અબુલ હસન મુસા (અ.સ.) (ઇમામ કાઝિમ (અ.સ.)) ને આવાઝ આપી, તે પછી આપે અમને કહ્યું કે, *"આ તમારી જવાબદારી છે કે મારા પછી તમે બધા આ માણસની પયરવી કરો. ખુદાના કસમ આ તમારો વાલી અને મૌલા છે, જે મારા પછી થશે.'*[૧૧૭]
- મોહમ્મદ બિન અલ-વલીદ રિવાયત કરે છેઃ મેં સાંભળ્યુ અલી બિન જાફર બિન મોહમ્મદ અલ-સાદિક (અ.સ.)થી ફરમાવ્યુંઃ હું (એટલે અલી બિન જાફર) સાંભળ્યું મારા વાલીદ જાફર બિન મોહમ્મદ (અ.સ.)એ પોતાના બહુ જ ખાસ અસ્હાબોને ફરમાવ્યુંઃ *"તમે બધા મારા ફરઝન્દ મુસા (અ.સ.) સાથે નેકીથી વર્તાવ કરજો. મારા ફરઝન્દોમાં એ (મુસા (અ.સ.)) બહુ જ અફઝલ છે, અને મારા પછી તે વારસદાર થશે. એ મારા પછી (કાએમ) થશે, એ અલ્લાહ તઆલાની તમામ મખ્લુક પર હુજ્જત છે."* અલી બિન જાફર જીંદગી ભર પોતાના ભાઇ ઇમામ મુસા (અ.સ.)ના વફાદાર રહ્યા, એમની ઇતાઅત કરતા હતા અને તમામ ઇસ્લામી મઝહબી માલુમાત હાસિલ કરતા રહ્યા, એમની પાસે એક મશ્હુર કિતાબ "દીની શરીઅતી મસાએલની વિગતો" જે ઇમામ મુસા (અ.સ.) થી હાંસીલ કરી હતી.[૧૧૮]

## કેટલીક બાબતો જે વિચારવા લાયક છે

- કે ઘણા બધા મોઅતબર (ભરોસાપાત્ર) રાવીઓથી ઘણી બધી રિવાયતો મળે છે કે "ઇમામ જાફર અલ-સાદિક (અ.સ.)એ અનેક વાર જાહેર કર્યુ હતુ કે આપનો જાનશીન અને વારસદાર ઇમામ

---

૧૧૬ કિતાબુલ ઇર્શાદ, પાનુ ૪૩૭ હવાલોઃ અલ-કાફી, જી. ૧, પાનુ ૩૦૮
૧૧૭ કિતાબુલ ઇર્શાદ, પાનુ ૪૩૯ હવાલોઃ અલ-કાફી, જી. ૧, પાનુ ૩૧૦
૧૧૮ કિતાબુલ ઇર્શાદ, પાનુ ૪૩૯ અને ૪૪૦

અલ-કાઝિમ (અ.સ.) છે.''[૧૧૯]

- તો પછી સવાલ એ થાય છે કે કેમ પછી આવી કોઇ રિવાયત ઇસ્માઇલ કે મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ માટે નથી?

## ઇમામ મુસા અલ-કાઝિમ (અ.સ.) માટે શું ફરમાવવામાં આવ્યુ છે?

- તેઓ ઇમામ જાફર (અ.સ.)ના વારસદાર અને જાનશીન હતા તે ઉપરાંત ઇ્લમ, તકવા, ત્થા ઉચ્ચ કિરદાર સખાવતમાં આગળ પડતા હતા અને દરેક રીતે પોતાના વાલિદે બુઝુર્ગવારના વસી હતા.[૧૨૦]

- આપ (અ.સ.)ની લોકો બહુજ ઇઝઝત અને એહતેરામ કરતા હતા. કેમકે લોકોને ખબર પડી ગઇહતી કે આપ (અ.સ.) હકીકી માસુમ ઇમામ છો, આપ (અ.સ.) રાતોમાં ઇબાદત કરતા હતા અને દિવસોમાં રોઝા રાખતા હતા.[૧૨૧]

- તેઓ મુકદ્દસ, દિયાનતના બુલંદ મકામ પર હતા, મઅરેફતના નુર, હિદાયતના મરકઝ અને પરવરદિગારની રહેમતના દરવાઝા હતા, તેઓ લોકોમાં એટલો બધો રૂહાની પ્રભાવ પાડનારા થવા પામ્યા કે લોકોમાં મશહુર થઇ ગયા. તેઓ રાતોમાં ઇબાદત કરતા દિવસમાં રોઝો રાખતા અને ગરીબોમાં સખાવત કરતા. તેઓ ઇમામ તરીકે ઉમ્મતમાં મશહુર હતા, તેઓનો મરતબો, ઇલ્મ, અમલ, પરહેઝગારી, ફઝીલત, લિયાકત, કરમ, સખાવત, જવાંમર્દી, મુરવ્વત અને બધી નેક ખૂબીઓના માલીક હતા.[૧૨૨]

---

૧૧૯ નુકુશે ઇસ્મત, પાનુ ૬૧૬, હવાલોઃ ઇબ્ને હજરે મક્કી, પાનુ ૧૨૧

૧૨૦ નુકુશે ઇસ્મત, પાનુ ૬૧૬, હવાલોઃ તલ્હા શાફઇ, મતાલેબુસ્સોઉલ, પાનુ ૩૦૮

૧૨૧ નુકુશે ઇસ્મત, પાનુ ૬૧૬, હવાલોઃ અલ્લામા શિબ્લી, અન્વારૂલ અખબાર, પાનુ ૧૩૫

૧૨૨ નુકુશે ઇસ્મત, પાનુ ૬૧૬, હવાલોઃ ફોસુસુલ મોહિમ્મહ; અરજહુલ

- તેઓ બુઝુર્ગ આલીમ, ઇબાદતગુઝાર, પોતાના ઝમાનાના સૌથી મોટા સખી અને પાક રૂહના માલીક હતા.[૧૨૩]
- તેઓ આપ (અ.સ.)ના વાલિદ બુઝુર્ગવારના વસી તરીકે બહુ જ ઉચ્ચ અખ્લાક પેશ કર્યો તે ઉપરાંત ઇલ્મ અને માલુમાતના મરકઝ હતા અને ઉમ્મતના રેહબર હતા.[૧૨૪]

### થોડુ વિચારવા લાયક હકીકતો

- ફકત શીયા નહિ પણ એહલે સુન્નતના બુઝુર્ગ આલીમોએ પણ ઇમામ અલ-કાઝીમ (અ.સ.)ની તારીફ કરી છે અને માનભર્યા શબ્દોમાં યાદ ફરમાવેલ છે.
- શુ આવીજ રીતે ઇસ્માઇલી ઇમામો માટે બયાન કરવામાં આવે છે ?

## ઇમામ મુસા અલ-કાઝિમ (અ.સ.)ની ઇબાદત

- બીજા માસુમ ઇમામોની જેમ ઇમામ મુસા અલ-કાઝિમ (અ.સ.) પણ ઇબાદત માટે મશહુર હતા. ઇમામ (અ.સ.)ની જીંદગીનો મોટો સમય ૧૪ વર્ષ કેદખાનામાં વિત્યો હતો. આપ (અ.સ.) અલ્લાહ (સુ.વ.ત.)ના શુક્ર અદા કરતા હતા કે આપને એકાંતમાં સુકુનથી ઇબાદત કરવાનો મૌકો મળ્યો હતો, અને તે વખતની હુકુમતને આપના આ વહેવારથી બહુજ પરેશાની થતી અને વિચારવા માટે મજબુર થઇ જતી, કે આવા સખત મુસીબતો અને સંકટમાં પણ અલ્લાહ તઆલાનો શુક્ર અને ઇબાદતમાં મશગુલ રહેતા. આપ (અ.સ.)ની હાલત એ હતી કે નમાઝે સુબ્હ પછી જે સજદામાં માથુ મુક્તા તે નમાઝે ઝોહર-અસરના સમયે માથુ ઉપાડતા હતા. તેઓ એટલા બધા જાણીતા થઇ ગયા કે, ‘‘લાબોં

---

મતાલિબ, પાનુ ૪૫૧, ઇબ્ને સબ્બાગ માલેકી

૧૨૩ નુકુશે ઇસ્મત, પાનુ ૬૧૬, હવાલોઃ હુસૈન વાએઝ કાશેફી, રૌઝતુશ શોહદા, પાનુ ૪૩૨

૧૨૪ નુકુશે ઇસ્મત, પાનુ ૬૧૬ હવાલોઃ રૌઝતુલ અહબાબ

સીજદો કરવાવાળા ઇન્સાન'' અથવા ''અબ્દુસ્સાલેહ'' કહેરાવવા લાગ્યા હતા.[૧૨૫]

- હારૂન અલ-રશીદે ઘણા બધા તરીકા ઇખ્તેયાર કર્યા કે કોઇ પણ રીતે ઇમામ મુસા અલ-કાઝિમ (અ.સ.)ને ખતમ કરી નાખે પણ તેઓ બધા નાકામ રહ્યા, તેથી છેલ્લે એણે એકબહુ જ ખુબસુરત ઔરતને આપ (અ.સ.)ના કેદખાનામાં દાખલ કરી દીધી જેથી કરીને તે ઇમામ મુસા (અ.સ.)ને વ્યભિચાર માટે બદનામ કરી શકે. પણ જ્યારે કેદખાનાના પહેરેગીરોએ કૈદખાનામાં છુપીને નજર કરીતો જોયુ કે તે ઔરત પણ સજદામાં પડી છે અને ઇબાદતમાં મશ્ગુલ થઇ ગઇ હતી. જ્યારે તેણીને પુછવામાં આવ્યુ કે તમે જે કામ સોંપ્યુ હતુ તેનુ શું થયુ? ત્યારે પેલીએ જવાબ આપ્યો કે ''હું જ્યારે કેદખાનામાં દાખલ થઇ તો જોયુ કે ઇમામ (અ.સ.) તો દુઆઓમાં મશ્ગુલ છે અને ચારેબાજુથી દિવાલોમાંથી અવાજ આવતા હતા 'લબ્બૈક' (હું હાજર છું), તેથી મને એહસાસ થયો કે હવે પછી મને ઇબાદત કરવાનો આવો મૌકો હાસીલ નહિ થાય, હવે મને ફકત ઇબાદતમાં જ ખુશી અને સુકુન હાસિલ થાય છે.[૧૨૬]

- હારૂન અલ-રશીદે હુકમ કર્યો કે ઇમામ મુસા અલ-કાઝિમ (અ.સ.)ને કેદ કરીને બસરા લઇ જવામાં આવે, જ્યાં બસરાનો ગવરનર ઇસા ઇબ્ને જાફર ઇબ્ને અલ-મન્સુર હતો, એક વર્ષ પછી હારૂન અલ-રશીદે ઇસા ઇબ્ને જાફરને લખી મોકલ્યુ કે તે ઇમામ (અ.સ.)ને મારી નાખે, ઇસા ઇબ્ને જાફરે હારૂનને લખી મોકલ્યુ કેઃ મુસા ઇબ્ને જાફર ઘણા વખતથી મારા હિરાસત અને કૈદમાં છે. હું બહુ જ સારી રીતે સમજી ગયો છું કે એમણે અહિં રાખવાનો

---

૧૨૫ નુકુશે ઇસ્મત, પાનુ ૬૨૧, હવાલોઃ વસીલતુન-નજાત, પાનુ ૩૧૦, હવાલોઃ ફસલૂલ ખિતાબ, યનાબિઉલ મવદ્દહ, વિભાગ ૬૫, પાનુ ૩૨૧; શવાહેદુન નોબુવ્વહ, પાનુ ૧૯૪; નુરૂલ અબ્સાર, પાનુ ૧૩૫; ઇમામુલ વરા, પાનુ ૧૭૮; સવાનેહ મુસા કાઝીમ (અ.સ.), પાનુ ૮

૧૨૬ નુકુશે ઇસ્મત, પાના ૬૦૪, ૬૦૫ હવાલોઃ ઇબ્ને શહરે આશોબ

કોઇ મતલબ નથી કારણ કે મેં એમણી ઉપર જાસુસો રાખ્યા હતા પણ આટલા વર્ષમાં મને કોઇ પણ જાતની એવી માહિતી હાસીલ નથી થઇ કે તેઓ ઇબાદત અને દુઆઓ સિવાય કાંઇ કરતા હોય બલ્કે તેઓ યા તો ઇસ્તેગ્ફાર કરે છે યા અલ્લાહ તઆલાનો શુક્ર અને હમ્દો-સના કરે છે. મહેરબાની કરીને તુ કોઇને મોકલી આપ કે હું તેને સોંપી દઉ, નહિ તો હું એમણે (ઇમામ (અ.સ.)) અહિંથી આઝાદ કરીને છોડી દઇશ. મને એમણે અહિં રોકી રાખવામાં બહુ જ પરેસાની થાય છે. ઇસા ઇબ્ને જાફરના એક જાસુસે ખબર આપી કે તેઓ (ઇમામ (અ.સ.)) હમેશા દુઆમાં ફરમાવે છેઃ યા અલ્લાહ! તુ જાણે છે કે હું હમેશા તારી પાસે યાચના કરતો હતો કે મને તારી ઇબાદત કરવા માટે એક સુકુન અને શાંતિવાળી જગ્યા એનાયત કરી દે, અને યા અલ્લાહ! તુએ એવુ જ કર્યુ છે, અને હું તારો શુક્ર કરૂ છું. આ બધા સમાચાર મળ્યા પછી હારૂન અલ-રશીદ ઇસા ઇબ્ને જાફરને ખબર મોકલી કે ઇમામ અલ-કાઝિમ (અ.સ.) ને બગદાદ રવાના કરવામાં આવે અને અલ-ફઝ્લ ઇબ્ને રબીઅને સોપવામાં આવે.[૧૨૭]

## હવે થોડુ વિચારવા જેવી બાબતો છે

- માસુમ ઇમામ (અ.સ.) કૈદખાનામાં રહીને પણ કેટલી બધી ઇબાદત કરતા હતા.
- આ હાકીમો ઇમામ (અ.સ.) પાછળ કેમ પડી ગયા? અને તે લોકોને શાનો ખૌફ હતો ?
- બધા મળીને કુલ ૧૪ વર્ષ ઇમામ અલ-કાઝિમ (અ.સ.) કૈદખાનામાં રહ્યા હતા.
- છે કોઇ ઇસ્માઇલી ઇમામ કે જે આવી રીતે પણ ઇબાદત કરી હોય ?

---

૧૨૭ કિતાબુલ ઇરિશાદ, અલ-મુફીદ, પાનુ ૪૫૪

## રોજની રોઝી માટે મશક્કત

એહલેબૈત (અ.સ.)ના ઇમામો પોતાની રોઝી-રોટી માટે મહેનત કરતા હતા. દાખલા તરીકે ઇમામ જાફર અલ-સાદિક (અ.સ.) પોતાના ખેતરમાં કામ કરતા હતા. અબુ ઉમર અલ-શયબાનીથી રિવાયત છે કેઃ મેં જોયુ કે અબી અબ્દિલ્લાહ (જાફર અલ-સાદિક) (અ.સ.) પોતાના હાથમાં એક કોદાળી (તિકમ) શરીર પર ખદ્દરના કપડા અને પસીનાથી રેબઝેબ થઇ ઉભા હતા. હું આપને કહ્યુંઃ હુ આપનો ફિદયો થઇ જાઉ, શું હું આપની મદદ કરૂ? આપ (અ.સ.) એ જવાબમાં ફરમાવ્યું, હું ચાહું છું કે માણસ સૂરજની ગરમીમાં પોતાની રોઝી-રોટી માટે મશક્કત અને મહેનત કરે.[૧૨૮]

ઇમામ અલ-કાઝિમ (અ.સ.) પણ પોતાની રોઝી-રોટી માટે મહેનત કરતા હતા. અલ-હસન બિન અલી બિન હમઝા રિવાયત કરે છે, તે ફરમાવે છેઃ ''મેં જોયુ કે અબી અલ-હસન મુસા (ઇમામ અલ-કાઝિમ (અ.સ.)) પોતાની જમીન પર કામ કરી રહ્યા હતા. એમણા પગ પસીનામાં ડુબા હતા, તેથી મેં આપને પુછયું કેશું હું આપનો ફિદયો થઇ જાઉં, આપની મદદ કરૂં? આપે ફરમાવ્યુઃ અલી, જે મારાથી અને મારા વાલીદથી બેહતર કોણ છે તે પોતાના હાથથી કામ કર્યુ હતુ? અલ-હસન તાજ્જુબ થઇ ગયો અને પુછયુ કે તે હસ્તી કોણ છે? આપ (અ.સ.)એ જવાબ આપ્યોઃ અલ્લાહના પયગમ્બર (સ.અ.વ.વ.) અમીરૂલ મોમેનીન (ઇમામ અલી) અને તમામ મારા બાપ-દાદા પોતાના હાથથી કામ કર્યુ છે. મહેનત-મશક્કત કરવુ પયગમ્બરો, રસુલો અને નેક લોકોનુ કામ છે.[૧૨૯]

### થોડુ વિચારવા લાયક છે

- હકીકી ઇમામો ખુબ મેહનત કરતા પોતાની રોઝી માટે, અને એવી રીતે મહેનત કરવા માટે ગર્વ લેતા. (તો) એવા કોઇ કિસ્સા-કહાનીઓ ઇસ્માઇલી / ફાતેમી ઇમામ માટે પણ મળે છે?

---

૧૨૮ અલ-આમાલ વ હુકુકુલ આમિલ ફિલ ઇસ્લામ, પાનુ ૧૩૫

૧૨૯ મન-લા-યહઝોરોહુલ ફકિહ, જી. ૩, પાનુ ૫૩

# ઇમામ મુસા ઇબ્ને જાફર (અ.સ.)ની જીંદગીના થોડા વાકેઆતો

## વાકેઓ નં. ૧

બધા માસુમ ઇમામોએ પોતાની જીંદગીમાં પોતાના બેહતરીન અખ્લાક પેશ કર્યા છે. અલ્લામા હિલ્લી પોતાની કિતાબ ''મિન્હાજુલ કુરઆન''માં રિવાયત કરે છે, જ્યારે ઇમામ મુસા અલ-કાઝિમ (અ.સ.) બગદાદમાં હતા ત્યારે આપ (અ.સ.) એક આલીશાન મકાન પાસેથી પસાર થઇ રહ્યા હતા તો મકાનમાંથી નાચગાયન અને સંગીતનો અવાજ આવી રહ્યો હતો, ત્યાંજ દરવાજામાં એક કનીજ (નોકરાની) કચરો વગેરે ફેંકવા માટે બહાર આવી તો ઇમામ અલ-કાઝિમ (અ.સ.) એ તે બાઇને પુછયુઃ આ મકાનનો માલિક કોણ છે? એ ગુલામ છે કે આઝાદ છે? પેલી બાઇ બોલીઃ મકાન માલિક આઝાદ છે. ત્યારે ઇમામ (અ.સ.)એ તેણીને કહ્યું કે ખરેખર જો ગુલામ હોતે તો પોતાના આકા મૌલાની ઇતાઅત કરતે. આટલુ બોલીને ઇમામ (અ.સ.) ત્યાંથી ચાલી ગયા. આ કનીઝ જ્યારે ઘરમાં પાછી ગઇ તો બુશ્ર - જે મકાન માલિક હતો તે કનીઝ ને પુછવા લાગ્યો કે આટલી બધી વાર કેમ લાગી, આટલો સમય કચરો ફેંકવામાં શું કરતી હતી? ત્યારે પેલી કનીઝ બધી વાત સમજાવીને બોલી. બુશ્ર આ બધી વાત સાંભળીને ઇમામ (અ.સ.)ના શબ્દોનો એટલો અસર થયો કે ખુલ્લા પગે, જોડા પહેર્યા વગર ઇમામ (અ.સ.)ને રસ્તામાં રોકીને સાચા દિલથી માફી માંગી અને આજીજી કરી કે એના માટે દુઆ કરે કે અલ્લાહ તઆલા એને માફ કરી દે. આ વાકેઆથી બુશ્ર પર એટલો અસર થયો કે જીંદગીભર ખુલ્લા પગે રસ્તામાં અને ગલીઓમાં ફરતા રહેતા, તેથી તેમનુ નામ બુશ્રે હાફી એટલે ઉઘાડા પગે ચાલવાવાળો. તે પછી તો એ એક મુત્તકી અને પરહેઝગાર મોમીન બની ગયો. ઇમામ (અ.સ.)ના થોડા શબ્દોએ એક માણસની જીંદગી કેવી રીતે બદલી નાખી.[૧૩૦]

---

૧૩૦ નુકુશે ઇસ્મત, પાનુ ૬૧૯, હવાલોઃ અલ-કુના વલ અલ્કાબ, જી. ૨, પાનુ ૧૬૮

## થોડુ વિચારવા જેવુ

- હકીકી અને અલ્લાહ તરફથી જે ઇમામો મુકર્રર થયા છે તેઓનો મકસદ તો લોકોને હિદાયત કરવૂ અને એ લોકો ક્યારેય પણ દુનિયાની એશો-ઇશરતની જીંદગીનો વિચાર સુદ્ધા નહિ કર્યો.
- એક હકીકી અને ઇલાહી તરફથી નુમાઇન્દા ઇમામ લોકોને હિદાયત કરવાના અનેક તરીકાથી હિદાયત કરે છે. ઇમામ (અ.સ.)એ કેટલો સારો તરીકો ઇખ્તેયાર કર્યો હતો. બુશ્ર હાફીને હિદાયત કરવા માટે.
- ઇસ્માઇલી કે ફાતેમી ઇમામોના આવા કોઇ વાકેઆત મળે છે કે લોકોને હિદાયત કર્યા હોય ?

## વાકેઆ નં. ૨

એક દિવસ હારૂન અલ-રશીદ મદીનામાં હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.)ની કબ્ર મુબારક પર ઝિયારત કરવા આવ્યો, અને કહેવા લાગ્યોઃ ઓ મારા કાકાના ફરઝન્દ આપ પર મારા સલામ હોજો, હારૂન અલ-રશીદની આજુબાજુમાં જે લોકો ઉભા હતા તે બધા પર પ્રભાવ પડયો અને અસર થયો કે તે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.)ના ખાનદાનનો છે. એટલામાં જ ત્યાં ઇમામ મુસા અલ-કાઝિમ (અ.સ.) ઝિયારત માટે આવી ગયા અને ફરમાવ્યુંઃ ઓ મારા વાલીદે બુઝુર્ગવાર આપ પર સલામ. આ સાંભળીને હારૂન રશીદ બહુ જ પરેશાન થઇ ગયો અને કહેવા લાગ્યો કે તમે કેવી રીતે રસુલે ખુદા (સ.અ.વ.વ.)ના ફરઝન્દ થઇ ગયા જ્યારે કે તમે તો અલી (અ.સ.) અને ફાતેમા (સ.અ.)ના ફરઝન્દ છો. કેમકે ફાતેમા તો રસુલેખુદા (સ.અ.વ.વ.)ના દિકરી હતા. ઇમામ મુસા અલ-કાઝિમ (અ.સ.) કુરઆનેમજીદની સુરતુલ અન્આમની આયત ૮૩-૮૫ તિલાવત કરીઃ

وَتِلْكَ حُجَّتُنَآ اٰتَيْنٰهَآ اِبْرٰهِيْمَ عَلٰى قَوْمِهٖ ؕ نَرْفَعُ دَرَجٰتٍ
مَّنْ نَّشَآءُ ؕ اِنَّ رَبَّكَ حَكِيْمٌ عَلِيْمٌ ﴿۸۳﴾

**અને આ અમારી દલીલ હતી જે અમોએ ઇબ્રાહીમને તેની**

**કોમની વિરૂદ્ધ અર્પણ કરી હતી, અમે ચાહીએ છીએ તેના દરજ્જા વધારી દઇએ છીએ, બેશક તારો પરવરદિગાર મહાન હિકમતવાળો (અને) જ્ઞાની છે.**[૧૩૧]

وَوَهَبْنَا لَهٗٓ اِسْحٰقَ وَيَعْقُوْبَ ؕ كُلًّا هَدَيْنَا ۚ وَنُوْحًا هَدَيْنَا مِنْ قَبْلُ وَمِنْ ذُرِّيَّتِهٖ دَاوٗدَ وَسُلَيْمٰنَ وَاَيُّوْبَ وَيُوْسُفَ وَمُوْسٰى وَهٰرُوْنَ ؕ وَكَذٰلِكَ نَجْزِى الْمُحْسِنِيْنَ ﴿۸۴﴾

**અને અમોએ તેને ઇસ્હાક તથા યાકુબ અર્પણ કર્યા; (અને તે) દરેકને સીધો માર્ગ દેખાડયો, અને નૂહને પણ તે પહેલાં સન્માર્ગ દેખાડયો હતો, અને તેની ઓલાદમાંથી દાઉદ તથા મુસા અને હારૂનને પણ, અને અમે નેકી કરનારાઓને એવીજ રીતે સારો બદલો આપ્યા કરીએ છીએ.**[૧૩૨]

وَزَكَرِيَّا وَيَحْيٰى وَعِيْسٰى وَاِلْيَاسَ ؕ كُلٌّ مِّنَ الصّٰلِحِيْنَ ﴿۸۵﴾

**અને ઝકરીયા તથા યહ્યા તથા ઇસા તથા ઇલ્યાસને (સન્માર્ગ દેખાડયો હતો); તેઓમાંથી દરેક સદાચારીઓ માંહેના હતા.**[૧૩૩]

અને આ બધી આયતોની તિલાવત પછી, ઇમામ કાઝિમ (અ.સ.)એ હારૂનને પુછયુ, ‘‘હઝરત ઇસા (અ.સ.)ના વાલિદ કોણ?’’ તે પછી આગળ કહ્યું, ‘‘ઇસા (અ.સ.)ને પયગમ્બરની નસલથી માનવામાં આવે છે આપની માતા મરયમ, એવીજ રીતે અમે પણ હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.)ની ઔલાદમાંથી માનવામાં આવીએ છે અમારી વાલેદા હઝરત ફાતેમા (સ.અ.). (આ આયતો મુતાબિક હઝરત ઇસા (અ.સ.), નૂહ (અ.સ.)ના ફરઝન્દ છે, પણ હઝરત ઇસા (અ.સ.), જનાબે મરયમ

૧૩૧ સૂરેહ અન્આમ (૬): આયત ૮૩
૧૩૨ સૂરેહ અન્આમ (૬): આયત ૮૪
૧૩૩ સૂરેહ અન્આમ (૬): આયત ૮૫

(સ.અ.)ના ફરઝન્દ છે જેઓ મોઅજિઝાથી બાપ વગર પેદા થયા અને કુરઆન પ્રમાણે ઇસા (અ.સ.), હઝરત નૂહ (અ.સ.)ની નસ્લથી છે.)

ઇમામ અલ-કાઝિમ (અ.સ.)તે પછી કુરઆનની આયત ૬૧, સુરેહ આલે ઇમરાનથી ફરમાવ્યુ:

فَمَنْ حَآجَّكَ فِيْهِ مِنْۢ بَعْدِ مَا جَآءَكَ مِنَ الْعِلْمِ فَقُلْ
تَعَالَوْا نَدْعُ اَبْنَآءَنَا وَاَبْنَآءَكُمْ وَنِسَآءَنَا وَنِسَآءَكُمْ
وَاَنْفُسَنَا وَاَنْفُسَكُمْ ۣ ثُمَّ نَبْتَهِلْ فَنَجْعَلْ لَّعْنَتَ اللّٰهِ
عَلَى الْكٰذِبِيْنَ ۝۶۱

**તથાપિ તે (ઇસા) વિષે જે જ્ઞાન તને મળી ચૂકયુ છે તે પછી પણ જે કોઇ તારી સાથે તે (ઇસા)ના સંબંધમાં તકરાર કરે તો તું કહે કે આવો અમે અમારા પુત્રોને બોલાવીએ અને તમે તમારા પુત્રોને બોલાવો અને અમે અમારી બેટીઓને બોલાવીએ અને તમે તમારી બેટીઓને (બોલાવો) અને અમે પોતાના નિકટનાઓને બોલાવીએ તથા તમે તમારા નિકટનાઓને બોલાવો, પછી આપણે (અલ્લાહ પાસે) કરગરીને દુઆ કરીએ અને જુઠ્ઠુ બોલનાર પર અલ્લાહની ફિટકાર કરીએ. (હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.)એ જ્યારે ઇસાઇઓ સાથે મુબાહેલહ (મુકાબલો) થયો ત્યારે ઇમામ હસન (અ.સ.) અને ઇમામ હુસૈન (અ.સ.)ને પોતાના ફરઝન્દો તરીકે લઇ ગયા હતા.)**[૧૩૪]

ઉપરની આયતો બયાન કર્યા પછી ઇમામ અલ-કાઝિમ (અ.સ.)એ હારૂનને પુછયુ: અગર જો હમણા પયગમ્બર (સ.અ.વ.વ.) તશરીફ લાવે અને તારી દિકરીની હાથની માંગણી કરે તો શું તુ તારી દિકરીનો હાથ પયગમ્બર (સ.અ.વ.વ.) સાથે શાદી કરાવી દે ? હારૂને જવાબ આપ્યો:

---

૧૩૪ સૂરેહ આલે ઇમરાન (૩): આયત ૬૧

''અલ્હમ્દો લિલ્લાહ! હું શા માટે આપ (સ.અ.વ.વ.)ની માંગણીનો ઇન્કાર કરૂં? બેશક મારી ઇજ્જત તમામ આરબોમાં વધી જશે, તથા બિન-અરબો અને કુરેશોમાં પણ વધી જશે.'' પણ ઇમામ (અ.સ.)એ કહ્યું કે, ''તેઓ (પયગમ્બર (સ.અ.વ.વ.)) મારી દિકરી માટે આવી માંગણી શાદી માટે નહિ કરે, અને હું પણ શાદી માટે નહિ આપુ.'' કારણ કે આપ (સ.અ.વ.વ.) મારા જદ-અમજદ છે અને હું આપની નસ્લમાંથી છુ, તેથી મારી દિકરી આપ (સ.અ.વ.વ.) માટે મેહરમ છે કારણ કે તે પણ એમણી નસ્લમાંથી છે.[૧૩૫]

### થોડાક સવાલો વિચારવા લાયક

- હકીકી ઇમામો ઘણા બધા વાકેઆતમાં સવાલોના જવાબો આપવામાં કુરઆનની આયતોથી કામ લેતા હતા. તો શું ઇસ્માઇલી / ફાતેમી ઇમામોએ ક્યારેય પણ આવી રીતે મુશ્કેલાત આસાન કરી છે?
- હકીકી ઇમામો ક્યારે પણ હક્ક અને સાચી વાત કરવામાં ડરતા નહિ હતા પછી ભલે સામે ઝાલીમ ખલીફા હોય.
- હકીકી ઇમામોના જવાબો હમેશા હિક્મતથી ભરપુર અને અર્થસભર હોતા હતા. શું ઇસ્માઇલી / ફાતેમી ઇમામોના આવા કોઇ એક પણ બયાન કે વાકેઆત મળે છે?

## ઇમામ મુસા અલ-કાઝિમ (અ.સ.)ના બયાનો (હદીસો)

- લોકોના સાથે નેકી અને મોહબ્બત અર્ધી અકદમંદી છે.[૧૩૬]
- જે કોઇ અલ્લાહ તઆલા પર ભરોસો કરશે તે લોકોમાં સૌથી વધારે તાકતવર બનશે.[૧૩૭]

---

૧૩૫ ઓયુન અખ્બાર અલ-રેઝા, જી. ૧, પાનુ ૮૧; એહતેજાજ અલ-તબરસી, જી. ૨, પાનુ ૩૮૯; બેહારૂલ અન્વાર, જી. ૪૮, પાનુ ૧૨૫

૧૩૬ તોહફુલ ઓકૂલ, પાનુ ૪૨૫

૧૩૭ બેહારૂલ અનવાર, જી. ૭૧, પાનુ ૧૪૩

- એ (શખ્સ) અમારામાંથી નથી જે રોજ પોતાના નફસને નથી ઓળખતો, અગર એ કોઇ નેક કામ કરે છે અલ્લાહ ની ખુશ્નુદી માટે તો અલ્લાહથી દુઆ કરે છે કે તેના સવાબ માં વધારો કરી આપે, અને અગર તે કોઇ ગલત કામ કરે છે તો પછી અલ્લાહથી માફી માંગે છે અને પછતાય છે.[૧૩૮]
- ગુસ્સો હરેક બુરાઇની ચાવી (કુંજી) છે.[૧૩૯]
- જે કોઇ પણ દુઆ માંગે છે, અલ્લાહ તઆલાની હમ્દો સના વગર અને હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.) પર સલવાત મોકલ્યા વગર, તો જાણે એમ છે કે તે કમાન વગર તીર ફેંકે છે.[૧૪૦]
- જે કોઇ પોતાના મા-બાપને નારાજ કરે છે તો એ લોકો (મા-બાપ)નો નાશુક્રો કહેવાશે.[૧૪૧]
- જ્યારે જ્યારે લોકો નવા નવા ગુનાહ કરે છે જે પહેલા નહિ કર્યા હતા ત્યારે અલ્લાહ તઆલા એ લોકો ને નવી બલા-મુસીબતોમાં મુબ્તેલા કરી દે છે જે તેઓએ ક્યારે પણ વિચાર્યુ ન હોય.[૧૪૨]
- તમારી મદદ કમજોર લોકોને આપવાથી સૌથી મોટી સખાવત છે.[૧૪૩]
- અલ્લાહતઅલા પર વિશ્વાસ (ભરોસો)માં પણ દરજ્જા (ગુણવત્તા) હોય છે, તેમાંથી એક છે કે તમે તમારી દરેક બાબતમાં એના પર ભરોસો કરો, અને તે જે કાંઇ પણ તમારા માટે કરે તેનાથી રાજી રહો, અને યાદ રહે કે તે તમારા માટે કાંઇ પણ નેકી અને મહેરબાની કરવામાં અચકાતો નથી, તો તમે તમારા દરેક

---

૧૩૮ ઉસુલે કાફી, જી. ૪, પાનુ ૧૯૧
૧૩૯ તોહફુલ ઓકૂલ, પાનુ ૪૧૬
૧૪૦ તોહફુલ ઓકૂલ, પાનુ ૪૨૫
૧૪૧ તોહફુલ ઓકૂલ, પાનુ ૪૨૫
૧૪૨ તોહફુલ ઓકૂલ, પાનુ ૪૩૪
૧૪૩ તોહફુલ ઓકૂલ, પાનુ ૪૩૭

બાબતમાં એની ઇચ્છાને સ્વીકાર કરો અને ભરોસો કરો.[૧૪૪]

- દરેક માણસ જે હલાલ રોઝી માટે ઇમાનદારીથી મહેનત મશક્કત કરે છે તે એવો છે જાણે અલ્લાહની રાહમાં જેહાદ કરે છે.[૧૪૫]
- જો તમારા હાથમાં અખરોટ હોય અને લોકો કહે કે તે મોતી છે, તો એ લોકોના કહેવાથી તમને કોઇ લાભ મળવાનો નથી કેમકે તમે સારી રીતે જાણો છો કે તમારી પાસે અખરોટ છે. અગર જો તમારા હાથમાં મોતી હોય અને લોકો કહેકે તે અખરોટ છે તો પણ તમને કાંઇ નુક્શાન થવાનુ નથી કારણ કે તમે સારી રીતે જાણો છો કે તમારી પાસે મોતી છે.[૧૪૬]
- એ હકીકત છે કે નરમ અને એક સરખી જમીનમાં જ ખેતી થાય છે અને ઉભો પાક થાય છે જ્યારે કે સખ્ત અને પથરેલી જમીનમાં નથી થતી, એવીજ રીતે તૌફિક (અક્લમંદી) વધે છે અને આગળ તરક્કી કરે છે નમ્ર અને સાફ હૃદય (દિલ)માં અને ગુરૂર (ઘમંડ) અને અહંકારી (દિલ)માં ક્યારેય પણ તૌફિક નહિ આવે.[૧૪૭]

### થોડુક વિચારવા લાયક

- હકીકી ઇમામોની હદિસો ઇલ્મ અને હિકમતથી ભરપુર હોય છે. ઇસ્માઇલી / ફાતેમી ઇમામોની આવી કોઇ પણ હદિસો છે? (૧૪૭)

## ઇમામ અલી ઇબ્ને મુસા અલ-રેઝા[૧૪૮] (અ.સ.) - શહાદત: ૮૧૮

હઝરત ઇમામ અલ કાઝિમ (અ.સ.)ના ફરઝન્દ ઇમામ અલ-રેઝા (અ.સ.) હતા, તેઓ ૧૪૮ હિજરીમાં પેદા થયા હતા. તેઓ

---

૧૪૪ અલ-કાફી જી. ૨, પાનુ ૬૫
૧૪૫ બેહારૂલ અનવાર, જી. ૧૦૩, પાનુ ૪
૧૪૬ તોહફુલ ઓકૂલ, પાનુ ૩૮૩
૧૪૭ તોહફુલ ઓકૂલ, પાનુ ૩૯૫
૧૪૮ રેઝાઃ અરબી અને ફારસી ઝબાન પ્રમાણે ઉચ્ચાર થાય છે.

ઇસ્નાઅશરીઓના ૮માં ઇમામ છે.

## આપ (અ.સ.)ની કુનિય્યત

અલ-રેઝાઃ આપની શોહરત અલ-રેઝા તરીકે છે કારણ કે તેઓ અલ્લાહ (સ.વ.ત.)ની ખુશનુદી હતા. અલ-બઝન્તીએ ઇમામ અલ-જવાદ (અ.સ.)થી સવાલ કર્યોઃ શું આપના દાદ-પરદાદા (અ.સ.) અને હઝરત પયગમ્બરે ખુદા (સ.અ.વ.વ.)એ બધા અલ્લાહ તઆલાના ખુશનુદી (રિઝા) નહિ હતા? ઇમામ અલ-જવાદ (અ.સ.)એ જવાબ આપ્યો, હા હતા. અલ-બઝન્તીએ વળી પાછુ પુછયુઃ તો પછી શા માટે આપના વાલિદને અલ-રેઝાની કુનિય્યત મળી? ઇમામ (અ.સ.)એ જવાબ આપ્યોઃ કારણ કે આપના મુખાલીફ દુશ્મનો અને આપના ચાહવાવાળા અનુયાયીઓ બન્ને આપ (અ.સ.)થી રાઝી હતા. જે આવુ પહેલા અમારા જદ્દ અને દાદા-પરદાદાઓ સાથે આવુ નથી થયુ, તેથી આપ (અ.સ.) ને અલ-રેઝા કહેવામાં આવે છે.[૧૪૯]

ઇમામ અલી ઇબ્ને મુસા અલ-રેઝા (અ.સ.)ની બીજી કુનિય્યતોઃ અલ-સાબીર (સબ્ર કરનાર), અલ-ઝકી (પાક-પવિત્ર), અલ-વફી (વફાદાર), સિરાજુલ્લાહ (અલ્લાહ ના દીવો), કુર્રતુલ અય્નુલ મોમેનીન (મોમેનીનની આંખની ખુશી), અલ-સિદ્દિક (સત્યવાદી) અને અલ-ફાઝિલ (પોતાના જમાનાના તમામ લોકોમાં સૌથી મોટી ફઝીલતવાળા).[૧૫૦]

ઇમામ અલ-રૈઝા (અ.સ.)ની એક મશહુર કુનિય્યત અબુલ હસન છે જે આપના વાલિદેગિરામી ઇમામ મુસા અલ-કાઝિમ (અ.સ.)એ આપી હતી. આપ (અ.સ.)એ અલી બિન યકતિનને ફરમાવ્યુઃ ઓ અલી આ મારો ફરઝન્દ કહીને ઇમામ અલ રિઝા (અ.સ.) તરફ ઇશારો કર્યો, કે મારા ફરઝન્દોનો ઉસ્તાદ છે અને મેં તેણે મારી કુનિય્યત અતા કરી છે.

---

૧૪૯ અલ-કરશી, બાકીર શરીફ, લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મુસા અલ-રેઝા, પાનુ ૬૪

૧૫૦ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાના ૬૪-૬૬

ઇમામ અલ-રેઝા (અ.સ.)ને અબુલ હસનની કુનિય્યત મળી હતી. હવે આ કુનિય્યત બન્ને વચ્ચે એકજ હતી તેથી ઇમામ અલ-કાઝિમ (અ.સ.)ને અબુલ હસને અવ્વલ, અને ઇમામ અલ-રેઝા (અ.સ.)ને અબુલ હસને સાની, જેથી કે લોકોને પહેચાન થાય બન્ને વચ્ચે.[૧૫૧]

## ઇમામ અલ-રેઝા (અ.સ.)ના માટે શું બયાન થયુ છે

### ઇબ્રાહિમ બિન અલ-અબ્બાસ અલ-સવલિ

એ એક સર્જનાત્મક લેખક અને મશહુર કવિ એ કહ્યુ કેઃ મેં ક્યારે પણ નથી જોયુ કે નથી સાંભળ્યુ કોઇના માટે કે જે અબુલ હસન અલ-રેઝા (અ.સ.)થી વધીને ફઝિલતવાળો હોય. અગર કોઇ એમ કહે કે તેમના કરતા વધીને છે તો તે વાત ક્યારે પણ માનશો નહિ.

ઇમામ (અ.સ.) બહુ જ ઉચ્ચ ફઝિલત અને અકલમંદી ના નમુના હતા. આપ (અ.સ.)ના જમાનામાં આપ જેવુ કોઇ પણ નહિ હતુ. ઇસ્લામી દુનિયામાં ઉચ્ચ અખ્લાક અને ઉચ્ચ વિચારનો વિશાળ સ્તંભ હતા.[૧૫૨]

### અબુ અલ-સલ્ત અલ-હરવી

અબુસ સલ્ત ''અબ્દુસ સલામ અલ-હરવી, કે જેઓ પોતાના સમયના એક જણીતા અને આદરમય વ્યક્તિ હતા. તેઓ કહે છેઃ મેં ક્યારે પણ અલી બિન મુસા અલ-રેઝા (અ.સ.) કરતા વધારે આલીમને જોયા નથી. જ્યારે પણ કોઇ આલીમ એમણે જોતા ત્યારે ગવાહી આપતા હતા કે જેમ હું ગવાહી આપુ છુ. અલ-મામુન રશીદે એક દિવસ જુદા-જુદા દેશો અને શહેરોમાંથી ઘણા બધા જુદા-જુદા મઝહબના આલિમો, ફાઝિલો, ઇસ્લામી કવાનિનના કાઝીઓ, ફિક્હી મરજાઓ અને મોહદ્દિસોને પોતાના દરબારમાં ભેગા કર્યા કે ઇમામ રિઝા (અ.સ.) સાથે મુનાઝેરો (વાદવિવાદ કે ચર્ચા) કરવા માટે. ઇમામ રિઝા (અ.સ.)એ બધા પર સરસાઇ હાસિલ કરી અને એ હદ સુધી કે તેઓ બધા ઇમામ (અ.સ.)ની

---

૧૫૧ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૬૭, હવાલો બેહારૂલ અન્વાર, જી. ૧૨, પાના ૩,૪

૧૫૨ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૦૬

કાબેલિયત અને ઇલ્મ અને જાણકારીને તસ્લીમ કરીને સંતોષ જાહેર કર્યો.

આપ (અ.સ.)નુ ઇલ્મ અને વૈજ્ઞાનિક ક્ષમતા જાહેર કરે છે કે આપ (અ.સ.)એ જમાનાના સૌથી ઉચ્ચ કક્ષાના આલીમ અને ફઝીલતવાળા હતા. આ આપણે જોઇ શકીએ છે કે જ્યારે અલ-મામુને પોતાના મહેલમાં તમામ મોટા આલીમોને અનેક દેશોમાંથી અને શહેરોમાંથી ભેગા કર્યા, કે જેથી ઇમામ (અ.સ.) સાથે મુનાઝેરો (વાદવિવાદ કે ચર્ચા) કરી પરિક્ષા લેવામાં આવે અને સખ્ત સવાલો કરવામાં આવે પણ ઇમામ (અ.સ.)એ સવાલોના જવાબો બહુજ આસાનીથી અને કુશળતાથી જવાબો આપ્યા. તમામ આલીમો ઇમામ (અ.સ.)ની કાબેલિયતની તારીફ કરી અને પોતાની કમજોરીની કબુલાત કરી.[૧૫૩]

## અલ-રજા બિન અબુ અલ-ઝહાક

આ એક મિલિટરી કમાન્ડર હતો, તે કહે છેઃ અલ્લાહની કસમ, મેં ક્યારે પણ આપ (અ.સ.)થી વધીને કોઇને અલ્લાહની ઇબાદત કરતા જોયા નથી, આપના જેવો મુત્તકી (અલ્લાહથી ડરવાવાલો), હમ્દો-સના કરવાવાળો કોઇ જોયો નથી.

આ બધા શબ્દો ઇમામ (અ.સ.)ની રૂહાનિયત અને પોતાના જમાનાના સૌથી વધારે મઝહબી ઉચ્ચ કિરદાર અને તકવાવાળા ઇન્સાન હતા, અલ્લાહની સૌથી વધારે ઇબાદત કરતા અને સૌથી વધારે ડરતા હતા.[૧૫૪]

## અલ-શયખ અલ-મુફીદ

શયખ અલ-મુફીદનુ બયાન છેઃ જ્યારે અબુલ હસન મુસા બિન જાફર (અ.સ.) પછી આપના ફરઝન્દ અબુલ હસન અલી બિન મુસા અલ-રેઝા (અ.સ.) ઇમામ મુકર્રર થયા (ઇમામ તરીકે કાએમ થયા), કારણ કે આપના ભાઇઓમાં અને ખાનદાનમાં સૌથી વધારે ફઝિલતો ધરાવતા હતા, કારણ કે આપની પાસે ઇલ્મ, તકવા, મારેફત અને સહનશિલતા

---

૧૫૩ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૦૬

૧૫૪ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૦૬

હતી તે જાહેર હતી અને તેજ કારણ શીયાઓ અને ગૈર શીયાઓ આપ (અ.સ.)ને પસંદ કરતા હતા, અને ઇજ્જત, એહતેરામ કરતા હતા.[૧૫૫]

અલ-શયખ અલ-મુફીદે થોડીક કિરદારની બાબતો લખી છે જે આપ (અ.સ.)ના ભાઇઓ તથા ખાનદાનના અન્ય લોકોથી અલગ હતી.

૧. ઇલ્મ

૨. હિલ્મ (બર્દાશ્ત કરવાની કુવ્વત)

૩. ઇફ્ફત (પાકો-પાકીઝા)

## અલ-વાકેદી

અલ-વાકેદીનુ બયાન છે, જે ફરમાવે છેઃ અલી (અલ-રેઝા (અ.સ.) એ હદીસો પોતાના વાલીદથી સાંભળી, પોતાના કાકાઓ થી સાંભળી અને બીજા અનેક લોકોથી. આપ (અ.સ.) ભરોસાપાત્ર હતા, અને મઝહબી ખુત્બાઓ આપતા હતા મસ્જીદે નબવીમાં ત્યારે આપ (અ.સ.)ની ઉમ્ર મુબારક લગભગ વીસ વર્ષની હતી. આપ (અ.સ.) એહલેબૈત (અ.સ.)ના નસલમાંથી આઠમા ફર્દ હતા.[૧૫૬]

અલ-વાકેદીએ ઇમામ (અ.સ.)ની બે ગુણવત્તા બયાન કરી છે.

૧. ભરોસાપાત્ર વ્યક્તિ (અમીન)

૨. મઝહબી મસાએલના ફતવા ૨૦ વર્ષની ઉમ્રમાં આપતા હતા.

## જમાલુદ્દીન

જમાલુદ્દીન અહમદ બિન અલી, જે જમાનામાં 'ઇલ્મુન નસબ' (વશવેલો જાણનાર) તરીકે મશહુર હતા જેમને લોકો ઇબ્ને અંબા તરીકે ઓળખતા હતા, તેઓનુ બયાન છે, તેઓ કહે છેઃ ઇમામ અલ-રેઝા (અ.સ.)ને અબુલ હસનની કુનિય્યત આપવામાં આવી હતી. આપના જેવો એ

---

[૧૫૫] લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૦૭, હવાલો અલ-ઇર્શાદ, પાનુ ૩૪

[૧૫૬] લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૦૬, હવાલો અલ-ઇર્શાદ, પાનુ ૩૪

ઝમાનામાં કોઇ પણ અભ્યાસી નહોતો. અલ-મામુને આપની બયઅત કરી અને દિરહમ અને દીનાર આપના નામથી છપાવ્યા અને હુકમ કર્યો કે (મસ્જીદના) મિમ્બરો પરથી આપના નામનો ઝિક્ર કરવામાં આવે.[૧૫૭]

અલ-સૈય્યદ જમાલુદ્દીને જણાવ્યુ છે કે આપ (અ.સ.)ના ઝમાનામાં આપ એક વાહિદ શખ્સીયત હતા કે જેઓ અદભુત બુદ્ધિશક્તિવાળી વ્યક્તિ અને પ્રકૃતિદત્ત સૂઝ ધરાવનાર વ્યક્તિ હતા.

## યુસિફ બિન તઘરી બરદી

જમાલુદ્દીન અબુલ મહાસીન યુસિફ બિન તઘરીએ ફરમાવ્યુઃ ઇમામ અબુલ હસન અલ હાશીમી, અલ-અલવી, અલ-હુસયની એક આલીમ ઇમામ હતા. તેઓ પોતાના ઝમાનાના હાશમી ખાનદાનના સરદાર અને ઉચ્ચ મકામ ધરાવતા હતા. અલ-મામુન આપ (અ.સ.)ની બહુ જ ઇઝઝત અને એહતેરામ કરતો હતો, અને આપની બાબતમાં બીજાઓને પણ તાકીદ કરતો હતો તે ઉપરાંત અલ-મામુને પોતાના જાનશીન અને વારસદાર કરાર આપ્યો હતો.[૧૫૮]

આ બધા બયાનો ઇમામની વ્યક્તિત્વ પર રોશની નાખે છે કે ઇમામ (અ.સ.) કેવી ખુબીઓના માલીક હતાઃ જે આ મુજબ છેઃ આપ મહાન આલીમ હતા, હાશમી ખાનદાનના વડા અને સરદાર હતા, કે એમના જેવુ કોઇ નહિ હતુ. આપના કિરદાર અને તકવાના કારણે અલ-મામુને આપને પોતાના જાનશીન અને વારસદાર ચુંટી લીધા હતા.

## ઇબ્ને માજા

ઇબ્ને માજાએ ફરમાવ્યુઃ આપ (ઇમામ અલ-રેઝા (અ.સ.)) ખાનદાને બની હાશીમના સરદાર હતા, અલ-મામુન આપ (અ.સ.)ની બહુ ઇઝઝત અને એહતેરામ કરતો હતો અને આપ (અ.સ.)ને પોતાનો

---

૧૫૭ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૦૮, હવાલો ઉમ્દતુલ તાલીબ ફિ અન્સાબ અલ-અબુ તાલીબ, પાનુ ૧૯૮

૧૫૮ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૦૮, હવાલો અલ-નુજુમ અલ-ઝાહેરહ, જી. ૨, પાનુ ૭૪

વારસદાર જાહેર કર્યો અને લોકોથી આપના માટે બયઅત લીધી.[૧૫૯]

ઇબ્ને માજાએ ઇમામ (અ.સ.)ની ગુણવત્તા, યોગ્યતા, લક્ષણોની નોંધ લીધી છે, અને ખાનદાને બની હાશીમના વડા હતા. બેશક ઇમામ (અ.સ.) પોતાના ઝમાનાના લોકોને માનનીય વ્યક્તિ અને હાશમી ખાનદાનમાં સૌથી ઉચ્ચ મકામ ધરાવતા હતા, તેનુ કારણ આપના બેહતરીન અખલાક, ઉચ્ચ કિરદાર અને ગુણધર્મમાં આગળ પડતા હતા.

## ઇબ્ને હજર

ઇબ્ને હજરે ફરમાવ્યુઃ અલ-રેઝા (અ.સ.) લોકોમાં સૌથી વધારે આલીમ અને ઉચ્ચ ગુણધર્મ ધરાવતા હતા, તથા ગૌરવશાળી કુળમાંથી હતા.[૧૬૦] એહલે સુન્નતના તમામ મોટા આલીમોએ આપની તારીફો કરી છે.

## અલ-યાફીઇ

અલ-યાફીઇ એ ફરમાવ્યુ છે કેઃ મહાન અને ગુણલક્ષણ વાલા ઇમામ, ગૌરવશાળી ખાનદાનના નબીરા સૈય્યદ ''અલી બિન મુસા અલ-રેઝા'' બાર ઇમામોમાંથી એક (ઇમામ) હતા, વખાણવા લાયક કિરદાર અને અખ્લાક ધરાવતા હતા, ઇમામી શીયાઓ આપના પયરવકાર હતા અને આપ (અ.સ.)ના ફતાવાઓ મુજબ અમલ કરતા હતા.[૧૬૧]

## અમીર અલ-તાઈ

અમીર અલ-તાઇએ પોતાનાી કિતાબ સહીફતે અહલલ-બયત (અ.સ.) જેમાં ઇમામ અલ-રેઝા (અ.સ.) ના કાર્યો વિષે રિવાયત કરી છે.

તે લખે છેઃ અલી બિન મુસા અલ-રેઝા બહુજ મુત્તકી, પરેહઝગાર અને

---

૧૫૯ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૦૮, હવાલો ખુલાસતુત તેહઝીબ અલ-કમાલ, પાનુ ૨૭૮

૧૬૦ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૦૯ હવાલોઃ તેહઝીબુત તેહઝીબ, જી. ૭, પાનુ ૩૮૯.

૧૬૧ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૦૯ હવાલોઃ મિરઅતુલ જીનાન, જી. ૨, પાનુ ૧૧.

તમામ અંબિયાઓના સરદારના ખાનદાનના નબીરા હતા.[૧૬૨]

ઇમામ અલ-રેઝા (અ.સ.) મુત્તકીનોના સરદાર અને મોમીનોના ઇમામ હતા.

## હાશિમ મઅરૂફ

મર્હુમ અલ્લામા અલ-સૈય્યદ હાશિમ માઅરૂફ અલ-હુસયનીનુ બયાન છેઃ ઇમામ અલ-રેઝા (અ.સ.) પોતાના ઉચ્ચ અખ્લાક અને બેહતરીન કિરદારના કારણે લોકોમાં બહુ જ માનવંતા હતા અને તે કારણે શીયા અને સુન્ની અવામ આપથી બહુ જ પ્રભાવિત હતા. આપ (અ.સ.)માં જે આ નેક વિચારધારા અને પયગમ્બરી અસરાત મૌજુદ હતા. આપ (અ.સ.)ને ઇમામતની જે વાજેબાત સુપુર્દ કરવામાં આવી હતી તેનો આપએ એની હિફાઝત કરી અને બરાબર અંજામ આપ્યો હતો.[૧૬૩]

આ બધા બયાનોથી ખબર પડે છે કે ઇમામ (અ.સ.) ઉચ્ચ કિરદાર અને અખ્લાકના માલીક હતા. અહિં બયાન કરવુ જરૂરી થઇ પડશે કે આપના અખ્લાક એવા જ હતા જે આપના બાપ-દાદા, પયગમ્બરે આઝમ (સ.અ.વ.વ.) જેવા હતા જે તમામ અંબિયાઓના સરદાર હતા.

## અલ-ઝહબી

અલ-ઝહબીનુ બયાન છેઃ આપ (અલ-રેઝા) ઇમામ અબુલ હસન બિન મુસા અલ કાઝિમ બિન જાફર અલ-સાદિક બિન મોહમ્મદ અલ-બાકિર બિન અલી ઝય્ન અલ-આબેદિન બિન અલ-હુસયન બિન અલી બિન અબુ તાલીબ અલ-હાશીમી અલ-અલવી. આપ હાશમી ખાનદાનના એ સમયના સરદાર હતા, આપ સૌથી વધારે નેક અને સૌથી વધારે નરમ અને દયાળુ સ્વભાવના હતા. અલ-મામુન આપ (અ.સ.)ની બહુ જ ઇઝઝત કરતો હતો, અને એ હદ્દ સુધી આપ (અ.સ.)ની વખાણ કરતો હતો કે આપ (અ.સ.)ને પોતાના જાનશીન અને વારસદાર જાહેર કરી

---

[૧૬૨] લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૦૯.

[૧૬૩] લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૧૦ હવાલોઃ સીરતુલ અઇમ્મ અલ-ઇસ્નાઅશર, જી. ૨, પાનુ ૩૫૯.

દીધા હતા.[૧૬૪]

અલ-ઝહબી, જેની દુશ્મની એહલેબયત (અ.સ.) માટે જાહેર હતી, તે પણ ઇમામ અલ-રેઝા (અ.સ.)ના ઉચ્ચ કિરદાર અને અખ્લાકને કબુલ કર્યો છે.[૧૬૫]

## મેહમુદ બિન વિહય્બ

મેહમુદ બિન વિહય્બ અલ-બગદાદીનુ બયાન છેઃ આપ (અલ-રેઝા) (રઝેયલ્લાહો અનહો) અનેક મોઅજિઝા કર્યા હતા, તેથી પોતાના સમયના એક માત્ર ઇમામ હતા.[૧૬૬]

ઇમામ અલ-રેઝા (અ.સ.) પોતાના ઝમાનાના એક માત્ર વ્યક્તિ હતા કે આપની પાસે બેહિસાબ ઇલ્મ, તકવા, સૌથી વધારે અલ્લાહથી ડરવાવાળા, પાક-પવિત્ર ગુણો, નરમ તબીયત, આકીલ, પરોપકારી અને કરીમ હતા. આપ (અ.સ.)ના જેવી કોઇ વ્યક્તિ નહિ હતી જેમની પાસે કાબિલીયત હોય.

## આરીફ સામીર

આરીફ સામીરનુ બયાન છેઃ આપ (ઇમામ અલ-રેઝા (અ.સ.)) ઇમામોમાં સૌથી વધારે તારીફે લાયક હતા જે પોતાના સમયમાં જાહેર સ્પર્ધામાં ઇસ્લામી વાકેઆતોમાં સૌથી વધુ અને ઉચ્ચ કિરદાર પેશ કર્યો હતો.[૧૬૭]

આપ (અ.સ.)એ પોતાની ટુંક સમયની ઇમામતના દૌરમાં ઇસ્લામની હકીકી કાર્યનીતિ વ્યવહારદક્ષતા જાહેર કરી હતી, જેમ કે આપ (અ.સ.)એ અલ-મામુનને તાકીદ કરી હતી કે તે ન્યાય (ઇન્સાફ) કાયમ

---

૧૬૪ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૧૧ હવાલોઃ તારીખુલ ઇસ્લામ, પાનુ ૩૪

૧૬૫ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૧૧

૧૬૬ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૧૧, હવાલોઃ જવાહેરૂલ કલામ, પાનુ ૧૪૩

૧૬૭ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૧૧, હવાલોઃ ઓયુન અલ-તવારીખ, જી. ૩, પાનુ ૨૨૬

કરે અને લોકો માટે ભલાઇના કાયદા પસાર કરે, અને તેને હુકુમતની મિલકિયતમાંથી માલની બર્બાદીને રોકે વગેરે.

## મોહમ્મદ બિન શાકીર અલ-કુતુબી

મોહમ્મદ બિન શાકીર અલ-કુતુબીનુ બયાન છેઃ આપ (ઇમામ અલ-રેઝા (અ.સ.)) ૧૨ ઇમામોમાંથી એક ઇમામ હતા, અને ખાનદાને હાશીમના વડા અને બુઝુર્ગ ફર્દ હતા.[૧૬૮]

## યુસિફ અલ-નબાહાની

યુસિફ અલ-નબહાની ફરમાવે છેઃ અલી બિન મુસા અલ-કાઝિમ બિન જાફર અલ-સાદિક (અ.સ.) ઇમામોમાં એક બુઝુર્ગ ઇમામ હતા, અહલેબૈત (અ.સ.)ના ખાનદાનના એક ચિરાગ હતા, મૂળ અને ઉદ્‌ગમસ્થાનનુ ઇલ્મના જાણકાર અને સખી હતા. આપ (અ.સ.)નો રૂત્બો અને ઊંચો સ્થાન જાહેર હતો. આપ (અ.સ.)ના ઘણા બધા મોઅજીઝા હતા, તે ઉપરાંત આપ (અ.સ.)એ પહેલાથી જ આગાહી કરી દીધી હતી કે આપને અંગુર (દ્રાક્ષ) અને દાડમ (અનાર)માં ઝેર આપીને શહીદ કરવામાં આવશે. અને છેલ્લે એવી જ રીતે થયુ હતુ.[૧૬૯]

ઇમામ (અ.સ.) પયગમ્બરના ખાનદાનના એક ખૂબ તેજસ્વી શાખ હતા, જેના થકી અલ્લાહ તઆલા અરબો અને મુસલ્માનોને ઉચ્ચ મકામ અર્પણ કર્યુ જેનુ કારણ આપ (અ.સ.)ની પાક નસ્લી સિલસિલો હતો.

## ઘણા સવાલો વિચારવા લાયક

- ફકત શિયાઓ જ નહિ પણ જાણીતા અને મશહુર સુન્ની ઓલેમાઓ ઇમામ અલી ઇબ્ને મુસા અલ-રેઝા (અ.સ.)ની તારીફો ઇકરામ સિવાય કાંઇ નથી લખ્યુ. એહલે સુન્નતના જાણીતા આલીમો (ઇતિહાસ કારો) જેમકે ઇબ્ને માજા, ઇબ્ને હજર અને ઝહબી જેવા લોકોએ ઇમામ અલ-રેઝા (અ.સ.)ના વખાણ કર્યા છે. આવા બધા બયાનોથી ખબર પડે છે કે અલ્લાહ તઆલા

---

૧૬૮ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૧૧

૧૬૯ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૧૨

તરફથી જે ઇમામો મુકર્રર થયેલા હોય છે તેઓ બધી રીતે કિરદાર, અખ્લાક, તકવા, પરહેઝગારીમાં, ઇલ્મમાં સંપૂર્ણ અને માસુમ હોય છે, તેથી જ વિરોધીઓ પણ તારીફ કરવા સિવાય કાંઇ બીજુ નથી લખી શક્તા.

- શું આપણે ઇસ્માઇલી / ફાતેમી ઇમામો માટે આવી કોઇ વિગતો જોઇ શકીએ છીએ ?

## આપ (અ.સ.)ની નિમણુક

ઇમામ અલ-મુસા (અ.સ.)એ પોતાના ફરઝન્દ ઇમામ અલ-રેઝા (અ.સ.)ને પોતાના વાસદાર, અને જાનશીન તરીકે નિણુક કરી હતી જેથી આપ (અ.સ.) પછી તેઓ શિયાઓને અને લોકોની દોરવણી કરી શકે. ઘણા બધા ફતવાઓ (વટહુક્મ) કેદખાનામાંથી બહાર પાડવામાં આવ્યા હતા જેમાંથી એક લખાણ હતુ કે મારૂ વસિયતનામુ મારા મોટા દિકરા માટે છે. (કે તે મારો હકીકી વારસદાર છે.)[૧૭૦]

ઇમામ મુસા અલ-કાઝિમ (અ.સ.)એ પોતાના દિકરાને ઇમામ તરીકે નિમણુંક કરવા માટે ઘણી બધી તકેદારી રાખી હતી. આપ (અ.સ.)એ આ બાબતમાં પોતાના ઘણા બધા ખાસ ખાસ શિયાઓને વિશ્વાસમાં લીધા હતા જેમાંથી ઘણા નીચે મુજબ છે.

### અલી બિન યકતિન

અલી બિન યકતિન રિવાયત કરે છેઃ હું (અલી બિન યકતિન) અબુલ હસન મુસા બિન જાફર (અ.સ.) સાથે હતો અને આપની સાથે આપનો ફરઝન્દ અલી હતા, આપ (અ.સ.)એ ફરમાવ્યુંઃ ઓ અલી, આ મારો ફરઝન્દ મારા બધા ફરઝન્દોનો સરદાર છે અને મેં મારા આ ફરઝન્દનુ મારી કુનિય્યત (એટલે બન્ને ને અબુલ હસન) આપી છે. હિશામ બિન સલીમ પમ મહેફિલમાં હાજર હતો, (આ વાત સાંભળીને) પોતાના હાથો પોતાના ચેહરા પર મારી કહ્યુઃ ''ઇન્ના લિલ્લાહે વ ઇન્ના એલય્હે; તેઓએ (ઇમામ અલ-કાઝિમ (અ.સ.)) પોતાની મૌતની ખબર તમને

---

૧૭૦ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૩૬

આપી છે.''[૧૭૧]

## નઇમ બિન કાબુસ

નઇમ બિન કાબુસથી રિવાયત છે તે ફરમાવે છે કે આપ (અબુલ હસન (મૂસા) (અ.સ.))એ ફરમાવ્યુ: મારો ફરઝન્દ અલી, મારા ફરઝન્દોમાં સૌથી મોટો છે, તે મારા બધા બયાનને ધ્યાનથી સાંભળે છે અને બધામાં સૌથી વધારે મારી ઇતાઅત અને આજ્ઞાકિત છે.[૧૭૨]

## દાઉદ બિન કુસય્ર

દાઉદ બિન કુસય્ર અલ-રક્કીએ રિવાય કરી છે: તે કહે છે કે હું (એટલે દાઉદ બિન કુસય્ર) મુસા અલ-કાઝિમ (અ.સ.)ને ફરમાવ્યુ હું આપનો ફિદયો થઇ જાઉં, હું બહુ જ ઝઇફ થઇ ગયો છુ, માટે આપ મારો હાથ લો અને મને જહન્નમની આગથી બચાવી લો. આપના પછી અમારો સાહેબે અમ્ર (ઇમામ) કોણ છે?

આપ (અ.સ.)એ પોતાના ફરઝન્દ અબુલ હસન અલ-રેઝા (અ.સ.) તરફ ઇશારો કર્યો અને ફરમાવ્યુ કે આ છે તમારો સરદાર મારા પછી.[૧૭૩]

## સુલય્માન બિન હફ્સ

સુલય્માન બિન હફ્સ અલ-મરવઝીએ રિવાયત કરી છે: હું (સુલય્માન બિન હફ્સ) અબુ અલ-હસન મુસા બિન જાફર (અ.સ.)ની મુલાકાત માટે ગયો. મને આપને પુછવુ હતુ કે આપના પછી લોકો પર હુજ્જત કોણ છે? આપ (અ.સ.)એ મારી તરફ જોઇને ફરમાવ્યુ, ''ઓ સુલય્માન મારો ફરઝન્દ અલી મારી વસિયતનામા ના મુતાબિક વિશ્વાસલાયક વારસદાર છે. અગર જો તમે મારા પછી જીવતા રહ્યા તો

---

૧૭૧ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૩૭, હવાલો: કશ્ફુલ ગુમ્મહ, જી. ૩, પાનુ ૮૮

૧૭૨ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૩૭, હવાલો: કશ્ફુલ ગુમ્મહ, જી. ૩, પાનુ ૭૭

૧૭૩ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૩૮, હવાલો: અલ-ફુસુલ અલ-મોહિમ્મ, પાનુ ૨૨૫

તમે એમના માટે ગવાહ રહેજો અને આ બાબત ને મારા શીયાઓ અને લોકોને મારા પછી તે વારસદાર છે તેની શાક્ષી આપજો.[૧૭૪]

## અબ્દુલ્લાહ અલ-હાશીમી

અબ્દુલ્લાહ અલ-હાશીમીનુ બયાન છે: તે ફરમાવે છે: (અમે બધા રસુલેખુદા (સ.અ.વ.વ.) ની કબ્ર મુબારક પાસે જમા હતા) અચાનક અબુ ઇબ્રાહીમ મુસા બિન જાફર (અ.સ.) અમારી તરફ આવ્યા અને એમના હાથમાં પોતાના ફરઝન્દ અલીનો હાથ હતો. તે પછી આપે ફરમાવ્યુ, ''તમે બધા જાણો છો કે હું કોણ છું?''

આપ અમારા લોકોના મૌલા અને આકા છો, એમ અમે લોકોએ જવાબ આપ્યો. તે પછી આપે આગ્રહ કર્યો કે, ''મારૂ નામ અને સંબંધ બતાવો. અમે લોકોએ જવાબ આપ્યો, આપ મુસા બિન જાફર છો, અને પછી તેઓએ પુછયુ કે આ કોણ છે? એમ કરીને પોતાના ફરઝન્દ તરફ ઇશારો કર્યો. અમે લોકોએ જવાબ આપ્યો, ''આ અલી બિન મુસા બિન જાફર છે.'' આપ (અ.સ.)એ ફરમાવ્યુ કે તમે બધા ગવાહ અને શાક્ષી રહો કે તે મારો વારસદાર અને જાનશીન છે.[૧૭૫]

## વિચારવા લાયક સવાલો

- આ ઉપરાંત ઘણા બધા હવાલાઓ છે જે ઇમામ અલ-રેઝા (અ.સ.)ને હકીકી વસી અને જાનશીન સાબિત કરે છે. તમામ રાવીઓ ભરોસાપાત્ર અને વિશ્વાસના લાયક છે. તો હવે સવાલ પેદા થાય છે કે શું ઇસ્માઇલ ઇબ્ને જાફર અથવા મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ માટે આવી હદીસો મળે છે કે જે જાનશીન કે વારસદાર તરીકે સાબીત કરે?
- આનાથી વિરૂધ્ધ તો આપણે જોઇએ છીએ કે ફાતેમી ઇતિહાસમાં તો ઇમામ એ જેણે પોતાનો વારસદાર કે જાનશીન જાહેર કર્યો

[૧૭૪] લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૩૮, હવાલો: ઓયુન અલ-અખબાર, જી. ૧, પાનુ ૨૬

[૧૭૫] લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૩૮, હવાલો: ઓયુન અલ-અખબાર અલ-રેઝા, જી. ૧, પાના ૨૬-૨૭

હતો તો એના બદલે કોઇ બીજાને (ઇમામ) માની લીધો હતો. અલ-હકીમે પોતાના વસી, જાનશીન કે વારસદાર જાહેર કર્યો હતો તે અબ્દ અલ-રહમાન હતો અને તે તેનો દિકરો પણ નહિ હતો, તો આ બધુ તેઓની ફાતેમી ઇતિહાસમાં દર્જ છે, પણ જ્યારે અલ-હકીમ ગુજરી ગયો તો અલ-ઝહીરને ગાદીવારસ બનાવીને તખ્ત પર બેસાડી દેવામાં આવ્યો. ફાતેમી ઇમામ અલ-હકીમની વસિયત હતી કે અબદ અલ-રહેમાનને તેના પછી વારસદાર બનાવવામાં આવે અને ઇમામ તરીકે કબુલ કરવામાં આવે, આનાથી વિરૂધ્ધ ઇસ્માઇલીઓએ અલ-ઝહીરને ઇમામ બનાવી દીધો હતો.

## આપ (અ.સ.) નો મુનાઝેરો

આપ (અ.સ.)ના ઝમાનામાં ઘણા બધા મુનાઝેરાઓ, બહેસ-મુબાહેસ બહુજ મશહુર હતા જે ઇસ્લામી જગતમાં બહુ ખુબીથી વખાણવામાં અને કબુલ કરવામાં આવ્યા હતા.

અલ-મામુન, અબ્બાસી ખલીફાએ પોતાનો વસી અને વારસદાર તરીકે ઇમામ અલ-રેઝા (અ.સ.)ને જાહેર કર્યો હતો. જો કે તે પોતે આ બાબતમાં જરા પણ અંતઃકરણપૂર્વક કે મુખલીસ નહિ હતો, અને એવુ નહોતો માનતો કે ઇમામ (અ.સ.) તેના કરતા વધારે હક્કદાર અને કાબેલિયત ધરાવતા હતા. પોતે તો એમજ માનતો કે ખિલાફત માટે પોતે વધારે હક્ક રાખતો હતો. અલ-મામુન ઇસ્લામી જગતમાં પોતાના તમામ આમીલો (ગવર્નરો)ને હુકમ કર્યો કે તેઓ બધા આલીમો, મુજતહિદો અને મુફસ્સીરોને ભેગા કરીને ખુરાસાન (ઇરાન) મોકલી આપે જેથી કરીને તેઓ બધા મુશ્કિલ સવાલો અને વૈજ્ઞાનિક ઇલ્મી સવાલો ઇમામ અલ-રેઝા (અ.સ.) થી કરે અને ઇમામ (અ.સ.)ની પરિક્ષા લેવામાં આવે. જ્યારે તેઓ બધા અલ-મામુન પાસે હાજર થયા ત્યારે અલ-મામુને પોતાનો મકસદ અને વ્યૂહાત્મક દાવપેચ સમજાવી દીધો, અને એ લોકોને મોટા મોટા ઇનામો-ઇકરામોના આપવાના વાયદો કર્યો તે ઉપરાંત ઉંચા હોદ્દાઓની લાલચ આપી.

૧. અલ-મામુનનો મનસુબો એ હતો કે આવી રીતે શિયાઓના મઝહબી અકીદો અને ઉસુલોને બરબાદ કરીને સાબીત કરે કે આ કોઇ હકીકત નથી, એ ચાહતો હતો કે તેના બધા આલીમો અને મઝહબી ફકીહો અલી અલ-રેઝા (અ.સ.)ને એવા સવાલો કરે કે આપ (અ.સ.) જવાબ આપવામાં લાચાર થઇ જાય અને શીયાઓના મઝહબને બાતીલ સાબીત કરી શકે, કે જે શીયાઓનો અકીદો છે કે ઝમાનાનો ઇમામ એવો હોવો જોઇએ કે ઝમાનાના લોકોમાં સૌથી વધારે આલીમ, ફાઝીલ, મુત્તકી અને ઉમદા અખ્લાક વાળો હોય. અલબત્તા અગર જો ઇમામ એ બધા આલીમો અને ફકીહોના જવાબ આપવામાં કમજોર અને અશક્ત સાબીત થાય તો શિયાઓના મઝહબનો મૂળ અને પાયાનો અકીદો બરબાદ થઇ જાય અને તમામ કાયદા-કાનુન રદ્દબાતલ થઇ જાય કે અહલે-બયત (અ.સ.)ના ઇમામો થઇ ગયા હતા.

૨. અગર જો ઇમામ એ લોકોના સવાલોના જવાબો આપવામાં નાકામ થઇ જાય તો અલ-મામુનને એક મૌકો મળી જાય કે તે ઇમામ (અ.સ.)ને જે હોદ્દા પર નિમણુક કર્યા હતા તે તેમને ત્યાંથી હટાવીને કામ્યાબ થઇ જાય. આવી રીતે તે પોતાની સિયાસતમાં સફળ થિ જાય, કેમકે તે એમ કહીને ઇમામ (અ.સ.)ને પોતાના પછી વારસદાર જાહેર કર્યા હતા કે તેઓ ઉમ્મતમાં સૌથી મોટા આલીમ અને ફાઝીલ છે.

તે દરમ્યાન અલ-મામુનના અનેક રાવીઓ અને ખબરીઓએ લોકોમાં ખબર પહોંચાડી દીધી હોતી કે ઇમામ (અ.સ.)એ એ બધા આલીમો અને ફકીહોના સવાલનો જવાબ આપવામાં નાકામ અને મજબુર થઇ ગયા હતા અને એવી રીતે બની-અબ્બાસીઓની લાગણીને સહી સાબીત કરી શકે, પણ એવુ થયુ નહિ.

જો કે આગળ પડતા મોટા આલીમોએ ઘણા બધા મુશ્કિલ અને સખ્ત સવાલો જમા કર્યા હતા અને ઇમામ (અ.સ.)ને સવાલો કર્યા હતા. ઇમામ (અ.સ.)એ બધા સવાલોના જવાબો બહુ જ ખુબીથી અને આસાનીથી આપ્યા. અનેક રાવીઓએ રિવાયત કરી છેઃ આપ (ઇમામ

અલ-રેઝા (અ.સ.)) ને વીસ હજારથી વધારે સવાલો કરવામાં આવ્યા, અને અનેક સમયે સવાલો કરવામાં આવ્યા, અહિં સુધી કે અલ-મામુનનો મહેલ એક વૈજ્ઞાનિક ઇલ્મનુ મરકઝ બની ગયુ હતુ, અને મોટા મોટા આલીમોએ આપ (અ.સ.) ની ઇલ્મ, પ્રકૃતિદત્તસૂઝ, શક્તિ અને ક્ષમતાની બેહિસાબ તારીફ અને વખાણ કર્યા અને ઉપરથી લોકોમાં જાહેર કરી દીધુ કે ઇમામ (અ.સ.)માં ઇન્તેહાથી વધીને ઇલ્મ અને માલુમાતનો ખજાનો છે અને ઘણા બધા લોકો આપ (અ.સ.) ની ઇમામતને પણ કબુલ કરી લીધી.[૧૭૬]

નિચે મુજબ ઘણાખરા મુનાઝેરામાંથી થોડા ઉદાહરણ તરીકે આપ્યા છે.

## અબુ કુર્રા સાથે મુનાઝેરો

અલ્લાહ ક્યાં છે ? અબુ કુર્રાએ સવાલ કર્યો.

ઇમામ અલ-રેઝા (અ.સ.)એ જવાબ આપ્યો, ‘‘ત્યાં જ્યાં એક જગ્યા છે. આ સવાલ છે જે હાજર છે અને જે હાજર નથી, જેમકે અલ્લાહ જે મહાન છે અને તે ગેરહાજર નથી, અને અનંતકાળમાં અલ્લાહ તઆલા પહેલા કાંઇ પણ નહિ હતુ. તે (અલ્લાહ) બધી જગ્યાએએ છે. એ અલ્લાહ માલીક છે, ખાલીક છે, રખેવાળ છે, આસમાનો અને ઝમીનનો સંભાળ કરવાવાળો છે.[૧૭૭]

## ઇસાઇ પાદરીઓ સાથે મુનાઝરો

અલ-મામુને અનેક લોકોને મુનાઝરા માટે દાવત આપી હતી જેમાં મજુસીઓ (ઝોરાસ્તીનીઓ) આલીમો, રબ્બીઓ (યહુદી આલીમો), ઇસાઇ પાદરીઓ હતા. તેઓ બધા ઇમામ અલ-રેઝા (અ.સ.) સાથે મુનાઝરા માટે મહેલમાં હાજર થયા, અલ-ફઝૂલ બિન સહલ દોડીને ઇમામ (અ.સ.)ની ખિદમતમાં હાજર થયો અને ફરમાવ્યુ, હું આપ પર કુરબાન થઇ જાઉ, આપનો પિત્રાઇ ભાઇ (એટલે અલ-મામુન) આપની વાટ જુએ છે અને બધા જમા થઇને આપનો ઇન્તેઝાર કરે છે, તો આપ (અ.સ.) શુ ફરમાવો છો ?

---

૧૭૬ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૫૯
૧૭૭ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૧૯૫

ઇમામ (અ.સ.)એ જવાબ આપ્યો કે ચર્ચા માટે આપ તૈયાર છે, અને અલ-મામુન પાસે જઇશ. એ મેહફિલમાં તાલીબીયીન, હાશમીઓ, લશ્કરના મોટા સરદારો, મુસ્લીમો અને ગૈર-મુસ્લીમો દાનીશવરો બેઠકમાં હાજર હતા. આપ (અ.સ.) જ્યારે દાખલ થયા ત્યારે અલ-મામુન અને મેહફિલમાં જે તમામ લોકો હતા તે બધા આપ (અ.સ.)ને ખુશ-આમદીદ કહેવા ઉભા થઇ ગયા અને બહુ જ અદબો-એહતરામ સાથે આવકાર આપ્યો. ઇમામ (અ.સ.) જ્યારે બેસી ગયા તે છતાં બધાજ આપની ઇઝઝત-એહતરામ માટે ઉભા જ રહ્યા. તે પછી અલ-મામુને બધાને બેસી જવા માટે હુકમ કર્યો. મહેફિલમાં તમામ લોકો શાંત રીતે બેસી રહ્યા. ઇમામ (અ.સ.)ની બુઝુર્ગી માટે. તે પછી અલ-મામુન ઇસાઇ પાદરીઓ તરફ વળ્યો અને કહ્યું કે આ મારા પિત્રાઇ ભાઇ અલી બિન મુસા બિન જાફર છે. આપ (અ.સ.) ઔલાદે ફાતેમા, જે પયગમ્બર (સ.અ.વ.વ.)ના દિકરી અને અલી બિન અબુ તાલીબ (અ.સ.)માંથી છે. પછી એ લોકોને કહ્યું કે તમે બધા એમણી સાતે મઝહબી ફિકાહ પર મુનાઝરો કરો અને સચ્ચાઇ સાથે દલીલ કરો.''

ઇસાઇ પાદરીએ કહ્યું, ''ઓ અમીરૂલ મોમેનીન હું કેવી રીતે એમણી સાથે મુનાઝરો કે ચર્ચા કરૂ, કેમકે જે કિતાબમાંથી આપ દલીલ કરવાના છે તે કિતાબનો તો અમે (ઇસાઇ) લોકો માનવાથી ઇન્કાર કરી દીધો છે અને એ પયગમ્બરનો પણ અમે ઇન્કાર કર્યો છે.

ઇસાઇ પાદરી એમ સમજ્યો કે ઇમામ (અ.સ.) કુરઆને મજીદની આયતો અથવા પયગમ્બર (સ.અ.વ.વ.)ની હદીસો થી દલીલો પેશ કરશે. તેથી તેણે આગ્રહ કર્યો કે કુરઆન અને હદીસોના બદલે તે લોકોની કિતાબથી બહેસ-મુબાહેસા કરવામાં આવે અને દલીલો પેશ કરે. ઇમામ (અ.સ.) એ ઇસાઇ પાદરીને કહ્યું, 'ઓ ઇસાઇ, અગર જો હું તમારી કિતાબ 'ગોસ્પેલ' (બાઇબલ)માંથી દલીલો આપુ તો કબુલ કરશો ?

હા, બેશક જરૂર કબુલ કરીશ, ખુદાના કસમ, હું માની લઇશ. શું હું એ વાત થી ઇન્કાર કરી શકું છું જે બાઇબલ ફરમાવે છે ?

ઇમામ અલ-રેઝા (અ.સ.)એ એ ઇસાઇ પાદરીને બાઇબલથી સાબીત કરીને બતાવી દીધુ કે પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.વ.) અને આપની આલ (અ.સ.)નો ઝિક્ર બાઇબલ માં છે. તે ઉપરાંત હઝરત નબી ઇસા (અ.સ.)ના સાથીઓના નામ પણ બતાવ્યા.

તે પછી હઝરત ઇમામ અલ-રેઝા (અ.સ.) એ આગળ કહ્યું કેઃ અલ્લાહની કસમ અમે ઇસા પર યકીન કરીએ છે, કેમકે ઇસા પણ મોહમ્મદ (સ.અ.વ.વ.)પર યકીન રાખે છે. અમને એમણા વિરૂધ્ધ કાંઇ નથી પણ ફકત એમણી કમજોરી અને સુસ્તી રોઝા-નમાઝ કરવામાં.

જ્યારે પાદરીએ ઇમામ (અ.સ.)ના બયાનમાં છેલ્લા શબ્દો સાંભળ્યા તો જોરથી બુમ-બરાડા પાડીને કહેવા લાગ્યો, ''ખુદાના કસમ તમે તમારા ઇલ્મને બરબાદ કર્યુ છે! તમારા બયાનમાં બહુ જ કમજોરી છે! હું તો સમજ્યો કે તમે મુસ્લીમ ઉમ્મતમાં સૌથી વધારે આલીમ-ફાઝીલ છો.

ઇમામ (અ.સ.)એ શાંત રીતે તેને સવાલ કર્યોઃ શા માટે ?

ઇસાઇ પાદરીનુ મગજ ખરાબ થઇ ગયુ અને કહેવા લાગ્યોઃ તમારા આવા બયાનથી (કે) ઇસા રોઝા રાખવામાં અને નમાઝો પઢવામાં બહુ જ કમજોર હતા (જ્યારે કે) ઇસાએ ક્યારેય પણ દિવસમાં રોઝો તોડયો નહોતો અને રાત્રે સુતા નહોતા. એ (ઇસા) હમેશા દિવસમાં રોઝા રાખતા અને રાતોમાં નમાઝો પઢતા હતા.

ઇમામ (અ.સ.) તૈયાર જ હતા કે ઇસાઇઓના અકીદા અને મઝહબને રદ્દ-બાતલ કરવા માટે કારણ કે ઇસાઇઓ કહેતા હતા કે ઇસા નબી (અ.સ.) પણ અલ્લાહ સિવાય પોતે પણ ખુદા હતા અને ઇબાદત પણ કરતા હતા.

આપ (અ.સ.)એ ઇસાઇ પાદરીને સવાલ કર્યો કે, ''તેઓ (નબી ઇસા) કોણા માટે રોઝા-નમાઝ કરતા હતા?'' (બીજા શબ્દોમાં કહીએ તો એનો મતલબ એ હતો કે જ્યારે નબી ઇસા ઇબાદત કરતા હતા તો પછી ઇબાદત કોણી કરતા હતા? જ્યારે કે તમે લોકો કહો છો કે તેઓ ખુદા હતા?)

હવે આ ઇસાઇ પાદરી પાસે કોઇ જ જવાબ નહોતો અને એકદમથી ચૂપ થઇ ગયો, ત્યારે ઇમામ (અ.સ.)એની તરફ વળ્યા અને કહ્યું કે હું તમને સવાલ કરવા માંગુ છુ, ઇસાઇએ જવાબ આપ્યો કે પુછો અગર મને ખબર હશે તો જવાબ આપીશ - ઇમામ અલ-રેઝા (અ.સ.)એ તેને પુછયુ કે શું તમે પહેલા ઇન્કાર નહોતો કર્યો કે ઇસા (અ.સ.)એ મુર્દાઓને અલ્લાહના હુકમથી જીવતા કર્યા હતા? ઇસાઇ પાદરીએ, જવાબ આપ્યો કે હાં, પહેલા ઇન્કાર કર્યો હતો, કે જેઓ મુર્દાને જીવતા કરે છે, આંધળાને દેખતો કરે છે, કોઢીને સારો કરે છે તે ખુદા છે અને ઇબાદતના લાયક છે.

ઇમામ (અ.સ.)એ તેના બયાનને કબુલ ન કર્યો અને કહ્યું: બેશક અલ-યાસા એ પણ એવુ જ કર્યુ હતુ કે જેવુ ઇસા (અ.સ.) એ કર્યુ હતુ, જેમકે તે પાણી પર ચાલતા હતા, મરેલાને જીવતા કર્યા હતા આંધળા માણસને દેખતા કર્યા, કોઢીઓને સારા કર્યા હતા. તો એની કૌમ (ઉમ્મત) એ એને ખુદા કેમ નહિ માની? શા માટે એમણી કૌમે અલ્લાહ પછી એમને ખુદા નહિ માની? એમણે (અલ-યાસા) તો પાંત્રીસ (૩૫) માણસોને જીવતા કર્યા હતા જ્યારે કે તે બધા ૬૦ વરસો પહેલા મરી ગયા હતા અને આ વાક્યો તો તોરાહ (બાઇબલ) કિતાબમાં મૌજુદ છે અને કોઇ ઇન્કાર નથી કરી શકતુ સિવાય કે નાસ્તિક (કાફર).

ઇમાઇ પાદરીએ ઇમામ (અ.સ.)ના ઇલ્મ અને માલુમાતની તારીફ કરી કે આપ (અ.સ.) ની પાસે એ લોકોની કિતાબોનુ ઇલ્મ અને જાણકારી છે, અને કબુલ કર્યુ કે અમે લોકો એ સાંભળ્યુ છે અને યકીન પણ કર્યુ છે.

ઇમામ અલ-રેઝા (અ.સ.)એ આગળ ફરમાવ્યું કે અગર તમે ઇસા નબીને ખુદા માનો છો તો પછી તમારા માટે સહી થઇ જશે કે તમે લોકો અલ-યાસા અને હિઝકીલને પણ બીજા બે ખુદા માનો, કેમકે આ બન્ને લોકો પણ બરાબર ઇસા બિન મરયમ જેવા જ મોઅજીઝા કરીને મુર્દાઓને જીવતા કરતા હતા. હું જે કાંઇ પણ બયાન કરૂ છુ, તેનાથી તમે લોકો ઇન્કાર નથી કરી શકતા કારણ કે આ બધુ બયાન તોરહ, બાઇબલ, ઝબુર (દાઉદ (અ.સ.)નો સહીફો) અલ-ફુરકાન (કુરઆન)માં મૌજુદ છે.

ઇમામ (અ.સ.)એ ઇસાઇઓની ટીકા કરી કે તે લોકોએ અલ્લાહને છોડીને ઇસા (અ.સ.)ને ખુદા તરીકે કબુલ કર્યો, કારણ કે તેઓએ મુર્દાને જીંદગી આપી, આંધળા અને કોઢીને સારા કર્યા, જ્યારે કે આવા મોઅજીઝાઓ તો અંબિયાઓના સરદાર રસુલેખુદા (સ.અ.વ.વ.)એ કર્યા હતા અને બીજા પણ નબીઓએ આવા મોઅજીઝા કર્યા હતા પણ તે લોકોને ક્યારે પણ ખુદા માનવામાં આવ્યા નહિ, પણ અલ્લાહ તઆલા ને જ પરવરદિગાર માનતા હતા.

ઇસાઇ પાદરીએ આ બધી દલીલો અને બયાન સાંભળીને ઇમામ (અ.સ.)થી ફરમાવ્યુ કે હું આપની બધી વાતોથી સંમત છુ અને આપના વિચારોથી મને કબુલ કરવુ પડે છે કે અલ્લાહ સિવાય કોઇ ખુદા નથી.[૧૭૮]

ઇમામ અલ-રેઝા (અ.સ.)એ તે પછી ઘણી બધી દલીલો અને હિકાયતો આગળ પેશ કરી જે બધી બાઇબલમાંથી હતી. ઇસાઇ પાદરી આપ (અ.સ.)ની તારીફ અને એહતરામ કરવા લાગ્યો અને કબુલ કર્યુ કે આ બધુ હું નહિ જાણતો હતો પણ આપના તુફૈલથી મને જાણવા મલ્યુ અને ઇલ્મ અને માલુમાતમાં વધારો થયો અને હું દિલથી ગવાહી આપુ છું કે આપની બધી વાતો સાચી અને હકીકત છે અને મારી મારેફત વધી છે.[૧૭૯]

## રબ્બી (યહુદી આલીમ)ના સાથે મુનાઝેરો

મુનાઝરાની શરૂઆત પહેલા જ રબ્બીએ એક શર્ત મુકી કે જે પણ બહેસ કે દલીલ થાય તે ફકત તોરાહ, બાઇબલ અને ઝબુરથી હોય. ઇમામ (અ.સ.)એ તુરત જ શર્ત કબુલ કરી લીધી અને ફરમાવ્યુ કે મારી પાસેથી ફકત તોરાહ હઝરત મુસા (અ.સ.)ની ઝબાનમાં, બાઇબલ ઇસા ઇબ્ને મરયમ (અ.સ.)ની ઝબાનમાં, ઝબુર દાઊદ (અ.સ.)ની ઝબાનમાં પેશ કરીશ.

ઇમામ અલ-રેઝા (અ.સ.)એ સાબીત કર્યુ કે હઝરત પયગમ્બર મોહમ્મદ

---

૧૭૮ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાના ૧૯૯ થી ૨૦૪

૧૭૯ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાનુ ૨૦૬

(સ.અ.વ.વ.)નો ઝિક્ર તોરાહ અને ઝબુરમાં છે, તે પછી આપે રબ્બીને કહ્યુ કે હું તમને સવાલ કરૂ છુ તમારા નબી મુસાના બારામાં.

રબ્બીએ જવાબ આપ્યો કે સવાલ કરો.

ઇમામ (અ.સ.)એ તેને પુછયુ કે તમારી પાસે શું સુબુત છે મુસા (અ.સ.)ની નુબુવ્વત માટે ?

રબ્બીએ સુબુત માટે જણાવ્યુ કે મુસા નબી હતા, તેઓએ પહેલા જે નબીઓ જે નહિ લાવ્યા હતા તે મુસા લાવ્યા હતા.

તમે થોડા મને ઉદાહરણ આપશો કે તેઓ શું લાવ્યા હતા? ઇમામ (અ.સ.)એ સવાલ કર્યો.

રબ્બીએ જવાબ આપ્યોઃ તેઓએ દરિયાને ઉભી ચિરાડ પાડીને અલગ કર્યા, અસા (નેટરની લાકડી) ને અજગરમાં ફેરવી દીધો, મોટા પથ્થરની શીલામાંથી પાણીનુ ઝરણુ પેદા કર્યુ જે વહેવા લાગયુ હતુ, પોતાના હાથમાંથી ચમકદાર સફેદ રોશની પેદા કરી હતી કે બધા જોઇ શકે અને તે ઉપરાંત ઘણા બધા અમલ કરી બતાવ્યા કે જે મખ્લુકમાંથી કોઇ કરી ન શકે.

ઇમામ (અ.સ.)એ તેની વાતોની તાઇદ કરી અને કબુલ કર્યુ કે બધી વાત સાચી છે. આ બધી વાતો પયગમ્બરીની સાબીતી છે. તેઓ એ જે બધુ કર્યુ હતુ તે લોકો માટે કરવુ ના-મુમ્કિન છે. હવે શું તમારા માટે વાજીબ અને લાઝીમ નથી કે આવી રીતે કોઇ (મોઅજીઝા) કરે જે સામાન્ય લોકો નથી કરી શકતા તો પછી તેની નુબુવ્વત કબુલ કરવામાં આવે ?

યહુદી (રબ્બી)એ ઇમામ (અ.સ.)ની વાતને કબુલ નહિ કરી અને કહેવા લાગ્યોઃ ના, હું કબુલ નહિ કરીશ કારણ કે મુસા જેવા કોઇ નથી.કારણ કે એમનુ જે સ્થાન અને મરતબો પરવરિદગાર નજદીક છે અને જે કુર્બત છે તે કોઇની નથી અમારા માટે વાજીબ અને લાઝીમ તો નથી કોઇની પણ નુબુવ્વતનો ઇકરાર કરી લઇએ કે જ્યાર સુધી અમારા માટે એવુ જ ઇલ્મ જે મુસા લાવ્યા હતા તે સાબીત કરીને દેખાડે.

ઇમામ (અ.સ.)એ યહુદી (રબ્બી)ની દલીલ કબુલ નહીં કરી અને

ફરમાવ્યુઃ તો પછી તમે કેવી રીતે પહેલાના નબીઓની નુબુવ્વતોની ઇકરાર કરી લીધો છે જે મુસા પહેલા થઇ ગયા છે અને એ લોકો (નબીઓ) તો ન તો દરિયાના બે હિસ્સા કર્યા, ન તો પથ્થરોમાંથી પાણીના ઝરણા ૧૨ વહાવ્યા હતા, ન તો પોતાના હાથમાંથી સફેદ નૂર (રોશની) જાહેર કરી અને નતો લાકડાની છડીને સાંપમાં ફેરવી નાખ્યો હતો.

યહુદીએ જવાબમાં ફરમાવ્યુઃ મેં આપને કહ્યું હતુ કે અગર એ લોકોએ પોતાની નુબુવ્વતની હક્કાનિયત માટે સાબીત કરવા એ કારનામાઓ કર્યા હતા જે મખ્લુકથી કરવુ અસંભવ હતુ, અને જે શર્તે મુસાએ (મોઅજીઝા) લાવ્યા હતા અને તેઓએ મુસાને અનુકરણ કર્યુ જે મુસાએ કર્યુ હતુ તો પછી અમારા માટે લાઝીમ થઇ જાય છે કે અમે પણ ઇમાન લાવીને માનીએ.

ઇમામ (અ.સ.)એ એની દલીલ ને કબુલ નહિ કરી અને ફરમાવ્યુઃ ઓ જનાબે રબ્બી, તમને કઇ બાબતે રોક્યો છે કે તમે (નુબુવ્વત) ઇસા બિન મરયમને ઇન્કાર કરો છો જ્યારે કે તેઓ મુર્દાઓને જીવતા કર્યા હતા, આંધળા અને કોઢીઓને સારા કર્યા, માટીમાંથી પક્ષીઓના પુતળા બનાવ્યા, તેમાં જાન ફૂંકી અને એ પક્ષી અલ્લાહના હુકમથી ઉડતા થયા હતા?

યહુદીએ છટકવાની કોશીશ કરી અને કહ્યું, એવુ કહેવાય છે કે એમણે એવુ કર્યુ હતુ પણ આપણે તો જોયુ નથી.

ઇમામ (અ.સ.)એ તેણે આખરી અને છેલ્લી દલીલ કરી અને કહ્યુંઃ તો શું તમે એ બધી, નિશાનીઓ જોઇ હતી જે મુસાએ અંજામ આપ્યા હતા? અને શું મુસાના સહાબીઓ ભરોસાપાત્ર નહિ હતા જે ગવાહી આપવા માટે બસ હતા? જી હાં! રબ્બીએ જવાબ આપ્યો.

ઇમામ (અ.સ.)એ રબ્બીને મુનાઝરામાં અને દલાઇલમાં એકદમ લાચાર કરી દીધો અને તેણે માનવુ પડયુ અને આપ (અ.સ.)એ ફરમાવ્યું કે ઇસા ઇબ્ને મરયમ (અ.સ.)એ જે (મોઅજીઝા) કર્યુ હતુ તે સાફ જાહેર છે તો શા માટે મુસા (અ.સ.) ને માનો છો અને ઇસા (અ.સ.)થી ઇન્કાર

કરો છો ?

યહુદી રબ્બી એકદમ ચુપ થઇ ગયો અને મજબુરી એના ચેહરાથી સાફ જાહેર થતી હતી કારણ કે ઇમામ (અ.સ.)એ તેના માટે બહેસ કરવા માટે કોઇ પણ બહાના કે છટકબારી માટે મોકો રાખ્યો જ નહોતો. ઇમામ (અ.સ.)એ આગળ તેણે જણાવ્યુ કે એવી જ રીતે હઝરત મોહમ્મદ (સ.અ.વ.વ.)ની બાબતમાં પણ છે, જે આપ (સ.અ.વ.વ.) લાવ્યા હતા અને તમામ પયગમ્બરો અલ્લાહ તઆલાએ મોકલ્યા હતા, આપ (સ.અ.વ.વ.)ની નિશાનીઓમાં છેઃ આપ ગરીબ યતીમ હતા, રોઝી-રોટી માટે બકરીઓ ચરાવતા હતા, આપએ કોઇ દુન્યવી ઇલ્મ હાસીલ નહોતુ કર્યુ તે ઉપરાંત કોઇ શિક્ષકના શાગીર્દ નથી થયા. આપ કુરઆન જેવી કિતાબ લાવ્યા જેમાં સાબીક અંબિયાઓની કહાનીઓ અને કિસ્સાઓ છે, અને દરેક બાબત ખુબીથી બયાન છે, પાછળી ઉમ્મતનો ઇતિહાસ છે અને કયામત સુધી આવનારી ઉમ્મતીઓનો ઝિક્ર અને હવાલાઓ આપ્યા છે. તે ઉપરાંત તેમાં ગૈબની વાતો પણ છે, જે ઘરોમાં શું કર્યુ હતુ (છુપીને) તે માટે આયતો મૌજુદ છે.[૧૮૦]

અ મુનાઝરા પછી કેટલાક યહુદીઓએ ઇસ્લામ મઝહબ કબુલ કર્યો હતો તેમાંથી એક અલ-સબીઇ હતા.

## અલ-સબીઇ મુસ્લીમ થઇ જાય છે

ઉમરાન અલ-સબીઇએ આપ ઇમામ (અ.સ.)ની બહેસ અને મુનાઝરાને કબુલ કરી લીધો હતો કારણ કે આપ (અ.સ.)ના જવાબોમાં જે ઇલ્મી અને અકલમંદી સહીહ જે દલાએલ હતા, તે ઉપરાંત વૈજ્ઞાનિક-ઇલ્મ, અને સૌથી મુશ્કિલ સવાલો ના ફિલોસોફીકલ જવાબો આપ્યા હતા, તે માટે અલ-સબીઇ સમજી ગયો કે આવી રીતે કોઇ સામાન્ય માણસ જવાબો નથી આપી શકતો, સિવાય કે તે ઇલ્મે-લદુન્નીથી માલામાલ હોય અને અલ્લાહ તઆલા તરફથી મોકલેલો બન્દો અને રેહનુમાજ હોય શકે છે. તે પછી તેણે ઇસ્લામ મઝહબ કબુલ કર્યો અને કહેવા લાગ્યોઃ હું ગવાહી આપુ છું કે અલ્લાહ સૌથી બલંદ અને આલા છે,

---

[૧૮૦] લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાના ૨૦૮ થી ૨૧૨

જેવી રીતે આપે ફરમાવ્યુ, અને હું ગવાહી આપુ છું કે મોહમ્મદ, જેના પર અલ્લાહ નો કરમ અને દુરૂદ અને આપની આલ ઉપર, કે જે અલ્લાહના બંદા મોકલવામાં આવ્યા હતા હિદાયત અને મઝહબની હકીકત અને સચ્ચાઇની સાથે પછી તે સજદામાં ગયો અને અલ્લાહ તઆલા ને સજ્દો કર્યો. મઝહબી આલીમો અને ફિકરી પેશ્વાઓ તમામ ઇમામ (અ.સ.)ની ઇલ્મી કાબિલીયત અને બુર્દબારી અને હિદાયતના તરીકાની તારીફ કરવા લાગ્યા, અને તે પછી તેઓ લોકોને કહેવા લાગ્યા. આ બધુ જોઇને અને સાંભળીને અલ-મામુન એકદમ ગમગીન અને સદમાંમાં પહોંચી ગયો અને એની હસદની આગ એકદમ ભભુકી ઉઠી અને તેના દિલમાં કિનો-બુગ્ઝ પેદા થવા લાગ્યો અને ત્યાંથી ઉઠીને મહફિલ છોડી ગયો.[૧૮૧]

## હવે વિચારવા લાયક કેટલીક બાબતો છે

- શું આવી તરાહની મુનાઝરા કે બહેસો-મુબાહેસાની ઇતિહાસ ઇસ્માઇલી / ફાતેમી ઇમામોની જીંદગીમાં મળે છે ?
- જે હકીકી ઇમામો છે તેઓની પાસે કુરઆને મજીદ જેવી કિતાબોનુ સંપૂર્ણ ઇલ્મ અને માલુમાતી જ્ઞાન, તમામ આસ્માની નાઝિલ કર્દા કિતાબોની માલુમાતી ઇલ્મ અને જાણકારી હોય છે, તો શું કોઇ ઇસ્માઇલી / ફાતેમી ઇમામો પાસે આવુ ઇલ્મ હતુ, તેનો કોઇ દાખલો આપી શકે છે ?

હકીકી ઇમામો દરેક ઝબાન (ભાષા)માં વાત કરી શક્તા, તો એવા કોઇ ઉદાહરણ ઇસ્માઇલી / ફાતેમી ઇમામો માટે પણ મળે છે કે તેઓ વાતચીત કરી શકતા હતા ?

જે હકીકી ઇમામો, ઇમામ અલી અર-રેઝા (અ.સ.) પછી થયા તેમણા નામો નિચે મુજબ છેઃ ઇમામ મોહમ્મદ તકી (અ.સ.), ઇમામ અલી નકી (અ.સ.), ઇમામ હસન અલ-અસ્કરી (અ.સ.) અને ૧૨માં ઇમામ મોહમ્મદ અલ-મહદી (અ.ત.ફ.શ.)

---

[૧૮૧] લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મૂસા અલ-રેઝા, પાના ૧૭૪-૧૭૫

આ તમામ ઇમામોની જીવન ચરિત્ર, હદીસોનુ બયાન, ઇબાદત અને તકવાની બાબત ઇતિહાસમાં મળે છે, અનેક કિતાબો મળે છે, અને ઇન્ટરનેટ પર પણ સહેલાઇથી મળી શકે છે, જે આ બધી બાબતથી સાબિત થાય છે કે આ બધા હકીકી અને અલ્લાહ તરફથી નુમાઇન્દા ઇમામો અને રેહબરો છે.

# શરીઅતના અને ફિક્હના મસ્લા-મસાએલ

મઝહબી રીતે ફિક્હના મસલા-મસાએલ બહુ જ જરૂરી અને બહુ જ મહત્વની બાબત છે માટે સહી અને સાચી સિલસિલાની કડી પ્રમાણે અકીદો હોય તો પછી જુઠા ઇમામને માનીને ગુમરાહ થવાનો કોઇ ડર નથી અને આમાલ બરબાદ થવાનો પણ ખતરો નથી.

ઇસ્માઇલી, ખાસ કરીને તમામ ઇસ્માઇલી બોહરા (વ્હોરાઓ)ની તકલીદની કિતાબ ''દાએમુલ ઇસ્લામ'' જે કાઝી અલ-નુમાને લખી છે, અને ફીક્હના ત્થા શરીઅતના મસલા-મસાએલ લખ્યા છે, તે પ્રમાણે અમલ કરે છે. કાઝી અલ-નોઅમાન ચાર (૪) ઇસ્માઇલી / ફાતેમી ઇમામોની ખિદમતમાં હતા અને (૫૦) પચાસ વર્ષ સુધી ખિદમત કરી પણ કિતાબમા એક પણ ઇસ્માઇલી કે ફાતેમી ઇમામોનો ઝિક્ર કર્યો નથી, શા માટે ?

જે સાચા કે હક્ક ઇમામો હોય છે તે ઇલ્મ, મારેફત અને ઇલ્મે લદુન્નીથી ભરપુર અને માલા-માલ હોય છે, તો સવાલ પેદા થાય છે કે શા માટે કાઝી નોમાને કોઇ પણ ઇમામ (ઇસ્માઇલી / ફાતેમી)થી એક પણ હદીસ નકલ નથી કરી અને તેમના બારામાં કોઇ રિવાયત કે ઝિક્ર નથી કર્યો, જો કે આ કિતાબ લખવામાં અને પુરી કરવામા કાઝી અલ-નોમાન સાહિબને (૩૦) ત્રીસ વર્ષ લાગ્યા. જો કે આ કિતાબમાં હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.)થી લઇને ઇમામ જાફર અલ-સાદિક (અ.સ.)ની હદીસો મળે છે. પણ હદીસોનો કોઇ સિલસિલો ક્યાંથી આવ્યો અને હદીસોનો સિલસિલો બયાન કરવાવાળા રાવીઓના નામ કાંઇ મળતા નથી, જેથી કે હદીસ સહી છે કે ગલત છે તે જાણવુ મુશ્કિલ થઇ જાય છે, ખાસ કરીને કે જ્યારે હદીસનો મતલબ કે વિષય જે સર્વસામાન્ય બાબતની વિરૂધ્ધ દર્શાવતો હોય તો સહી રીતે સમજવુ જરૂરી થઇ જાય છે. જેવી રીતે આગળ બયાન થઇ ગયુ છે કે સહી સિલસિલાની કડી પર તકલીદ કરવુ જરૂરી છે, નહિ તો પછી જુઠા અને ગલત ઇમામને માનીને

લોકો આમાલ બજાવી લાવે તો પછી આમાલ બરબાદ થઇ જાય. અને તેની કોઇ એહમિયત નથી રહેતી. દાખલા તરીકે હું બોહરાઓનુ (મિસરી) કેલેન્ડરનુ પરિક્ષણ કરવા માંગુ છું. બોહરાઓ પોતાના કેલેન્ડર પર ચાલવા માટે ફખ્ર અને ગર્વ મેહસુસ કરે છે કે અમારૂ કેલેન્ડર તો સ્થિર અને મુકર્રર કરેલુ છે અને અમે મુકર્રર તારીખ પર મહિનાની શરૂઆત કરીએ છીએ અને તેવી જ રીતે છેલ્લી તારીખે મહિનો ખતમ કરીએ છીએ, તેથી તેઓ જાણે છે કે કમરી મહિનો ક્યારે શરૂ થયો અને ક્યારે પુરો થયો - આપણે બીજી બાજુ જોઇએ છે કે દુનિયાના તમામ મુસલમાનો ચાંદ જોઇને મહિનાની શરૂઆત કરે છે અને મહિનાની છેલ્લી તારીખે પુરો કરે છે. કુરઆને મજીદ અને હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.)ની હદીસ પ્રમાણે અને ઇમામ અલ-બાકીર (અ.સ.) અને ઇમામ અલ-સાદિક (અ.સ.)ની હદીસો પ્રમાણે મુસ્લીમ ઉમ્મતને આદેશ અને તાકીદ કરવામાં આવ્યુ છે કે નવો ચાંદ (પહેલી તારીખનો ચાંદ) જોઇને મહિનાની શરૂઆત કરો અને પુરો કરો.

હવે હું બોહરા કેલેન્ડર પર થોડો પ્રકાશ પાથરવા માંગુ છું કે આ કેલેન્ડર સહી નથી.

બોહરા કેલેન્ડર અને રૂયતે હિલાલ (ચાંદ જોવુ) કુરઆને મજીદમાં આપણાને કહેવામાં આવ્યુ છે કે કમરી કેલેન્ડર પ્રમાણે ચાલો, તે છતાં, એમાં એવુ નથી આપ્યુ કે ક્યા મહિનાના કેટલા દિવસો છે. દાખલા તરીકે કુરઆને મજીદમાં ક્યાં પણ એવુ નથી કે મોહર્રમ મહિનાના પુરા ૩૦ દિવસ અને રમઝાન મહિનાના પુરા ૩૦ દિવસો છે.

કુરઆને મજીદ, સુરેહ બકરહઃ આયત નં. ૧૮૯ ફરમાવે છે

يَسْـَٔلُوْنَكَ عَنِ الْاَهِلَّةِ ؕ قُلْ هِىَ مَوَاقِيْتُ لِلنَّاسِ وَالْحَجِّ

**લોકો તમને પહેલી રાતના ચાંદ માટે પૂછે છે; કહો કે તે લોકો (ના ફાયદા) માટે તથા હજના માટે નક્કી કરેલા**

**વખતો (દેખાડનાર નિશાનીઓ) છે.**[૧૮૨]

اَيَّامًا مَّعۡدُوۡدٰتٍ

**(તે રોજા અમુક) ગણતરીના દિવસો (છે)**[૧૮૩]

અને સુરેહ બકરહઃ આયત નં. ૧૮૫:

شَهۡرُ رَمَضَانَ الَّذِىۡٓ اُنۡزِلَ فِيۡهِ الۡقُرۡاٰنُ هُدًى لِّلنَّاسِ وَبَيِّنٰتٍ مِّنَ الۡهُدٰى وَالۡفُرۡقَانِ‌ۚ فَمَنۡ شَهِدَ مِنۡكُمُ الشَّهۡرَ فَلۡيَـصُمۡهُ‌ ؕ وَمَنۡ كَانَ مَرِيۡضًا اَوۡ عَلٰى سَفَرٍ فَعِدَّةٌ مِّنۡ اَيَّامٍ اُخَرَ‌ؕ يُرِيۡدُ اللّٰهُ بِکُمُ الۡيُسۡرَ وَلَا يُرِيۡدُ بِکُمُ الۡعُسۡرَ وَلِتُکۡمِلُوا الۡعِدَّةَ وَلِتُكَبِّرُوا اللّٰهَ عَلٰى مَا هَدٰٮكُمۡ وَلَعَلَّكُمۡ تَشۡكُرُوۡنَ ﴿۱۸۵﴾

**રમઝાનનો (મુબારક) મહીનો તે છે (કે) જેમા આ કુરઆન ઉતારવામાં આવ્યુ છે જે સર્વ મનુષ્યોનો માર્ગદર્શક છે અને (તેમાં) સન્માર્ગની સ્પષ્ટ દલીલો તથા (સત્ય અસત્યના) નિર્ણયના (નિયમો છે) માટે તમારામાંથી જે કોઇ આ મહીનામાં (ઘરે) હાજર હોય તો તેણે તે (મહીના)નાં રોજા રાખવા જોઇએ, અને જે શખ્સ માંદો હોય અથવા મુસાફરીમાં હોય તો તે બીજા દિવસોમાં (રોજાની) ગણત્રી પુરી કરે; અલ્લાહ તમારા સંબંધમાં આસાની ઇચ્છે છે અને જે સન્માર્ગ તમને દેખાડી દીધો છે તે માટે અલ્લાહની મોટાઇ વર્ણવતા રહો અને શુક્રગુઝાર બનો.**[૧૮૪]

---

૧૮૨ સૂરેહ બકરહ (૨), આયત ૧૮૯, તરજુમોઃ સૈયદ અલી કુલી કરઇ

૧૮૩ સૂરેહ બકરહ (૨), આયત ૧૮૪

૧૮૪ સૂરેહ બકરહ (૨), આયત ૧૮૫, તરજુમોઃ મોહમ્મદ હબીબ શાકીર

હવે ઉપરની આયતો પ્રમાણે, આપણા ઉપર લાઝીમ અને વાજીબ થઇ જાય છે કે કમરી કેલેન્ડર પ્રમાણે આમાલ કરીએ અને કુરઆનમાં ક્યાંય પણ નથી જણાવ્યુ કે મહિનાના દિવસો સ્થિર અને મુકર્રર કરેલા છે.

એહલેબૈત (અ.સ.)ની હદીસોમાં ફરમાવવામાં આવ્યુ છે કે જ્યારે માહે રમઝાન મુબારકનો ચાંદ દેખાય એટલે રોઝા રાખવાનુ શરૂઆત કરો અને શવ્વાલ મહિનાનો ચાંદ નજર પડે તો રોઝા તમામ કરો.

અહિં એક હદીસે પયગમ્બર (સ.અ.વ.વ.) છે જે બોહરાઓની મશહુર કિતાબ કાઝી નોઅમાન લખે છે ઇસ્માઇલીઓ (બોહરાઓ) માને છે.

હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.)એ ફરમાવ્યુ:

قَالَ: اِذَا رَاَيْتُمُ الْهِلَالَ اَوْ رَآهُ ذَوَا عَدْلٍ نَهَارًا فَلَا تُفْطِرُوْا حَتّٰى تَغْرُبَ الشَّمْسُ كَانَ ذٰلِكَ فِيْ اَوَّلِ النَّهَارِ اَوْ فِيْ آخِرِهٖ وَ قَالَ لَا تُفْطِرُوْا اِلَّا لِتَمَامِ ثَلَاثِيْنَ يَوْمًا مِنْ رُؤْيَةِ الْهِلَالِ اَوْ بِشَهَادَةِ شَاهِدَيْنِ اَنَّهُمَا رَاَيَاهُ

*જ્યારે દિવસના સમયમાં તમે હિલાલ (ચાંદ) જુવો અથવા તમારે બે આદીલ ગવાહ મળે તો તમારો રોઝો તોડતા નહિ જ્યાર સુધી કે સૂરજ ગુરૂબ (આથમી) થઇ જાય. આ તમારે સવારના વખતે અથવા દિવસના છેલ્લા હિસ્સામાં તમને નજર આવે. અને આગળ આપ (સ.અ.વ.વ.)એ ફરમાવ્યુ: રોઝા રાખવાનુ બંધ નહિ કરતા જ્યાર સુધી કે ૩૦ દિવસ પુરા ન થઇ જાય જ્યારે કે તમે શવ્વાલ મહિનાનો ચાંદ જુઓ અથવા તમારે બે સાચા-આદિલ ગવાહ મળી જાય કે જેઓએ શવ્વાલ મહિનાનો પહેલીનો ચાંદ (હિલાલ) જોયો હોય. (કહેવાનો મતલબ કે શાક્ષીઓ જો ગવાહી આપે કે તે લોકોએ શવ્વાલ મહિનાનો હિલાલ (ચાંદ) જોયો છે તો પછી તરત જ રોઝા રાખવાનુ બંધ કરી દે પછી ભલે ૩૦*

*રોઝા ન થયા હોય.)*[૧૮૫]

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.)ની આ હદીસથી એટલુ જ સમજ પડે છે કેઃ સમજો કે એક માણસના ૨૯મો રોઝો ચાલી રહ્યો છે અને બે આદીલે ગવાહો તેને ગવાહી આપે છે કે તેઓએ દિવસના હિસ્સામાં ચાંદ જોયો તો આ રોઝેદારે રોઝો તોડવો નહિ જોઇએ હવે એક માણસે ૩૦ દિવસના રોઝા રાખ્યા છે તે છતાં ચાંદ દેખાતો નથી તો પછી તેને ૩૦ દિવસથી વધારે રોઝા રાખવા ન જોઇએ. હવે સમજો કે ૨૯મી તારીખે ચાંદ દેખાયો અને બે આદીલ લોકોએ ગવાહી આપી કે ચાંદ જોયો છે, તો પછી તેણે ૩૦મો રોઝો રાખવાની જરૂરત નથી.

હવે સાફ શબ્દોમાં, આ હદીસ જે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.)ની કિતાબ દાએમુલ ઇસ્લામમાં મળે છે, તે સાફ સાફ શબ્દોમાં જણાવે છે કે મહિનાની શરૂઆત અને અંત ચાંદ જોવા પર નિર્ભર છે, અને આ હદીસથી એ પણ ખબર પડે છે કે માહે રમઝાનના દિવસો ૩૦ કરતા ઓછા પણ થઇ શકે છે. નિચે મુજબની હદીસો ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.) અને ઇમામ સાદિક (અ.સ.) થી છે.

مُحَمَّدُ بْنُ يَعْقُوبَ عَنْ عَلِيِّ بْنِ إِبْرَاهِيمَ عَنْ أَبِيهِ وَ عَنْ مُحَمَّدِ بْنِ يَحْيَى عَنْ أَحْمَدَ بْنِ مُحَمَّدٍ جَمِيعاً عَنِ ابْنِ أَبِي عُمَيْرٍ عَنْ حَمَّادِ بْنِ عُثْمَانَ عَنِ الْحَلَبِيِّ عَنْ أَبِي عَبْدِ اللَّهِ ع قَالَ إِنَّهُ سُئِلَ عَنِ الْأَهِلَّةِ فَقَالَ هِيَ أَهِلَّةُ الشُّهُورِ فَإِذَا رَأَيْتَ الْهِلَالَ فَصُمْ وَ إِذَا رَأَيْتَهُ فَأَفْطِرْ

*ઇમામ અલ-સાદિક (અ.સ.)થી જ્યારે પુછવામાં આવ્યુ હિલાલ (ચાંદ)ના બારામાં, તો આપે જવાબમાં કહ્યું કે રૂયતે*

---

૧૮૫ કાઝી નોમાન (નોમાન ઇબ્ને મોહમ્મદ) દાએમુલ ઇસ્લામ, જી. ૧, પાનુ ૨૮૦

*હિલાલ (ચાંદ જોવુ) થી મહિનાઓ ખબર પડે છે અને નક્કી થાય છે. તમારે ચાંદ જોઇને ક્યારે રોઝા શરૂ કરવાના અને ચાંદ જોઇને તમારા ક્યારે રોઝા બંધ કરવાના છે.*[૧૮૬]

مُحَمَّدُ بْنُ الْحَسَنِ بِإِسْنَادِهِ عَنْ عَلِيِّ بْنِ مَهْزِيَارَ عَنْ مُحَمَّدِ بْنِ أَبِي عُمَيْرٍ عَنْ أَيُّوبَ وَ حَمَّادٍ عَنْ مُحَمَّدِ بْنِ مُسْلِمٍ عَنْ أَبِي جَعْفَرٍ ع قَالَ إِذَا رَأَيْتُمُ الْهِلَالَ فَصُومُوا وَ إِذَا رَأَيْتُمُوهُ فَأَفْطِرُوا وَ لَيْسَ بِالرَّأْيِ وَ لَا بِالتَّظَنِّي وَ لَكِنْ بِالرُّؤْيَةِ الْحَدِيثَ

ઇમામ અલ-બાકિર (અ.સ.)એ ફરમાવ્યુ: જ્યારે તમે ચાંદ (હિલાલ) જુઓ તો રોઝા રાખો અને રોઝા બંધ કરો જ્યારે તમને ચાંદ નજર આવે, અને કોઇના કહેવાથી કે કોઇ ની રાય પ્રમાણે કે પોતાની ઇચ્છા પ્રમાણે બલ્કે પોતાની નરી આંખોથી જોઇને કરો.[૧૮૭]

ઇસ્માઇલીઓ અને ઇસ્નાઅશરીઓ બન્ને ઇમામ અલ-બાકિર (અ.સ.)ને ઇમામ અલ-સાદિક (અ.સ.)ને ઇમામ માને છે. આ હદીસો સાફ સાફ જણાવે છે કે જ્યારે ચાંદ દેખાય ત્યારે રોઝો રાખવો અને જ્યારે બીજા મહિનાનો ચાંદ દેખાય ત્યારે રોઝો ખતમ કરવાનો છે તેથી પોતાના વિચાર કે અત્કળથી રોઝા રાખવાનો કોઇ સવાલ પેદા થતો નથી. હિલાલ (પહેલીનો ચાંદ) હમેશા લગભગ સત્તર (૧૭) કલાક પછી આસમાનમાં દેખાય છે,[૧૮૮] તો જ્યારે હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.) અને ઇમામો (અ.સ.) એ મુસ્લીમોથી ફરમાવ્યુ કે હિલાલ જુઓ તો એનો મતલબ ૧૭ કલાક જુનો ચાંદ જુઓ.

---

૧૮૬ વસાએલુશ્શીઆ, જી. ૧૦, પાનુ ૨૫૨

૧૮૭ વસાએલુશ્શીઆ, જી. ૧૦, પાનુ ૨૫૨

૧૮૮ મૂનસાઇતીંગ દોટ કોમ ''એફ.એ.ક્યુ'' ની અંદર 'યન્ગેસ્ટ મૂન એન્ડ સાઇતીંગ ક્રાઇટેરીયા' આન્સર ટુ ક્વોશસન ન. ૨.૧ અને ૧૦.૬

આપણે મુસ્લીમો બધા કુરઆને મજીદને માનીએ છીએ અને કુરઆને મજીદમાં તમામ બાબતની વિગતો મળતી નથી, દાખલા તરીકે એમાં ફરમાન છે કે નમાઝ પઢો પણ કેવી રીતે નમાઝ પઢવાની અને કેટલી રકઅતો દરેક નમાઝમાં છે તે બધી વિગતો આપણે હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.) અને પાક આલે પયગમ્બર (અ.સ.)થી મળશે. એવી જ રીતે કુરઆને મજીદ આપણાને જણાવે છે કે હિલાલથી મહિનાઓ નક્કી થાય છે અને આ બધી નિશાનીઓ લોકોના માટે છે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.) અને અઇમ્મએ માસુમીન (અ.સ.)એ લોકોને સમજાવી દીધુ કે ચાંદ દેખાવાથી મહિના શરૂ થાય છે.

જો અગર એક સંપૂર્ણ કેલેન્ડર હોતે તો સારૂ થતે પણ અફસોસ કે એવુ થયુ નહિ, કારણ કે એ બિલકુલ અસંભવ છે કે એક પુરી દુનિયા માટે એક જ કેલેન્ડર હોય જે જુદી જુદી જગ્યાઓમાં હિલાલ (ચાંદ) દેખાય જાય. હવે આપણાને તો હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.) અને અઇમ્મે માસુમીન (અ.સ.)થી જે હદીસો મળી છે તે પ્રમાણે આપણાને ચાંદ જોઇને જ મહિનાઓની શરૂઆત કરવાની છે, અને આપણી પાસે માનવા વગર બીજો કોઇ રસ્તો નથી, હવે જ્યારે આપણાને કયામત ના દિવસે પુછવામાં આવશે ત્યારે આપણી પાસે મજબુત દલીલો છે કે આપણે શા માટે ચાંદ જોઇને અમલ કર્યા છે, કારણ કે અમે લોકોએ હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.)ની હદીસો પ્રમાણે અમલ કર્યો છે.

બોહરાઓ કે જેઓ ઇસ્માઇલી મઝહબનનો એક ફિર્કો છે તેઓના પાસે પોતાનો એક કમરી કેલેન્ડર (ચંદ્રને આધીન) છે, અને તમામ બોહરાઓ (વ્હોરાઓ) આખી દુનિયામાં (મિસરી કેલેન્ડર) એક જ દિવસે મહિનાની શરૂઆત કરે છે અને કેલેન્ડરની છેલ્લી તારીખે મહિનો ખતમ કરે છે, અને મકામી જગ્યાની તારીખોને ગણકારતા નથી. અગર બોહરાઓ મકામી જગ્યાની તારીખને ખ્યાલમાં લે તો તેમને ખબર પડે કે બધી જ બાજુએ એક જ સમયમાં ચંદ્રને જોવુ અસંભવ છે, આનુ કારણ એ છે કે દરેક બાજુ કમાનની કારણ ચંદ્ર ઉગવાની અને આથમવાની સ્થિતી જુદી જુદી હોય છે જેવી રીતે આખી પૃથ્વી પર સુરજ નિકળવાની અને ડુબવાની સ્થિતી અલગ અલગ હોય છે. જેમ કે આખી

દુનિયાની ધરતી પર એક વખતમાં સુરજની સ્થિતી ઉગવાની અને આથમવાની જગ્યા જુદી જુદી હોય છે. કેટલીક જગ્યા પર સુરજ એકદમ આખો અને પુરો દેખાય છે જ્યારે કે કેટલીક જગ્યા પર એકદમ દેખાતો જ નથી. દાખલા તરીકે એક માણસ જે એક જગ્યા પર ઉભો છે તે જે જોઇ શકે છે અને તે જે જોઇ શકતો નથી, જેમકે ખગોળશાસ્ત્ર પ્રમાણે ઉત્તર દિશામાં (ઉત્તર ગોળાર્ધ) શિયાળો (ઠંડીના દિવસો) હોય છે અને દિવસો નાના હોય છે અને આર્કટિક પ્રદેશમાં મહિનાઓ સુધી રાતો હોય છે અને એજ સમયે દક્ષિણ દિશામાં લાંબા-લાંબા દિવસો હોય છે જે મહિનાઓ સુધી ચાલે છે. દક્ષિણ ગોળાર્ધમાં સુરજ સાફ દેખાય છે પણ ઉત્તર દિશામાં સુરજ બિલકુલ નહિ દેખાય. બસ એવી જ રીતે ચંદ્રનુ પણ દેખાવા બાબત છે કે એક જગ્યાએ બિલકુલ ચંદ્ર દેખાશે પણ બીજ જગ્યાએ બિલ્કુલ નહિ જ દેખાય. છેલ્લે મતલબ એક જ છે કે એ બિલકુલ અસંભવ છે કે એક કમરી (ચંદ્ર) કેલેન્ડર બધી જગ્યા માટે સરખુ હોય, જે આખી દુનિયા માટે લાગુ પડી શકે છે. બોહરાઓ આ હકીકતથી ઇન્કાર કરે છે કે ચાંદ જોઇને મહિનાઓની શરૂઆત કરવા માટે જરૂરી છે અને આવી રીતે તેઓ હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.)ની હદીસોથી સાફ ઇન્કાર કરે છે કે આ કોઇ જરૂરી બાબત નથી અને એવી રીતે પોતાનો કેલન્ડર બનાવી દીધો છે. બોહરાઓ પોતાની જ કિતાબ દાએમુલ ઇસ્લામ જે કાઝી નોમાન સાહેબે લખી છે જેમાં હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.)ની હદીસો મૌજુદ છે કે ચાંદ જોઇને મહિનાની શરૂઆત કરવાની છે તેની પણ પરવાહ નથી કરી અગર આ કેલેન્ડર સહી હોતે તો બહેસની કોઇ ગુંજાઇશ નહિ રહેતે પણ એ સાબીત થઇ ચુક્યુ છે કે કેલેન્ડર ગલત છે.

## બોહરા ઇસ્લામીક કેલેન્ડર

બોરહા / ઇસ્માઇલી કેલેન્ડરમાં દરેક મહિનાની દિવસ સ્થિર કે અચળ (ફિકસદ) છે સિવાય કે ઝિલહજ્જ મહિનાના ૨૯ અથવા ૩૦ દિવસો છે. નિચે મુજબ બોહરા કેલેન્ડરના ચાર (૪) વરસનો હિસાબ છે, તે જુઓ:

### હિજરી ૧૪૨૯ / ઇ.સ. ૨૦૦૮

મોહર્રમ ૩૦ દિવસ, સફર ૨૯ દિવસ, રબીઉલ અવ્વલ ૩૦ દિવસ, રબીઉસ સાની ૨૯ દિવસ, જમાદિઉલ અવ્વલ ૩૦ દિવસ, જમાદિઉસ સાની ૨૯ દિવસ, રજબ ૩૦ દિવસ, શાબાન ૨૯ દિવસ, રમઝાન ૩૦ દિવસ, શવ્વાલ ૨૯ દિવસ, ઝુલકઅદા ૩૦ દિવસ, **ઝુલહજ્જ ૨૯ દિવસ.**

### હિજરી ૧૪૩૦ / ઇ.સ. ૨૦૦૯

મોહર્રમ ૩૦ દિવસ, સફર ૨૯ દિવસ, રબીઉલ અવ્વલ ૩૦ દિવસ, રબીઉસ સાની ૨૯ દિવસ, જમાદિઉલ અવ્વલ ૩૦ દિવસ, જમાદિઉસ સાની ૨૯ દિવસ, રજબ ૩૦ દિવસ, શાબાન ૨૯ દિવસ, રમઝાન ૩૦ દિવસ, શવ્વાલ ૨૯ દિવસ, ઝુલકઅદા ૩૦ દિવસ, **ઝુલહજ્જ ૨૯ દિવસ.**

### હિજરી ૧૪૩૧ / ઇ.સ. ૨૦૧૦

મોહર્રમ ૩૦ દિવસ, સફર ૨૯ દિવસ, રબીઉલ અવ્વલ ૩૦ દિવસ, રબીઉસ સાની ૨૯ દિવસ, જમાદિઉલ અવ્વલ ૩૦ દિવસ, જમાદિઉસ સાની ૨૯ દિવસ, રજબ ૩૦ દિવસ, શાબાન ૨૯ દિવસ, રમઝાન ૩૦ દિવસ, શવ્વાલ ૨૯ દિવસ, ઝુલકઅદા ૩૦ દિવસ, **ઝુલહજ્જ ૩૦ દિવસ.**

### હિજરી ૧૪૩૨ / ઇ.સ. ૨૦૧૧

મોહર્રમ ૩૦ દિવસ, સફર ૨૯ દિવસ, રબીઉલ અવ્વલ ૩૦ દિવસ, રબીઉસ સાની ૨૯ દિવસ, જમાદિઉલ અવ્વલ ૩૦ દિવસ, જમાદિઉસ સાની ૨૯ દિવસ, રજબ ૩૦ દિવસ, શાબાન ૨૯ દિવસ, રમઝાન ૩૦ દિવસ, શવ્વાલ ૨૯ દિવસ, ઝુલકઅદા ૩૦ દિવસ, **ઝુલહજ્જ ૨૯ દિવસ.**

બોહરા કેલેન્ડર પ્રમાણે તમામ એકી સંખ્યાના મહિનાઓ ૩૦ દિવસના છે અને તમામ બેકી સંખ્યાના મહિનાઓ ૨૯ દિવસના છે, ફકત છેલ્લો મહિનો ઝુલ હજ્જના ૨૯ અથવા ૩૦ દિવસો છે. હવે ચાંદના વિકાસના તબક્કાઓ એવા કોઇ સરસ અનુકરણીય નમૂનો નથી. અગર

જો એવુ આસાન અને સરળ હોતે તો હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.)એ પણ જણાવી દીધુ હોતે, પણ એવુ કાંઇ જણાવવામાં આવ્યુ નથી. તે ઉપરાંત આજ નુ વિજ્ઞાન પણ કોઇ સરસ અનુકરણીય નમૂનો જણાવતુ નથી.

થોડાક સવાલો પણ ચંદ્રના મહિનાઓમાં દિવસો કેટલા હોય છે તે ''મુન્સાઇટીંગ દોટ કોમ'' (Moonsighting.com) ને પુછવામાં આવ્યા હતા કે તેઓ નિષ્ણાત અને ખાસ ઇલ્મ ધરાવે છે અને જવાબ નિચે મુજબ છે.

**સવાલ: શું એવી કોઇ પરંપરા સરસ અનુકરણીય નમૂના (ચંદ્રના) મહિનાઓમાં ૨૯ અને ૩૦ દિવસના હોય? કેટલાક લોકો કહે છે કે ૧૯ વરસ પછી ચંદ્‌ના વિકાસના તબક્કાઓ પાછા પુનરાર્વતન કરે છે, જ્યારે કે બીજાઓ કહે છે દરેક ૩૦ વરસ પછી પુનરાવર્તન કરે છે.**

જવાબ: જ્યારે કે અમે બહુ બારીકીથી ઊંડી તપાસ કરી તો લાંબા સમયના અભ્યાસ પછી અમને જાણવા મળ્યુ કે ચંદ્રની વિકાસની સંપૂર્ણ પ્રક્રિયા કે ઘટમાળમાં એવી સરસ અનુકરણીય નમૂનો નથી. અમે લોકોએ ૪૦૦૦ વરસનો હિસાબ કર્યો, એટલે ૪૮૦૦૦ મહિનાઓ અને જાણયુ કે એવી કોઇ સરસ અનુકરણિય નમૂનો નથી જ. તે ઉપરાંત ''ગ્રેગોરિઅન યર'' (Gregorian year) વર્ણના ૧૯ વરસના કેલેન્ડર પ્રમાણે (૨૨૮ મહિનાનુ ગ્રેગ્રોરિઅન કેલેન્ડર) ચંદ્રની ઘટમાળ થોડુક લગભગ ફરી પાછુ પુનરાવર્તન કરે છે. હવે આમા ધ્યાન આપવા જેવુ છે કે શબ્દ ''થોડુક'' વપરાયો છે એટલે ''બિલકુલ'' શબ્દનો ઉપયોગ થયો નથી, અને તેથી જ ૨૨૮ ગ્રેગોરીઅન મહિનાઓ (અથવા ૬૯૪૦ દિવસો) લગભગ ૨૩૫ કમરી મહિનાઓના બરાબર છે (૧૯ વર્ષ અને ૭ મહિનાઓ કમરી કેલેન્ડરમાં). તેજ પ્રમાણે ૩૦ કમરી વર્ષો (૧૦૬૩૧ દિવસો) આ પણ લગભગ ૨૯ વર્ષ અને ૧ મહિનો સૂર્યમાળા (lunar) કેલેન્ડર બરાબર છે, તે છતાં તે બિલકુલ નથી પણ થોડુક અથવા લગભગ જ છે. એટલે લાંબા સમયના હિસાબ પ્રમાણે પણ જે પરિણામ આવે છે તે પણ એક (૧) દિવસ માટે ગલત સાબિત થાય છે. કેટલાક લોકોએ એ વિચાર જાહેર કર્યો છે કે ૨૧૦ કમરી

વર્ષો, તેપણ ૩૦ વર્ષની ઘટમાળ કે બનાવોની પરંપરા છે. ટુંકમાં એટલુ જ કહેવાનુ છે કે સરસ અનુકરણીય નમૂનો મૌજુદ નથી કે જે કહી શકાય કે બિલકુલ પુનરાવર્તન થાય છે.[૧૮૯]

## બોહરાઓને આ કેલેન્ડર ક્યાંથી પ્રાપ્ત થયુ હતુ ?

કોષ્ટક (આંકડા) વાળુ ઇસ્લામિક કેલેન્ડર (દા.ત. ફાતેમી કે મિસરી કેલેન્ડર) ધોરણ પ્રમાણે એજ અંકના વરસો અને મહિનાઓ છે, પણ મહિનાઓનો હિસાબ-કિતાબ તો બિલકુલ ગણિતશાસ્ત્રના બુન્યાદ પ્રમાણે છે. પણ ખગોળ શાસ્ત્ર પ્રમાણે જોઇને હિસાબ નથી થતો. ટુંકમાં આસ્માનમાં ચાંદ જોઇને મહિના કે તારીખો નક્કી નથી થતા પણ ગણિતશાસ્ત્રથી થાય છે.

આ કેલેન્ડર (ઇસ્માઇલી / ફાતેમી કેલેન્ડર) શરૂઆતના મુસ્લીમ ખગોળશાસ્ત્રઓએ બીજી હિજરી સદીના સમયમાં રચવામાં આવ્યુ હતુ કે જેથી (૮મી સદી હિજરી) નિર્દેશક પ્રમાણે ચંદ્રની ગતિવિધી, તે ઉપરાંત સૂર્ય અને ગ્રહોની હિલચાલની ઘટના આધારિત પ્રમાણે ગણતરી કરી શકાય. કેટલાક મુસ્લીમો પોતાના રોજિંદા જીવનમાં આ કેલેન્ડર પ્રમાણે ચાલે છે અને ખાસ કરીને ઇસ્માઇલી બોહરા સમાજના લોકો છે. આ લોકોનો મજબુત અકીદો છે કે તેઓના તમામ ફાતેમી ઇમામો અને દાઇઓ[૧૯૦] પણ આજ પ્રમાણે પ્રણાલિકાગત ચાલ્યા હતા.

દરેક વર્ષના ૧૨ મહિનાઓ હોય છે. જે એકી સંખ્યા ના મહિનાઓ છે તેના દિવસો ૩૦ છે અને બેકી સંખ્યાના મહિનાઓ છે તેના દિવસો ૨૯ છે, ફકત ૧૨મા મહિનામાં જ્યારે લીપ વર્ષ (leap year) છે તેમાં ૩૦ દિવસો છે.

લીપ યર એટલે જે વર્ષે ૧૨ મહનિામાં ૧ દિવસ વધી જાય (કુદકો મારીને આગળ વધે)

---

[૧૮૯] મૂનસાઇતીંગ દોટ કોમ

[૧૯૦] ઇમામના પ્રતિનિધીઓ

૩૦ વર્ષના ઘટમાળમાં ૧૧ વર્ષો લીપ યરના હોય છે. સરેરાશ પ્રમાણે વર્ષમાં ૩૫૪ ૧૧/૩૦ દિવસો હોય છે, એટલે સામાન્ય રીતે વર્ષમાં ૩૫૪ દિવસો હોય છે, અને ૩૦ વર્ષના ઘટમાળમાં પહેલા વર્ષમાં જે બચે છે તે ૧૧/૩૦ દિવસ હોય છે. અને જ્યારે જે બચે છે તે અગર અર્ધો દિવસ (૧૫/૩૦) વધે છે ત્યારે તે દિવસ લીપ દિવસ તરીકે ગણવામાં આવે છે અને તેને આખો દિવસથી ગણત્રીમાં લેવામાં આવે છે. હવે બીજા વર્ષમાં જે દિવસ બચે છે તે ૨૨/૩૦ દિવસ ગણાશે અને તેને ઓછો કરીને ૮/૩૦ દિવસ એ લીપ દિવસ છે.

આજ કાયદો વાપરીને લીપ વર્ષો આવી રીતે થશે ૨, ૫, ૭, ૧૦, ૧૩, ૧૬, ૧૮, ૨૧, ૨૬ અને ૨૯ જે ૩૦ વર્ષના ઘટમાળમાં છે. હવે જ્યારે લીપ દિવસો ઉમેરવામાં આવે કે જ્યારે લીપ દિવસો ઉમેરવામાં આવે કે જ્યારે બચી ગયા હોય તે બરાબરના થઇ જાય અથવા તો વધી જાય અર્ધો દિવસથી વધારે તો પછી બધા વર્ષો સરખા છે પણ ફકત ૧૫ જે ૧૬ને હટાવીને આવશે.

ઇસ્માઇલી તૈય્યબી (બોહરા) જમાત જે પ્રમાણે ચાલે છે અને માને છે તે ૩૦ વર્ષના લીપ વર્ષના ઘટમાળમાં છે.

૨, ૫, ૮, ૧૦, ૧૩, ૧૬, ૧૯, ૨૧, ૨૪, ૨૭ અને ૨૯.

હવે આ સિવાય બીજા પણ બે લીપ વર્ષોના હિસાબ છે જે નિચે મુજબ છે.

૨, ૫, ૭, ૧૦, ૧૩, ૧૫, ૧૮, ૨૧, ૨૪, ૨૬ અને ૨૯.

૨, ૫, ૮, ૧૧, ૧૩, ૧૬, ૧૯, ૨૧, ૨૪, ૨૭ અને ૩૦.

હવે આમાં મુદ્દાની વાત એ છે કે એક મહિનો ૨૯ ૧૯૧/૩૬૦ દિવસ થાય છે તે બરાબર ૨૯.૫૩૦૫૫૫૫..... દિવસો. હવે આ લગભગ બહુ જ ટુંકો દિવસ જે ૨૫૦૦ વર્ષોમાં એક દિવસ પુરો થશે.[૧૯૧]

આ કોષ્ટક (આંકડાવાલુ - tabular) ઇસ્લામી કેલેન્ડર પણ વાસ્તવિક

[૧૯૧] ૧૯૧. બુહ જ વિસ્તારથી સમજણ આપવામાં આવશે.

માર્ગથી હટી જાય છે જે રૂયતે હિલાલ (ચાંદ જોઇને) ચાલવાવાલા કેલેન્ડરથી જે ઘણા બધા કારણો છે.[૧૯૨]

બોહરા, કેલેન્ડરમાં સરેરાશ મહિનો ૨૯.૫૩૦૫૫૫[૧૯૩] અને લાંબા સમયના સરેરાશ કમરી મહિનામાં ૨૯.૫૩૦૫૮૯ હોય છે એટલે આપણે જોઇ શકીએ છે કે બોહરા કેલેન્ડર માં મહિનાઓ લગભગ થોડા નાના છે એટલે લગભગ ૨૫૦૦ વર્ષો[૧૯૪] જે સરેરાશ છે તેમાં ેક આખો દિવસ ઓછો થઇને પાછળ થઇ જાય છે.[૧૯૫] અને વૈજ્ઞાનિક ગણતરી એ હિસાબ પ્રમાણે ચંદ્રના પ્રારંભ કે ઉદ્દભવ પ્રમાણે ચાલુ ફર્ક છે તે પુરૂ થાય છે અથવા સમાપ્ત થાય છે. તો ૧૦૦૦ વર્ષો સાફ દેખાશે કે બોહરા કેલેન્ડરને હકીકતમાં ચંદ્રના વિકાસના તબક્કાથી અથવા કમરી કેલેન્ડરથી કાંઇ પણ લેવા દેવા નથી. (હાલમાં આપણે બધા ૧૪૩૬માં છીએ.)

હવે બીજો એક ખાસ કારણ છે કે બોહરા કેલેન્ડર સહી નથી, જ્યારે મેં

---

૧૯૨ http://en.wikipedia.org/wiki/Tabular_Islamic_calendar

૧૯૩ અમે આ બોહરા (મિસરી) કેલેન્ડરમાંથી હાસીલ કર્યુ છે. જેમાં ૬ મહિનાઓ ૨૯ દિવસના છે અને ૬ મહિનાઓ ૩૦ દિવસના છે. તે પછી તેને ૩૦થી (વર્ષો) ગુણાકાર કરીએ તો (જેમકે ૩૦નો સર્કલ છે) અને તે પછી તેમાં ૧૧ દિવસ લીપ વર્ષના જોડવામાં આવે. છેલ્લે તે જમાં સંખ્યાને ૩૦થી ભાગાકાર કરવામાં આવે અને સરેરાશ વર્ષ મળે, તે પછી તેને ૧૨થી ભાગાકાર કરવામાં આવે તો સરેરાશ મહિનો મળે. (૨૯.૫૩૦૫૫૫૫) દિવસો.

૧૯૪ બોહરા કેલેન્ડરના સરેરાશ વાર્ષિક મહિના જ્યારે કમરી (ચાંદના) કેલેન્ડરના મહિનાથી બાદબાકી કરીએ તો આપણને ફર્ક મળે છે, તે ઉપરાંત ૧થી આપણે ભાગાકાર કરીએ તો (આપણે કોશીશ કરીએ છે કે ક્યારે કેલેન્ડરો એક દિવસથી અલગ પડે છે) અને જ્યારે છેલ્લે જે આંકડો મળે તેને ૧૨થી ભાગાકાર કરીએ જે જવાબ મળે તે વર્ષોના, તેનો જવાબ ૨૪૯૧.૬૫ વર્ષ થાય છે (લગભગ ૨૫૦૦ વર્ષ થાય છે.)

૧૯૫ કહેવાનો મતલબ એ છે કે બોહરાઓ ૧૦૦૦ વર્ષ પછી જે મહિનો શરૂ કરશે તે એક દિવસ અથવા ધોઢ (૧.૫) દિવસ ચાંદ દેખાવાના પહેલા જ શરૂ કરી દેશે. નોંધઃ જ્યાં ૧૪૩૧ હિજરી (૨૦૧૦ ઇ.સ.) રમઝાન મહિનાના બાબતમાં બહેશ થઇ છે તે જોઇ લેશો.

જોયુ કે થોડા મહિનાઓ ની મેં અભ્યાસ કર્યો (માહે રમઝાન અને માહે શવ્વાલ) અને બોહરા કેલેન્ડર સાથે સરખામણી કરી તો મેં જોયુ કે બોહરા કેલેન્ડર એકદમ સંપૂર્ણપણે ખોટુ અને આટલા વર્ષો એક વર્ષ (૧૪૩૧ હિજરી) બોહરા લોકોએ રોઝા રાખવાનુ શરૂ કરી દીધુ જ્યારે કે મુશ્કીલથી ચંદ્રનો ઉદ્ભવ થયો હોય! હકીકતમાં બોહરા લોકોએ હિન્દુસ્તાનમાં ત્યારે રોઝા રાખવાનુ શરૂ કર્યુ કે જ્યારે ચાંદ ઉદ્ભવ થયો જ નહિ હતો તે વર્ષ ૧૪૩૧ હિ. હતો.

નિચે જણાવ્યા મુજબ ચાર વર્ષનો અભ્યાસ કર્યો છે જેની વિગતો મુનસાઇટીંગ ડોટ કોમ (moonsighting.com) અને ક્રિસેન્ટમુનવોચ ડોટ ઓર્ગ (crescentmoonwatch.org) પ્રમાણે છે.

માહે રમઝાનમાં (હિજરી ૧૪૨૯ (ઇ.સ. ૨૦૦૮) ખગોળશાસ્ત્રના વૈજ્ઞાનિક અભ્યાસ પ્રમાણે નવો ચંદ્રમા (હિલાલ) શનિવારે, ૩૦મી ઓગષ્ટ ૨૦૦૮ સમય ૧૯:૫૭ યુ.ટી. (U.T.) : ૩૦મી ઓગષ્ટએ ચાંદ દેખાવાના કોઇ પણ સંભાવના નથી, તે છતા નાઇજેરીઆ દેશમાંથી ખબર આવી કે ચાંદ દેખાયો તે શનીવારે.[૧૯૬]

આનો મતલબ એ થયો કે બહુ જ મુશ્કિલથી ૩૦મી ઓગષ્ટે ચાંદનો ઉદ્ભવ થયો હશે. હવે લગભગ ચાંદ બની શકે છે કે ૩૧મી ઓગષ્ટે અથવા ૧લી સપ્ટેમ્બર અથવા ૨જી સપ્ટેમ્બરે, એટલે માહે રમઝાન ની શરૂઆત ૧લી સપ્ટેમ્બર અથવા ૨જી સપ્ટેમ્બરે થઇ, પણ બોહરા / ઇસ્માઇલી કેલેન્ડર પ્રમાણે ૧લી રમઝાન તો ૩૧મી ઓગષ્ટ ૨૦૦૮ થઇ. આ બિલકુલ અસંભવ અને માનવા લાયક નથી કે ૩૦મી સપ્ટેમ્બરે

---

[૧૯૬] moonsighting.com, crescentmoonwath.org નોંધ કરો કે ઉપર મુજબ માહિતીથી નવો ચંદ્રમાં ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૮માં ૧૯:૫૮ UT ના સમયે જન્મ લીધો પણ આંખોથી બિલકુલ દેખાયો નહિ હતો, વધુ માહિતી હાસીલ કરવા માટે crescentmoonwatch.org સાઇટ પર જઇને જોઇ લીઓ અને ''next new moon'' પર સ્ક્રોલ કરો જ્યાર સુધી તમારે ''global Visibility maps'' પર જોવા મળે. તે ઉપરાંત એ ધ્યાન રહે કે આ crescentmoonwatch.org એ એક નોન-મુસ્લીમ સાઇટ છે. સાઇટનુ એડ્રેસ છે http://www.crescentmoonwatch.org/

ચાંદ દેખાયો હોય અને બોહરા લોકોએ રોઝા રાખવાનુ ૩૧મી સપ્ટેમ્બરે શરૂ કરી દીધુ હતુ ?

હિન્દુસ્તાન ૫ ૧/૨ કલાક યુનિવર્સલ ટાઇમ (વિશ્વના સમય) (U.T. or G.M.T.)થી આગળ ચાલે છે, તો ચાંદ નો ઉદ્‌ભવ તો ૧:૨૭ એ.એમ. ૩૧મી ઓગષ્ટ છે. (Indian Standard Time) અને બોહરા લોકોએ તો હિન્દુસ્તાનમાં ૩૧મી ઓગષ્ટે રોઝા રાખવાનુ શરૂ કરી દીધુ હતુ !

## માહે શવ્વાલ (હિજરી ૧૪૨૯ (૨૦૦૮ ઇ.સ.)ના ચાંદ જોવાની જાહેરાત અથવા સમાચાર

ખગોળશાસ્ત્રના વૈજ્ઞાનિક અભ્યાસ પ્રમાણે સોમવારે ૨૯મી સપ્ટેમ્બર ૨૦૦૮, સમય ૮:૧૨ GMT, ૪:૧૨ am EDT, ૧:૨૭ એ.એમ. ૩૧મી ઓગષ્ટ છે. (Indian Standard Time) અને બોહરા લોકોએ તો હિન્દુસ્તાનમાં ૩૧મી ઓગષ્ટે રોઝા રાખવાનુ શરૂ કરી દીધુ હતું !

માહે શવ્વાલ (હિજરી ૧૪૨૯ (૨૦૦૮ ઇ.સ.)ના ચાંદ જોવાની જાહેરાત અથવા સમાચાર

ખગોળશાસ્ત્રના વૈજ્ઞાનિક અભ્યાસ પ્રમાણે સોમવારે ૨૯મી સપ્ટેમ્બર ૨૦૦૮, સયમ ૮:૧૨ GMT, EDT, ૯:૧૨ AM PDT) તે બિલકુલ નહિ. દેખાય.[૧૯૭] ૨૯મી સપ્ટેમ્બર સિવાય બહુ જ ઓછી સંભાવના છે કે તે પોલીનેસીયન આઇલેન્ડ (Polynesian Islands)માં દેખાય. ૩૦ મી સપ્ટેમ્બર, મંગળવારે ચાંદ ન્યુઝિલેન્ડ, ઓસ્ટ્રેલિયા, ઇન્ડોનેસીયા, સાઉથ એસિયા, આફ્રીકા અને અમેરિકામાં દેખાય. નોર્થ અમેરિકામાં ૩૦મી સપ્ટેમ્બર ચાંદ દક્ષિણપટ્ટ તરફ દેખાય શકે છે.[૧૯૮] આનો મતલબ એજ થયો કે શવ્વાલ મહિનાનો ચાંદ ૩૦મી સપ્ટેમ્બર અથવા ૧લી ઓક્ટોબર ૨૦૦૮ ના દેખાય શકે છે, તેથી ઇદુલ ફિત્રનો દિવસ ૧લી

---

[૧૯૭] નોંધઃ જ્યારે (સાઇટ) કહે કે હિલાલ (ન્યુ મુન) જોવાય નહિ ત્યારે સમજી લેવાનુ કે સારી સીઝન અને સાફ વાતાવરણમાં પણ દેખાય નહિ.

[૧૯૮] moonsighting.com અને crescentmoonwatch.org ની માહિતી પ્રમાણે ૨૯મીએ હિલાલ (ન્યુ મુન) દેખાયો નહિ, કદાચ બની શકે છે કે કાચના ચશ્માથી સાઉથ આફ્રિકામાં દેખાય.

અથવા ૨જી ઓક્ટોબર ૨૦૦૮ થશે, પણ બોહરા-ઇસ્માઇલી કેલેન્ડર પ્રમાણે ઇદુલ ફિત્રનો દિવસ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૮ હતો, તો આ બિલ્કુલ અસંભવ હતુ કે હિલાલ (૧લી નો ચાંદ) ૨૯મી સપ્ટેમબરે દેખાય, તો પછી કેવી રીતે ૩૦મી સપ્ટેમ્બર ઇદ મનાવી લીધી? અગર કોઇ જાણી જોઇને રોઝા ન રાખે કે જે દિવસે રોઝો રાખવાનુ વાજીબ હતુ શરીઅત પ્રમાણે તો પછી કઝા રોઝુ રાખે અને કફ્ફારો (penalty) પણ આપે બોહરા લોકોએ આ બાબતમાં બહુ જ ખ્યાલ કરવો જોઇએ અને ગંભીર રીતે અમલ કરવો જોઇએ.

## માહે રમઝાન હિજરી ૧૪૩૦ (૨૦૦૯)માં ચાંદ જોવાની બાબત

ખગોળશાસ્ત્રના વૈજ્ઞાનિક અભ્યાસ પ્રમાણે નવો ચાંદ ૨૦મી ઓગષ્ટ, ૨૦૦૯ (જુમેરાત) ૧૦:૦૧ UT પ્રમાણે છે, પણ આ ચાંદ કોઇ પણ રીતે એશિયા ખંડમાં દેખાય નહિ. પોલીનેસીયન આઇલેન્ડ (Polynesian Island)માં પણ દેખાવાનો સંભવ બહુ જ ઓછો છે કે તે ૨૦મી ઓગષ્ટે દેખાય. તે ઉપરાંત ૨૧મી ઓગષ્ટ એ બહુ જ મુશ્કિલ છે કે તે યુરોપ અને કેનેડામાં દેખાય દે, પાકિસ્તાન, ઇન્ડીયા, મીદલ ઇસ્ટ અને ઉત્તરીય આફ્રિકામાં બહુ જ મુશ્કિલથી દેખાય દે જ્યારે કે ૨૧મી ઓગષ્ટે બહુ જ આસાનીથી ન્યુઝિલેન્ડ, ઓસ્ટ્રેલિયા, આફ્રિકાના મોટા ભાગમાં અને અમેરીકામાં દેખાય શકે છે.[૧૯૯]

આનો મતલબ એજ થયો કે માહે રમઝાનનો હિલાલ ૨૧મી અથવા ૨૨મી ઓગષ્ટે દેખાય શકે છે અને તે પણ આસ્માનમાં ક્ષિતિજની મર્યાદા પ્રમાણે, તો પછી ૧લી માહે રમઝાન ૨૨મી અથવા ૨૩મી ઓગષ્ટ ૨૦૦૯ થાય, પણ બોહરા / ઇસ્માઇલી કેલેન્ડરે તો ૧લી રમઝાન ૨૧મી ઓગષ્ટ જાહેર કર્યુ. ૨૦મી ઓગષ્ટે ચાંદ દેખાવાનુ તો બિલકુલ અસંભવ હતુ તે છતાં બોહરાઓએ ૨૧મી ઓગષ્ટથી રોઝા રાખવાનુ ચાલુ કરી દીધુ હતુ.

---

૧૯૯ moonsighting.com અને crscentmoonwatch.org નોંધઃ બન્ને સાઇટ પ્રમાણે ૨૦મી ઓગષ્ટે હિલાલ (ન્યુ મુન) એ જન્મ લીધો સમય : ૧૦:૦૨ અને નરી આંખોથી ક્યાંય દેખાયો નહિ.

## શવ્વાલ મહિનો હિજરી ૧૪૩૦ (૨૦૦૯)નો હિલાલ

ખગોળશાસ્ત્ર વિજ્ઞાનિક હિસાબ પ્રમાણે હિલાલ દેખાવાનુ ૧૮મી સપ્ટેમ્બર ૨૦૦૯ (શુક્રવાર) સમય ૧૮:૪૪ UT આ હિલાલ ૧૮મી સપ્ટેમ્બર ક્યાંય પણ દેખાવાનો નહોતો. આ હિલાલ સહેલાઇથી સાઉથ આફ્રિકા અને સાઉથ અમેરીકામાં ૧૯મી સપ્ટેમ્બરે દેખાય શકતો હતો. અને એજ દિવસે મુશ્કીલથી પશ્ચિમ ઓસ્ટ્રેલિયા, સેન્ટ્રલ આફ્રિકા, કેરિબિયન ટાપૂઓ, સેન્ટ્રલ અમેરિકા અને દક્ષિણના અમેરિકાના ઇલાકાઓમાં દેખાય દે. યુ.એસ.એ. અમેરિકામાં ૧૯મી સપ્ટેમ્બરે હિલાલ બહુ જ નિચેના ક્ષિજિજ ના સ્તર પર સૂર્યના આથમવાના સમયે, અને તે પણ મગરિબ પહેલા જોઇ શકાય છે. દૂરબીનથી જોવામાં આસાની થશે.[૨૦૦]

આનો મતલબ તો એજ થયો કે શવ્વાલનો ચાંદ તો ૨૦મી અથવા ૨૧મી સપ્ટેમ્બરે દેખાય શકે છે તે પણ ઇલાકાના આધારે, તો ઇદુલ ફિત્રનો દિવાસ ૨૧મી અથવા ૨૨મી સપ્ટેમ્બર ૨૦૦૯ હોવો જોઇએ જ્યારે કે બોહરા / ઇસ્માઇલી કેલેન્ડર પ્રમાણે તો ઇદુલ ફિત્ર નો દિવસ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૯. હવે હિલાલ તો ૧૮મીએ બિલકુલ દેખાયો નહિ અને ૧૯મીએ તો એશિયા યુરોપ અને કેનેડામાં બિલકુલ દેખાયો નહિ પણ બોહરાઓ એશિયા, યુરોપ અને કેનેડામાં પોતાની ઇદ ૨૦મી સપ્ટેમ્બરે મનાવી લીધી હતી.

## માહે રમઝાન હિજરી ૧૪૩૧ (૨૦૧૦)નો હિલાલ

ખગોળશાસ્ત્રના વૈજ્ઞાનિક હિસાબ પ્રમાણે નવો ચાંદ ૧૦મી ઓગષ્ટ, ૨૦૧૦, (મંગળવાર) સમય ૩:૦૮ UT છે. આ દિવસે નવો ચાંદ કોઇ પણ એશિયાખંડના દેશમાં નહિ દેખાય, તે છતાં બહુ જ મુશ્કિલથી દક્ષિણ અમેરીકામાં દેખાય શકે છે. ૧૦મી ઓગષ્ટે ફકત પોલિનેસિયા આઇલેન્ડમાં સહેલાઇથી દેખાય અને ૧૧મી ઓગષ્ટે ચાંદ જોવુ આસાન થઇ જશે તે ન્યુઝિલેન્ડ, ઓસ્ટ્રેલીયા, સાઉથ-ઇસ્ટ એશિયા, આફ્રિકા અને અમેરિકાના દેશોમાં, જ્યારે કે તે ચાંદ મુશ્કિલથી ઉત્તરીય એશિયા,

---

૨૦૦ ઉપર પ્રમાણે ૧૮મી સપ્ટેમ્બર પણ હિલાલ ક્યાંય પણ દેખાયો નહિ હતો.

યુરોપ અને કેનેડામાં દેખાય.[૨૦૧]

ઉપર મુજબ અભ્યાસ અને વિગત પ્રમાણે માહે રમઝાન મુબારકનો ચાંદનો ઉદ્‌ભવ (જન્મ) ૧૦મી ઓગષ્ટે, ૨૦૧૦ બિલકુલ નહિ હતો તેથી ૧૦મી ઓગષ્ટે દેખાયો જ નહિ. હવે તેથી ૧૧મી અથવા ૧૨મી ઓગષ્ટે દેખાવાની સંભાવના છે, આનો મતલબ કે ૧લી માહે રમઝાનનો દિવાસ ૧૨મી અથવા ૧૩મી ઓગષ્ટ ૨૦૧૦ હોવુ જોઇએ. બોહરા / ઇસ્માઇલી કેલેન્ડર પ્રમાણે ૧લી માહે રમઝાન ૧૦મી ઓગષ્ટે, એટલે કે લોકો એ દિવસે રોઝો રાખ્યો કે જ્યારે ચાંદનો ઉદ્‌ભવ થયો જ નહિ હતો.

સાચી હકીકત એ છે કે ભારત દેશ યુનિવર્સલ ટાઇમ (UT or GMT)થી ૫ ૧/૨ કલાક આગળ છે, નવા ચાંદનો ઉદ્‌ભવ સમય ૩:૦૮ UT ૧૦મી ઓગષ્ટે હતો જે ૮:૩૮ ઇન્ડીયન સ્ટન્ડર્ડ સમયના બરાબર થાય છે. આનો મતલબ તો એજ થયો કે બોહરાઓએ ભારતમાં ૧૦મીએ રોઝા રાખવાનુ શરૂ કરી દીધુ હતુ જ્યારે નવો ચાંદનો ઉદ્‌ભવ થયો હતો અને એનો જન્મ થયો !!! હકીકતમાં આ એક ભુલ છે.

## માહે શવ્વાલ હિજરી ૧૪૩૧ (૨૦૧૦)નો હિલાલ

ખગોળશાસ્ત્રના વૈજ્ઞાનિક હિસાબ પ્રમાણે નવો ચાંદ સપ્ટેમ્બરની ૮મી, ૨૦૧૦ (બુધવાર) સમય ૧૦:૩૦ UT આ ચાંદ ૮મી સપ્ટેમ્બર કોઇ પણ જગ્યાએ નહિ દેખાય તે છતાં અમુક પોલીનેસિયાન આઇલેન્ડમાં, ૯મી સપ્ટેમ્બરે તે છતાં ઉત્તરી એશિયા, યુરોપ અને કેનેડામાં પણ નહિ દેખાય દે. ૯મી સપ્ટેમ્બરે તે ન્યુઝિલેન્ડ, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ-ઉત્તરીય એશિયા, આફ્રિકા અને એમેરિકામાં દેખાશે.[૨૦૨]

---

[૨૦૧] moonsighting.com અને crescentmoonwatch.org. ૧૦મી ઓગષ્ટે સાઉથ આફ્રિકાના બહુ ઓછા ભાગમાં દેખાશે, તે ઉપરાંત કોઇ પણ જગ્યાએ દુનિયામાં દેખાશે નહિ.

[૨૦૨] moonsighting.com અને crscentmoonwatch.org. પ્રમાણે કોઇ પણ જગ્યાએ ૮મી સપ્ટેમ્બરે દેખાશે નહિ તે ઉપરાંત ફકત કાંચના ચશ્માની મદદથી સાઉથ આફ્રિકામાં દેખી શકાશે.

ઉપર મજુબના અભ્યાસ, પ્રમાણે શવ્વાલનો ચાંદનો ઉદ્ભવ ૮મી સપ્ટેમ્બર ૨૦૧૦ થયો તેથી તે ૯મી સપ્ટેમ્બરે ૨૦૧૦ દેખાય શકે છે. એટલે કે ઇદુલ ફિત્રનો દિવસ ૧૦મી સપ્ટેમ્બર, પણ બોહરા / ઇસ્માઇલી કેલેન્ડર પ્રમાણે ૯મી સપ્ટેમ્બરે હતી. વૈજ્ઞાનિક હકીકતના આધાર પર સાફ જણાવે છે કે નવો ચાંદ (હિલાલ) પોલીનેસીયન આઇલેન્ડ સિવાય કોઇ બાજુ નહિ દેખાય તે ક્રિસેન્ટમુનવોટ ડોટ ઓર્ગ (cresentmoonwatch.org)ના હિસાબ પ્રમાણે અને તે પણ દૂરબીનની મદદથી, દક્ષિણ આફ્રિકા તે સિવાય કોઇ બાજુ નહિ પણ બોહરા લોકોએ ૯મી સપ્ટેમ્બરે ઇદ મનાવી લીધી હતી.

## માહે રમઝાન હિજરી ૧૪૩૨ (૨૦૧૧)નો હિલાલ

ખગોળશાસ્ત્રના વૈજ્ઞાનિક હિસાબ પ્રમાણે નવો ચાંદ ૩૦મી જુલાઇ ૨૦૧૧ (શનીવાર) સમય ૧૮:૪૦ UT ૩૦મી જુલાઇએ તે દુનિયામાં ક્યાંય પણ દેખાવામાં આવ્યો નહિ. ૩૧મી જુલાઇ રવિવારે ૨૦૧૧ તે બહુ જ સહેલાઇથી દક્ષિણ આફ્રિકા અને દક્ષિણ અમેરિકામાં દેખાયો, પણ બહુ જ મુશ્કિલથી મધ્ય આફ્રિકામાં દેખાઇ શક્તો હતો. ૧લી ઓગષ્ટ તે બધી આસાનીથી દેખાયો પણ સિવાય ઉત્તરીય યુરોપમાં.[૨૦૩]

ઉપરની જાણકારીના આધારે ચાંદનો ઉદ્ભવ કે જન્મ ૩૦મી જુલાઇ, ૨૦૧૧માં થયો તે છતાં તે બધી બાજુ દેખાવુ અસંભવ હતું. એટલે તે ૩૧મી જુલાઇ અથવા ૧લી ઓગષ્ટે ૨૦૧૧ દેખાય શકે છે. એનો મતલબ એ થયો કે માહે રમઝાનનો મહિનો ૧લી અથવા ૨જી ઓગષ્ટે ૨૦૧૧ શરૂ થયો હતો, જ્યારે કે બોહરા / ઇસ્માઇલી કેલેન્ડર પ્રમાણે માહે રમઝાનની ૧લી તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૧૧ માં હતી.

## માહે શવ્વાલ હિજરી ૧૪૩૨ (૨૦૧૧)નો હિલાલ

ખગોળશાસ્ત્રના હિસાબ પ્રમાણે નવો ચાંદ ૨૯મી ઓગષ્ટ ૨૦૧૧ (સોમવાર) સમય ૩:૦૪ છ્ રૂ છે. ઓગષ્ટની ૨૯મી એ નવો ચાંદ સહેલાઇથી દક્ષિણ અમેરિકાના દક્ષિણ ભાગોમાં ત્થા પોલીનેસિયન

[૨૦૩] moonsighting.com અને crscentmoonwatch.org. ૩૦મી જુલાઇએ હિલાલ કોઇ પણ રીતે દેખાયો નહિ.

આઇલેન્ડમાં દેખાય શકતો હતો. તે છતાં દૂરબીનથી દક્ષિણ આફ્રિકાના કેપ-ટાઉન, દક્ષિણ અમેરિકાના ઉત્તરીય ઇલાકામાં અને હવાઇ ટાપુઓમાં દેખાય શકતો હતો. ૩૦મી ઓગષ્ટ, મંગળવારે, ૨૦૧૧, ચાંદ બધી જ બાજુ દેખાઇ શકતો હતો સિવાય ઉત્તરીય એશિયા અને ઉત્તરીય યુરોપમાં.[૨૦૪]

ઉપરના અભ્યાસ અને વિગત પ્રમાણે શવ્વાલનો ચાંદ ૨૯મી ઓગષ્ટ ૨૦૧૧ એ ઉદ્ભવ થયો અને લગભગ ૨૯મી ઓગષ્ટે બહુ જ થોડા દેશોમાં દેખાયો જેમકે દક્ષિણ અમેરિકાના દક્ષિણ ભાગમાં અને પોલીનેસિયાન આઇલેન્ડ, પણ ચાંદ બિલકુલ ભારતમાં, યુ.કે. નોર્થ અમેરિકા વગેરે દેશોમાં દેખાયો નહિ. ૩૦મી ઓગષ્ટે તે બહુ જ આસાનીથી બધી બાજુ દેખાયો હતો. તેથી ઇદુલ ફિત્રનો દિવસ ૩૧મી ઓગષ્ટ હતો, પણ બોહરા / ઇસ્માઇલી કેલેન્ડર પ્રમાણે ઇદુલ ફિત્રનો દિવસ ૩૦મી ઓગષ્ટ, ૨૦૧૧ હતો અને તમામ બોહરાઓ આખી દુનિયામાં ૩૦મી ઓગષ્ટે ઇદ મનાવી હતી.

ઉપરની તમામ વિગતોનો અભ્યાસ કર્યા પછી એ વાત સાબીત થઇ જાય છે કે બોહરા કેલેન્ડર સહી અને બરાબર નથી. જે સાચી હકીકતોને ભેગી કરવાથી સમજ પડે છે કે બોહરાઓએ મહિનાની શરૂઆત ત્યારે કરી હતી કે જ્યારે ચાંદ દેખાયો નહોતો અથવા ચાંદનો ઉદ્ભવ (જન્મ) થયો જ નહોતો[૨૦૫] જ્યાં તેઓ વસે છે. આ ઇસ્લામના કાનુનના વિરૂધ્ધ છે. બોહરા કેલેન્ડર જરા પણ સહી નથી કેમકે એની બધી તારીખો પહેલાથી જ સ્થિર અને મુકર્રર (Fixed) છે. આ રીતે તારીખો મુકર્રર કરી લેવુ ગલત છે જે ઇસ્લામના કાનુન પ્રમાણે જાએઝ નથી. એ વાત ધ્યાન જોવા જેવી છે કે બોહરાઓ ''દાએમુલ ઇસ્લામ'' જેવી કિતાબના માનવાવાળા અને એના અનુસરણ કરવાવાળા છે અને એ કિતાબમાં હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.) ની હદીસ છે કે હિલાલ જુઓ અને અમલ કરો, પણ બોહરાઓ પોતાના કેલેન્ડર પ્રમાણે ચાલે છે અને

---

૨૦૪ moonsighting.com અને crscentmoonwatch.org. ૨૯મી ઓગષ્ટે ફકત સાઉથ આફ્રિકામાં હિલાલ શકાયો હતો.

૨૦૫ માહે રમઝાન ૧૪૩૧ (૨૦૧૦ ઇ.સ.)માં અમે ચર્ચા કરી ચુક્યા છે.

અમલ કરે છે. એમ જણાય છે કે આ કેલેન્ડર ફાતેમી ખલીફાઓએ પોતાના ઝમાનામાં પોતાની સગવડતા અને અનુકૂળ માટે બનાવ્યુ હતુ. આ પહેલા પણ મેં જણાવ્યુ છે કે એક ચોક્કસ અને ભૂલચૂક વિનાનુ કેલન્ડર હોવુ બહુ જરૂરી છે પણ અફસોસ છે કે બોહરા કેલેન્ડર એવુ સાચુ અને ચોક્કસ નથી જ.

## રૂયતે હિલાલ (ચાંદ જોવાના) માટે કેટલીક વખત વારંવાર સવાલો કરવામા આવે છે

નિચે મુજબના કેટલાક સવાલો છે જે વારંવાર મુનસાઇટિંગ ડોટ કોમ પર પુછવામાં આવે છે. (moonsighting.com)

**સવાલ: સાચી અને ખરી રીત શું છે કે ચાંદ (રૂયતે હિલાલ) જોવાની ?**

મુનસાઇટિંગનો જવાબ: સૂરજ આથમવાના (સૂર્યાસ્ત) ૧૫ મિનિટ પછી પશ્ચિમ દિશામાં જ્યાં સુરજ ડુબ્યો છે ત્યાં બરાબર ઉપર નજર કરો, પણ ૩૦$^{\circ}$ (૩૦ ડિગ્રીના એંગલ) પર, તે ઉપરાંત સૂરજ આથમવાની જગ્યાના જમણી અને ડાબી બાજુએ પણ નજર કરો, ત્યાં સુધી કે મુનસેટ (ચાંદનો ડુબવા)નો સમય સુધી કે જે લોકલ ન્યુઝપેપરમાં તે દિવસનો સમય આપ્યા હોય. દૂરબીનની પણ મદદ કરી શકે છે તે ઉપરાંત એક કરતાં વધારે લોકો જુઓ અગર સંભવ હોય તો. અગર તમે થોડા મહિના માટે આવી રીતે જોવાની કોશીશ કરતા રહેશો તો પછી ધીરે ધીરે આસાની થઇ જશે અને કામ્યાબી મળશે. ક્યા દિવસે જોવાની શરૂઆત કરવી જોઇએ તે તમારે વેબસાઇટ (website)થી જાણકારી મળશે. અગર તમારે ખબર હોય કે આગળ મહિનાનો ચાંદ તમારા ઇલાકામાં ક્યારે દેખાયો હતો તો પછી ૨૯ દિવસ ગણી લેવાના પછી ચાંદ જોવાની કોશીશ કરવાની છે.

**સવાલ: અગર ચાંદ મોટો હોય તો એનો મતલબ કે તે બીજા દિવસનો છે ?**

જવાબ મુનસાઇટિંગ ડોટ કોમ નો: જેમકે આપણે લગભગ બધા જ જાણીએ છે કે ચાંદનો વિકાસનો તબક્કો અનેક છે. ઇસ્લામી

મહિનાઓની બુન્યાદ (ઇસ્લામી કેલેન્ડર) દરેક મહિનામાં ચાંદના દેખાવા (રૂયતે હિલાલ) ની બુન્યાદ પર આધારિત છે. ખગોળશાસ્ત્રના વૈજ્ઞાનિક હિસાબ પ્રમાણે નવો ચાંદનો મતલબ કે જ્યારે તે ગયા મહિનામાંગાયબ થઇ જોય છે (મતલબ કે તે ગયા મહિનામાં બહુ જ બારીક થઇ જાય છે જોવા માટે પછી એકદમ પુરો ગોળો (ગ્રહ) કાળો પડી જાય છે જે આંખોથી જોવુ બિલકુલ નામુમ્કિન છે.) યાદ રાખો કે નવો ચાંદ ઘેરૂ-કાળુ હોય છે જે દેખાતુ જ નથી. તે પછી લગભગ ૧૭ થી ૨૩ કલાક પછી જ નવો ચાંદ ધીરે ધીરે બહુ જ બારીક ચાંદનો હિસ્સો જમીન પરથી જોઇ શકાય છે, આ નવો ચાંદ જોઇ શકીએ છે. જેમકે આપણને અલ્લાહ (સ.વ.ત.) તરફથી શિખવવામાં આવ્યુ છે. (કુરઆન, સૂરહ ૨, આયત નં. ૧૮૯) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.વ.)એ પણ ફરમાવ્યુ છે કે મહિનાનો ચાંદ જોઇને નવા મહિનાની શરૂઆત કરવુ જોઇએ. અગર ચાંદ એક દિવસ ન દેખાયો જે દિવસે પણ ન દેખાયો, તેથી અગર ચાંદ જન્મયો ન હોય ૧૫ કલાકથી ઓછા સમયમાં તો તે બીજા દિવસના સુરજ ડુબવાના સમય સુધી, તો પછી તે ૧૫અર૪ઇં૩૯ કલાક જુનો છે અને તે દેખાવામાં પણ મોટો લાગશે. પણ એનો મતલબ હરગીઝ એ નથી થતો કે તે ચાંદ બીજા દિવસનો છે. પહેલા દિવસનો ચાંદ (હિલાલ) બહુ બારીક હોય છે જે અમુક ઇલાકામાં દેખાય છે જ્યારે કે બીજા ઇલાકાઓમાં તે મોટો અને જાડો દેખાય, તેનુ કારણ ફકત સમયમાં અસમાનતા હોય. મુસ્લીમ તરીકે આપણી પહેલી ફરજ ફકત એજ છે કે આપણે હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.)ની શિખામણ પર અમલ કરીએ કે આપ (સ.અ.વ.વ.)એ ફરમાવ્યુ હતુ કે તમારા મહિનાની શરૂઆત ફકત ચાંદ જોઇને કરો એટલે હિલાલ જોઇને અને નહિ કે જ્યારે ચાંદ જન્મયો હોય. અગર આપણે એવુ કરશુ તો ઇન્શાઅલ્લાહ મહિનાની શરૂઆત સહી તરીકે કરશુ (અલ્લાહ તઆલા જે ચાહે છે તે કે ખાસ ઇલાકા માટે મહિનાની શરૂઆત થાય.)

વધારે સવાલોની જાણકારી માટે વેબસાઇટ મુનસાઇટિંગથી રાબેતો કાયમ કરો.

# નિર્ણાયક મુદ્દાઓ

આટલી લાંબી ચર્ચામાં થોડા દાખલાઓ અને થોડા ચર્ચાવિચારણામાં ઇસ્માઇલી ઇમામો અને ઇસ્નાઅશરી ઇમામોની જીંદગીના ઇતિહાસના બાબતમાં ચર્ચા થઇ. હવે જ્યારે આપણે ઇસ્માઇલી ઇમામોનો ઇતિહાસ જોશુ ત્યારે ખબર પડે છે કે તેઓ હકીકી ઇમામ કે અલ્લાહ અને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.વ.) તરફથી નુમાઇન્દા નહોતા થયા. તેઓ ગુનાહ કરતા હતા અને ઝુલ્મ કરતા હતા જેમકે અલ-હકીમ એક મિસાલ છે. આપણે આવા ગુનાહગારોની પયરવી કે ઇતાઅત કેવી રીતે કરી શકીએ છે ? ફાતેમી / ઇસ્માઇલી ઇમામો પાસે કોઇ અખ્લાક કે કિરદાર એમની જીંદગીમાં નહિ હતા તે ઉપરાંત એમની રેહની કરણીથી સાબીત થતુ હતે કે તેમની રૂહાનિયત જેવુ નહોતુ કે સાબીત કરી શકાય કે તેઓ ઇમામ હતા. તેઓના કોઇ ઉમદા કલામ કે બયાન નથી મળતા અને જીંદગીનો ઇતિહાસ જુઓ તો કાંઇ મળતુ નથી કે તેઓની પયરવી કરીને કોઇ પણ શખ્સ અલ્લાહના નઝદીક થઇ શકે. અંબિયાઓ, ઇમામો અને અવસિયાઓનો મકસદ હતો કે પોતાના કિરદારથી લોકોને અલ્લાહ તઆલા તરફ બોલાવી શકે અને તેની મારેફત પણ હાસીલ કરી શકે, પણ એવુ કોઇ આ ઇસ્માઇલી / ફાતેમી ઇમામોમાં બિલકુલ દેખાતુ જ નથી.

હવે જ્યારે આપણે બીજી તરફ જોઇએ છે તો શીયા ઇસ્નાઅશરી ઇમામો ભરપૂર ઇલ્મવાળા ઉચ્ચ સ્તરના કિરદારવાળા, તેઓની બેમિસાલ હદીસ શરીફો, તેઓની જીંદગીમાં રહેણીકરણ અને દુઆઓમાં મશ્ગુલ. જે આ બધુ અલ્લાહ (સ.વ.ત.)ની નજદીક કરે છે.

હા એ સાચી વાત છે કે ફાતેમી દૌર ગોલ્ડન પિરયદ - સુનેહરી સમયકાળ હતો. મિસ્ર દેશો બહુ જ તરક્કી કરી હતી, ઘણી સારી મસ્જીદો બની, અલ-અઝહર યુનિવર્સિટી બની, હુ કબુલ કરૂ છુ કે બધુ મોટી કામ્યાબી અને તરક્કી હતી, પણ તેનો મતલબ હરગીઝ એ નથી થતો કે

તેઓ બધા ફાતેમીઓ રાહે હક્ક પર ચાલવાવાળા ઇમામો હતા, અને ન તો તેઓ સાચા ઇમામો હતા. હમણા આપણે સઉદી અરેબિયા જઇએ તો મસ્જીદે નબવી અને મસ્જીદુલ હરામ બહુ જ સારી રીતે તામીર કરવામાં આવી છે, સઉદીઓ બહુ કાર્યશિલ રહે છે અને પ્રચાર કરે ઇસ્લામ મઝહબના પાતોના વિચારો લોકો સુધી પહોંચાડવા પણ આ બધાનો મતલબ એ નથી થતો કે તેઓ (સઉદી અરેબિયા) હક્ક રાસ્તા પર છે, કે તેઓ સહી છે. તે ઉપરાંત આપણે એક પગલુ આગળ ભરીએ, જેમકે પશ્ચિમી દેશો (વેસ્ટર્ન કન્ટરીસ) એ ખુબ જ તરક્કી કરી છે અને આગળ વધ્યા છે, અને તેઓની પાસે બેહતરીન યુનિવર્સીટીઓ છે વગેરે વગેરે પણ તેનો મતલબ હરગીઝ એ નથી થતો કે તેઓ બધા રાહે રાસ્ત પર છે.

બોહરા કૌમ એક બહુ જ વ્યવસ્થિત કૌમ છે, અને આજ એક દલીલ અને મુદ્દો આગળ કરે છે જ્યારે પણ બહેસ કે મુનાઝરો થાય છે ત્યારે કહે છે કે અમે હક્ક પર છીએ, અને અમારો અકીદો સહી છે. બહુ જ વ્યવસ્થિત હોવાનો મતલબ એ નથી થઇ શક્તો કે રાહે રાસ્ત પર છે અને હક્ક મઝહબ છે. ગુજરાત રાજ્યમાં એવા બીજા અનેક મઝહબો છે કે જેઓ બહુ જ વ્યવસ્થિત અને સારી હાલતમાં છે, તો શું એનો મતલબ એજ થયો કે તેઓ બધા સિરાતે મુસ્તકિમ પર છે ?

હવે આગળ જોઇએ તો આગાખાની ખોજાઓ બહુ જ વ્યવસ્થિત છે, તેનો મતલબ પણ એજ થયો કે સહી રાસ્તા પર છે? તે ઉપરાંત બોહરાઓ હક્ક મઝહબ પર છે તો પછી આપણે કેમ નથી જોતા કે બીજા મઝહબના લોકો બોહરા મઝહબ કબુલ કરે છે? બોહરાઓ શા માટે પોતાના મઝહબનો ધર્મપ્રચાર કે તબ્લીગ નથી કરતા? દાઇનુ કામ છે અને ફરજ છે કે પોતના મઝહબ તરફ લોકોને દાવત આપે, તો શું તેઓ પોતાની ફરજ નિભાવે છે ?

જ્યારે પણ જવાન બોહરા મુલ્લાઓને વિપરીત અને પરસ્પરવિરોધી મઝહબી બાબતોનો સવાલ કરે છે, ત્યારે એ લોકોને કહેવામાં આવે છે કે તમારા બાપ જેવી રીતે માની રહ્યા છે તેવી રીતે માનતા જાવ. કુરઆને મજીદમાં આયતો છે જેમાં નાપસંદ અને ઠપકો આપે છે કે

બાપ-દાદાના મઝહબ પર આંખ બંદ કરીને ન ચાલો, દાખલા તરીકે, ''અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે અલ્લાહે જે કાંઇ ઉતાર્યુ છે તેને અનુસરો ત્યારે તેઓ કહે છે કે અમે તો તેનેજ અનુસરીશુ કે જેને અમારા બાપદાદાઓને અનુસરતા અમોએ દીઠા છે; જો કે તેમના બાપદાદાઓ કોઇ વાતની સમજ ધરાવતા ન હતા (તેમજ) હિદાયત (પણ)? પામેલા ન હતા તે છતાય શું (તેઓ તેમને અનુસરશે ?)[૨૦૬]

મને કહેવામાં આવ્યુ, આ શું મોટી બાબત કે સોદો છે, અગર કોઇ ૧૨ ઇમામને માને કે ૨૧ ઇમામોને માને ? પછી તેઓ આગળ કહેતા હતા કે ''અમે ઇમામતને તો માનીએ છે, જેવી રીતે અમને કરવુ છે અને કરીએ છે. તો આ ક્યો મોટો સોદો છે ?'' ખેર, આ એક બહુ મોટો મસલો છે. અલ્લાહ (સ.વ.ત.) આપણને હુકુમ કરે છે કે તેના પયગમ્બર (સ.અ.વ.વ.)ને અનુસરો જેણે અધિકાર સાથે કાયદેસર સત્તા આપીને નુમાઇન્દા બનાવ્યા છે. જો આપણે એવાને નહિ અનુસરીયે કે જેને અલ્લાહ (સ.વ.ત.)એ પોતાના તરફથી આદેશકાર આપીને નુમાઇન્દા બનાવ્યા છે તો પછી આપણે બેશક ગુમરાહ અને બરબાદ થઇ જશુ. દાખલા તરીકે:

મેં એવી એક સાધનસામગ્રી ખરીદ કરી કે જે વાપરવા માટે બહુ જ અટપટી અને મુશ્કિલ હતી. આના સાથે એક નાની જેવી કિતાબ પણ મલી કે જેમાં લખ્યુ હતુ કે આ સાધનસામગ્રીને વાપરવા માટે અમારા અધિકૃત પ્રતિનિધીને મલીને જાણી લેજો કે કેવી રીતે ઉપયોગ કરવુ. હવે જો હું ફકત નાની કિતાબને વાંચીને કંપનીના અધિકૃત પ્રતિનિધીને મલ્યા વગર કે પુછ્યા વગર ઉપયોગ કરૂં તો એનો મતલબ તો એજ થયો કે મેં કંપનીના કહેવા પ્રમાણે અમલ નથી કર્યો. કંપની જાણે છે કે તેની વસ્તુને કેવી રીતે વાપરવી કે ઉપયોગ કરવો, અને સાથે આપેલી નાની કિતાબ પણ સમજવા માટે કાફી નથી, તેના માટે કંપનીનો પ્રતિનિધી જરૂરી છે. હવે આમાં ખાસ વાત ધ્યાન આપવા જેવી છે કે પ્રતિનિધી પણ કંપનીનો જ અધિકૃત હોવો જોઇએ, કોઇ બીજો નહિ

---

[૨૦૬] સૂરેહ બકરાહ (૨): આયત ૧૭૦

હોવો જોઇએ. એજ રીતે અલ્લાહ (સ.વ.ત.) આપણને જાણે છે. કિતાબ સાથે અલ્લાહ (સ.વ.ત.)એ હઝરત પયગમ્બર (સ.અ.વ.વ.) અને ઇમામો (અ.સ.)ને પણ મોકલ્યા છે. આપણાને એ બધાને અનુસરવાનુ છે, જેને અલ્લાહ (સ.વ.ત.)એ અધિકાર સાથે મોકલ્યા છે. એ બહુ જ જરૂરી છે કે એ સિલસિલાને અનુસરવુ જોઇએ. હા! આ બહુ જ મોટી બાબત અને મસલો છે. મહેરબાની કરીને આ બાબતને બહુ જ ગંભીરતાથી લઇને તેનો અભ્યાસ કરો અને શોધખોળ કરો. આપણે જાણીએ છીએ કે દુનિયા આરઝી છે, થોડા સમય માટે છે, હમેશા માટે નથી જ. આપણાની આજમાઇશ લેવામાં આવે છે, અને હકીકી જીંદગી તો આખેરતમાં છે. હું જાણુ છે કે આ કામ આપણને બહુ વ્યસ્ત રાખે છે, પણ આપણને સમય આપવો જ પડશે અને અલ્લાહ (સ.વ.ત.) માટે સમય આપવો પડશે. આપણાને અલ્લાહ (સ.વ.ત.)ની નજદીકીની બહુ જ જરૂરત છે, અને એની નજદીકી હાસીલ કરવા માટે આપણને એના તમામ અંબિયાઓ પર ઇમાન લાવવુ પડશે, અને આપણાના નબીએ કરીમ હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.વ.) અને તમામ ઇમામો (અ.સ.) પર ઇમાન લાવીને અનુસરવાનુ છે.

આપણે જાણીએ છીએ કે રિસાલત[૨૦૭] અને ઇમામત બન્ને બહુ જ જરૂરી અને અહેમ છે, કારણ કે બન્ને મઝહબ અને દીનના ઉસુલોમાંથી છે.

જેમકે આપણે જાણીએ છીએ કે અને આપણો અકીદો છે કે, કયામતના દિવસે આપણને ઇમામો સાથે બોલાવવામાં આવશે, અગર આપણે આ દુનિયામાં સાચા અને હકીકી ઇમામના પયરવકાર હશુ તો, કે જેણે હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.)એ અલ્લાહ તઆલાના હુકુમથી જાનશીન મુકર્રર કર્યા હતા, તો આપણે અપના ઇમામ સાથે બોલાવવામાં આવશે. અગર જો ખુદા-ન-ખાસ્તા, ગલત અને બાતીલ ઇમામોને માનીને આવ્યા હશુ તો પછી એજ લોકો અને જમાતમાં હશુ. તો હવે બહુ જ જરૂરી અને ગંભીર બાબત છે કે હકીકતનુ સંશોધન કરવુ જોઇએ અને આપણી અકલનો ઇસ્તેમાલ કરવુ જોઇએ અને ફેસલો

૨૦૭ રિસાલત એટલે નુબુવ્વત (Prophethood)

કરવો જોઇએ.

આપણાને બહુ જ સંશોધન કરવાની જરૂર છે પણ કોઇ પૂર્વગ્રહ કે પક્ષપાત વગર અને આપણાને ધ્યાન આપવુ પડશે કે જ્યારે કોઇ સાચી હકીકત અમારા સામે થઇ જાય, કારણ કે લોકો સચ્ચાઇને જુદી રીતે પ્રતિક્રિયા કરે છે અને જુદી રીતે એનો અસર લે છે. ઘણા લોકો સચ્ચાઇની હકીકત જાણે છે પણ સમાજના દબાવના અસરથી તેઓ સચ્ચાઇ અને હકીકત ને કબુલ નથી કરતા. એ લોકો માટે સમાજ બહુ જ જરૂરી અને એની એહમિયત રાખે છે અને અલ્લાહના કલામની કોઇ એહમિયત નથી. એ લોકો સમજે છે કે તેઓ આ દુનિયામાં હમેશા હમેશા જીવવાના છે અને દુનિયા જ એ લોકો માટે બધુ છે અને જમીનને વળગી રહેવાના છે.

ઘણા લોકોનો એવો ખયાલ છે અને કહે છે કે આ બધી બાબતોની કોઇ ખાસ એહમિયત કે જરૂરત નથી કારણ કે આપણે નમાઝ પઢીયે, રોઝા રાખીએ અને હજ્જ કરીએ તે બસ છે. પણ આ એક બહુ ગલત અકીદો અને વિચાર છે. હું ફરી પાછુ કહું છું કે શયતાને અલ્લાહ (સ.વ.ત.)ની ઇબાદત કરી હતી કે એના જેવુ કોઇએ ઇબાદત નહિ કરી. શયતાને ફકત એક જ હુકુમ અલ્લાહ (સ.વ.ત.)નો નહિ માન્યો અને ઘણુ મોટુ ગલત પગલુ લીધુ અને નાફરમાની કરી હતી કે જ્યારે તેને હુકુમ થયો કે સજદો[૨૦૮] કર તો શયતાને સાફ ઇન્કાર કર્યો અને આટલા વર્ષોની ઇબાદત બરબાદ થઇ ગઇ અને તે અલ્લાહની રહેમતથી દૂર થઇ ગયો. અલ્લાહ (સ.વ.ત.) ચાહે છે કે જેવી રીતે એ ચાહે છે તેવી રીતે એની ઇબાદત કરવામાં આવે. અમારે વિચાર કરવુ જોઇએ. અમે મુસ્લીમોની મોટી સમસ્યા એ છે કે અમે પોતે જ પસંદ કરીએ છે, પોતેજ નિર્ણય કરી લઇએ છે. જે ચીઝ અમારા માાટે કરવુ આસાન છે, યા જે વસ્તુ સમાજ પસંદ કરે છે અને કબુલ કરે, યા જેનામાં નફો છે, તે અને જે અમારે કોઇ પણ કારણ પસંદ નથી તે અમે નાપસંદ કરીએ છીએ અથવા અસ્વીકાર કરીએ છીએ અને તેને નહિ માનવા માટે સહી કરાર આપીએ

[૨૦૮] નમાઝમાં જમીન પર માથુ ટેકવી દેવુ તેને સજદો કહેવાય છે.

છે. મુસીબત એ છે કે આપણે મુસ્લીમો અલ્લાહ તઆલાના કાનુનને કબુલ કરતા નથી અને તે કાનુનોને તસ્લીમ નથી કરતા.

ઘણા લોકો કહે છે કે આપણે સારૂ અને નેક કામ કરીએ છે, તો આપણો શું અકીદો છે તેનાથી કોઇ નિસ્બત નથી. અગર કોઇ ઇમાન વગર સારૂ અને નેક કામ કરતુ હોય તો શું એ કાફી છે ? સારૂ અને નેક કામો શુ છે ?

કુરઆને મજીદમાં, જ્યાં પણ નેક અને સારા આમાલો નો ઝિક્ર છે ત્યાં સાથે સાથે ઇમાનનો પણ ઝિક્ર કર્યો છે. દાખલા તરીકે સુરતુલ બૈયેનાત, આયત ન. ૭:

إِنَّ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ أُولَٰئِكَ هُمْ خَيْرُ الْبَرِيَّةِ ⑦

**નિસંશય (બેશક) જે લોકો ઇમાન લાવ્યા અને નેક કામો કર્યા, તે લોકોજ સર્વ સૃષ્ટિમાં શ્રેષ્ટ છે.**[૨૦૯]

બીજો દાખલો, સુરતુલ બકરહ, આયત ૮૨

وَالَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ أُولَٰئِكَ أَصْحَابُ الْجَنَّةِ ۖ هُمْ فِيهَا خَالِدُونَ ⑧②

**અને જેઓ ઇમાન લાવ્યા છે અને સત્કાર્યો (નેક કામ) કરે છે તેઓજ સ્વર્ગવાસીઓ (જન્નતીઓ) છે, જેમાં તેઓ હંમેશ માટે રહેનાર છે.**[૨૧૦]

કુરઆનની આયતોથી એજ મતલબ નીકળે છે કે ઇમાન લાવ્યા પછી જ આમાલ કબુલ કરવામાં આવશે તેઓને આખેરતમાં નજાત મળશે અને જન્નતી બની જશે.

---

૨૦૯ સુરતુલ બય્યેનાત (૯૮), આયત નં. ૭
૨૧૦ સુરતુલ બકરહ (૨), આયત નં. ૮૨

અને કુરઆનમાં બીજી ઘણી બધી આયતોથી ખબર પડે છે કે ઇમાન સાથે નેક કામોનો ઝિક્ર થયો છે.

અગર કોઇ નેક અને સારા કામો ઇમાન વગર કરે છે, તો તે કાફી નથી, આ બધા નેક કામો જાહેરી રીતે સારા હોય તો પણ તેને આખેરતમાં કામ નહિ આવે.

કુરઆને મજીદ, સુરાહ નૂર, આયત ૩૯ ફરમાવે છે:

وَالَّذِيْنَ كَفَرُوْٓا اَعْمَالُهُمْ كَسَرَابٍۢ بِقِيْعَةٍ يَّحْسَبُهُ الظَّمْاٰنُ مَآءً ط حَتّٰٓى اِذَا جَآءَهٗ لَمْ يَجِدْهُ شَيْـًٔا وَّوَجَدَ اللّٰهَ عِنْدَهٗ فَوَفّٰىهُ حِسَابَهٗ ط وَاللّٰهُ سَرِيْعُ الْحِسَابِ ﴿٣٩﴾

**અને જે લોકો ઇમાન નથી લાવ્યા તેમના કર્મો એવા છે જેવી કે સપાટ પ્રદેશમાં ચકચકતી રેતી (યાને મૃગજળ, જેને તરસ્યો (માણસ) પાણી ધારી લે છે. અહિં સુધી કે જ્યારે તેની પાસે પહોંચે છે ત્યારે તેને (પાણી જેવી કોઇ વસ્તુ સાપડતી નથી,અને અલ્લાહને પોતાની પાસે જુએ છે, પછી તે તેનો પૂરેપૂરો હિસાબ કરી દે છે, અને અલ્લાહ મહા ઝડપી હિસાબ કરનારો છે.**[૨૧૧]

ઇમાન શું છે ? અગર કોઇ એમ કહે કે શહાદતૈન (હું ગવાહી આપુ છું કે કોઇ ખુદા નથી પણ અલ્લાહ, હુ ગવાહી આપુ છું કે મોહમ્મદ અલ્લાહના પયગમ્બર છે) તો શું કાફી છે ? શું આનો મતલબ એ થયો કે આ માણસ પાસે ઇમાન છે ?

જવાબ છે નહિ ! કુરઆને કરીમની સુરતુલ હોજોરાત, આયત ૧૪

قَالَتِ الْاَعْرَابُ اٰمَنَّا ط قُلْ لَّمْ تُؤْمِنُوْا وَلٰكِنْ قُوْلُوْٓا اَسْلَمْنَا وَلَمَّا يَدْخُلِ الْاِيْمَانُ فِيْ قُلُوْبِكُمْ ط وَاِنْ تُطِيْعُوا

---

૨૧૧ સુરહ નૂર (૨૪): આયત નં. ૩૯

اللّٰهَ وَرَسُوْلَهٗ لَا يَلِتْكُمْ مِّنْ اَعْمَالِكُمْ شَيْـًٔا ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۱۴﴾

**બદુઓ કહે છે કે અમે ઇમાન લાવ્યા; (પણ) કહો કે તમે ઇમાન નથી લાવ્યા, બલ્કે તમે એમ કહો કે અમે ઇસ્લામ લાવ્યા, કેમ કે ઇમાન તો તમારા અંતઃકરણોમાં હજુ સુધી પેહુંજ નથી; અને અગર તમે અલ્લાહની તથા તેના રસુલની આજ્ઞા માનશો તો તે તમારા કર્મોમાંથી કાંઇ ઓછુ કરશે નહિ, બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયાવાન છે.''**[૨૧૨]

આ આયતથી સાફ જાહેર થાય છે કે અગર કોઇ શખ્સ ઇસ્લામ કબુલ કરે છે, તો એનો મતલબ એ નથી થતો કે તેની પાસે ઇમાન છે. આ વાત જણાવે છે કે હજી બહુ જરૂરી છે ઇમાન માટે. કોઇ એમ નથી કહી શકતો કે જ્યારે તે ઇસ્લામ કબુલ કરી લે છે તો ઇમાન પણ તેની પાસે છે.

તો પછી ઇમાન શું છે ? ક્યારે કહી શકે છે કે તેની પાસે ઇમાન છે ?

ઇમામ મૌલા અલી (અ.સ.) નેહજુલ બલાગાહમાં ફરમાવે છેઃ

وَ قَالَ عَلَيْهِ السَّلَامُ وَ [قَدْ] سُئِلَ عَنِ الْاِيْمَانِ فَقَالَ الْاِيْمَانُ مَعْرِفَةٌ بِالْقَلْبِ وَاِقْرَارٌ بِاللِّسَانِ وَعَمَلٌ بِالْاَرْكَانِ

*આપ (અ.સ.)ને પુછવામાં આવ્યુ કે ઇમાન શું છે? ત્યારે આપ (અ.સ.)એ ફરમાવ્યુ, દિલથી યકીન કરવુ, જબાનથી કબુલ કરવુ અને પોતાના હાથ-પગથી અમલ કરવું.*[૨૧૩]

આપ (અ.સ.)એ ફરમાવે છેઃ

---

૨૧૨ સુરતુલ હોજોરાત (૪૯)ઃ આયત ૧૪

૨૧૩ નેહજુલ બલાગાહ, હદીસ નં. ૨૨૭

*ઇમાનના ત્રણ જુઝ (હિસ્સા) છે. જબાન, દિલ અને અમલ.*

આ હદીસ પર વિચાર અને મનન કરવુ જોઇએઃ અગર કોઇ શખ્સ શહાદતૈન કહે છે ઝબાનીથી પણ દિલથી માનતો નથી અને કોઇ અમલ પણ કરતો નથી તો પછી એનો ફાયદો શું છે૪૦ અગર કોઇ જબાનથી કહે છે અને દિલથી પણ યકીન રાખે છે, પણ અમલ કરતો નથી, તો આનો શું ફાયદો છે? અગર કોઇ ઝબાનથી કબુલ કરે છે, અમલ પણ કરે છે પણ દિલથી યકીન નથી કરતો, તો એ મુનાફિક છે. ઇમામ અલી (અ.સ.)એ તેથી જ ફરમાવ્યુ છે કે ઇમાન માટે ઝબાનથી કબુલ કરે અને ખરા દિલથી તસ્લીમ કરે અને અમલ પણ કરે.

સહી આમાલ શું છે? સહી અને નેક આમાલ એ છે જે અલ્લાહ તરફથી નાઝિલ થયા છે, મતલબ કે જે શરીઅતના હુકમ પ્રમાણે અમલ કરવુ જોઇએ. અગર કોઇની પાસે ઇમાન છે તો પછી હકીકતમાં તે સારા કામો કરશે. (બોલશે, દિલથી યકીન કરશે અને અમલ કરશે).

સારા અને નેક આમાલ કરવા માટે પછી જરૂરી થઇ જાય છે કે હકીકી રેહબરો છે તેને જ અનુસરવુ જોઇએ. નહિ તો પછી જે હકીકી રેહબરો નથી અને તેને માનીને આમાલ બજાવી લાવશુ તો પછી એ આમાલને સહી સમજશુ તે છતાં તે બધા આમાલ કારગત નહિ થાય અને બરબાદ થઇ જશે, તે મૃગજળ સમાન છે, જેમકે ઉપર સુરેહ નૂરની આયતમાં જણાવવામાં આવ્યુ છે.

જે અલ્લાહ તરફથી નિમવામાં નથી આવ્યા એવા રેહબરોને માને અને અમલ બજાવી લાવશે તો આવા આમાલ બેકાર અને બરબાદ થઇ જશે.[૨૧૪] ઘણા લોકો કહે છે કે નિય્યત જોવામાં આવે છે, અગર નિય્યત સારી અને નેક હશે અને આમાલ કરવામાં આવશે તો પછી કોઇ વાંધો નથી. સારા અને નેક આમાલો સહી રીતે કર્યા હશે તો કબુલ કરવામાં આવશે, નહિ તો પછી તે આમાલો કબુલ કરવામાં નહિ આવે. પછી ભલે નિય્યત નેક હતી કે ગલત હતી. હું એક દુન્યવી દાખલો આપુ છુઃ

---

[૨૧૪] આ પહેલા બોહરા કેલેન્ડર માટે ચર્ચા થઇ ગઇ છે અને આ મુદ્દો ઇન્શાઅલ્લાહ સાબીત થાય છે.

દાખલા તરીકે આપણે કોમપ્યુટરનો દાખલો લઇએ. હવે આપણે જ્યારે કોમપ્યુટરમાં ‘‘એન્ટર’’ (ડત્ત્દડદ્ર) હિટ કરવાના બદલે ‘‘બેક સ્પેસ’’ હિટ કરીએ (ઙ્ઘ્ઠણૂ્રશ્ર્ઘ્ઠડ) તો કોમપ્યુટર ‘‘કમાન્ડ’’ કબુલ નહિ કરે. હવે ભલે પછી આપણી નિય્યત કેટલી પણ સારી અને નેક હશે પણ હાસીલ કાંઇ નહિ થાય. આ દુન્યવી દાખલા પરથી આપણે સબક લઇ શરીએ છીએ. આપણે અલ્લાહ તઆલાને માનીએ છે, જે દેખાતો નથી, આપણે જન્નત અને જહન્નમમાં માનીએ છે, પણ તે દેખાતી નથી, આપણે આખેરત અને કયામત માં માનીએ છીએ, જઝા અને સઝા જે આપણા આમાલ માટે હશેજે આખેરતમાં મળશે પણ આપણે જોઇ શકતા નથી. હવે આપણા માટે જરૂરી અને વાજીબ છે કે જે પણ આમાલ વગેરે કરીએ તે બહુ જ સોચી સમજીને કે જે આપણો પરવરદિગાર ચાહે છે અને તેના હુકુમ મુતાબિક હોય જે તે કબુલ કરે. અને આવુ આપણે ક્યારે કરી શકીએ કે જ્યારે આપણા પરવરદિગારના હકીકી અને માસુમ રેહબરોની આપણે ઇતાઅત કરશુ ત્યારે આમાલો કબુલ થશે અને કામ્યાબી મળશે. અગર આપણે કોઇ ટોમ, ડિક અને હેરીને માનીને ચાલશુ તો ગુમરાહ થઇ જશુ.

હું સમજુ છુ કે મેં ઘણી બધી માહિતી આ નાની જેવી કિતાબમાં આપી છે અને તેના પર ધ્યાન આપીને બહુ જ ગંભીર રીતે વિચારવાનુ છે અને પોતાની સદ્‌બુદ્ધિથી કોઇ પણ જાતના પૂર્વગ્રહથી બચીને ફેસલોં કરે, જેથી કે અલ્લાહ (સ.વ.ત.)ની કુરબત હાસિલ થાય અને મારેફત વધે.

હું પોતે પણ એક ઝમાનામાં બોહરા મઝહબ પર હતો, મને પણ ઘણા બધા સવાલો હતા અને જ્યારે જવાબો મલી ગયા ત્યારે હું શીયા ઇસ્નાઅશરી મઝહબ કબુલ કરી લીધો, અને હું ચાહુ છુ કે જે મેં શોધખોળ કરી તે હું બીજાઓ સાથે ચર્ચા કરીને જણાવી દઉં. અગર કોઇએ પણ મારી વાતમાં વાંધોં હોય તો અથવા મેં જે લખ્યુ છે અથવા મારા અકીદાના ખિલાફ હોય તો હું સાંભળવા માટે તૈયાર છું. મારો અકીદો છે કે આપણને ક્યારે પણ તઅસ્સુબ કે પૂર્વગ્રહથી વિચારવુ નહિ જોઇએ બલ્કે હમેશા દિલ-દિમાગ ખુલ્લા રાખવા જોઇએ કે હિદાયત એમાં દાખલ થાય.

હું છેલ્લે મારી વાત તમામ કરવા માંગુ છું જે હઝરત શોએબ નબી (અ.સ.)ની વાત કુરઆનમાં સૂરેહ હૂદ, આયત નં. ૮૮ છેઃ

> **(શોઅયબે) કહ્યું, હે મારી કોમ! શું તમારી સમજમાં આવે છે કે અગર હું મારા પરવરદિગાર તરફથી ખુલ્લી દલીલ પર હોઉં અને તેણે પોતાના તરફથી મને સારી રોજી અર્પણ કરી હોય (તો શું હું તેની વિરૂદ્ધતા કરીશ)? અને હું એ પણ નથી ચાહતો કે જે વસ્તુથી હું તમને રોકું છું તે તમારાથી ઉલ્ટો થઇ હું જ કરવા માંડુ; મારાથી જ્યાં સુધી બની શકે હું તો (તમારી) સુધારણાજ ઇચ્છું છુ; અને મારી (સન્માર્ગ તરફની) પ્રેરણા માત્ર અલ્લાહ તરફથી જ છે; તેના ઉપર મેં ભરોસો કર્યો છે અને તેનીજ તરફ હું રજુ થાઉ છું.**[૨૧૫]

[૨૧૫] સુરતુલ હુદ (૧૧), આયત નં. ૮૮

# આખરી મુદ્દાઓ વિચારવાં લાયક છે

- બોહરાઓ અને ઇસ્નાઅશરી શીયાઓ ઇમામ અલ-સાદિક (અ.સ.) સુધી માન્યતા અને અકીદામાં એકજ છે ત્યારે સવાલ પેદા થાય છે કે બોહરાઓ શા માટે હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.)ની હદીસને કબુલ નથી કરતાં કે જ્યાં આપ (સ.અ.વ.વ.)ની પછી બાર (૧૨) વસીઓ છે અને હદીસો પ્રમાણે શરીઅતના કાયદા પ્રમાણે અમલ કરવુ જોઇએ, દાખલા તરીકે ચાંદ (રૂયતે હિલાલ) જોવુ જરૂરી છે અને તે છતાં તેઓની પોતાનીજ કિતાબ 'દાએમુલ ઇસ્લામ'માં પણ ચાંદ માટે હદીસો છે.

- અગર બોહરાઓ ઇમામ અલ-બાકિર (અ.સ.) અને ઇમામ અલ-સાદિક (અ.સ.)ને ઇમામ માને છે અને અકીદો રાખે છે, તો પછી શા માટે ઇમામ અલ-બાકિર (અ.સ.) અને ઇમામ અલ-સાદિક (અ.સ.)ની સાચી અને સહી હદીસો જે ઇસ્નાઅશરી શીયાઓની કિતાબમાં મળે છે તેને માનતા નથી. શા માટે બોહરાઓ આગ્રહ કરે છે કે કાયદા-કાનૂન (શરીયત) માટે ફકત એકજ કિતાબ 'દાએમુલ ઇસ્લામ' નેજ અનુસરવુ જોઇએ, જ્યારે કે જાણે છે કે દાએમુલ ઇસ્લામમાં જે હદીસો છે તેના રાવીઓનો કોઇ પણ સિલસિલો (ઇલ્મે રેજાલ) મળતો નથી અને હદીસ સહી છે કે ગલત છે તેનો કોઇ ધારાધોરણ નથી.

- દરેક ઇન્સાનને મઝહબના જે ઉસૂલો છે તેને માનવુ જોઇએ અને અકીદો રાખવો જોઇએ (તૌહીદ, અલ્લાહની અદાલત, નુબુવ્વત, ઇમામત અને કયામત) ઇમાન માટે એક મોમીનને તમામ પાંચ સિદ્ધાંત કે માન્યતામાં યકીન રાખવુ પડશે, અગર પાંચ માંથી એક છોડીને ચાર માનશે તો સહી નથી, અને તે પોતાને મોમીન નથી સમજી શકતો. પાંચ ઉસુલોમાંથી એક ઉસુલ નુબુવ્વત છે અને

ઇમાન માટે જરૂરી છે કે તમામ ૧,૨૪,૦૦૦ નબીઓનો યકીન રાખે, અને તેવી જ રીતે ઇમામત માટે માનવુ અને યકીન રાખવુ જરૂરી છે કેમકે તમામ માસૂમ ઇમામો પણ અલ્લાહ તઆલા તરફથી નુમાએન્દા છે.

- અને આગળ સાબીત કરી ગયા છે કે ફાતેમી / ઇસ્માઇલી ઇમામો હકીકી અને અલ્લાહ તરફથી નુમાઇન્દા નહોતા.
- હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.)ની ઘણી બધી હદીસો બાર જાનશીનો માટે શીયાઓની કિતાબો ત્થા એહલે સુન્નતની કિતાબોમાં મળે છે. જ્યારે કે એક પણ હદીસ ૨૧ ઇમામો કે જાનશીન માટે કોઇ પણ કિતાબમાં મળતી નથી. શા માટે ?
- હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.)ની હદીસો ૧૨ જાનશીનો માટે શીયાઓ અને સુન્નીઓની કિતાબોમાં મળે છે. તેમ છતાં એક પણ હદીસ ૨૧ ઇમામો કે ૪૯ જાનશીનો માટે કોઇ કિતાબોમાં મળતી નથી શા માટે ?
- મારો દાવો છે કે કોઇ એક પણ સહી હદીસે રસુલ (સ.અ.વ.વ.) ૨૧ ઇમામો (બોહરા અકીદા) અને અથવા ૪૯ ઇમામો (આગાખાની અકીદો) સાબીત કરીને બતાવે.

# ગ્રંથસૂચી


૧. કુરઆને મજીદ, અંગ્રેજી તરજુમાઃ કુમ, ઇરાન પવિત્ર કુરઆને મજીદનો તરજુમોઃ૨૦૦૩

૨. ''અલ-કાફી'' દારૂલ કુતુબ અલ-ઇસ્લામીયા હિ. ૧૪૦૭ તેહરાન

૩. ''બોહરા મઝહબ હકીકત કે આયને મેં'' લેખકઃ સાદાત હુસયન ખાન, લખનઉ.

૪. ''દાએમુલ ઇસ્લામ'' દારૂલ મારીફ મિસ્ર, હિ. ૧૩૮૫ (ઇજીપ્ત)

૫. ''હમારે ઇસ્માઇલી મઝહબ કી હકીકત ઔર ઉસકા નિઝામ'' (ઉર્દુ) ધ એકેડેમી ઓફ ઇસ્લામીક સ્ટડીઝઃ હૈદરાબાદ, ઇ.સ. ૧૯૫૩

૬. ''ઇસ્માઇલીયે અઝ ગુઝશતેગાન તા હાલ'', તેહરાન, ઇન્તેશારાત ફરહન્ગ મક્તુબ ૧૩૮૬ (સોલાર) ફારસી ભાષામાં.

૭. ''ઇસ્માઇલીયે દર તારીખ વ અકાએદ'' (ફારસી) કુમ નશ્ર અદયાન ૧૩૮૬ સોલાર યર ફારસી ભાષામાં.

૮. ''કિતાબ અલ-ઇરશાદ'' (અંગ્રેજી તરજીમો) કુમઃ અનસારીયાન પબ્લીકેશનઃ ૨૦૦૪.

૯. ''કિતાબ સુલયમ ઇબ્ને કય્સ અલ-હિલાલી'' કુમ, અલ-હાદી હિજરી ૧૪૦૫

૧૦. ''નુકુશે ઇસ્મત'' મુંબઇઃ અલ્લામા જવાદી ટ્રસ્ટઃ ૨૦૧૧

૧૧. ''સહી બુખારી'' અલ-મદીના અલ મુનવ્વરા અલ-મક્તબત અલ-સલફીયા.

૧૨. ''સહી મુસ્લીમ'', રીયાધ ઇન્ટરનેશ્નલ ઇસ્લામીક પબ્લીશીંગ હાઉસ.

૧૩. ''તારીખે ફાતેમીય્યીને મિસ્ર'', કરાચી ૧૯૬૩.

૧૪. ''ધ ઇસ્માઇલીઝ ધેયર હિસ્ટરી એન્ડ ડોકટ્રીન્સ'' કેમ્બ્રીજઃ કેમ્બ્રીજ યુનિવર્સીટી પ્રેસઃ ૨૦૦૪

૧૫. ''ધ લાઇફ ઓફ ઇમામ અલી ઇબ્ને મુસા અલ-રેઝા (અ.સ.)'' કુમ, અન્સારીયાન પલ્બીકેશનસઃ ૨૦૦૧

૧૬. ''તોહફુલ ઉકૂલ'' કુમ, જામે મુદર્રેસીન હિજરીઃ ૧૪૦૪

વાંચકોને દાવત છે કે ઇસ્લામની માલુમાત હાસિલ કરે કે જે હઝરત રસુલેખુદા (સ.અ.વ.વ.) અને આપના એહલેબૈત (અ.સ.)થી તાલીમ થઇ છે. www.al-islam.org ની પાસે એ સહુલતો છે જે અભ્યાસ માટે મદદ કરી શકે છે.

આ કિતાબમાં જે પણ લાયક સુચનો હોય અથવા સલાહ વગેરે હોય તો નીચે મુજબ એડ્રેસ પર મોકલી શકે છેઃ

oneyahaweek@gmail.com